મ્હારી કમલા

અને

બીજી વાતો.

કનૈયાલાલ માણેકલાલ મુનશી.

મુલ્ય
રૂ. ૧-૪-૦

મ્હારી કમલા

અને

બીજી વાતો

લેખક

કનૈયાલાલ માણેકલાલ મુનશી

(ઘનશ્યામ વ્યાસ)

પ્રકટ કરનાર

ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિ તરફથી

કમિટિના મંત્રી

પ્રો. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર, બી. એ.

કિંમત, રૂ. ૧-૪-૦

પ્રીન્ટર—ચોંડીબા નારાયણ વનારસે લેડી નોર્થકોટ હિંદુ ઓર્ફનેજ ઈં. એન. સેલર પ્રેસ. નં. ૯૩, ચીંચપોકલી, પરેલ રોડ—મુંબાઈ.

પબ્લીશર—પ્રૉ. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિ માટે ઠે. નારાયણ પેઠ, પૂના.

મ્હારી

પરમ પૂજ્ય માતુશ્રીને

પ્રસ્તાવના

સને ૧૯૧૧ ની સાલથી મ્હેં ટૂંકી વાર્તાઓ લખવા માંડી ત્યારથી અત્યાર સુધી લખાયેલી વાર્તાઓનો આ સંગ્રહ પ્રગટ થાય છે. ત્હેમાંની “ મ્હારી કમલા ” સુન્દરીસુબોધમાં; “ એક સાધારણ અનુભવ ” કપોળમાં; “ કોકિલા ” ગુજરાતીના દીવાળીના અંકમાં; “મ્હારો ઉપયોગ” “ ગોમતિદાદાનું ગૌરવ ” “ મ્હારા બચાવમાં ” એ સમાલોચકમાં; “ એક પત્ર ” અને “ શકુન્તલા અને દુર્વાસા ” ભાર્ગવ ત્રમાસિકમાં; “ નવી આંખે જૂના તમાસા ” વીસમી સદીમાં; અને બાકીની ચાર નવજીવન અને સત્યમાં જુદા જુદા તખલ્લુસ નીચે પ્રકટ થઈ હતી. આ વાર્તામાંની એક વાર્તા (ગોમતિદાદાનું ગૌરવ) એક અમેરિકાના પુસ્તકમાં વાંચેલી વાત પરથી સૂચિત થયેલી છે. બીજી બધી વાર્તાઓ સ્વતંત્ર છે.

આ સંગ્રહ કરવાની સૂચના કરવા માટે રા. બલવંતરાય ક. ઠાકોરનો; તે પ્રગટ કરવા માટે સાહિત્ય પરિષદ્‌ ભંડોળ કમિટીનો; અને મ્હેં આમાંની પ્હેલી વાર્તા લખી ત્યારથી મ્હને વાર્તા લખવા ઉત્તેજવા માટે તથા આ સંગ્રહ છપાતી વખત મ્હારી જોડણી સુધારવાનું કામ માથે લેવા માટે મ્હારા મિત્ર રા. ચંદ્રશંકર ન. પંડયાનો—આ સ્થળે ઉપકાર માનવાની તક મ્હારે ચુકવી જોઇએ નહિ.

ગિરગામ, મુંબાઈ,
દીવાળી સં. ૧૯૭૩.

કનૈયાલાલ મા. મુનશી.

અનુક્રમણિકા

મ્હારી કમલા

અને

બીજી વાતો.

મ્હારી કમલા.

ભલે તમ્હે માનો કે ન માનો, પણ કેટલાકના જીવન પર કમનસીબીના ચારે હાથ હોય છે; અથથી ઇતિ સુધી સુખનાં સ્વપ્ન પણ ત્હેમને દુર્લભ હોય છે. ત્હેનો દાખલો જોઇએ તો હું! જન્મથી એકે પાસો સીધો પડ્યો નથી, એકે કામ નિર્વિઘ્ને પાર પડ્યું નથી, એકે અવસર વાંધા વગરનો ગયો નથી. કોઇ કોઇ વખત તો ઇશ્વરની ભલાઇ વિષે પણ સંશય થાય છે! નહિ તો, શા સારૂ જન્મ આપતાં જ માતા પોતાના પ્હેલા પુત્રનું સુખકર રૂદન સાંભળ્યા વિના સ્વધામ જાય? શા સારૂ ગરીબ પિતા એકના એક પુત્રની કાંઇ પણ ગોઠવણ કે સુપ્રત કર્યા શિવાય એક વર્ષમાં પોતાની પત્ની પાછળ સ્વર્ગે સીધાવે?–હશે! ગયાં. બાલપણની ભોળી અને અજ્ઞાન નિર્દોષતામાં વ્હાલાંને વિસાર્યાં અને મ્હેં એકલાએ જ સૃષ્ટિની નિર્જનતામાં ભટકવાનો આરંભ કર્યો. શી મુશ્કેલીએ ભણ્યો—ક્યાં ક્યાં આથડ્યો—ક્યાં ખાધું—ક્યાં સૂતો–એની કોને દરકાર? બ્હેરી દુનિયાને સંભળાવ્યે શો ફાયદો? બાવીશ વર્ષે ભણતર પ્રમાણે સારે ધંધે વળગી એકલા જીવનના લેવાય તેટલા લ્હાવા લેવાની મ્હેં શરૂઆત કરી.

હું કમાતો અને મ્હારી ન્યાતની એક ગરીબ વિધવા ઘર ચલાવતી. તે મ્હારા ઘરમાં ત્હેની દીકરી સાથે રહેતી. કમલા આઠ વર્ષની, રૂપાળી અને ચકોર હતી. ત્હેનું હમેશ હસતું મ્હોંડું મ્હારા એકાન્ત ઘરનું ઘરેણું હતું. તે હસતી અને નિરન્તર કાંઇ નવાં નવાં ગાંડાં ક્હાડતી. હું એને રમાડતો અને વખતે ભણાવતો, પણ ત્હેની માનું હેત ત્હેના પર બીલકુલ ન્હોતું. શાનું હોય? કઠોર હૃદયની તે પાપી માતા પોતાની એકની એક છોકરીને ઉંઘતી છોડી એક રજપૂત જોડે નીકળી ગઇ. ત્હેનો પત્તો ન મળ્યો. ગરીબ બાપડી કમલાને એકલો મ્હારો જ આધાર રહ્યો.

અનાથને અનાથ પ્રતિ આકર્ષણ સ્વાભાવિક હોય. આધાર વિનાનાં બે રઝળતાં પંખીડાં સ્નેહથી સાથે ઉડે ત્હેમાં શી નવાઈ? હું અને કમલા બન્નેને ઉંચે આભ અને નીચે ધરતી એમ હતું. અમ્હારો સ્નેહ વધ્યો. માતાપિતા, ભાઇભાંડું, બધાની ગેરહાજરીથી દબાઇ રહેલી લાગણીઓને હવે સ્થાન મળ્યું; કમલા મ્હારૂં સર્વસ્વ બની. ત્હેને હસવે હું હસતો, રડવે હું રડતો. ચોવીસે કલાક ત્હેના સ્મરણમાં વખત ગાળતો અને ત્હેના સુખની સામગ્રીઓ તૈયાર કરવામાં મ્હારા જીવનની કૃતાર્થતા માનતો. મ્હારી કમલા! ત્હેને જરા પણ આંચ આવ્યે હું બળી મરતો. ત્હેને પોતાની માનો વિયોગ સાલતો, પણ માતાને ભૂલાવે એવી સ્નેહાર્દ્રતાથી હું ત્હેને સંતોષતો. તે પણ મ્હને જ દેખી રહેતી અને મ્હારે દુઃખે દુઃખી બનતી. ત્હેના કોમલ અંતઃકરણે મ્હારા સ્નેહને સ્વીકાર્યો. તે અને હું પ્રેમમાં પડ્યાં.

મ્હને કોઇ વખત સંશય થતો કે આ હસતી અને કૂદતી મૃગલીનો અસ્થિર સ્વભાવ અગાધ પ્રેમ સમજશે? ત્હેનો સ્વભાવ ઘણો જ ચંચલ હતો; એક વિષય પર ચોંટી રહેવું એ તેને દુઃખકર લાગતું. મ્હારી

શંકા કોઇ વખત ઘણી વધતી અને કોઇ વખત નાશ પામતી, પણ હું જાતે જ ચળ્યો. અભ્યાસ કરી, બેંક જેવી સંસ્થામાં નોકરી કરી કાંઇ પણ નિયમિતતા મેળવી હતી તે મ્હેં વિસારી. મારી કમલાનું હાસ્યવિદ્યુત મ્હારા સખ્તમાં સખ્ત નિયમોને ભેદતું. એની આંખને ઇસારે હું મ્હારા મ્હોટામાં મ્હોટા નિર્ણય તોડવામાં મોજ માનતો. તે રૂપમાં વધતી ચાલી; જુવાનીને મ્હેલે પગથીએ મ્હડવા લાગી. ત્હેના લાવણ્યે મ્હારા હૃદયમાં વિવિધ વિકારો પ્રેર્યા. ત્હેનું કોઇ પાસેનું સગું હતું નહિ. મ્હેં ત્હેને પૂછ્યું ને ત્હેણે મ્હને સ્વીકાર્યો.

અમ્હેં પરણ્યાં. પછી સુખમાં શું પૂછવું ? જ્યાં અન્યોન્ય પ્રેમ-લાગણીઓ ઉભરાતી હોય ત્યાં સુખની શી સીમા ? વખત, પૈસો, ધર્મ, પ્રભુતા, બધાને ઠેશ મારી મ્હારી કમલાને રીઝવવામાં હું મશગુલ રહ્યો. હૃદયે હૃદય સુખસંગીતમાં એકતાર થતાં. દુનિયાની જંજાળ છોડી—ભવિષ્યનું ભાન ભૂલી, મ્હેં પ્રચંડ પ્રેમયજ્ઞ આરંભ્યો. ગાંડપણ કહો, મૂર્ખાઇ કહો, જે કહો તે એ ! પણ મ્હારે મન તો તે ડહાપણની પરિસીમા હતી. એ સુખ પછી સ્વર્ગ પણ વાંછના કરવા લાયક લાગતું નહિ. વર્ષો વીત્યાં. મ્હારા મિત્રો મ્હારી ઘેલછા પર હસતા. મ્હારી સંસારી પ્રવૃત્તિની બેદકારીથી મ્હારા ધંધામાં હાનિ પ્હોંચતી અને મ્હારા હિતેચ્છુઓ મને વારતા, પણ હું બેપરવા રહ્યો. પ્રેમ વિના સુખ ક્યાં ? અને પ્રેમ મળ્યે પરવા શાની ? તે ક્યાં જાણતા હતા કે હું પ્રેમદર્દી હતો.

અન્તે ગ્રહદશા માઠી આવી ને એક રાતે એક બાઇ બારણાં ઠોકતી આવી ! મ્હારી કમલાની મા અનીતિથી અકળાઇ, રખડતી, રઝળતી, ઘડપણમાં હડધૂત થતી, હવે દીકરીને શોધવા આવી. મ્હેં તેને જતી રહેવા કહ્યું, પણ તે મ્હારા માથાની હતી તે કેમ માને ? ત્હેની નેમ ત્હેની દીકરી ઉપર અને જમાઇની કમાણી ઉપર હતી; અને વૃદ્ધાવસ્થામાં

દીકરીનું સુખ નિહાળવા મ્હારે ત્યાં જ ત્હેણે રહેવાનો નિશ્ચય જણાવ્યો. આવી કઠોર અને કુચાલની સ્ત્રી મ્હારા ઘરમાં રહે, અને મ્હારી પવિત્ર પત્નીના નિષ્કલંક અંતઃકરણને કલુષિત કરે એ મ્હારાથી ખમાયું નહિ. મ્હેં ત્હેને જુદી રાખી, પણ તે કાંઇ ગાંજી જાય એવી ન્હોતી. તે આખો દિવસ મ્હારે ત્યાં રહેતી અને મ્હારી કમલાના કોમલ મન પર પૂર સત્તા જમાવતી. મ્હારી અને કમલાની વચ્ચે ત્હેણે ભેદના પડદા નાંખવા માંડયા. હું લડયો, કકળ્યો, પણ મ્હારે શાન્ત થઇ સહુ સાંખવું પડયું. કમલા તો ખરી માને બદલે પોતાના મનમાં ઘડેલી એક પવિત્ર માતાની પ્રતિમા જ ત્હેને દેખતી. ત્હેનાં નિન્દાપાત્ર આચરણ તે વિસારતી, અને આ મનસ્વી માતાની મૂર્તિને પોતાના હૃદયનો અર્ઘ્ય અર્પતી. હું કહેતો તો તે નારાજ થતી. મ્હેં પણ ગઇ રહી કરી. મ્હને કમલા ઉપર પૂર્ણ શ્રદ્ધા હતી. મ્હેં આંખ આડા કાન કર્યા, અને આનું પરિણામ શું થશે તે વિચારવાનું મુલતવી રાખ્યું. મ્હારી કમલાના એક રોષભર્યા કટાક્ષથી મ્હારો આખો દિવસ બેચેનીમાં જતો. ત્હેને રાજી રાખવા ધીમે ધીમે ત્હેની માતા તરફ પણ ખામોશીની નજરથી જોવા માંડયું.

પણ કમલામાં આ શો ફેરફાર? હું માની શકયો નહિ. શું તેનો પ્રેમ કાંઇ ઓછો થયો? જે પ્હેલાં મ્હારામાં જ મસ્ત રહેતી, તે હવે માતાના ગુણાનુવાદમાં જ ગ્રસ્ત રહેવા લાગી. પ્હેલાં જે સારી દિશા તરફ એના વિચારોનું વલણ હતું તે બદલાયું; જે પ્રેમરીતિએ અમ્હે પ્હેલાં સંચરતાં તે એ ભૂલી, અને જ્યાં સરલ શ્રદ્ધા હતી ત્યાં ડાઘ પડવા માંડયા. મ્હેં જાણ્યું કે મ્હને માત્ર અદેખાઇએ અકળાવવા માંડયો છે. એવા વિચારો કાઢી નાંખવા માટે મ્હેં પ્રયત્ન કર્યો. પણ કયાંથી જાય? જે આખો દિવસ મ્હારા તાનમાં

ગુલતાન રહેતી તે મ્હેં ખાધું છે કે નહિ ત્હેની પણ દરકાર રાખતી નહિ. એ શું વૈચિત્ર્ય !

થોડા વખત પછી મ્હારી કમલાની મા માંદી પડી અને એને લાયક બીજી દુનિયામાં જ્યાં જગા હોય ત્યાં વિદાય થઇ. પ્રેમ સ્વાર્થી છે. મ્હેં ધાર્યું હતું કે મ્હારી કમલા હવે પાછી મ્હારી થશે. તરત તો તે મહાન શોકસાગરમાં ડુબી. એનું મ્હોંડું નિસ્તેજ થયું, હસવું અમૂળગું ગયું અને આખો દિવસ માતા પાછળ વિલાપ કરવા લાગી. મ્હારા આશ્વાસનથી તે ચ્હીડાતી, મ્હારા સ્નેહથી તે રુદ્રરૂપ ધારણ કરતી. મ્હેં જાણ્યું કે વખત વખતનું કામ કરશે. હું મૂગો રહ્યો. પરન્તુ અફસોસ ! દિવસો ગયા, પણ ફેર પડયો નહિ. ત્હેણે ત્હેની માતા પાછળ રંડાપો લીધો ને સુખને છેલ્લી સલામ કરી. તે હીણભાગી માતા મરતાં મરતાં યે અમ્હારા પર વેર વાળતી ગઇ અને મ્હારા સંસારસુખ ઉપર પાણી ફેરવતી ગઇ !

આમ કયાં સુધી ચાલે ? હું અકળાયો, અને આ વર્તન સાંખી શકયો નહિ. હું હજી ત્હેને મ્હારી લાડિલી કમલા જ સમજતો અને જે રીતે ત્હેને કહેવાની ટેવ હતી, જે રીતે કહેવાનો મ્હારી લાંબી સેવાએ મ્હને હક આપ્યો હતો તે રીતે મ્હેં ત્હેને કહ્યું-વિનવ્યું. તરત તે એક સિંહણ સમાન ગાજી. એ સંબંધી બોલવાનો મ્હને ત્હેણે પ્રતિષેધ કર્યો: “ મ્હને હવે સંસારમાં સાર દેખાતો નથી. માના નિઃસ્વાર્થી પ્રેમ વિના જીંદગી બધી રાખ સમાન છે. ” હું ચમકયો. શાબાશ બૈરીની જાત ! શાબાશ મ્હારી સહચરી ! શાબાશ મ્હારી સંસારતારિણી ! સંસારત્યાગનો નવો પ્રચાર મ્હેં ત્યારે જ જાણ્યો. થોડા દિવસમાં બીજો નવો ફરેફાર દેખાયો. હું ત્હેને અકારો થઇ પડયો. એકદમ મ્હારા સ્વભાવમાં, મ્હારા આચરણમાં એને અસંખ્ય ખામી માલમ પડી, અને

ત્હેનું રસ લઇને વિવરણ કરવા માંડયું. જેને એ એક વખત ઇશ્વર તરિકે પૂજતી ત્હેમાં એને નખશિખ દુર્ગુણો ખદબદતા દેખાયા. આખો દિવસ મ્હારી અધમતાના વર્ણનથી મ્હારી જાતને હું ખરેખર એક રાક્ષસ માનવા લાગ્યો.

માણસ અન્યાય ક્યાં સુધી ખમી શકે ? ઇસુખ્રિસ્તની સહનશીલતા સહુને સુલભ નથી, અને તે ધરાવવાનો ડોળ પણ હું ઘાલતો નથી. સુરદાસ આપોઆપ સીધો ન ચાલે, પણ ચિન્તામણિના ચેતતા ડામથી જ ચમકે-જાગે ત્યારે જ ! હું પણ અન્તે જાગ્યો, અને આટલાં વર્ષ થયાં મ્હારી કરેલી સેવા-જે જે દુઃખ, અગવડ, નુકશાન, ધર્મસ્ખલન મ્હેં આ સ્ત્રી માટે સેવ્યાં તે સર્વે મ્હારી નજર આગળ ખડાં થઈ મ્હને દોષ દેવા બેઠાં ! મ્હને બેહદ સંતાપ થયો. હું પણ વિફર્યો. હિન્દુ ધણીની જુલ્મી વર્તણુક મ્હને યાદ આવી, પણ એ નીચતા અને ક્રૂરતા કોની સ્હામે ? મ્હારી કમલા-મ્હારી રમાડેલી, લડાવેલી, મૂર્ખ પણ નિર્દોષ પ્રિયતમા સ્હામે ? નહિ, નહિ. એ પાપાચાર કરતાં ગમે તે દુઃખ વધારે સારૂં. મ્હેં બને તેટલું કહ્યું. ઉત્તર મળ્યો: "તમ્હેં શું કર્યું ! જે કાંઈ કર્યું તેથી જ હું વધારે દુઃખી થઇ. તમ્હેં ન રાખી હોત તો મ્હારી મા મ્હને સાથે રાખત-સુખી થાત-અને ત્હેની સેવા કરવાની મ્હને વધારે તક મળત." શાબાશ મ્હારી કમલા ! આ શિરપાવ હું સહન કરી શકયો નહિ. ક્રોધાવેશમાં જીભ પરથી કાબુ ગયો. બહુ યે કહ્યું-બહુ યે સાંભળ્યું !

એ દુઃખના મહિના પણ ચાલ્યા. પ્હેલાં એકલો હતો, હવે છતાં સ્વજને રખડતો રહ્યો; સંસારમાં નિર્જનતા તો હતી, ત્હેમાં હવે ભડકો ઉઠયો ! હોંશ, આશા સર્વેના ચૂરા થયા. મનને દબાવી, સ્ફુરતાં હૃદયઝરણાંને સૂકવી-દિવસ ને રાત અંતરને અશ્રુપાતવડે નીચોવતાં દિવસો ગુજારવા

લાગ્યો. મ્હારી મટી ગયેલી મ્હારી કમલા !–તે તો ગમગીનીમાં ગીરફતાર રહી. તે શોકના નિરંકુશ સ્વચ્છંદમાં મસ્તાન રહી. હું અપમાનિત પ્રેમની મગરૂરીમાં દૂર રહ્યો. દુઃખ વેઠવું દુઃસહ થયું. અમ્હેં છૂટાં પડયાં !

અમ્હેં હવે ભાગ્યે જ બોલતાં. ગાઢ સંબન્ધી છતાં, નિર્બન્ધ થઇ, વિજન થયાં. પણ જ્યારે હું વિચારમાં નિમગ્ન થતો અને ત્હેનું હાસ્ય કે શબ્દ કાનને અથડાતાં ત્યારે મ્હારા મનમાં અનેક તરંગો ઉછાળા મારતા, નષ્ટ થયેલી મધુરતાનું સ્મરણ મીઠાશ પ્રસારતું, ભૂતકાલ વર્તમાન થતો, અને જે સુખ અનુભવ્યાં હતાં, જે અંતરની ઉર્મિઓ ભેળી અમ્હેં પ્રેમસાગરે ઉછળેલાં, જે હું અને તુંનો ક્ષુદ્ર ભેદ ભેદી અમ્હેં ઐક્ય અનુભવેલાં, જે હૃદયના ઉભરાતા ઉમળકા ઝીલી અમ્હેં પ્રેમમયતાને પામેલાં, તે સમય જ્યારે યાદ આવતો ત્યારે મ્હારૂં હૃદય ચીરાઇ જતું.

મ્હેં બદલી કરાવવાનું નક્કી કર્યું. ગેરહાજરીથી અંતરના વ્રણ રૂઝાશે એમ ધારી મ્હેં દેશનિકાલ કબૂલ કર્યો. વખત વહ્યો પણ ધારણા સફળ ન થઈ. પાંચસો ગાઉ દૂરથી યે મ્હારી કમલાની યાદ મ્હને સાલતી, અને ત્હેની પ્રતિમા મ્હારા આગળ નિશદિન ખડી થતી. મહિને દહાડે પૈસાના મનીઑર્ડર મોકલવા શિવાય બીજો સંબન્ધ અમારે કાંઇ પણ રહ્યો ન્હોતો. હું કઠણ થવા માગતો, અને હૃદયપ્રેરણાઓને નાશ કરવા કંઇ કંઇ ઉપાયો યોજતો, અનેક અભ્યાસો આરંભતો પણ દુઃખાયેલું દિલ ન્હાનાં બાળકની પેઠે છાનું રહેવા ના પાડતું. પણ દિવસો કોની દયા ખાય છે ? અશ્રુ અને હાસ્ય બન્નેની અવગણના કરી સમયનો પ્રવાહ આગળ ને આગળ વધે છે. મ્હારે પણ એમ જ થયું.

થોડાંક વર્ષ પછી હું એક દિવસ બહારથી ફરી ઘેર આવ્યો. ચોમાસાનું ઘેરાયેલું આકાશ મનને બેચેન બનાવી, વિરહની લાગણીઓ

પ્રેરી, મ્હારૂં દુઃખ તાજું કરતું હતું. મ્હારા અરણ્ય જેવા ઘરમાં પેસવું મ્હને હમેશ માથાવ્હાડ જેવું લાગતું. પ્રેમ વિના હૃદય નહિ, ગૃહદેવી વિના ઘર નહિ: સ્મશાન પણ વધારે વ્હાલું લાગતું. નોકરે કહ્યું: "ઉપર કોઇ મળવા આવ્યું છે." હું ઉપર ગયો. આ કોણ? શું મ્હારી કમલા! કોઇ ભયંકર રોગથી પીડાતા શરીરનાં સૂકાએલાં અવયવોમાં મ્હારી કમલાનાં સુકોમલ ગાત્રો ઓળખતાં મને વાર લાગી. પણ શો ફેરફાર! વાટ જોતાં થાકેલું શરીર ઉંઘને વશ થયું હતું. ત્હેને જોતાં મ્હારૂં હૃદય કંપ્યું. પ્રેમ ને મગરૂરી વચ્ચે હું અનિશ્ચિત ઉભો. પ્રેમ ઉછળ્યો. પાછલી વાત વિસારે પાડી ત્હેને હૈયા સરસી ચાંપવા મન થયું; અનુભવેલાં દુઃખ અને અન્યાયે અતડા થવા કહ્યું. ત્હેની શારીરિક દુર્બલતા જોઈ મ્હારા મનમાં ધ્રાસ્કો પડયો. મ્હેં ધાર્યું હતું કે કોઇ દિવસ પણ એવો પ્રસંગ આવશે, અને પશ્ચાત્તાપથી પવિત્ર થએલી પ્રિયાને હું એકવાર ફરી મ્હારી કરીશ, પણ આ શરીર—

તે જાગી: પીળાં પડી ગયેલાં નિસ્તેજ નેત્રો મ્હને જોઇ ચમકયાં. વાત શી રીતે કરવી એ મુંઝવણ પડી. ભૂતકાલને આઘો ઠેલી મ્હેં જ વાત ઉપાડી. મ્હને એમ થયું કે આ શિક્ષાપાત્ર સ્ત્રીને ભલમનસાઇ દેખાડવી એ ખોટું; પણ પ્રેમાળ હૃદયે-વાટ જોતાં થાકેલા, હારેલા દુઃખિત હૃદયે કોઇનું કદી માન્યું છે કે મ્હારૂં માને? મ્હેં ત્હેની ખબર પૂછી.

ઉત્તરમાં તે રડી. ડૂસકે ડૂસકે પાપનો પશ્ચાત્તાપ કરી એણે મને શરમીન્દો કર્યો. સ્નેહસાગર ઉછળ્યો. એનું રૂદન હું સ્થિર ચિત્તે સાંભળી શકયો નહિ. ગમે તેવી હોય, ભલે અનીતિના નરકમાં રગદોળાયલી હોય તો પણ શું? દઢતા, નિયમ, ન્યાય,—એ બધા વિચારો

ફેંકી દીધા. પ્રેમના પૂર આગળ ફાંફાં શા કામનાં? બધું ભૂલ્યો, ફક્ત બાળપણની રમાડેલી લડાવેલી પ્રિયતમા જ નજર આગળ રહી. મ્હારી કમલાને મ્હેં ફરી મ્હારી કરી! મ્હારી હૃદયેશ્વરીને ફરી મ્હેં શિરતાજ પ્હેરાવી મ્હારા જીવનનું સામ્રાજ્ય સોંપ્યું. પણ હાય! દુર્દૈવને તો આ ભાગ્યું તુટ્યું સુખ પણ આપવાનું ન રૂચ્યું! મ્હારી કમલાએ વિયોગમાં ઝુરી, દુઃખી થઇ, ભયંકર ક્ષયને આદર્યો હતો. મહેનત કરી, બહુ યે ઉપચારો કર્યા, પણ તે યમદૂત ગયો નહિ. દિવસે દિવસે ત્હેનું શરીર ક્ષીણ થતું ગયું. અમ્હારૂં સંયોગસુખ અમને પંદર દિવસ પણ પ્હોંચ્યું નહિ. અને મ્હને ટળવળતો મૂકી ભ્રમમાં ફસાયેલી પવિત્ર હૃદયની મ્હારી પ્રેમમૂર્તિ આ દેહ છોડી ચાલી ગઇ.

શું મ્હારૂં સુખ? નારીઓજીનો છાંયડો પણ નશીબે ન આપ્યો! નીચે જતાં જ નારીઓએ તાલ તોડ્યું. કોને દુશ્મન ગણું: દુનિયાને કે દુર્દૈવને?

એક સાધારણ અનુભવ.

રઘુનન્દન અને હું દિલોજાન દોસ્ત હતા. બાળપણમાં અમ્હારો વિદ્યાભ્યાસ સાથે થયો હતો એટલું જ નહિ, પણ દરેક જાતની ભવિષ્યની આશાઓના મ્હોટા બૂરજો જે અમ્હેં ચણતા ત્હેમાં પણ અહર્નિશ અમ્હેં સાથીઓ હતા. કૉલેજમાં શીખતા બીનઅનુભવી યુવકોની સ્વછંદ કલ્પનાથી અમ્હેં અનેક જાતના વિચાર કરતા; વિશ્વવ્યાપક હિલચાલોના અગ્રગણ્ય નેતા થવાની શકિત અમ્હારામાં છે એમ માનતા; પ્રલયકાળના સમુદ્રતરંગ જેવો આત્માનો લ્યૂથર કે બુદ્ધનો ઉત્સાહ અમ્હારો છે એમ ધારતા; અને એ બધી શક્તિઓને દુનિયાની ઉન્નતિ માટે ઉપયોગમાં લાવવા દૃઢ નિશ્ચયો કરતા. ત્હેમાં મ્હારા કરતાં રઘુનન્દનમાં ટાપટીપ વધારે-જીભ જરા વધારે સબળ, એટલે એ કઇ ઉચ્ચ શ્રેણીએ પ્હોંચશે ત્હેનો મ્હને ખ્યાલ ન્હોતો આવતો. ઘડીમાં એમ લાગતું કે તે ધાર્મિક સુધારક થઇ સત્યને માટે ઇસુ ખ્રીસ્તના ઠારમા મૃત્યુની મહત્તા પામશે; ઘડીમાં લાગતું કે દેશઝનૂનમાં જાન ઝંપલાવી કોઇ નરરત્ન વીર થશે; ઘડીમાં એમ થતું કે સુરેન્દ્રનાથ સમુ અપ્રતિમ વકતૃત્વ કેળવી દેશની ચારે દિશા ધગધગતા શબ્દાંગારોથી પૂરશે.

પછી એ મુંબાઇ આવ્યો. પૈસાની કાંઇક ખોટ હોવાથી એક અંગ્રેજી નિશાળમાં ચાલીશ રૂપીયાના માસ્તરની જીંદગીમાં મ્હારૂં તો મનોરાજ્ય મ્હારે વિરામવું પડ્યું. રઘુનન્દને અભ્યાસ જારી રાખ્યો. અમ્હારો પત્રવ્યવહાર નિરન્તર ચાલ્યાં જ કરતો, અને ભલે હું નહિ તો મ્હારો મિત્ર પણ બાલપણનાં સ્વપ્નાં મૂર્તિમંત કરશે એમ માની સંતોષ લેતો.

વરસેક દિવસે અમ્હેં મળ્યા. મળતાં જરાક મ્હને ખેદ થયો. મ્હેં ધાર્યું હતું કે રઘુનન્દનના નિર્મળ હૃદયની સ્વચ્છતા પર કદી જરા પણ ઝાંખ વળશે જ નહિ, પણ ત્હેની રીતભાતથી મ્હને અચંબો થયો. અન્તરના ઉલ્લાસ કરતાં કૃત્રિમ રીતભાત ત્હેનામાં વધારે દેખાય; હેત અને ઉત્સાહના નિર્મલ ઝરણામાં દુનિયાદારીનો કીચડ વધારે ઠરતો લાગ્યો. મ્હેં એવા વિચારો મનમાંથી ક્હાડી નાંખ્યા; વખતે મ્હારા નિરીક્ષણમાં ભૂલ હોય. મ્હેં જુનાં સ્વપ્નાંઓની વાત છેડી; થોડોક ત્હેમાં ત્હેણે રસ લીધો-પણ વધારે રસ તો મુંબાઈની મજાહ, ત્યાંનાં નાટકો અને ત્યાંની ફેશનમાં એ લેતો હોય એમ લાગ્યું. અમ્હારી મ્હોટી આશાઓની અટારીઓમાં એણે કાંઈ ફારફાર કર્યો હોય એમ દેખાયું, છતાં ત્હેનામાં મ્હારી શ્રદ્ધા અડગ રહી. સ્થૂલ સુખોને ઈષ્ટ માનનાર પાશ્ચાત્ય સંસ્કૃતિના અલબેલા બજાર જેવા મુંબાઇના વાતાવરણથી વખત છે ને જરા માનસિક ફેરફાર થાય એ સ્વાભાવિક હતું. મ્હારા સ્નેહને લીધે મ્હેં ત્હેનામાં સ્પષ્ટ દેખાઇ આવતા અધઃપતન તરફ આંખ આડા કાન કર્યા.

રઘુન્દન અને એક સુશીલ બાલિકા વચ્ચે કાંઈક પ્રીતિ હતી. તે ત્હેના ગુણો વિષે હમેશ મ્હને પત્રમાં લખતો અને જતે દહાડે ત્હેની સાથે જ તે પરણશે એમ મ્હેં ધાર્યું હતું, પણ તે છોકરીના બાપની સ્થિતિ સારી ન હોવાથી હાલ પરણાવવાનું મોકુફ રાખ્યું હતું એમ મ્હને કહેવામાં આવ્યું હતું. બેએક મહિના પછી મ્હારા પર પત્ર આવ્યો કે રઘુનન્દને એક શ્રીમન્તની છોકરી સાથે વિવાહ કર્યો છે. મ્હેં પ્હેલાં માન્યું નહિ. રઘુનન્દનને લખ્યું પણ ત્હેણે કાંઇ જવાબ વાળ્યો નહિ. રઘુનન્દન જેવો ઉંચી ભાવનાવાળો માણસ એક સ્નેહલગ્ને પોતાની કરેલી પ્રિયતમાને છોડી બીજીને પરણે એ મ્હારા માનવામાં આવ્યું નહિ. એ અરસામાં મ્હારે મુંબાઇ જવાનું થયું. હમેશ પત્ર લખતાં જ રઘુનન્દન દોડતો સ્ટેશન પર આવતો; આ વખત એ મ્હારા ગયા પછી

પણ એક દિવસ સુધી આવ્યો નહિ. મ્હારા મનમાં અનેક વ્હેમ ઉત્પન્ન થયા. મ્હારૂં હૃદય ઘણું દુઃખાયું; રઘુનન્દનની ભવિષ્યની મહત્તા અને દેશોપયોગિતા પર મ્હારી એટલી શ્રદ્ધા હતી કે એનું અધઃપતન જો થાય તો દેશને અને સમાજને કારી ઘા લાગે એમ હું માનતો હતો.

દહાડ દિવસે ભાઈસાહેબ જણાયા. વિલાયતી ફેશન અને મોઘાં વસ્ત્રોમાં દીપતા રઘુનન્દનને જોઈ મ્હને આશ્ચર્ય લાગ્યું. સાદું જીવન અને ઉચ્ચ વિચારની પવિત્ર ભાવનાના સાધકને આટલો દમામ શો ? સાહેબ બેઠા. ઉંચી સોસાઈટીની કહેવાતી ચાલાકીથી થોડી વખત આમતેમ વાત કરી. મ્હારાથી ન રહેવાયું. મ્હેં પૂછ્યું. "હા, ફલાણા શેઠીયાની એકની એક છોકરી સાથે મ્હારાં લગ્ન આવતે મહિને થશે," આંગળી પર વીંટીનું ઝળકતું નંગ ઉપર આણતાં ત્હેણે કહ્યું. "ત્હારે પણ આજે આવવું પડશે વાલકેશ્વર. ત્હારી ઓલખાણ કરાવશું" વાત છૂપાવી અતડાપણું દર્શાવી, કરેલો મિત્રદ્રોહ–ગરીબ માબાપની નિરાધાર છોકરીને દગો દઈ વ્હોરેલો પ્રેમદ્રોહ—પૈસાની લાલચમાં સ્વીકારેલા નવા સંબંધમાં તેમ જ ફેશનમાં ડૂબી અન્તરનું કરેલું આચ્છાદન અને આત્મદ્રોહ : આ સઘળું મ્હેં જોયું અને શરમાયા વિના આટલી નફટાઈમાં ત્હેને નાચતો જોઈ મ્હને તિરસ્કાર આવ્યો. આ રઘુનન્દન! ત્હેને મ્હેં ઉધડો લીધો. કલાક સુધી મ્હેં કહેવાય તેટલું ત્હેને કહ્યું, તિરસ્કારનો આખો શબ્દકોષ ઠાલવ્યો, પણ ત્હેણે હસ્યાં જ કર્યું.

આખરે ત્હેણે જવાબ દીધોઃ "જો ભાઇ ! એ બધાં આપણાં સ્વપ્નો હતાં, પણ આપણામાં કાંઇ લ્યૂથર કે શંકરની પ્રતિભા છે? આપણે અલ્પ શકિતવાળા છિએ. તે છતાં પણ જો આપણી પાસે સારો પૈસો હોય તો આપણે કાંઇક અંશે તેનો સદુપયોગ કરીએ, ત્હેનાથી દેશનું ભલું કરીએ. એકલાં ભાષણ કરતાં પૈસાનો ત્યાગ કરી દેશસેવા

કરવામાં વધારે શોભા છે. તું જો, જરા થોભ. મન થોડું મારવું તો પડે; છતાં આપણે એનાથી કેટલો લાભ જનસમાજને આપી શકીએ !" આ ખ્યાલ જરા હલકો હતો, પણ ઠીક દેખાતો. મ્હને થયું કે રઘુનન્દન હજી કાંઇ કરશે. લક્ષાધિપતિ થઇ ઉચ્ચ ત્યાગનો દાખલો બેસાડી, લક્ષ્મી અને સરસ્વતી બન્નેને પ્રસન્ન કરી, ખરેખર એની ભાવનાઓ થોડેક અંશે પૂરી પાડશે.

થોડે વખતે રઘુનન્દન ધામધૂમ સાથે પરણ્યો. સાંભળ્યા પ્રમાણે છ મહિને એણે તરછોડેલી પ્રિયતમા વિરહથી રીબાઇ સ્વધામ ગઇ. તે વખતે રઘુનન્દન મહાબલેશ્વરમાં મોજ માણતો હતો. નવી સ્ત્રીના સઘન સ્નેહમાં નિર્ધન અભાગણીના અકાળ મરણની કાંઇ લાગણી થાય ? કાગળ વાંચી, કચરાની ટોપલીમાં ત્હેને વિસર્જન કરી, પત્ની સાથે ટેનિસ રમવા રઘુનન્દન ચાલ્યો ગયો.

ત્યાર પછી ત્રણ વર્ષે હું મુંબાઇ આવ્યો. મ્હારે માટે મોટર હાજર થઇ હતી. અખૂટ પૈસાના વિલાસમાં લ્હેર કરવાનો અનુભવ મ્હને નવો હતો. ઝપાટાબંધ અમ્હે વાલકેશ્વર ગયા; માણસોએ આવી મ્હારે માટે રાખેલો ઓરડો દેખાડયો. આખા મકાનનો વૈભવ રાજાઓનો ગર્વ ઉતારે તેમ હતો. જો ફકત બંગલાનો નકામો સરસામાન વેચી પૈસા એકઠા કર્યાં હોત તો પણ ત્રીજી સાલના દુકાળમાં એક પણ જીવ કે ઢોર મરવા પામત નહિ ! એક જીવ જે કાઠીયાવાડમાં ફૂટી બદામને અભાવે અન્નજલ વિના તરફડીયાં મારતો મરણ પથારીમાં પડયો હતો ત્હેનાથી યે વધારે નાપાક જીવને ખુશ રાખવા, ત્હેની લીપ્સા સંતોષવા કેટલો ખરચ ! કેટલી મ્હેનત ! કેટલી ખુશામત !

પછી રઘુનન્દનને હું મળ્યો-મ્હારા વિદ્વાન બાળસ્નેહીની માનસિક ઉત્સાહથી ચમકતી આંખો, ઉંચી અભિલાષાથી ધ્રુજતો ત્હેનો શબ્દ,

અભ્યાસના ગૌરવથી ઓપતું કપાળ એ બધાની જગ્યાએ આળસમાં ગરક થયેલી વિષયી આંખો, ફેશનેબલ ગણાતી પારસીસાઇ ભાષા અને જરા બોલતાં તસ્દી પડતી હોય એવો લંબાતો સ્વર, અને અનેક સુવાસિત પલાસ્તરોથી ચકચકિત કરેલું મ્હોડું–આ બધો ફેરફાર જોઇ હું તો ચમકયો.

પછી જાણે ઇંટમટોડી કે કાચ લાકડાંમાં કાંઇ ભવ્યતા હોય તેમ એમનો બંગલો દેખાડવા ત્હેણે મ્હને સાથે લીધો. ત્હેના વર્ણનથી કોને લાભ થવાનો હતો ? મ્હને ગ્રીસનો એક મહાત્મા સાંભર્યો. એક પૈસાદાર શિષ્યે ડાયોજીનીસને પોતાનો ભવ્ય મહેલ દેખાડી, પ્રશંસાની આશાએ તે તત્ત્વવેત્તાનો અભિપ્રાય પૂછયો. ડાયોજીનીસ શિષ્યના મ્હોંમાં ઉપર થૂંકયો અને હસીને કહ્યું : “ આ બધું સુન્દર છે; માત્ર ગલીચ જગ્યા આટલી જ છે.” મ્હને પણ રઘુનંદનને એવો કાંઇ શિરપાવ આપવાનું મન થયું.

આ ફલાણો “ હૉલ ” ને આ ઢીકણો “ રૂમ ” કરતા કરતા અમ્હેં કહેવાતી લાયબ્રેરીમાં આવ્યા. અનેક ચળકતાં કબાટોમાં ઘણાં જ સારાં પુઠાં અને સોનેરી નામોથી સુશોભિત, કોઇ એક અસ્પર્શ્ય, વિષયી જમાનાની વાસના તૃપ્ત કરવા લખાયેલી વાર્તાઓ મ્હેં ત્યાં દીઠી. થોડાંએક કબાટોમાં સાહિત્યના ગ્રંથો જેમના તેમ–વગર પાનાં કપાયે–શોભતા હતા. છેલ્લા પાંચ વર્ષમાં કોઇ પણ ત્હેને અડકયું હોય એમ લાગતું ન્હોતું.

“ રઘુનંદન, ત્હારી કૉલેજની ન્હાની ચોપડીઓનું શું થયું ? એ તો ત્હારી જીવજાન ચોપડીઓ હતી !

“ કઇ પેલી છછ આનાની ! હં. એ તો તદ્દન નકામી પડી. તે મ્હેં ફેંકાવી દીધી. ” ખરેખર, ઉંચા વિચારોની જનેતાઓ ગઇ, પછી ભાવનાઓ કયાંથી રહે ?

એટલામાં એક નોકરે આવી કહ્યું કે "જોસફાઇન" માંદી થઇ ગઇ છે. એ નામ સાંભળી મ્હને મહાન નેપોલીઅનની સ્ત્રીનું સ્મરણ થયું, અને રઘુનંદનનું ચિન્તાવાળું મ્હોડું જોતાં એ વ્યકિત કોણ હશે તે જાણવા જીજ્ઞાસા થઇ. હાંફતા હાંફતા અમ્હેં એક ઓરડામાં આવ્યા. તે ઓરડો કાંઇ કુતરાંની પાંજરાપોળ જેવા લાગતા હતા, કારણ કે ૧૫-૨૦ કુતરાં મોજ કરતાં ત્યાં મ્હેં જોયાં અને મ્હારા અત્યંત તિરસ્કાર વચ્ચે 'જોસફાઇન' એક કુતરી છે એમ મ્હેં જાણ્યું. આ ભાગ્યશાળી જાનવર માટે મોટરમાં ડાકટર આવ્યા અને તેને શાન્તિ થઇ ત્યારે રઘુનંદન જંપ્યા. એ વખતે પેલી સ્વર્ગસ્થ પ્રેમાળ બાળા જે રઘુનંદનની અધમતાને લીધે બાલપણમાં મરી ગઇ હતી ત્હેનું સ્મરણ મ્હને થયું. મ્હને કમકમાં આવ્યાં. ત્યાર પછી દરેક કુતરાની જાત, કુટુંબ, ગુણ વગેરેનો ઇતિહાસ મ્હને ત્હેણે કહ્યો. ખરેખર, આટલી બધી યાદદાસ્ત બીજે ઠેકાણે વાપરી હોત તો હિન્દુસ્તાનનો સરસ ઇતિહાસ લખાત.

ત્યાર પછી અમ્હારી તબેલાની મુસાફરીનું અને ઘોડાઓના ગુણનું વર્ણન લખી વાંચનારને કંટાળો આપીશ નહિ. મ્હને એટલું જ થયું કે રઘુનંદન કુતરાં કે ઘોડાંગધેડાંનો વેપારી હોત તો ઘણું સારૂં કામ કરી દુનિયાને કાંઇ વધારે ઉપયોગી થાત. બધું જોયું. પછી રઘુનંદને પોતાની સમૃદ્ધિ અને વસ્તુઓનાં વખાણ કર્યાં: "કેમ દોસ્ત ! બધું ફક્કડ છેને ? એક જ સાળી પીડા છે. !"

"શું ?" મ્હેં તિરસ્કારથી પુછ્યું.

"આવક પ્હોંચતી નથી. શું કરૂં ? મહામુશ્કેલીએ આવી રહે છે."

પળ વાર પર જોયેલાં ડઝન ઘોડા, બે ડઝન કુતરાં ને પાંચ ડઝન ખાસડાં મ્હને યાદ આવ્યાં, પણ હું બોલ્યો નહિ.

"ત્યારે બીજા કાંઇ કામમાં તો પૈસા ક્યાંથી જ વપરાતા હોય ?" મ્હેં પૂછ્યું.

"અરે નહિરે! એક દમડી પણ બચતી નથી. હું શું કરૂં ?" જાણે એમાં દમડીનો વાંક હોય તેમ ત્હેણે કહ્યું. "પણ નહિ દોસ્ત! ખરૂં કહે બધી વસ્તુ ગોઠવાઇ તો મજાહની છે ને ?"

"ખરેખર રઘુનન્દન બધાની જગા મેં જોઇ, પણ એક વસ્તુ મૂકવાની જગ્યા કાંઇ દેખાઇ નહિ."

"શાની ?"

"શાની! અહિંઆં બધું છે, પણ ત્હારી ભાવના, પુરૂષાર્થના ઉંચા આદેશ, ત્યાગ અને સેવાના શુદ્ધ સંકલ્પનું સ્થાન કાંઇ અંહિંઆં દેખાતું નથી. ત્હેને માટે કાંઇ જગા નથી. તે બધાં તું પ્હેલાં રહેતો હતો તે કાલબાદેવીની નાની ગંદી ઓરડીમાં રહી ગયાં એમ ભાસે છે; અને જૂનો રઘુનંદન પણ ત્યાં જ રહ્યા નહિ વારૂં ?"

મ્હારા ન્હાના ગામમાં, અને ટુંક પગારમાં મ્હેં મ્હારી ભાવનાઓ વધારે સારી રીતે જાળવી હતી.

પાંચ છ દિવસ સુધી ભોગવેલી અત્યંત મોજથી ગુંગળાઇ મ્હારે ગામ જવા હું નીકળ્યો. બંગલો છોડતાં મ્હને ભર્તૃહરિ યાદ આવ્યો :

साहित्य-संगीत-कला विहीनः
साक्षात्पशुः पुच्छविषाणहीनः ।
तृणं न खादन्नपि जीवमान-
स्तद्भागधेयं परमं पशूनाम् ॥

કોકિલા.

૧.

મ્હારી સ્ત્રીના મરણને બેત્રણ મહિના વીત્યા એટલે સ્થલફેર કરી બેચેની મટાડવાનો કાંઇ ઉપાય લેવા મ્હેં નિશ્ચય કર્યો. મે મહિનામાં રજા પડી એટલે હંમેશના નિયમ પ્રમાણે મુંબાઇ છોડી બહારગામ જવાનું મન થયું. અદાલતના વાતાવરણમાંથી થોડો વખત છૂટા થવું અવશ્યનું છે. માણસની અધમતાના ઇતિહાસો છોડી ક્વચિત્ ક્વચિત્ કુદરતને ખોળે જઇ બેસવું પણ જરૂરનું છે. પણ હવાફેરનાં પ્રખ્યાત સ્થળોથી મ્હને કંટાળો આવતો. મુંબાઇની ધમચકડી છોડી સ્વાભાવિક રીતે મન નિરંકુશ આનન્દ અને વિનોદના સ્થાનમાં જવા ઇચ્છે; પણ પાશ્ચાત્ય સુધારાની અનંત પ્રવૃત્તિમાં કોણ જાણે એવી તો ખુબી છે કે ત્હેમાં ભમતો કીડો કદી પણ ત્હેના વિકારને છોડી શકતો જ નથી. માથેરાનમાં ફૅશનની તુચ્છ કૃત્રિમતા; મહાબળેશ્વર જાણે બીજું વાલકેશ્વર: અસંતોષી ડુમ્મસ પણ એ જ પંથે પધારવાની હોંસ ધારતું! જો એમ કરતાં ભૂલેચૂકે આપણે સ્વર્ગે ભૂલા પડીશું તો મ્હારી ખાત્રી છે કે પુરાણા બિચારા ઇશ્વર ભગવાનને પણ કોઇ એક ફૅશનેબલ સંમેલનનું પ્રમુખપણું આપી સુધરેલી રીતભાતો શીખવી દઇશું.

આ બધાં કારણથી આ વખત મ્હેં પાવાગઢ પસંદ કર્યું. ચાંપાનેર મ્હારી પ્રાચીન રળીયામણી ગુજરાતનું ઐતિહાસિક રાજનગર મ્હારા મનમાં ઉછળતા ઉલ્લાસો પ્રેરતું; ત્હેને જોઇ મ્હારા દેશની જૂની જાહોજલાલી નજર આગળ ખડી થતી; નવો જ ઉત્સાહ આવતો. તે દિવસોનું

શૌર્ય અને તેજ, તે સમયની કંપાવતી જીવનકથા, તે વીર સમયનું આત્મસમર્પણ, આ વેપારી વખતમાં અસ્ત થયાં છે. ખંડીએરો જોઇ વિચારો કરીએ એ જ.

રજાના બાકી રહેલા દિવસો માંચીમાં જ નિર્ગમન કરવા મ્હેં વિચાર કર્યો. પાવાગઢની માતાના પૂજારીની સીફારસથી મ્હને દરેક જાતની સગવડ કરી આપવામાં આવી હતી. મ્હેં નક્કી કર્યું હતું કે દુનિયાથી દૂર જઇ ઘણા દિવસનો ચઢેલો કાટ મન પરથી ઉતારીશ; અંતરની ગહનતામાં ત્હેને ઝબોળી ચિરકાલથી ઇચ્છેલી નિવૃત્તિ અનુભવીશ. મ્હારા શિવાય બીજું કોઇ ત્યાં હોય એમ મ્હને લાગ્યું નહિ. પણ મ્હને જ્યાં ઉતારો આપ્યો હતો ત્હેની સાથે કેટલીક ઓરડીઓ હતી. ત્યાં કોઇ રહે છે કે નહિ તે તપાસવા નીકળ્યો. છેલ્લી ઓરડીમાં કાંઇ વસ્ત્ર જેવું દેખાયું. મ્હારા જેવો કોઇ બીજો ધૂની પણ નિર્જનતાનો લ્હાવો લેવા અહિંઆં આવ્યો છે, એમ ધારી તે તરફ ગયો. બારણું ઉઘાડયું. ચમક્યો ને ઉભો. ત્યાં પડેલી કોઇ બાહોશ સૌન્દર્યસેવકને છાજતી સામગ્રીઓ અને તે વળી ઘરડા બિચારા પાવાગઢમાં જોઇ હું સ્તબ્ધ થયો. રસના અવતાર સુવિખ્યાત શેલીનાં અંગ્રેજી કાવ્ય; સ્ત્રી-ઉપયોગી વસ્ત્રો; ખૂણામાં પડેલી તરછોડેલી જેવી વીણા; એક અપૂર્ણ ચિત્ર! હું વિચારમાં પડયો. કાંઇ સ્વપ્નાનો ભાસ જરા થયો.

ઘરવાળી બાઇએ બૂમ મારી મ્હારૂં ધ્યાન ખેંચ્યું: “ભાઇ, ત્યાં જશો મા. ત્યાં તો કોકિલા રહે છે.”

કોકિલા! રમણીય વસન્તના શણગારનું મધુરૂં નામ! મ્હારૂં આશ્ચર્ય વધ્યું. “કોકિલા કોણ?” મ્હેં પૂછયું. “એમના કોઇ દોસ્તદારની છોકરી થોડાએક દિવસ થયાં અહિં આવીને રહી છે. આ એસ્તો તમારા ભણતરની પીડાઓ.” ઘરડી જીભે લપલપાટથી વાત

શરૂ કરી. મીઠુંમરચું બાદ કરતાં ભાવાર્થ એ નીકળ્યો કે કોઇ બિચારી કેળવાયેલી કુમારિકા ગાંડી થઇ ગઇ છે; અને ડૉકટરોની સલાહથી હવાફેર કરવા અહિંઆં રહેલી છે અને ત્હેને હાલ જરા આરામ છે.

ગુજરાતી છોકરીઓમાં આ હોંશિયારી, આ નામ અને ગાંડપણ!–કંઇ અરેબિઅન નાઇટ્સની વાત લાગી. મ્હારૂં મન આ ચમત્કારી વ્યકિત જોવા એકેપગે થયું, પણ કાશીબાઇએ કહ્યું કે એ તો સવારે બહાર નીકળે છે તે ભાગ્યે જ સાંજ પહેલાં આવે છે. એ પણ ખરૂં! આખરે મન ન રહ્યું ને બહાર નીકળ્યો; કાંઇ પણ પત્તો લાગ્યો નહિ. આખરે થાકી સૂતો. સવારે ઉઠતાં વાર કોકિલાના ઓરડા તરફ ગયો, પણ મ્હારી અત્યંત નિરાશા વચ્ચે ત્યાં કોઇ પણ હતું નહિ એમ માલુમ પડયું. સૂર્યોદયને જરા વાર હતી, પણ આ અસાધારણ સુન્દરીને જોવા તરસ વધવા માંડી. અરણ્યમાં જલ વિના તરફડતા તૃષાર્ત મુસાફરની માનસિક સ્થિતિ કાંઇક યાદ આવી. કયાં સુધી ખોળ નિષ્ફળ ગઈ. આખરે પાપી પત્તાઇના તૂટેલા મહેલમાં જઇ બેસવાનો વિચાર કર્યો ને તે તરફ વળ્યો. ત્હેનાં ખરતાં ઘસાયેલાં જીર્ણ પગથિયાં ઉતરી નીચે આવ્યો; અગાશી તરફ નજર કરતાં મ્હારી આંખે અવર્ણનીય દેખાવ જોયો.

અગાશીની કોર પર અખંડ યૌવના ઉષાની આરસની મૂર્તિ જોઇ હું ચમકયો. ઉગતા સૂર્યનાં સોનેરી કિરણો ત્હેના સફેદ વસ્ત્ર પર દિવ્યતા પાથરતાં કાન્તિને અદ્‌ભુત તેજે દીપાવતાં હતાં. આ કોકિલા! ગુજરાતની ઘણી યે રૂપવતી રમણીયો મેં જોઇ છે, વખાણી છે, પણ કાબેલ કિસબીની કોરી કહાડેલી અપૂર્વ પ્રતિમા જેવું શરીરસૌન્દર્યની પરિસીમાએ પહોંચેલું આ મુખ સ્વપ્ને પણ મ્હેં જોયું ન હતું. રંભાઓનો રૂપવર્ગ ન હતો; વિલાસવતીઓની ટાપટીપ ન હતી; જડ

જગત્ પર અમૃત સિંચતી રૂપેરી ચંદ્રિકા માફક ત્હેનું સૌંદર્ય અજાણતાં આહ્લાદ પ્રસારતું, કાંઇ અલૌકિક ભાસ કરાવતું. ત્હેનું શરીર જાણે પૃથ્વીતત્ત્વવિહીન કોઇ દેવાંગનાનું સૂક્ષ્મ તેજોમય રૂપ લાગતું. જો પાશ્ચાત્ય વિદ્યાનો જડવાદ જરા મ્હારામાં ઓછો હોત તો હું જરૂર ત્હેને કોઇ ભૂલી પડેલી વનદેવી, અથવા પાસે સૂકાઇ ગયેલા મુખમાંથી સૂર્યનું આરાધન કરવા નીકળી પડેલી સાગરકન્યા વિશ્વામિત્રી જાણત. કોકિલાનું ધ્યાન ન હતું. છાનામાના પાછા જવાનો વિચાર કર્યો; પણ આટલે પ્રયાસે કોકિલા મળી અને હવે તક ચૂકવી કામની નહિ.

મ્હેં ખાંસી ખાધી. કોકિલાએ ફરીને મ્હારી સ્હામું જોયું. કોઇએક સોનેરી સ્વપ્નાનાં અર્ધભૂલેલાં સુન્દર સ્મરણોનાં જાણે પ્રતિબિમ્બ પડતાં હોય એવાં તેજસ્વી રસાળ નયનોએ મ્હારા તરફ આકર્ષક જ્યોતિ નાંખી.

" માફ કરજો, આપના વિચારમાં કાંઇ ખલેલ તો થઇ નથી ને ? "

સ્થિર નયનોએ પલકયા વગર મ્હારી સ્હામું જોયાં કર્યું. શું આ સુન્દરીને ખરેખર ચિત્તભ્રમ હશે ?

" ત્હમારૂં જ નામ કોકિલા કે ? કાશીબાઇ કહેતાં હતાં. "

"હા," ધીમે મીઠે સ્વરે ત્હેણે જવાબ આપ્યો. " તમ્હેં કોણ છો ?"

" હું મુંબાઇમાં વકિલ છું. મ્હારૂં નામ કિશોરલાલ. "

જાણે ડરતી હોય, મનમાં કાંઇ વહેમાતી હોય તેમ ધીમે ધીમે વાત કરી. સાથે સાથે અમ્હેં બહાર આવ્યાં. કોકિલાને જેમ વધારે જોતો તેમ આશ્ચર્યચકિત વધારે થતો. ત્હેનું રૂપ, સ્વર, પહેરવેશ, સર્વ પર એક જાતનું લાવણ્યમય વ્યક્તિત્વ દેખાતું. તાજમહેલનો દરેક પથ્થર જેમ પૂર્ણ સૌન્દર્યથી શોભે છે તેવાં જ એનાં દરેક કર્મ અપૂર્વતાથી દીપતાં. અમ્હેં સાથે ચાલ્યાં. પણ જ્યારે એના તરફ હું જોતો અને એની ડોલનમય ચાલ મ્હારી

નજરે પડતી, ત્યારે શરમાઇ હું મ્હારી પોતાની તરફ જોતો અને જાણે ગુલીવર સાથે ઘોડાના દેશમાં જઇ હું તેમની રવાલ શીખી ચાલતો ન હોઉં, એમ મ્હને લાગતું.

આ લાવણ્યે મ્હારી જીજ્ઞાસા એટલી વધારી દીધી હતી કે કાંઇ પણ પૂછવાનું મન થયું. એકએ સવાલો કર્યા ત્હેમાં પ્રત્યુત્તર ઠીક મળ્યા નહિ; પણ વકિલાતની ટેવ ને કૂતરાની પુંછડી બે એક સરખાં. ઉલટ તપાસમાં જરા હું પંકાતો એટલે આ ઘડીએ પણ જીભ ચળવળી.

“ તમ્હે પરણ્યાં છો કે કુંવારાં ? ” આ ભંડારનો કયો ભાગ્યશાળી ભર્ત્તા છે, એ જાણવાને ઉત્કંઠા થાય એ તો સ્વાભાવિક, પણ મ્હારા શબ્દોએ કાંઇ જુદી જ અસર કરી. કોકિલા મ્હારા તરફ ફરી; તેજોમય આંખો જરાક ચળકી,સખત થઇ. મીજાસમાં જરાક મ્હોડા પર લાલી આવી. માથું ફેરવી ગુસ્સામાં મ્હને છોડી બાજુની એક પગથીએ તે ઝપાટાબંધ ચાલી ગઇ. હું તો શરમાઇ, જાંસા ખાધેલા બાળક જેવો ફીક્કે મ્હોરે ઉભો. મ્હારૂં અડધું આયુષ્ય આપ્યે જો આ પ્રશ્ન પાછો ખેંચાતો હોત તો તેમ કરત. નીચું જોઇ ઘર તરફ ગયો. હૃદય ચણચણતું રહ્યું.

(૨)

થોડા વખતમાં જ કોકિલાની મોહક ભવ્યતાએ મ્હને ભાન વગરનો કર્યો હતો. એને તે વખત ન્હાતો હતો—ભાગ્યે જ. આટલા દિવસને અન્તરે કાંઇ કહી શકતો નથી, પણ શું કરવું એ સૂઝયું નહિ; કાંઇ ચેન પડયું નહિ. રાતે વિચારમાં નિરાશામાં બેઠો હતો ત્યાંથી જાગ્યો.

“ મિ. કિશોરલાલ !--”

ઘણા દિવસનું ગુમાવેલું રત્ન હાથ લાગતું હોય તેમ ધ્રુજતી અભિ-લાષાથી મ્હેં ઉંચું જોયું. હૃદય ધબકયું, કંઇક હરખાયું, બારણામાં કોકિલા

ઉભી હતી. જેઓએ એ આકૃતિને જોઇ નથી, જેઓ એ નયનો આગળ નમ્યા નથી તેઓને મ્હારા હૃદયમાં સ્ફુરતા માનાંકુરોનો ભાગ્યે જ ખ્યાલ આવશે. કોકિલાએ આવીને સવારની વર્તણુક માટે માફી ચાહી. કોકિલા માફી માગે! મ્હારા વાંક માટે મ્હેં પણ પશ્ચાત્તાપ દર્શાવ્યો. કોકિલાની વાત કરવાની છટા કાંઇ ઓર જ હતી. નિર્જન એકાન્તમાં પથરાતી જ્યોત્સ્નાની અમૃતમય વિમલતામાં દૂરથી વેણુ વાગે અને હૃદયે આનંદ વર્ષાવે એવો કાંઇ કોઇ કોકિલાના મધુરા રસમય આલાપનો ભાસ થતો.

તે ગઇ, પણ આખી રાત સ્વપ્નસૃષ્ટિમાં મ્હારી સહચરી થઇ રહી. નિર્દય સૂર્યે એ સુખમાંથી મ્હને ખેંચી લીધો. પછી સાંજ સુધી મ્હારે કમનસીબે ફરી મેળાપ થયો નહિ. છેક સાંજે એક ખંડીયેર પાસે પડેલા પથ્થર પર ત્હેને બેઠેલી દીઠી. દૂર દૃષ્ટિથી જાણે વાદળની પેલી મેર જોતી હોય એમ લાગ્યું. વિશ્વવેત્તા કોઇ વિશાળ જ્ઞાનીના પ્રફુલ્લ દિવ્યચક્ષુનું તેજ તેની આંખોમાં ચળકતું હતું. અમ્હેં વાતો કરી. એક બીજાના વિચાર જાણવાની તક અમને મળી. વનવગડામાં વાત કરનાર અમ્હેં બે એકલાં; એટલે એવી તકો ઘણી મળી. દરેક પ્રસંગે હું કાંઇ નવું નવું જોતો અને નહિ ધારેલી ખૂબીઓ નજરે પડતી.

કોકિલાની રીતભાતમાં અને વાતમાં એક નવીનતા હતી. એક પુરૂષ બીજા પુરૂષ જોડે વાત કરે તેવી હિંમત, સ્વાતંત્ર્ય અને ગૌરવથી તે વર્તતી; એટલે આપણાં શરમાતાં, ગભરાતાં બૈરાંઓની ખોટી લજ્જાનો અંશ પણ ત્હેનામાં ન હતો. આથી સમાનતાનો ભાવ થતો, અને વાતમાં રસ પડતો. તીવ્ર જ્ઞાનેન્દ્રિયો અદ્ભુત રસબંધ પેખતી. જે સૌન્દર્ય, જે રસ, જે ભેદ આપણે સૃષ્ટિમાં, કાવ્યમાં કે સ્વરમાં ભાગ્યે જ ભાળતા તે એની સૂક્ષ્મ બુદ્ધિ પારખતી, અને ત્હેનો સ્વાદ જવલંત

શબ્દથી મ્હને પણ ચખાડતી. કોઇએક વખત કાંઇ અગમ્ય વિચાર આવતાં સ્વર થડકતો, ચહેરો ઉદાસી થતો, ને દૃષ્ટિ દૂર ફેંકી ઉંઘમાં ચાલતા માણસ જેવી થઇ જતી.

કોકિલાની જીવનની ભાવના અસાધારણ હતી. થોડેક પરિચયે મ્હને તે જણાઇ. ઘણી વખત તે કહેતી: આપણા લોકોના જીવનાદેશ શા તુચ્છ હોય છે! આપણે અલ્પ નથી–ભવ્ય છિએ. આ ભવ્ય સૃષ્ટિની ભવ્યતા આપણામાં છે; એ મહાપ્રાણનું સૌન્દર્ય આપણા પ્રાણમાં પણ છે; ફક્ત તે પારખવાને ઇચ્છા નથી–પ્રયત્ન કરવા હિંમત નથી. આપણી જીવનવીણા વિશ્વવીણા જોડે સંવાદી બનાવો. ત્હેના સુરેસુર અન્તરમાં જાગશે, પ્રભુમય બનાવશે. એ સંવાદ એ જ જીવન. ઘણાખરા અસંસ્કારીને તો પોતાના બેસુરા જીવનના કઠોર સ્વરો જ ઠીક લાગે છે. આવાં વાક્યો ત્હેનું રૂપ, ત્હેનું કાવ્યમય સૌન્દર્યસેવી જીવન મ્હારામાં નવી ભાવનાઓ પ્રેરતાં, મ્હને બદલતાં, મ્હારા અન્તરના ઉંડાણમાંથી ચમકતાં રત્નો ખેંચતાં.

આ નવા તત્ત્વજ્ઞાને મ્હારૂં માન ઉતાર્યું. ટાઇટેનિક સ્ટીમરના અભિમાની બનાવનારાઓએ એ કદી નહિ તૂટે એવી રચના કરી. મહામાયાના એક રમકડા જેવા આઇસબર્ગે–બરફના ડુંગરાએ એ ગર્વને એક વિપલમાં હતો ન હતો કરી દીધો. આ વખતે એ બડાશી બતાવનારો ને હું આત્મસંતોષી વકિલ સાહેબ જોડે બેઠા. દોઢીયાં કમાવાં, મોટરોમાં બેસી, વાલકેશ્વરની અમરાવતીમાં લહેર મ્હારી, સ્થૂલ વિષયલાલસાને પ્રભુ બનાવી, જીંદગી પૂરી કરવાની આશા રાખનારનું જીવન આ સાદી, રસમય જીવનની પવિત્ર ભાવના આગળ હાર્યું. નમ્યું. મ્હારી સ્થૂલ જીંદગી પર મ્હને તિરસ્કાર આવ્યો; જીંદગીમાં પૈસા, મોજ અને સત્તાનાં કહેવાતાં સુખો શું સુખ છે? કોકિલાના જેવું કોમલ હૃદય બનાવી રસસરિતાના ઉછળતા તરંગો સાથે વહેવું એ જ સુખ; પ્રેમ, સૌન્દર્ય,

એનો અનુભવ એ જ સુખ. આવા અનેક પાઠો કોકિલાના ગુરૂપદ નીચે હું પઢયો. એની ટીકાથી જૂના કવિઓમાં નવો રસ દેખાયો. મ્હારી જૂની સૃષ્ટિ પર નવ વસન્ત છાયો. બે ચાર દિવસમાં જગતના સૌન્દર્ય સાગરની કંઇએક લહરીઓ મ્હારા હૃદયને આરે આવી.

ધીરે ધીરે હું કેદી થતો ગયો. પ્રેમની સુખમય સોનેરી ગુલામગીરીમાં સપડાતો ગયો, મ્હારી સ્વર્ગસ્થ સ્ત્રી ઘણી ભલી હતી; મ્હને પરમેશ્વર લેખતી. ત્હેને માટે મ્હને ભાવ હતો, પણ આ નવું આવતું પૂર અદ્ભુત હતું. જે માનસિક સહૃદયતાથી કોકિલા માટે મ્હને ભાવ પેદા થતો ગયો, જે લાગણીઓ એનું રૂપ, લાવણ્ય, અને સંસ્કારી વિચારોથી પેદા થઇ હતી, તે "શુદ્ધ સાત્વિક પ્રેમ" ની ઉર્મિઓ મ્હારા હૃદયમાં નવી જ સ્ફુરવા માંડી.

આ સ્વર્ગીય સંગતિમાં પાંચસાત દિવસ ગયા. કોઇએક વખત દેખાઇ આવતા ધૂનીપણા સિવાય બીજી કોઇ જાતનું ગાંડપણ કાંઇ મ્હારા દેખવામાં આવ્યું નહિ. પણ આવી વિચિત્ર સ્થિતિ માટે તપાસ કરવાની સ્વાભાવિક ઉત્કંઠા વધવા માંડી. વધારે પરિચય થતાં આટલું બધું પ્રાવીણ્ય કયાં મેળવ્યું હતું તે મ્હેં પૂછયું. વાત પરથી માલુમ પડયું કે કોકિલાનો બાપ મુંબાઇમાં કોઇ અંગ્રેજી પેઢીમાં કારભારી હતો; બધો કારભાર ત્હેનાથી જ ચાલતો. ત્હેના પર ત્હેના સાહેબની ઘણી જ મહેરબાની હતી. કોકિલા ચાર વર્ષે મા વિનાની થઇ. જૂના જમાનાનો "ઇમ્પીરિઆલિસ્ટ" વિચારોથી અજ્ઞાત અંગ્રેજે અને ત્હેની સુશિક્ષિત બાઇએ પોતાના નિમકહલાલ નોકરની એકની એક છોકરીને પોતાની પાંખમાં લીધી; ત્હેને પોતાની છોકરીઓ ભેગું શિક્ષણ આપ્યું. દરેક બાબતમાં કોકિલાએ આશા પૂરી અને ધાર્યા કરતાં વધારે બાહોશી મેળવી. વૃદ્ધ ધણીધણીયાણી વિલાયત ગયાં હતાં તો પણ પોતાનો અચળ

પ્રેમ પોતાની "કાળી" પુત્રી તરફ અવારનવાર દર્શાવતાં અને કોકિલા પણ પોતાના હિન્દુ હૃદયની કૃતજ્ઞતાથી પુત્રી કરતાં પણ વધારે પૂજ્યંતા ત્હેમના તરફ રાખતી. વાત કરતાં કોકિલાને ન્હાનપણ સાંભર્યું. હૃદય ઉભરાયું અને બોલી: "તે જ અરસામાં આ દિવ્ય પ્રેરણા મ્હને થઈ. મ્હારો દૃઢ નિશ્ચય એવો થયો કે જીવનને પૂર્ણ લાવણ્યે મઢવું. દરેક વિચાર, દરેક કાર્ય સંવાદી સૌન્દર્યથી શોભતાં કરવાં. મ્હારી અસાધારણ શક્તિઓએ કામ સ્હેલથી ઉપાડયું. ફત્તેહ નજર આગળ રમી રહી." અવાજ બદલાયો: "પણ ઇશ્વરને ન ગમ્યું......એક વસ્તુ ખૂટી...ને ખુટતાં બધું, છે..." શબ્દો અટકયા, મ્હોટાં નેત્રોમાં છૂપાવેલાં આંસુઓ ચળકયાં; કોકિલાએ ડસ્કું ખાધું. હું દુખાયો–અકળાયો, પણ કોકિલા તરફની મ્હારી માનની લાગણી એટલી પ્રબળ હતી કે આશ્વાસન આપવાની પણ હિંમત રહી નહિ. મ્હને ખાત્રી થઇ કે આ નિર્દોષ બિચારીનું કોમળ હૃદય કોઇ વજ્રાઘાતથી ભેદાયું છે. શું તે એ નહિ વિસરે ? મ્હેં નિશ્ચય કર્યો કે જીવ સાટે પણ તેમ થાય તો મ્હારા જીવવાનું સાર્થક.

સહૃદયી સોબતમાં સમય પણ શરમાય છે. આનંદસ્વરૂપ મોક્ષમાં કાલનો અભાવ હોય છે. કોકિલાને ચરણે બેસી નવા જીવનાદેશો શીખતાં વખત વીતી ગયો. બોલ બોલતાં દિવસો ગયા ને રજા પૂરી થઇ. ગાંસડાં પોટલાં બાંધ્યાં અને પાવાગઢના મીઠા અનુભવોને રામરામ કર્યા. કાવ્યરસિકા કોકિલાને છોડતાં આંખમાં આંસુ આવ્યાં.

૩

મ્હોડા પર તમાચા મારી, ગાલ લાલ કરી, મુંબાઇ આવ્યો. બજારૂ મુંબાઇની દુનિયાદ પ્રવૃત્તિઓ કાળખાણ લાગી; પણ કોકિલાએ શીખવેલા કાવ્યમય જીવનના પાઠ થોડા થોડા અમલમાં મૂકવા લાગ્યો. મિત્રો હસતા; અસિલો જરા ડોકું ધુણાવી વિચારમાં પડતા; હું જ ફકત મનમાં

મગ્ન થઈ, હૃદયને સૌન્દર્ય માટે કેળવવા લાગ્યો. જીવનાકાશમાં નવા નવા મેઘધનુષના આકર્ષક રંગો ખીલવા માંડ્યા, તો પણ કોકિલા વિના તો હૃદય–જીવન બધું શૂન્ય લાગ્યું. ખરેખરા સહૃદય સાથીની જરૂર મ્હને લાગવા માંડી. સંસારમાં ઘણા પ્રેમની તીવ્ર અભિલાષા વગર પાર તરી શકયા છે; ત્હેમાંથી કેટલાક હૃદયહીન અને બાકીના અલ્પસંતોષી. પણ જ્યારે અન્તરના સંસ્કાર ખીલે છે ત્યારે તરસ્યો અવાજ નીકળે છે–પ્રણયી વિના પ્રાણ તરફડે છે અને કોકિલા જેવી મનુષ્યદેવીને જોયા પછી અસંતોષ સબળ થાય એમાં કાંઇ નવાઈ જેવું નથી. બધી વ્યક્તિઓ ખામીભરી દેખાય છે. તે જ રમ્ય મૂર્તિ નજર આગળ રહે છે–શ્વાસેશ્વાસમાં ત્હેનું જ રટણ ચાલે છે.

કયાં સુધી કાંઈ ખબર આવી નહિ. દિવસ ને રાત એ જ ધ્યાનમાં હું રહેતો. આખરે સ્વાતિબિન્દુ પડયું. કોકિલાનો પત્ર આવ્યો. તે મુંબાઇ આવી હતી. અક્ષર જોતાં જ મન બાવરૂં બન્યું. મ્હારૂં ચાલત તો દરેક શબ્દ અન્તરમાં કોતરત. તે પત્રના સ્પર્શે કંઇક શાન્તિ, કંઇક અશાન્તિ પ્રેરી, મળવા મન તલસ્યું.

કોકિલાને હું મળ્યો. તે પ્હેલાં કરતાં જરા અશકત વધારે હતી, માનસિક જુસ્સો પણ જરા ઓસર્યો હતો; તે સાંચાકામની પૂતળી માફક પોતાની ફરજ બજાવતી. ફકત ગાતાં કે અભ્યાસ કરતાં જરાક અંતઃકરણ ઓપતું ને નવાં કિરણો નીકળતાં. ત્હેનો બાપ પણ ઘણો માયાળુ, કેળવાયેલો, અસલી માણસ હતો. ત્હેનું માનવું એવું હતું કે બહુ કેળવણીથી આવાં માઠાં પરિણામ આવ્યાં હતાં. પણ તે હિંમત અને ધૈર્યથી બધું વેઠતો અને પોતાની એકની એક દીકરીના અશાન્ત મનને બનતો દિલાસો આપવામાં જ પોતાની કૃતકૃત્યતા માનતો. થોડા સમયમાં ત્હેની સાથે પણ

મ્હારે ગાઢ સ્નેહ બંધાયો. હું વારંવાર ત્યાં જવા મંડયો અને પાવાગઢ પછી ભૂલેલા પાઠો તાજા કરવા માંડયા.

મ્હારી જીંદગીમાં ફેરફાર થવા માંડયો. પૈસા લુંટવાની શુષ્ક પ્રવૃત્તિમાં પ્રવીણ પુરૂષો ! હસશો ના ! તમ્હારી રજોગુણી અનન્ત ધમચકડ; તમારા નીરસ, એકમાર્ગી વિચારો; તમ્હારાં સંકુચિત ઉર્મી વિનાનાં હૃદયો; જો એ જ જીવનનો હેતુ હોય તો નર્ક શા કામે સરજાયું હશે ? દુનિયાની સ્વાર્થી પ્રવૃત્તિમાં પણ કાવ્યમય જીવનનાં અમૂલ્ય ઝરણાં વહે છે, ત્હેને શોધો, ત્યાં સંતોષાઓ; અરણ્યસંસારમાં પણ સ્વર્ગની લહરો આવશે, શેલીના રસસાગરમાં–નિર્બંધ હૃદયપ્રવાહમાં ન્હાવું–સૃષ્ટિસૌન્દર્યના સત્વ સરખા સૂરોની તાલબદ્ધ લહરીઓનાં ડોલન–ભાતભાતના અદ્ભુત ઇશ્વરી રંગોએ આત્માને ઉજળો કરવો, એ જ જીવનનું સાર્થક. નહિ તો જીવવું તો બધા જ જાનવરને છે.

પણ કોકિલાનું વધતું જતું ળ્હીલાપણું અને વધારે અશક્ત થતું શરીર મ્હારા મનમાં કાંઇ ધ્રાસ્કો પાડતાં. પ્હેલાં તો કોઇ દેવાંગનાનું સૂક્ષ્મ દૈવી શરીર તે ધારતી; પણ વધારે નબળાઇથી જાણે તેજની ક્ષણભંગુર, અવર્ણનીય પ્રતિમા હોય તેમ દેખાતું; આપણા હાથમાંથી ક્યારે સરી જશે તેવી બીક ઉત્પન્ન થતી. ફકત જ્ઞાનેન્દ્રિયો વધારે તીક્ષ્ણ થતી; અને કોઈ રસિક દેવાંશીની ભવ્ય દૃષ્ટિથી બધું ભાળતી ને વધારે તેજસ્વી શબ્દોમાં ત્હેના અર્થ કહેતી.

મ્હારા મનની ઉર્મિઓએ કાંઇક સ્વરૂપ લેવા માંડયું. મ્હારી સ્ત્રીને ગુજરી ગયાને કેટલાક મહિના વીત્યા હતા અને ત્હેના મરણથી ઉપજેલી દિલગીરીની કોકિલા માટે જે પ્રેમ થયો હતો ત્હેમાં ઝાંખી થતી ગઇ હતી. સંસારલગ્નથી ઉદ્ભવેલો ભાવ ક્ષણિક જ હોય છે. બૈરી પાછળ " સતા " થનારાઓને વરસમાં જ પાણિગ્રહણ કરતા જોઇએ છિએ. સગવડ માટે

પરણેલી સ્ત્રીની ગેરહાજરીમાં અગવડ ડૂબાવવા બીજી પરણવા તરફ નજર જાય એ કાંઈ ગુન્હો ન કહેવાય. આ બધા વિચારો મ્હને આવ્યા, અને ખોટા કે ખરા વિચારોનું કેન્દ્રસ્થાન કોકિલા હતી. સંસારી સંબન્ધથી ત્હેને મ્હારી કરવા સંકલ્પ આવવા માંડયા. એ રસ્તો ઘણો જ ઉત્તમ લાગ્યો. પ્રેમ મેળવી હું પ્રભુતા પામીશ–કોકિલાની અશાન્તિ ઓછી થશે. લગ્નથી જોડાઇ અમ્હારી ઉંચી ભાવના સિદ્ધ કરવાનું સહેલું થઇ પડશે એમ પણ લાગ્યું. પણ કોકિલા જેવી સ્વર્ગીય સુન્દરી દેવીને પરણવાનું કહેવું એ કેમ હિંમત થાય? એ તેજસ્વી સ્વરૂપ જ્યાં હોય ત્યાં સાધારણ વિચાર પણ આવવા ન પામે તો પછી આ કહેવાય કેમ? હિંમત ભીડી અને રમણીય એકલતામાં અટૂલી ફરતી કોકિલાના ચરણારવિન્દમાં મ્હારૂં હૃદય, મ્હારી આશાઓ, મ્હારૂં સર્વસ્વ સોંપી કૃતાર્થ થવા નિશ્ચય કર્યો. ત્હેની તબીયત પણ ખરાબ ચાલતી–મન વધારે કરમાતું જતું. ત્હેને પણ રસ લગાડી પુનર્જીવિત કરવા ઉમેદ હતી.

એક સાંજે અમે વાત કરતાં બેઠાં હતાં. મ્હારા સ્વભાવની ઉત્ક્રાન્તિ વિષે વાત ચાલતી હતી. મ્હારી નવી રસજ્ઞતા ઉપર કોકિલા વિવેચન કરતી હતી.

"પણ કોકિલા! હજી હું ઘણે ભાગે અપૂર્ણ છું." મ્હેં કહ્યું.

"અપૂર્ણતા હમેશ રહેશે. પૂર્ણતા આવતી જ દેખાય છે, પમાતી નથી. દરેક શિખરે પ્હોંચતાં એથી ઉંચી ટોચો દેખાય છે. થશે, મહેનત કરો, ફળશે." જરાક હસી ઉમેર્યું: "આપણામાં કહેવત છે ને કે નરના નારાયણ થાય?"

"હું તમ્હારો કેટલો આભાર માનું? આ સ્થિતિ પણ તમ્હારા જ વડે મ્હેં જોઇ છે, અને હજી આગળ વધવું તે પણ તમ્હારા જ હાથમાં

છે." મ્હારા અવાજમાં-શબ્દોમાં કાંઇ નવું ત્હેણે જોયું. વિકસિત નયનોએ મ્હારી સ્હામું જોયાં કર્યું અને બોલીઃ "મ્હારા હાથમાં?"

"હવે વિલમ્બ કરવો એ ખોટું છે," મ્હેં ઝંપલાવ્યું.

"ત્હમારા જ હાથમાં! હા, તમ્હેં જોતાં નથી કોકિલા! આજે કેટલા દિવસ થયાં તમ્હારી દર્શાવેલી ભાવનાથી જ હું જીવું છું; તમ્હારો દાસ થવાની લાયકાત તો નથી પણ—"

જાણે મ્હેં કાંઇ ઘા કર્યો હોય એમ મ્હોડા પર ફીક્કાશ ફેલાઇ,—ઉંડી તેજરશ્મિઓ આંખમાંથી ફૂટી અદૃશ્ય થઇ. પ્હેલાં જ્યારે પણ લગ્નની વાત થતી ત્યારે તે મૂગી રહેતી; હમણાં તો જાણે ભયને આઘે ઠેલતી હોય તેમ આડા હાથ કર્યા, એક પ્રેત ઉભું થાય તેમ ઉઠી. ગાંડા માણુસની દૃષ્ટિથી આસપાસ જોયું ને ચાલવા મંડી. મ્હેં જોયું કે મ્હારા શબ્દોએ ત્હેને બહુ જ દુઃખ આપ્યું હતું. મ્હેં આટલો સખત ફેરફાર થશે એમ ધાર્યું ન્હોતું. હું ઉઠયો. કોકિલાનો હાથ ઝાલ્યો-ઝલાયો. "અરે! શું તમને માઠું લાગ્યું?" મ્હેં ઓશિયાળા થઇ જઇ પૂછ્યું.

મ્હારૂં કહેવું તે સાંભળી શકી નહિ. ત્હેનું ચિત્ત વર્તમાનમાં ન્હોતું. હું બોલ્યો. "કોકિલા! કોકિલા!" મ્હારી આંખમાં આંસુ આવ્યાં. દુઃખમય ઘડીનો અનુભવ કરાવતાં કરતાં તો પાંચવાર વગર પરણે મરવાનું હું ઠીક ધારત. કાંઇક જાગૃતિ આવી. "કાલે-હમણાં નહિ." શબવત્ કોકિલા એમ કહી ગઇ. મ્હારી આંખે અંધારાં આવ્યાં. બેસી ગયો. રડતે હૃદયે ઘેર આવ્યો. આગલી રાતે જાગેલા આનન્દમય ઉમળકાઓ દબાઇ ગયા. ઉંડી ગીરફતારી ફરી વળી. ઓ પ્રભુ! કઇ દુર્ભાગી ઘડીએ મ્હને આ વાત કરવાનો વિચાર આવ્યો! શું કોકિલા હવે મ્હારી સાથે નહિ બોલે?-મ્હારી પ્રાણેશ્વરી મ્હારી સ્હામું નહિ

જુએ ? નહિં હસે ? પાપી જીભને ખેંચી ક્હાડતાં જો માફી મળે તો તેમ કરવા તૈયાર હતો. જો કોકિલા મ્હારા જીવનમાંથી અસ્ત થાય તો પછી અંધારા દિવસો કરતાં અનન્ત મૃત્યુસમાધિની નિર્વિકલ્પતા શું ખોટી ? આખી રાત ટળવળ્યો—રડયો; એક પળ પણ ઉંઘ આવી નહિ.

અધીરો, ગભરાતો હું કોકિલાને ત્યાં ગયો. ત્હેના પિતાએ ગંભીર મુખથી મ્હને બોલાવ્યો: "કોકિલા કાલે સખત માંદી થઇ થઇ ગઈ હતી. તમ્હારા ગયા પછી બેભાન થઇ ગઇ હતી."

"હાલ કેમ છે ?" "જરા ઠીક છે. મ્હને કહ્યું છે કે તમ્હેં આવો ત્યારે ઉપર મોકલવા."

હું જવા ઉઠયો. ડોસાએ હેતથી પાસે બોલાવ્યો: "કિશોરલાલ ! મ્હારી છોકરી ગમે તેવી છે, પણ મ્હારી આંખની કીકી છે. એને સંભાળજો."

આ વાકય પરથી મ્હને લાગ્યું કે ડોસાને કાને ગઇ કાલની વાતનો કાંઇ પડઘો ગયો છે. પણ ખોટો જવાબ દેવાની મ્હારામાં તાકાત ન્હોતી. ફાંસીની શિક્ષાની આશા રાખનાર ગુન્હેગારની માફક ધ્રુજતો હું કોકિલા પાસે ગયો.

ત્હેનું શરીર નિસ્તેજ થયું હતું—એક રાતમાં તે ઘણી જ અશકત થઇ ગઇ હતી. તે આંખો મીંચી આરામ ખુરશી પર પડી હતી. હું ગયો ને ત્હેણે આંખો ઉઘાડી.

"કિશોરલાલ ! માફ કરજો." કોકિલકંઠ આજે લુખ્ખો ને નિર્બળ હતો. "કાલે મ્હેં તમ્હારા બોલવાની અવગણના કરી હોય

તો ત્હારૂં ભાન જતું રહ્યું; મ્હને એ વિષય બહુ અપ્રિય છે, તે તમ્હેં જાણો છો."

"મ્હેં ભૂલ–" આર્દ્ર હૃદયથી હું બોલ્યો.

"ભૂલ તમ્હારી નથી. મ્હોટો ઉપકાર થયો. કિશોરલાલ! હું નકામી છું. ગાંડી છું. દુનિયા મ્હને ભાન વગરની ગણે છે તે ખરૂં છે. મ્હારા જેવું ઝોડ વળગાડવાની તમ્હેં હોંસ કરી ત્હેમાં તમ્હારી મ્હોટાઇ છે."

"મ્હારી મ્હોટાઇ? નકામા એવા શબ્દો નહિ બોલશો. મ્હેં તમને આવું અસહ્ય દુઃખ આપ્યું તે છતાં આવું કહો છો? હું લાયક નથી. ભલે મ્હારી પ્રાર્થના તમ્હેં નહિ સ્વીકારો, પણ તમ્હારો ગુલામ થઇને હું સુખ પામીશ, એવું સુખ બીજા કશાથી મ્હને મળવાનું નથી."

"સુખ! હું સુખ આપું?" જરાક ફીકકું હસી તે બોલી: "મ્હારામાં તે શકિત નથી. હું હૈયા વગરની છું. મ્હારો સ્વભાવ ને કેળવણી એવાં કૃત્રિમ પ્રકારનાં છે કે સંસારની ઘટમાળમાં હું સુખ મેળવી શકીશ નહિ–કોઇને આપી શકીશ નહિ." જરા નીરસ હસી ફરી બોલી: "મંગળફેરા ફરી રહેતા પહેલાં હું અકારી થઇશ–તમ્હારો સંસાર અકારો કરીશ. તમ્હેં મ્હારા પર પ્રેમ રાખો છો તે હું જોઉં છું. કેટલા દિવસની તમ્હારી મૌનભકિત મ્હને અજાણ નથી; પણ મ્હને પરણવામાં પસ્તાવાનું જ છે."

આ બોલ ઉપરથી મ્હારા મનમાં જરા આશા થઇ. "આ જ કારણ છે? તો ત્હેની મ્હને પરવા નથી. તમ્હેં ક્યાં મ્હને કહો છો? હું તમને કહું છું. હું કરગરી, હાથ જોડી, કહું છું: આવો કોકિલા! મ્હને પાવન કરો."

કોકિલાએ ડોકું ધુણાવ્યું. ધીમે સાદે જવાબ વાળ્યો: "તમ્હેં જોતા નથી? હું એકલપેટી છું. મ્હને આત્મસંતોષ વ્હાલો છે. સૌન્દર્યતત્ત્વના અભ્યાસમાં પ્રેમનું ભાન હું ભૂલી છું. પત્ની થઇ પતિ રીઝવવાની મ્હારામાં શકિત નથી–ગૃહિણી થઇ ઘર જાળવવાની મ્હારામાં બુદ્ધિ નથી–માતા થઇ છોકરાં કેળવવાની મ્હારામાં હોંસ નથી. હું ઘેલી છું–દુનિયાબહારની છું. ઇશ્વરી સત્તાનો મનુષ્યરૂપી ભૂલ છું. મ્હારે પાલવે એકલતા જ નિર્મેલી છે."

"બહુ થયું; મ્હારે વધારે સાંભળવું નથી. જો તમ્હારે આજ કારણ હોય તો માનો કે મારે પગ ચાંપવા પત્ની જોઈતી નથી, ઘર ગોઠવવા ગૃહિણી જોઈતી નથી–મ્હારે તો જોઇએ છિએ દેવી–પૂજવા–ફૂલ ચઢાવવા–ત્હેને ખોળે માથું મૂકી સ્વર્ગ અનુભવવા–દેવપદ પામવા. ભાર્યાની પરવા નથી; ભગવતી જીવનેશ્વરી જોઇએ છિએ,—આપો. તમ્હારા હાથમાં છે. તમ્હારામાં પ્રેમ નથી? કોકિલા! તમારા પવિત્ર મુખે ખોટું શોભે નહિ. તમ્હારામાં પ્રેમ નથી? તમ્હેં મ્હને અન્તરનાદ મળકા સાથે સૃષ્ટિસૌન્દર્યનો સંવાદ શીખવ્યો. તમ્હેં જ કહ્યું કે એવો એકતાર બે સંસ્કારી હૃદયમાં થાય ત્યારે જ એકતા–દિવ્ય પ્રેમ પમાય. શું તે ભૂલી ગયાં? તમ્હેં દેવી છો. મ્હારી સાથે ઐક્ય નહિ થાય, પણ હું કરીશ–કરવા પ્રયત્ન આદરીશ. આવો, આવો, ના ન કહેશો–મ્હારાં દેવી!" ઉછળતા ઉમળકાએ શબ્દનું પૂર આણ્યું. આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. પગે પડયો–કોકિલાનો હાથ લીધો–લેવાઇ ગયો. એ જ સુકોમળ હાથ ઝાલી તરીશ એવી ઉમેદ હતી. ત્હેની પણ આંખમાં ઝળઝળીયાં આવ્યાં.

દુ:ખી સાદે–અડધાં ડુસ્કાં ખાતાં તે બોલી: "કિશોરલાલ! તમ્હેં આવું બોલો નહિ. મ્હારૂં હૈયું ફાટી જાય છે. આ સ્નેહાંજલિ મ્હારાથી સ્વીકારાય તેમ નથી; માફ કરો." જાણે બ્હીતી હોય તેમ અવાજ મન્દ

થયો. તે ફરી બોલીઃ—"માફ કરો કિશોરલાલ! હું તમને દુઃખી કરૂં છું, પણ પ્રેમ મ્હારાથી અપાય તેમ નથી. મ્હારૂં ચાલત તો સુખી કરત, પણ મ્હારાથી પરણાય તેમ નથી—"

"કેમ નહિ?"

ખરતી અશ્રુધારાથી કાંપતા સ્વરે કોકિલાએ કહ્યું: "પૂછો છો તો સાચું જ કહીશ. તમને પ્રેમ નહિ આપી શકું, ને પ્રેમ વિના પરણવું—એ તો નકામું."

મનમાં કાંઇ અભિમાન આવ્યું. "જરા પણ પ્રેમ નહિ આપી શકો? દયા, મેહેરબાની કંઇ પણ? મ્હેં છેક આવું ન્હોતું ધાર્યું." મ્હારૂં સ્વમાન છંછેડાયું. હું ટટ્ટાર થયો ને ઉભરાતે અંતઃકરણે ત્યાંથી ખસ્યો, પણ ખસાયું નહિ. હું થોડે દૂર જઈ બેઠો—દબાવેલી લાગણીઓ બ્હાર નીકળી—હાથમાં માથું હું મૂકી ડુસ્કે ડુસ્કાં ખાતો રડયો.

કોકિલા ઉઠીને મ્હારી પાસે આવી. સ્નેહથી મ્હારે વાંસે હાથ મૂકયો. "કિશોરલાલ! આ શું? ઉંચું જુઓ. આ તમને ન શોભે. તમ્હેં ખોટું સમજ્યા; મ્હેં તમ્હારે માટે નથી કહ્યું, પણ મ્હારે માટે. હું હૃદયશન્ય છું. શા માટે? મને કોઇ જાણતું નથી. અસંખ્ય જખમે મ્હારા જીવનને ખ્વાર કરી નાંખ્યું છે. ઘણા થોડા માણસો તે જાણે છે. હું પ્રેમશૂન્ય ન્હોતી; હું પણ પ્રેમાળ હતી. મ્હારૂં હૃદય પણ અંતરની તીવ્ર અભિલાષાઓએ ધબકતું હતું; પણ ઇશ્વર કોપ્યો. બીચારૂં કૂંળું હૃદય છુંદાયું-કચરાઇ ગયું, અને મનની મનમાં રાખી પશુવત જીવન મ્હેં સ્વીકાર્યું. કયાં એ હું-ને ક્યાં આ?"

આ શબ્દોથી મ્હને કાંઇ ભાન આવ્યું. કોકિલાના મનની અસ્થિર-સ્થિતિનાં કારણો અંધકારમાં હતાં ત્યાં અજવાળું પડયું. હોઠ પર હોઠ પીસી, જરા સ્થિર થઇ, કોકિલા બોલી: "સાંભળો, આટલું કહ્યું છે ત્યારે

બધું જ કહું. હૃદય ચીરાઇ જાય છે, પણ હું ટુંકમાં કહીશ. ઘણાં વર્ષો થઈ ગયાં. કોણ ગણે છે? કૉલેજમાં હતી ત્યારે હું સુખી હતી. તે વખત મ્હારો એક મિત્ર હતો. ત્હેની મોહક છબિ, બહારથી દેખાતો સ્નેહાળ સ્વભાવ, છટાદાર અને કેટલીક વખત કાલું કાલું બોલવાની રીત-એ બધાથી મ્હારૂં બીનઅનુભવી હૃદય વશ થયું. અમ્હે સાથે ફરતાં-સાથે વાંચતાં, મ્હારી બુદ્ધિ, મ્હારી શક્તિ સબળ હતાં; હૃદય પ્રણયી હતું. ત્હેણે ત્હેને પ્રભુ બનાવ્યો. કિશોરલાલ! હું અભિમાન નથી કરતી, પણ મ્હારી ઉર્મિઓ અપૂર્વ હતી. એવી કોઇક જ મેળવત. એ મ્હારો દેવ એ ઉપહાર લાયક ન્હોતા, પણ હું આંધળી હતી, ને ત્હેને સર્વ વાતે પૂર્ણ માનતી."

આંસુ લૂછી ફરીથી સખત અવાજે ત્હેણે શરૂ કર્યું: "મ્હારા અહોભાગ્યનો પાર રહ્યો નહિ. બાપાજીએ મ્હારો વિવાહ ત્હેની સાથે કર્યો. પ્રેમઘેલછાના વિમાને વિરાજી હું સ્વર્ગે પ્હોંચી; સૌન્દર્યાનુભવમાં એક ખામી હતી તે પૂરી થઇ. ટુંકમાં જ પતાવા દ્યો. વિવાહ થયાથી અમ્હે વધારે ગાઢા સંબંધમાં આવ્યાં. સૌન્દર્યસત્ત્વ જોવાની મ્હારી તીવ્ર શક્તિએ એ સમાગમથી થોડાક દોષો દીઠા. મ્હારો દેવ જરા મનુષ્યત્વ પામ્યો. વિવાહ થયાથી ત્હેણે પણ માલિકીનો ડોળ ઘાલવા માંડયો. આ ડોળની મ્હને સમજ ન્હોતી. હું મુંઝાઇ. આપણા સંસારની ગાય જેવી બાળાઓનું વ્યક્તિત્વવિનાનું ગરીબડાપણું-જે હાલ સ્ત્રીઓનું મુખ્ય ભૂષણ ગણવામાં આપણે આપણી બહાદુરી સમજીએ છીએ તે, દુર્ભાગ્યે મ્હારામાં ન્હોતું. ધણી મળવાથી હું વેચાયેલી ગુલામ થઇશ તેનું મ્હને ભાન ન્હોતું. પ્રસંગે મ્હારા ભવિષ્યના સ્વામિનાથ એમના સ્વામિત્વનો સ્વાદ મ્હને ચખાડતા ગયા; તે વખતે હું અકળાતી ને રડતી. ઘણી વખત કરગરતી-વિનવતી, ને એક સ્નેહમય શબ્દ સાંભળતાં પાછી રીઝાઇ જતી. મ્હને ભવિષ્યનું ભાન ન્હોતું. ત્હેના અગમ્ય ખોળે શાં શાં સુખદુ:ખો પડયાં હશે તે હું જાણતી ન્હોતી. મ્હારો નાથ એટલે હું પ્રેમ અને સુખ જ સમજતી."

ત્હેણે સાદ જરા ખોંખારી સાફ કર્યો. એક અશ્રુબિન્દુ લૂછ્યું અને પછી બોલીઃ "અનુભવે બીજું દેખાડયું. મ્હારી વૃત્તિઓ માનસિક હતી, એની બધી સ્થૂલ અને સ્વાર્થનિષ્ઠ હતી. શારીરિક શોખની જડ અભિલાષાઓ સંતોષવામાં જ ત્હેનો જીવનાદેશ સમાતો હોય એમ લાગ્યું. સ્વાર્થી, હલકા વિચારો જણાયાથી જરા મ્હારી માનસિક સમતાને ધક્કો પ્હોંચ્યો. જ્યારે હું ઉચ્ચ ભાવનાના વ્યોમમાં વિહરતી ત્યારે મ્હારા ભવિષ્યના ભરથાર જીભના રસ કે શરીરનો આરામ શોધવામાં ગુંથાતા. હું મ્હારા કલ્પનાસંસારમાંથી અવતરી—આંખો ઉઘડી. મ્હારા દેવના ખરા રંગ પારખ્યા. ઓ ભગવાન્ ! તે દિવસનું કંઇ દુઃખ મનમાં યાદ આવતાં મ્હારૂં બધું જીવન ઝેર થઇ જાય છે."

"જવા દો એ વાત; બહુ લંબાણુ થયું. હું મગરૂબ થવા લાયક રૂપાળું જાનવર હોઉં તેમ મ્હને તે ગણતા. એક દિવસ કેટલાક શબ્દો મ્હારે કાને પડયા. કેટલાક મિત્રોને એણે કહી દીધું કે 'હું પરણીશ પછી એને ઠેકાણે લાવીશ' મ્હને સમજ ન પડી; માત્ર ભવિષ્યના ભયંકર પડછાયા પડતા દેખાયા. મ્હેં ખુલાસો પૂછ્યો. માલિકે માલિકાઈ દર્શાવી. મ્હારી સ્ત્રી તરીકેની સ્થિતિ સમજવા કહ્યું. પ્હેલી જ વખત આ ભેદ મ્હારા આગળ ખૂલ્યો. જાતિભેદ, ધણીધણીઆણી વચ્ચે સ્થિતિનો અંતર, સંસારની આ કૃત્રિમ ગોઠવણ, મ્હારા સ્થૂલ સ્વભાવના સ્વામિનાથનો સ્વાર્થી અહંકાર, આ બધા નવા દેખાવોએ મ્હારૂં હ્રદય ભેદ્યું; મ્હારૂં મગજ ખસી ગયું; હું માંદી પડી. દૈવે દયા લાવી તે વખતે મારી પણ ન નાંખી. સ્વામિનાથ ચીડાયા. એમણે રમાડવા ધારેલું માંકડું વધારે સમજુ લાગ્યું. ત્હેણે વિવાહ તોડયો. ત્રણ મહિને ભયંકર માંદગીમાંથી બચી ત્યારે આ બધી ખબર મ્હને પડી. આ મ્હારૂં જીવન! કિશોરલાલ, હું હતભાગિનીનો આ ઇતિહાસ છે. ઓ! કિશોરલાલ! હું હરૂં છું, ફરૂં છું, બધું કરૂં છું. પણ તે દિવસથી મ્હારા સુખનું સત્યાનાશ વળી

ગયું છે.” આમ કહી દબાવેલા જુસ્સાને પૂરો માર્ગ આપી, મ્હારે ખભે માથું મૂકી, છાતી ફાટ તે રડી.

“જરાક હિંમત રાખો. આમ શું કરો છો?”

જરા શાન્ત થઈ ફરી કોકિલા બોલી: “હિંમત કેટલી? ક્યાં સુધી? વધારામાં તમને ના પાડી, તમને દુઃખી કરીશ. મ્હારા મહેરબાનને ધિક્કારૂં છું; પણ તૂટેલું હૃદય ફરી સંધાવા ના પાડે છે. તમ્હારા પ્રેમ માટે અનહદ ઉપકાર; ત્હેના બદલામાં કહો તો જીંદગી આપું—પણ પ્રેમ નહિ. એક વખત હું મૂઇ હતી. તમને મારી ફરીથી મરીશ, પણ તમને પરણી પ્રેમ–પૂરેપૂરી એકતા–ન અર્પી શકું તો પછી ખાલી શુષ્ક સંબંધ શા કામનો?”

તે બોલતી અટકી. મ્હારૂં હૃદય નિરાશાની દુઃખમય લાગણીથી ભેદાયું. શું કહું?

“કોકિલા! પ્રેમ ન આપો તો ભલે; જરાક દયાની નજર રાખો તો બસ. બને તેટલાં સુખી કરવાને મથીશ.”

જરાક હસી તે બોલી: “કિશોરલાલ! આ તમને ન શોભે હો! શું લગ્નમાં જ બધું સમાયું છે? તમ્હારા તરફ મ્હારો ભાવ નિશ્ચલ છે. આપણે આમ શું ખોટાં? શું આમ રહી તમ્હારાથી સુખી ન થવાય? મ્હારા હૃદયનું ખાલી ખોખું જો કોઇને વરમાળ આરોપવાને ધારે તો તે તમને જ. પણ પ્રેમ વિનાના લગ્નના ખાલી ઢોંગને સ્વીકારી અસત્ય આદરવું એમાં શો સાર?”

હું જીતાયો; અમ્હારી મિત્રાચારી વધી. ત્યારથી મ્હારી સગી બહેનથી હોય. તો અધિક કોકિલા. મ્હારી નિરાશાને બનતી મહેનતે ઓછી કરવા તે પ્રયત્ન કરતી. મ્હારા પ્રેમનો નિર્મળ પ્રવાહ પણ પૂર વેગમાં વહેતો

ને કોકિલાની સેવા કરવામાં જ સાર્થક સમજતો. પણ કોકિલાની તબિયત તો વધારે ને વધારે જ બગડવા માંડી. અમ્હેં દરેક સારે સ્થળે ફર્યાં, દરેક વિદ્વાન્ ડૉકટરની મદદ શોધી પણ કાંઇ ઠેકાણું પડયું નહિ. બધા પ્રયત્ન નિષ્ફળ ગયા. આખરે દૂરેથી યમરાજનાં પગલાં સંભળાવા માંડયાં. મ્હારી સુંદર-રસિક પ્રાણેશ્વરીની ઘડીઓ ગણાવા માંડી. દીપ ઝંખવાતો ગયો.

ચાર પાંચ રાતના અખંડ ઉજાગરાથી થાકી હું જરા ઝોકો ખાતો હતો. કોકિલાના પિતા ત્હેની પાસે બેઠા હતા. એ બીચારાના તો હોશકોશ જ ઉડી ગયા હતા. એટલામાં કોકિલાએ આંખો ઉઘાડી ને નિર્ગત સાદે કહ્યું:—"બાપાજી! કિશોરી!" થોડાક વખતથી મને ટૂંકે નામે તે બોલાવતી. અવાજ સાંભળી હું જાગ્યો ને ત્હેની પાસે ગયો. કેટલા દિવસથી કોકિલા બહુ બોલતી નહિ. આજે કાંઇ બોલવાનું મન દેખાયું. તે બોલી: "બાપાજી! તમને બહુ લાગશે. હવે મ્હને અંત આવતો દેખાય છે હોં. આખું શરીર જાણે છે જ નહિ એમ લાગે છે. બાપાજી! વ્હાલા બાપાજી! મ્હેં બહુ દુઃખ દીધું, ને ત્હમારા ઘડપણમાં તમને ગરદન મારતી જઇશ. કિશોરી! બાપાજીને તમ્હે સાચવજો." આ બોલ બીચારા ડોસાથી ન ખમાયો; એકદમ તે બહાર ગયા ને દૂરથી રડવાનો અવાજ આવ્યો. કોકિલાએ આગળ ચલાવ્યું:—

"કિશોરી! તમને પણ ઘા સખત લાગશે. મ્હેં જીવતાં પણ કાંઇ બાકી નથી રાખ્યું. મ્હને માફ કરજો. મ્હારે વિષે ખોટું ધારશો નહિ; મ્હારાથી બન્યું તેટલું તમ્હારે માટે કર્યું." જાણે મા એકના એક દિકરાને પાસે બોલાવતી હોય તેમ મ્હારૂં માથું પાસે લીધું, નમેલા માથા પર હાથ ફેરવ્યો અને બોલી: "કિશોરી! ભાઈ! હવે હું જઇશ હોં. દુનિયાએ બાકી ન રાખી. હવે છૂટીશ." મ્હારૂં માથું ત્હેણે પાસે લીધું, કપાળે ઓઠ અરકાડયા. મ્હારૂં ઉર ચીરાતું હતું. હું મૂંગો રહ્યો.

થોડીવાર તે કાંઇ બોલી નહિ. મ્હેં માથું ઉંચું કર્યું. કોકિલાનાં નયનો ફાટેલાં હતાં-સ્થિર હતાં. મ્હેં હાથ ઝાલ્યો—તે શબનો હતો. મરણુ અગ્નિએ મ્હને પવિત્ર આશિષનું ચુમ્બન દઇ મ્હારી દેવી સિધાવી ગઇ. ત્હેના નિર્જીવ હાથ પર માથું મૂકી. મ્હેં પોક મૂકી. મ્હારૂં ચાલત તો બારણાં બંધ કરી મ્હારી કોકિલાના શબ પર મ્હારૂં શબ પડત ત્યાં સુધી ત્યાં રડયાં કરત.

* * *

વરસો વીત્યાં, પણ મ્હારી કોકિલા જાણે અહોનિશ સાથે જ હોય તેમ મ્હારી પ્રેમજ્યોત અચળ રહી-વધતી ગઇ. બધે જોતો પણ મ્હારી પ્રિયતમાનું મુખ જડતું નહિં. બ્હાવરો રહેતો, ઘણી વખત દરિયા કિનારે બેસી દૂર નજર નાંખતો. બદલતાં વાદળોના વ્યૂહમાં, સાગરની ગંભીર ગર્જનામાં મ્હારી કોકિલાનું મુખ હું જોતો, ત્હેનો સ્વર સાંભળતો, આખરે થાકી નિસાસો નાંખી રડતા હૃદયે ઘેર આવતો; મ્હારો સંસાર તો સૂનો જ હતો.

મ્હારો ઉપયોગ.

ત્રણેક વર્ષથી હું મ્હારા મિત્ર પ્રોફેસર શિવલાલને મળ્યો ન્હોતો. અમ્હેં કૉલેજના ગોઠીયા હતા; ફેર ફકત એટલો જ કે એ યુનિવર્સીટીમાં પ્હેલે કે બીજે નંબરે આવે અને હું સાધારણ રીતે ગોલ્લામહાજનના વર્ગ (સપ્લિમેન્ટરી લિસ્ટ) ને જ શોભા આપતો; ને જો ભૂલેચૂકે પૂરા ૩૦ ટકા મેળવવા ભાગ્યશાળી થતો તો પ્રતાપ બધો મ્હારી ચાલાક આંખ અને પાડોશીની ચતુરાઇનો જ હતો. પણ વિદ્યાના અનાકર્ષક ક્ષેત્ર શિવાય બધે મ્હારો નંબર પ્હેલો હતો. બજારમાંથી કાંઇ લાવવું હોય અને દુકાનદારો–પછી ભલે તે મેમણ હોય,–ત્હેમને છેતરવા હોય, પ્રોફેસરોને પજવીને પાટ વાળવા હોય, કે કોઇ પ્રકારે કોઈને દુઃખ દેવું હોય કે બનાવવા હોય તો, ત્હેમાં હું એક્કો ગણાતો. શિવલાલમાં દુનિયાના સામાન્ય જ્ઞાનની ખોટ તો કાંઇ અજબ જ હતી; પણ ભાગ્યશાળીને ભૂત રળે. એમ. એ. માં ચૅન્સેલરનો મેડલ અને તરત જ પ્રોફેસર તરીકે મનગમતી નોકરી ત્હેને મળ્યાં. અને નશીબનો કટોરો જાણે હજી અધૂરો હોય તેમ એક–આપણા હિન્દુ સંસારના પ્રમાણમાં ભણેલીગણેલી–સ્ત્રી જોડે લગ્ન પણ થયાં.

ત્યાર પછી એએક વર્ષે હું ત્હેને મળ્યો. તે વખતે મ્હને શિવલાલનો ઘરસંસાર બહુ વિચિત્ર લાગ્યો. અમ્હારાં અનસૂયા ભાભી રૂપનાં અવતાર અને ફૅશનનાં ખાં; બોલવા, ચાલવા, દરેકમાં ઝમકદાર અને સ્વભાવે જરા લપલપીયાં, એટલે એમને જોઇ પતંગીયાનો ભાસ થતો. અને પ્રોફેસર સાહેબ–જો કે મ્હારા મિત્ર થાય છે તો પણ મ્હારે કહેવું જોઇએ કે તે અભ્યાસખંડની બ્હાર નીકળ્યા કે, બે પગે ઉપર

ઉભા રહે એટલું જ; બાકી તો मनुष्यरूपेण मृगाश्चरन्ति । વધારે તો શું કહું પણ આવું સારૂં જોડું વિધાતાએ પણ મહા મુશ્કેલીએ ઘડ્યું હશે. નવલરામ બીચારા ન્હોતા, નહિ તો કાંઇક ગરબીઓ એમને જોઇ ઘસડી કહાડત.

હું ઘણે દિવસે ત્હેમને મળવા ગયો, એટલે હવે એમનો ઘરસંસાર કેમ ચાલે છે તે જોવાની આકાંક્ષા સ્વાભાવિક રીતે મ્હને થઇ. ઘરમાં પેસતાં વાર સ્હામાં અનેક રંગનાં અદ્ભુત અને રસિક મિશ્રણમાં ઇંદ્રધનુષ્ય જેવાં શોભતાં અનસૂયા મળ્યાં. બીજાં ઘણાં યે જણ કિંમતી કપડાંઓ ખરીદી ધણીઓનાં ગજવાં ખાલી કરતાં; પણ તે બધાં તો માત્ર સીંચે-પ્હેરતાં આવડે તો અમ્હારી અનસૂયા ભાભીને જ. ત્રણ વર્ષે પણ ત્હેનો સ્નેહ અને આવકાર તેવો જ હતો. પાંચ મિનિટમાં દરેક વાત સંબંધી ત્હેણે પ્રશ્ન કર્યા. અનસૂયાની જોડે વાત કરતાં જવાબ આપવાની જરૂર ન્હોતી. એ તો એક પર એક ઉપરાછાપરી સવાલો કરવામાં જ મજા માનતી. મ્હેં પણ એની તથા શિવલાલની તબિયત સંબંધી પૂછ્યું. જવાબ જેવો તેવો મળ્યો. ગમે તેટલો લપલપાટ કર્યો, પણ ત્હેના આંતર જીવન પર કાંઇક વાદળ છવાયું હતું તે તે છુપાવી શકી નહિ. પ્હેલાં જેવું ત્હેનું હસવું સૂર્યકિરણસમું-ગુલાબના ખીલેલા ફૂલ જેવું આનંદમય, નિર્દોષ, સ્વચ્છંદી વિનોદવાળું ન્હોતું; દુઃખમય જીવનના અકથ્ય અનુભવોએ ત્હેમાં જરાક ગંભીર સૂર મેળવ્યો હતો-અનસૂયાની નિર્દોષ વાતમાંથી નિખાલસપણું ગયું હતું-ત્હેના મુખ પર, સ્ફટિક શા કપાળ પર વિચારની, ચિન્તાની, સહનશીલતાની સખ્ત લીંટીઓ હતી.

પ્રોફેસર ક્યાં છે તે પૂછતાં ત્હેણે અભ્યાસખંડ તરફ આંગળી કરી. હું તે તરફ જવા જતો હતો ત્યાં અનસૂયાએ રોકયોઃ "જો જો ત્યાં જતા. સાહેબ હમણાં ઉંડા અભ્યાસમાં છે. મ્હને પણ આવવાની મના કરી છે." છેલ્લા શબ્દો મશ્કરીમાં બોલેલા હોય એમ લાગતા; છતાં ત્હેના

સ્વરથી, શબ્દના ઉચ્ચારણથી, અજાણ્યા, ઉંડા અસંતોષનો લાંબો ઇતિહાસ ત્હેણે કહ્યો-કહેવાઇ ગયો.

"કંઇ નહિ. હું જોઉં તો ખરો," એમ કહી, બારણું ઉઘાડી હું અંદર ગયો. એક વિશાળ ટેબલ પર અનેક પુસ્તકોના મ્હોટા ઢગમાં એક ઉંધું રાખેલું માથું જ ફક્ત પ્રોફેસરના અસ્તિત્વનું ચિન્હ દેખાડતું હતું. હું ટેબલ પાસે જઇને ઉભો. મ્હારા મનમાં હતું કે તે હમણાં ઉંચું જોશે. આખરે હું થાકયો.

"કેમ પ્રોફેસર સાહેબ! શું કરો છો?" મ્હેં પૂછયું. અભ્યાસમાં ગરકાવ થઇ ગયેલા પ્રોફેસર સાંભળે જ શાના?

"કેમ શિવલાલ! ઓળખો છો કે નહિ?" પાછળ મ્હારો આવકાર જોવા આવેલી અનસૂયાનું દાબેલું હસવું કાન પર આવતું હતું.

પ્રોફેસર ઉંઘમાંથી-વિચારના નિશામાંથી જાગ્યા. "કોણ રમણિક! તું કયાંથી?—અરે હા! મેં જ ત્હને આવવાનું લખ્યું હતું. શું એટલામાં ૩ા વાગ્યા? માફ કરજે હોં. હું તો વિસરી જ ગયો. અનસૂયા! રમણિકને ન્હાપાણી કાંઇ આપ્યાં?"

"નહિજી!" જરા મશ્કરીમાં નીચું નમી અનસૂયા બોલી: "ઘરના માલિકને માટે જ તે રહેવા દીધાં છે! તમ્હે આવો એટલી જ વાર."

પ્રોફેસરે માથું ખજવાળ્યું. "મ્હારે એક જ કલાકનું કામ છે. તે પતે કે આવું." એટલું કહી ચોપડીઓમાં પ્રોફેસરે ફરીથી ડબકું ખાધું અને અમ્હે બહાર આવ્યાં.

૨

અમ્હે કલાક દહોડ કલાક વાટ જોઈ, પણ પ્રોફેસરનાં દર્શન કાંઇ થયાં નહિ. અનસૂયાએ કહ્યું કે એ વાતનું ત્હેમને વિસ્મરણ જ થઇ ગયું

હશે; એટલે પછી અમ્હેં ચ્હા લીધી અને બહાર જઇ બેઠાં. ઘર આગળ એક ન્હાનો સરખો બાગ અનસૂયાના શોખની સાક્ષી પૂરતો હતો. એ તો ઠીક હતું કે અનસૂયાના મ્હોડામાં ચાર પોપટ જેટલું નકામું પણ મનગમતું બોલવાની શક્તિ હતી; નહિ તો એકલાં એકલાં બેસી રહેવું ઘણું કંટાળાભર્યું થઇ પડત. ગમે તેટલું છુપાવવા પ્રયત્ન કરે પણ વાતપરથી અનસૂયાના મનની સ્થિતિ સ્હેજ પરખાય એમ હતું. આવી રસિક યુવતીને આવું એકલું જીવન ગાળવું પડે તે ગમે તો નહિ જ, પણ સદ્‌ગુણી ગૃહિણીના ડહાપણથી સ્વાભાવિક રમતીયાળપણાને પોતાનો હંમેશનો સાથી બનાવી, જીવનમાર્ગ પર આનંદમય સૂર્યકિરણો તે પાથરતી અને બને તેટલા સુખમાં દિવસ ગુજારતી. પણ મ્હારાથી પૂછ્યા વિના નહિ રહેવાયું:

"પણ આમ એકલાં તમારા દહાડા કેમ જતા હશે?"

"એ જ અમ્હારી ખુબી છે ને. અમ્હેં કોણ? તત્ત્વજ્ઞાનીનું ડાબું અંગ, અને પ્રોફેસરના પણ પ્રોફેસર. પ્રોફેસરને તો ચોપડીઓ પણ જોઇએ. અમ્હારે તો અખંડ એકાન્ત શિવાય બધું નકામું!" હસતાં હસતાં અનસૂયા બોલી. મૃદુ સ્વરમાં છુપાયેલી-ક્વચિત્ જ બહાર પડતી-કઠોરતા હૃદયની છુપી વેદનાનો ભાસ કરાવતી હતી.

અડધો કલાક થયો હશે એટલામાં પ્રોફેસર આવ્યા—પાંચેક મિનિટમાં ત્રણ વર્ષની ખબર અંતરો પૂછી નાંખી અને મૂંગા મૂંગા ફરવા માંડયું. ત્હેના મ્હોડાપરથી એમ લાગતું હતું કે મ્હને રસ પડે એવી કોઇ મ્હારા લાયક વાત ખોળવાનો ભગીરથ પ્રયત્ન તેઓ કરી રહ્યા છે. "ત્હેં હેગલ વાંચ્યો છે કે?" પાંચેક મિનિટે પ્રોફેસરે આ રસિક પ્રશ્ન શોધી કહાડયો.

"પ્રોફેસર સાહેબ! એ વાત માંડી જ વાળજો. તમ્હારી સોબતથી કૉલેજમાં હેગલ કોણ હતો તે જાણતો હોઇશ તો તે પણ હાલ તો

ભૂલી ગયો છું. હાલ તો મિલમાં છું તે કહો તો ત્હેની સ્થિતિ વિષે વાત કરૂં." ન છૂટકે મ્હારે પ્રોફેસરની વાતને પાણીચું આપવું પડ્યું; કારણ કે જો એક વખત એ તત્ત્વજ્ઞાનની વાત પર ચઢે તો પાછા સાધારણ વિષયની સપાટી પર ક્યારે ઉતરે એ વિચારવાનું હતું.

એટલામાં અનસૂયા ફૂલ લઇને આવી. થોડાં મ્હને આપ્યાં અને થોડાં પ્રોફેસરને આપ્યાં—અનસૂયા ફૂલ આપવા જેવી નજીવી બાબતને પણ એક એવી ખૂબી અર્પતી કે જે ખૂબી બીજી સ્ત્રીઓ જીંદગીનાં સુન્દરમાં સુન્દર કૃત્યોને પણ આપી શકતી નહિ. જાણે કોઇ અભ્યાસીએ ન્યાયનો સિદ્ધાન્ત બનાવતાં કરેલી ભૂલને સુધારતા હોય તેવે ભાવહીન સ્વરે શિવલાલ બોલ્યા:

"અનસૂયા! તું તો ફૂલોનો કાળ છે!" બાપડી અનસૂયાનું મ્હોડું ઉતરી તો ગયું; પણ હિંમતથી જવાબ દીધો: "તમ્હે ચોપડીના ને હું ફૂલની! દરેકને કંઇ કંઇ જોઇએ તો ખરૂં જ કેની?"

"પ્રોફેસર! આજે નાટકમાં જાઉં?" અનસૂયા રજા માગતાં થોડી વાર રહીને બોલી: "રમણીકભાઇ સાથે આવશે. આજે કેટલા દિવસ થયાં ગઇ નથી."

"અરે અનસૂયા! તું હજી તેવી ને તેવી જ રહી. નાટકમાં શી મજા આવે છે? વખતની ખરાબી થાય એટલું જ."

અનસૂયાએ મ્હારી સ્હામું જોયું. આમ ને આમ આવા સૂક્ષ્મ વાતાવરણમાં આ રસઝરતી ફૂલવેલ કરમાતી હશે. અમ્હારી અજ્ઞાનતા પર મ્હોટી દયા આવતી હોય તેવી મહેરબાનીથી પ્રોફેસર સાહેબે નાટક જોવા જેવું ભયંકર પાપ કરવાની અમને રજા આપી.

૩

નાટકની અસર અનસૂયાના કુમળા મન પર ઘણો લાંબો વખત રહી. સ્હવારથી નાટકના શબ્દો અને ગાયનનું ત્હેણે ભજન જ કરવા

માંડયું; મ્હારા કે પ્રોફેસરના સવાલના જવાબમાં નાટકનાં જુદાં જુદાં પાત્રોના અભિનય અને વાકયોના આબેહુબ ચાળા પાડવા માંડયા. ઘણે દિવસે મનભાવતો આનંદ મેળવી, તે અજબ રીતે ખીલી. સ્હવારે જમતી વખતે પ્રોફેસરની જડ લાગણીની શીતલતા પર પણ ત્હેનાં આનંદ-રશ્મિઓએ અસર કરી. "અનસૂયા! આજે કાંઈ બહુ કૂદવા માંડયું છે ને? પ્હેલાં પણ આમ જ ગાંડાં કહાડતી હતી. રમણીક ગાંડી કહેશે." પ્રોફેસર જયારે આવું કહેતા ત્યારે ઘણી જ માયાથી કહેતા; પણ માયા જ, એથી કાંઇ વધારે નહિ.

"માફ રાખો મ્હારા મહેરબાન! હું તો હમેશાં જ ગાંડાં કહાડું છું. એમ કહો કે તે જોવાની આંખો જ તમને આજે આવી."

"કેમ પ્હેલાં હું ન્હોતો કહેતો?"

"હા! તે વખતે આંખો હતી. પછી આપે તત્ત્વજ્ઞાનનાં ચશ્માં એવાં ચ્હડાવી દીધાં કે કશું દેખાતું જ નથી."

પ્રોફેસર પછી મૂંગા રહ્યા. ગ્રીષ્મનો પ્રચંડ સૂર્ય તપે ત્યારે હિમાલયનો બરફ તો ત્હેના પ્રમાણમાં જરા જેટલો જ ઓગળે.

ખાઇને ઉપર ચ્હડયા પછી હું બહાર ઉભો હતો અને પ્રોફેસર અને અનસૂયા લાઇબ્રેરીમાં હતાં. પ્રોફેસરને તો ખાનગીમાં અને જાહેરમાં શું બોલવું અને શું નહિ, ત્હેનું ભાન જરા ઓછું હતું. એનો અવાજ સંભળાતો; મર્યાદાથી અનસૂયા ધીમેથી જવાબ દેતીઃ—"આજે આ ચોપડીઓ બધી વેરણખેરણ પડી છે......મગજ ચસ્કી ગયું લાગે છે. આખો દહાડો બકબક કર્યાં કરે છે......કોઇ સાંભળનાર આવ્યું કે પારાયણ ચાલ્યું......"

બીચારી અનસૂયાને એક દિવસ પણ આનંદ ભોગવવાની પરવાનગી નહિ! એમાં પ્રોફેસરનો પણ શો વાંક? એનું મન આખો દહાડો

તત્ત્વજ્ઞાન અને ન્યાયના ઉંચા, અસ્પર્શ્ય વાતાવરણમાં ભમતું—એનો આનંદ, ચિન્તા, સુખદુઃખ બધાં વિચારનાં જ હતાં. સાધારણ માણસનો સ્વભાવ કેવો હોય છે, ત્હેની શી જરૂરીયાતો છે, ત્હેનું સુખ શામાં સમાયેલું છે, ત્હેનો ખ્યાલ એને ન્હોતો. અનસૂયા ગંભીર ચ્હેરે બહાર આવી. આંખમાં આંસુનો ભાસ હતો—આંસુ ન્હોતાં. મ્હેં જાણે કાંઇ જોયું, સાંભળ્યું જ ન હોય તેમ હું બારી આગળ ઉભો. થોડો વખત મ્હારા તરફ ત્હેણે નજર કરી; કાંઇ એકાએક વિચાર આવ્યો હોય એમ જોરથી ડોકું ધુણાવી, જરા હસતી હસતી તે ઉઠી ને હેઠળ ચાલી ગઇ. બપોરે ચ્હા વખતે પણ અનસૂયાનો ભપકો અને લટક કાંઇ ઓર જ હતાં; સ્હવાર કરતાં પણ ઉલ્લાસ વધારે હતો. પણ પ્રોફેસર તરફ પહેલાં જે વારંવાર જોઇ ગાંડુંઘેલું બોલતી તે ત્હેણે છોડી દીધું ને તે માનનો પાત્ર મ્હને બનાવ્યો. પ્રોફેસર તો ઘણી વખત ગંભીર ચ્હેરે બેસી જ રહેતા, કોઇક જ વખત જરાક હસી જે ચાલે છે તે પોતે સાંભળી શકે છે, ત્હેની ખાત્રી આપતા.

“રમણિકભાઇ! ચાલો હવે બહાર ફરીએ. પ્રોફેસર સાહેબ! આપ તો લાઇબ્રેરીમાં સીધાવશોની? સાહેબજી!”

થોડીવાર ફરી બાગમાં એક બાસ્ટી હતી, તે પર અમ્હે બેઠાં. સ્હામે અભ્યાસખંડની બારીમાંથી પ્રોફેસર આમતેમ વિચારગ્રસ્ત ફરતા દેખાતા હતા; કોઇ કોઇ વખત તે અમ્હારી તરફ જોતા. જ્યારે જ્યારે તેમની નજર અમ્હારા પર પડતી ત્યારે ત્યારે અનસૂયા જાણે મ્હારી જોડે ઘણી જ ખાનગી વાત કરતી હોય તેવો ડોળ કરતી; પણ તે વખત ત્હેનો મર્મ હું સ્હમજી શક્યો નહિ.

૪

બીજે દિવસે આમ ને આમ જ ચાલ્યું. પ્રોફેસરમાં ધીમેધીમે કાંઇ જુદો જ ફેરફાર દેખાતો હતો. ત્હેની આંખો નિસ્તેજ હતી—વારંવાર

અનસૂયા તરફ તે ફરતી; પણ બને ત્યાં સુધી અનસૂયા તે દેખતી ન હોય એમ જ વર્તતી. તેઓ કપડાં તરફ હમેશ કરતાં વધારે ધ્યાન આપતા દેખાયા; એક વખત તો તકતા સામું જોઇ કૉલર ઠીક કરતા પણ પકડાયા. પ્રોફેસર માટે તો આટલી બધી દરકાર અસાધારણ કહેવાય. ત્હા પછી ટપાલ આવી, અને તે લાઇબ્રેરીમાં ગયા. જમતી વખતે તો પ્રોફેસરની તબીયતમાં કાંઇ અજબ બગાડો થયો હોય તેમ લાગ્યું. ત્હેની આંખો લાલ, ચ્હેરો ફિક્કો અને મન વ્યાકુળ દિસતું. છુપાવવાની ઘણી મહેનત કરતા છતાં પણ વ્યાકુળતા તે છુપાવી શકયા નહિ. ખાતાં ખાતાં ત્હેના હાથ ધ્રુજતા હતા. પણ અનસૂયાએ તે કાંઇ જોયું નહિ—અને જોયું હોય તો કાંઇ બોલી નહિ. કાં તો ઘણે દિવસે મ્હારા માયાળુપણામાં અંજાઇ ગઇ હોય કે કાં તો આતિથ્યસત્કારની ઉંચી ભાવના સિદ્ધ કરવાનો વિચાર હોય; ગમે તેમ પણ તે મ્હારી જ પાછળ ધ્યાન આપતી.

મહામહેનતે પ્રોફેસરે ખાધું અને અમ્હે અભ્યાસ ખંડમાં ગયા.

"હા! તું મ્હારો મિત્ર છે કે નહિ?" મ્હારી સ્હામું જોઇ ધ્રુજતે અવાજે તે બોલ્યા. તેમના ચ્હેરાપરથી મનમાં કાંઇ મ્હોટો ખળભળાટ ચાલતો હોય તેમ સ્પષ્ટ દેખાતું હતું.

'શિવલાલ! આટલે વર્ષે આ સવાલ?"

ઘણે દયામણે ચ્હેરે ત્હેમણે કહ્યું.—"હા! હું મૂર્ખ જ છું. વિદ્યાના વ્યસનમાં દુનિયાના ભાન વગરનો છું. ખરૂં ખોટું કે સાચું જુઠું પારખવાની મ્હારામાં શક્તિ નથી."

શો જવાબ દેવો તે મ્હને સૂઝયું નહિ. થોડો વખત ઉંડો વિચાર કરી પ્રોફેસર ફરીથી બોલ્યા: "રમણિક! કેટલાક માણસને સોબત વગર ચેન નહિ પણ પડે એવું હોય?"

"શો સવાલ? અરે વાહરે પ્રોફેસર! બધા કાંઇ તમ્હારા જેવા હોય? કેટલાક શું પણ ઘણાખરા સોબત વગર જીવી પણ શકે નહિ." જાણે કોઇ બહુ મ્હોટો ખુલાસો કર્યો હોય-કાંઇ બહુ મ્હોટી સમજણ પડી ગઇ હોય એમ ત્હેણે ડોકું ધુણાવ્યું. બીજો કોઇ આવી વાતો પૂછે તો મશ્કરી મનાય, પણ આવી બાબતમાં એમની અજ્ઞાનતા કાંઇ હાસ્ય-જનક હતી.

થોડી વાર મૂંગા રહ્યા પછી કોલંબસની બાહોશીથી જાણે બીજી મ્હોટી શોધ કરી હોય તેમ બોલ્યા: "મોજ, શોખ, સારાં લૂગડાં વિના કેટલાકને સુખ નહિ મળે કેમ?"

"ના." મ્હારાથી લાંબા જવાબ આપી શકાય એમ ન્હોતું, કારણ કે આવું સાદાઇ, વિદ્વત્તા અને મૂર્ખાઇનું પુતળું ભાગ્યે જ બીજું નજરે ચ્હડે એમ હતું, અને આવા સવાલોથી ગંભીર ચ્હેરો રાખવો એ પણ મુશ્કેલીનું કામ હતું. અનસૂયા સંબંધી એ વાત કરતા લાગતા હતા. જો આવા વિચાર પર વધારે ધ્યાન આપે તો અનસૂયાનું ભાગ્ય કાંઇ ઉઘડે ખરૂં. કાંઇક ભયંકર છુપી વાત કહી નાંખતા હોય તેમ ધીમેથી મ્હારા કાનમાં કહ્યું: "હું એને દુઃખી કરૂં છું. મ્હારે એને વધારે સુખ આપવું જોઇએ." વળી ન્હાના છોકરાની નિર્દોષતાથી ત્હેણે પૂછ્યું: "કેમ સુખ આપું? મ્હને કાંઇ સમજણ પડતી નથી."

"પ્રોફેસર! આવા નકામા વિચારો ન કરો. જરા જરા અનસૂયા જોડે બોલો, બેસો તો તમને બન્નેને વધારે સુખ મળશે."

એક ઉંડો નિઃશ્વાસ મૂકી પ્રોફેસર ત્યાંથી ઉઠયા.

૫

સ્હવારના છ વાગ્યે અનસૂયા હું સૂતો હતો ત્યાં આવી.

"રમણિકભાઇ!" "કેમ બ્હેન?"

"જરા એક કામ કરોની. પ્રોફેસરના પેટમાં બહુ દુખે છે. જરા દવા વેચનારને ત્યાં જશો ?"

"બેલાશક. પ્રીસ્ક્રીપ્શન છે ?"

"હા. આ રહ્યું. જલ્દી જાઓ હોં."

"પણ દવા વેચનારની દુકાન ક્યાં છે ?"

"જુઓની. આ સીધે રસ્તે જશો એટલે થોડેક આઘે વચ્ચે ફૂવારો આવશે. ત્હેની બાજુમાં જ દુકાન છે."

ઝપાટાબંધ મ્હેં કપડાં પહેર્યાં અને દવા વેચનારની દુકાન ખોળવા માંડી. કાં તો અનસૂયાએ ઠેકાણું દેખાડવામાં ભૂલ કરી કે કાં તો મ્હેં રસ્તો ખોટો લીધો પણ અર્ધો કલાક ચાલતાં પણ રસ્તા વચ્ચે ફૂવારો જોયો નહિં. આખરે પગ થાક્યા, અને વધારે વખત લાગે તો શિવલાલ બીચારા પીડાઈ મરે ત્હેની બ્હીકથી તપાસ કરવા માંડી. થોડી વારે બીજો દવા વેચનાર હાથ લાગ્યો અને ત્હેણે દવા આપી. દવા આપતાં બોલ્યો: "કેમ, મિસ્ટર ! તમુને ડિસપેપ્સીયા ઘન્નો જ છે નહિ ?"

"નહિ રે; આ તો મ્હારા મિત્રના પેટમાં દુખે છે ત્હેને વાસ્તે છે."

"સું કોચ ? ટમારી ભૂલ છે, મિસ્ટર ! આટો ફક્ત ડિસ્પેપ્સીયાની જ ડવા છે. શું સમજીયા ?"

મ્હને વિચાર થયો કે, કાંઇ અનસૂયાએ ભૂલ તો નહિ કરી હોય. એમ પણ હોય. તે છતાં "ઠીક, સાહેબજી !" કહી ત્વરાથી ઘર તરફ જવાને રસ્તો લીધો.

હું ઘેર ગયો ત્યારે હમેશની માફક પ્રોફેસર લાઇબ્રેરીમાં જ હશે એમ મ્હેં ધાર્યું. ત્યાં જોઉં છું તો જાણે નવા ફાટેલા જવાળામુખીએ ધરતી ઉડાવી મૂકી હોય તેમ બધી ચોપડીઓ વેરણખેરણ પડેલી હતી.

પ્રોફેસરની પ્રિય સખીઓ-કિમતી, વ્હાલી ચોપડીઓ ગમે તે પાને ઉઘડેલી, કોઇક ફેંકતાં ફાટી ગયેલી, જ્યાં ત્યાં પડેલી હતી. શિવલાલનું પુસ્તકાલય-જે ત્હેની આખી દુનિયા કહીએ તો ચાલે-ત્હેના પર સીતમ ગુજર્યો લાગતો હતો. ત્યાંથી નીકળી હું ઉપર ગયો. અનસૂયાના ઓરડામાંથી કાંઇ અવાજ આવતો હતો. પ્રોફેસર ત્યાં સૂતા હશે ધારી હું ત્યાં ગયો.

પ્રોફેસર નિરાશાની મૂર્તિ સમા ભોંય પર પગ લંબાવી બેઠા હતા. તત્ત્વજ્ઞાનથી હંમેશ તેજ મારતી આંખો સુજેલી હતી. તેમાંથી ચોધાર અશ્રુઓ વહેતાં હતાં; ન્હાનું છોકરૂં ધુળમાં બેસી, મુઠીઓથી આંસુ લુછે તેમ હાસ્યજનક નિર્દોષતાથી એક હાથની મુઠીથી ત્હેને તે લુછતા હતા. બીજો હાથ ત્હેમણે ભોંયપર ટેકવેલો હતો. પાસેના કબાટમાંથી અનસૂયાનાં ભભકતાં વસ્ત્રો ત્હેમણે ખેંચી કહાડી ત્હેમની રંગબેરંગી શોભાથી આખો ઓરડો ભરી કહાડયો હતો. એમના મ્હોં આગળ અનસૂયાની એક છબી પડેલી હતી. પ્રોફેસરને માટે જો મ્હને માનની લાગણી ન હોત-જો એમની આવી દયાજનક સ્થિતિનું કારણ જાણવાની ઉછળતી આકાંક્ષા મ્હને ન હોત તો જરૂર હું ખડખડ હસી પડત.

"અનસૂયા! ત્હને આ શું સુઝયું?" પ્રોફેસર રડવાથી ફાટી ગયેલે ઘાંટે બોલ્યા. પછી ત્હેમણે પોતાનું કપાળ કૂટયું:-"અરે મૂર્ખા?"

આ દુઃખના શબ્દોએ મ્હને ગભરાવ્યો. શું અનસૂયાને કાંઇ અનિષ્ટ થયું છે? "શું છે?" પૂછતો હું ઓરડામાં બેઠો. મ્હને જોતાં જ પ્રોફેસરના ચ્હેરા પર ગુસ્સાનો સખત આવેશ આવ્યો. વિદ્વત્તા અને ભલાઇથી ઓપતા મ્હોડા પર એક વાર જ્વલંત રોષનું વિકરાલ સ્વરૂપ દેખાયું.

"શું છે? રમણિક! ચોર!" કહી તે ઉભા થયા; પણ પ્રોફેસરના કોમળ હૃદય માટે આટલો જુસ્સો ઘણો હતો. પાસેની ખુરશીપર બેસી

જઇ રડતે અવાજે તે બોલ્યાઃ-"અરે તું! આવો નિમકહરામ! અરે ભગવાન!"

"અરે પણ છે શું? હું તો તમ્હારે માટે દવા લેવા ગયો હતો." આ આક્ષેપ ન સમજવાથી ઘણો જ અજાયબ થઇ મ્હેં કહ્યું.

"દવા કેવી?"

"અનસૂયા ભાભીએ કહી હતી તે."

"પણ અનસૂયા ક્યાં છે?"

"તે ત્હમને ખબર કે મ્હને? હું તો આ બહારથી ચાલ્યો આવ્યો છું. મ્હને શી ખબર?"

ન માનતા હોય, મ્હારૂં કહેવું બહુ વિચિત્ર હોય, તેમ પ્રોફેસરે ડોળા ફાડ્યા.

"શું ત્હારી સાથે નથી આવી?"

"મ્હારી સાથે શું કામ આવે?"

"તું લઇને નાસી નથી ગયો?"

"નાસી ક્યાં જાઉં?"

"ક્યાં ગઇ ત્યારે? એ રમણિક! મશ્કરી નહિ કર. અનસૂયા ક્યાં છે? તું જ ત્હેને લઇ ગયો છે-"

"અરે પણ હું ક્યાં લઇ જાઉં? કંઇ ગાંડા થયા છો? અને હું લઇ ગયો હોઉં તો પાછો શું કરવા આવું?"

"ત્યારે આ શું?" કહી બે કાગળ ધર્યા. એક ટાઇપ કરેલો હતો. ત્હેમાં આટલું જ હતું કે "ત્હારા મિત્રથી ચેત. ત્હારી બૈરીને સુખ નહિ આપશે તો દુઃખી થશે."

"આ કાગળ કાલે ટપાલમાં આવ્યો."

"તમ્હેં મ્હારી જોડે વાત કરી તે પહેલાં?"

"હા." કાલે જે ગંભીર વાત કરવા પ્રોફેસર આવ્યા હતા ત્હેનું કારણ હવે મ્હને સમજાયું. "આ બીજો જો" કહી બીજો કાગળ ત્હેણે ધર્યો. બીજો અનસૂયાના હાથનો હતો. ત્હેમાં લખ્યું હતું કે

વ્હાલા પ્રોફેસર,

આપને ચોપડીઓ બહુ ગમે છે; મ્હને તમ્હારી સોબત બહુ ગમે છે. એ બે ન બને. ત્હમને કાંઇ મોજ શોખ નથી ગમતાં; મ્હને ત્હેના વગર નથી ગમતું. ત્યારે આપને છેલ્લી સલામ.

લી. આપની

અનસૂયા.

"આ ક્યાંથી મળ્યો?"

"આજે સ્હવારે મ્હારા ટેબલ પર પડયો હતો."

"ખરેખર?"

પ્રોફેસરના મગજ પર કાંઇ નવું તેજ પડયું. એકદમ તે ઉભા થયા. ત્હેમનું મ્હોડું હતું ત્હેના કરતાં યે વધારે પડયું. "રમણિક! હું સમજ્યો. તે ગઇ? ત્હેણે આત્મઘાત કર્યો."

"ગઇ કાલના ઢાળાચાળા પરથી અનસૂયાનો કાંઇ એવો વિચાર દેખાતો ન્હોતો, પણ કાંઇ તોફાનનો ભાસ થતો હતો. કાગળ મરતું માણસ લખે ત્હેના કરતાં મશ્કરી કરનાર લખે તેવું વધારે લાગે છે," મ્હેં પ્રોફેસરને કહ્યું. પણ તે તો દુઃખની પ્રતિમા જેવા માથે હાથ દઇ બેસી રહ્યા; અને હું કહેતો હતો ત્હેના પર ધ્યાન આપ્યા વગર ડોકું ધૂણાવ્યાં કરતા હતા.

"તું ન સમજે રમણિક! એ તો મરી જ ગઇ! હું ગધેડો છું. આજે ત્રણ ત્રણ વર્ષનાં વ્હાણાં વાયાં પણ મ્હેં ન ત્હેને બોલાવી ને નકંઇ સુખ આપ્યું–ન ઓઢવા દીધું ને ન પહેરવા દીધું. હું તો જાનવર છું. વાંચવામાં ને વાંચવામાં અનસૂયા ગઇ."

"અરે પણ જરા ધિરજ તો રાખો. મ્હને તો મજા......"

"અરે મૂર્ખા! મશ્કરી ન હોય. આવું જાણુત તો હું મ્હારો અભ્યાસ-ખંડ ફૂંકી મૂકત. ઓ મ્હારી અનસૂયા!..." કહી રડી પડયા.

"અરે ઓ..." તેવે જ ઘાંટે જવાબ દેતી, તોફાનમાં હસતી, કૂદતી અનસૂયા કબાટ પછાડીથી આવીને પાછળથી પ્રોફેસરને ગળે વિંટળાઇ. પ્રોફેસરે ડોકું ઉંચું કર્યું; તરત જ અનસૂયાના હાથ ત્હેની આંખો પર બીડાઇ ગયા ને પાછળથી મ્હારી સ્હામુ તે આંખો નચાવવા મંડી.

"કોણ અનસૂયા?"—ફાટેલા ઘાંટાથી રડતાં, હસતાં, પ્રોરેફેસ પૂછયું. અનસૂયાએ જવાબ દીધો નહિ. ધીમે ધીમે, ડરતા હોય તેમ પ્રોફેસરે આંખ પરના સુકોમળ હાથ તપાસ્યા–તે હસી પડયા.

"અનસૂયા! છોડ."

"ના–આ–આ."

"તું ક્યાં ગઇ હતી?"

"મરી." "સાચું બોલ. હું તો ગભરાઇ ગયો હતો."

"નશીબ તમ્હારા"

"બોલની, ક્યાં ભરાઇ હતી? આ તોફાન શું કરવા? ત્હને ખબર છે કે હું જીવતો મરી ગયો હતો.?"

"શું કામ? મ્હારી શોઠ તમ્હને સોંપી હતી, પછી શું?"

"શેઠ કોણ ?"

"તમ્હારી ચોપડીઓ. "

"ચૂલામાં પડી ચોપડીઓ. મ્હારી આંખો છોડ, હું તો ગુંગળાઉં છું."

"મ્હને ત્રણ વર્ષ ગુંગળાવી ત્હેનું કેમ ?"

"ત્હેની શિક્ષા કરે છે, લુચ્ચી !" બંધ આંખોએ ત્હેને પકડવા પ્રોફેસર મથતા પણ અનસૂયા ત્હેના માથાની હુતી.

"નહિ, હજી તે તો બાકી છે."

"શું ?"

"હું પહેરાવું તેવાં લુગડાં પહેરવાં–હું લઇ જાઉં ત્યાં ફરવા આવવું–હું કહું ત્યાં સુધી મ્હારી જોડે બેસવું."

"અરે વાહરે મ્હારા માસ્તર !" કહી પ્રોફેસરે જોરથી હાથ ખેંચ્યો, અને અનુસૂયાને પોતાના હાથમાં લીધી. ઘણા દિવસની ભૂખી બિચારી અનસૂયા સુખી મુખડે ત્યાં લપાઇ ગઇ. બે પ્રચંડ પર્વતનાં શિખરો વચ્ચે સુધાભર્યો ચન્દ્ર જેમ ચમકે તેમ ત્હેનું રસાળ મુખડું પ્રોફેસરના હાથ વચ્ચે શોભી રહ્યું. આપણું કામ ૫તી ગયું મ્હને લાગ્યું એટલે આપણે ત્યાંથી છાનામાના બ્હાર નીકળ્યા."

*　　*　　*

તમ્હે હવે પ્રોફેસરને જોયા છે ? ત્હેના શિષ્યો કહેછે કે અનસૂયા ત્હેને માથે છાણાં થાપે છે.

એક પત્ર.

મ્હારા નાથ! મરણ પથારીએ પડી પડી એક વાર ફરી તમ્હારે ચરણે મ્હારૂં માથું મૂકું છું. આ કાગળ ન લખત. હજારોવાર, કરગરી કરગરી કહેલા હૃદયભેદક બોલોની કાંઇ અસર થઇ ન્હોતી તે કાંઇ હવે થશે? નહિ થાય, મ્હને ખાત્રી છે. પણ મ્હારા વિચારો, મ્હારા અનુભવો જણાવવાથી હું દુઃખમાંથી છૂટીશ; અને તેથી કોઇ ભવિષ્યની તમ્હારી પત્નીના સદ્ભાગ્યે જો આપના મગજમાં કાંઇ સદ્બુદ્ધિ આવશે તો જે દશા મ્હારી થઇ તે ત્હેની થશે નહિ અને મ્હારી માફક કુમળી વયમાં તે કાળશરણે જશે નહિ. મ્હારી ૧૬ વર્ષની જીંદગીમાં બહુ બહુ દુઃખ પડ્યું. કોણે પાડ્યું તે પ્રભુ જાણે. પણ એક વખત તો મ્હારે કહેવું પડશે,-શરમ છોડી, ડોસાંઓની મર્યાદા મૂકી કહીશ કે જો એ દુઃખને માટે કોઇ જોખમદાર હોય, જો કોઇ એ દુ:ખ મટાડી શકત તો તે મ્હારા સ્વામીનાથ-મ્હારા દેવ-તમ્હેં હતા. પણ તમ્હેં મ્હારો હાથ ઝાલ્યો, દુનિયાએ તમને કોમલ, બીનઅનુભવી બાલા, સોંપી પણ તમ્હેં ત્હેનો વિચાર પણ ન કર્યો—મ્હારી આ દશા થઇ-મ્હારા પ્રાણ જવા, મ્હારૂં ખૂન થવા વખત આવ્યો.

હું આપને ત્યાં આવી તે વખત યાદ છે? પ્રેમાળ માતપિતાની લાડીલી છતાં પણ ત્હેમનો ભાવ તરછોડી હું તમને ઝંખતી. પરણ્યા પહેલાં પણ નિશાળે જતાં જો મ્હારી નજર તમ્હારા પર પડતી તો મ્હારા હૃદયમાં કાંઇ અવનવા ભાવો ઉગતા; મ્હને એમ થતું કે ક્યારે તમહને મળું? ક્યારે મ્હારી સેવા કરી જીવન સફળ કરૂં? પાછળથી તમ્હેં

મ્હને અનેક દોષ દેતા; તમ્હારે માટે બેદરકાર રહેવાનો ક્રૂર આરોપ મૂકતા. એવું કાંઇ બને? હિંદુસંસારમાં પતિ અને પ્રભુ એ બેમાં પતિની પ્રભુતા મ્હોટી છે. બાળપણથી જ ન્હાની બાલકીઓ પતિદેવની આરાધના માંડે છે. ફેર માત્ર એટલો કે તે દેવ દેવાધિદેવ ઈશ્વર કરતાં પણ આડમ્બર મ્હોટો રાખે છે અને ભક્તવાત્સલ્ય ઓછું ધરાવે છે.

હું જ્યારે તમ્હારે ત્યાં આવી ત્યારે કેટલી ન્હાની હતી? મહિના પહેલાં નિશાળે જતી, કોઇ નિર્દોષ હરણીના સ્વચ્છંદ અને આનંદથી કૂદતી, સાસુનો રોફ ને ધણીની ગુલામગીરી એ બન્ને શબ્દો પણ મ્હારા કાનપર ન્હોતા પડયા; છ મહિનામાં મ્હારૂં મન કેવું રૂંધાશે, મ્હારૂં હૃદય કેટલું ઘવાશે તેનો મ્હને સ્વપ્ને પણ ખ્યાલ ન્હોતો. આવતાં વાર શા માટે મ્હારા નિર્દોષ મનને ખાટાં તીખાં મ્હેણાંથી જાણીતું કર્યું? હું કાંઇ પણ કરતી કે કહેતી તો મ્હારાં માબાપ વિષે ચર્ચા કરવાની શી જરૂર હતી? મ્હને ન આવડે તો સાસુજીની તો શીખવવાની ફરજ હતી. શું હું રાક્ષસી છું? શું છોકરાને માબાપને માટે ભાવ હોય, માન હોય અને હેતાળ છોકરીને પોતાની જનેતા અને પૂજ્ય પિતાને માટે જરા યે લાગણી ન હોય? “ત્હારી મા અને ત્હારો બાપ અને ત્હારી ઉખાત!” તમને કોઇ એમ કહે તો તમ્હે સામાને તમાચો મારી શકો. નિર્દોષ બાલિકાને પૂજ્ય માવિત્રોના પર પડતા શુકનો સાંભળવા પડે; મન અકળાય, પણ વેઠવા પડે; હૃદય રડે, પણ ખમવા પડે.

બે ત્રણ મહિનામાં કઠણ કાળજું કરી એ સાંભળવાની ટેવ પડી ત્યારે નવી ખૂબી શરૂ થઈ. વ્હાલા! ૧૩ વર્ષમાં મ્હારૂં શું ગજું? પારકે ઘેર ઉછરેલી નાદાન છોકરીને તમ્હારી રીતિઓ ક્યાંથી આવડે? જેમ તમ્હારી બ્હેન તમ્હારી માને લાડકી તેમ હું પણ મ્હારી માને હતી. મ્હારાં કોમલ અંગોની ત્હેમને દરકાર હતી. ત્યારે શું ૨૦ વર્ષની દીકરીનાં

સુકોમલ અંગો જરા કામ કરતાં સેકાઇ જાય અને ૧૩ વર્ષની વહુનું શરીર આખા ઘરનું કામ ઉઠાવી શકે? શું હિંદુસંસારમાં સાસુને અને વરને જરા પણ ન્યાયના અંકુરો મનમાં નથી હોતા? મ્હારૂં પણ શરીર હતું-કાંઇ લોઢું લાકડું ન્હોતું. વળી આખા દિવસની મહેનત મજુરી પછી તમ્હારી પતિ તરીકે શી દરકાર? આખી જીંદગીભર મ્હેં સાંખ્યું છે, પણ હવે બોલીશ. તમને શું ખબર ન્હોતી કે હું પણ નાહાન અશક્ત બાલક છું? આખો દીવસ ગદ્ધાવઈતરૂં કરૂં છું? નથી સુતી કે નથી બેસતી? તમ્હેં બૉલબૅટ રમીને આવો, ઑફિસમાં જઇ આવો ત્હેમાં શું થયું? અમ્હેં ઘરમાં શું ઉંઘ્યાં કરીએ છિએ? આખો દિવસ મજુરી કરતાં, પળે પળ ગાળો ખાતાં, આખા ઘરનાં વધેલે ધાને પેટ ભરતાં, અસંતોષમાં અહોનિશ જીવન ગાળતાં, થાકયાં હાર્યાં બે પ્રેમાળ શબ્દની લાલસામાં તમ્હારી પાસે આવીએ તો તમ્હારાથી એક શબ્દ પણ સ્નેહનો ન બોલાય? સાધારણ વસ્તુ જોઇએ તો પણ તરત ઉઠી હાજર રહેવું, પળ વાર લાગતાં તમ્હારા ઘાંટા સાંભળવા; તમ્હારા મરદના મજબુત પગ ઑફિસમાં બેઠાં બેઠાં દુખે ત્હેને મ્હારા નિર્બલ હાથે દાબવા અને તમને પરસેવો થાય તો કમ્પતી કેડે અડધી રાત પવન નાંખવો! શું તે વખતે તમ્હારા મનમાં એમ પણ ન આવ્યું કે આ તમ્હારા કરતાં વધારે કોમલ બાલા કેમ આ શારીરિક દુઃખ વેઠશે? કયાંથી આવે? હું તો ગુલામડી. વહુ તે એક ઘરનું બિલાડું. ત્હેમાં બિલાડું પણ સારૂં કે નીરાંતે ઉંઘે ને બે વખત નીરાંતે ખાય. તમને મરદોને અમ્હારાં દુઃખોની શી ખબર? ઘણા દિવસ એવા યે ગયા છે કે આખો દિવસ અથાગ કામ કરી પેટની નસેનસ દુઃખતી હોય, બેસાતું ન હોય. સુવાનું તો કયાંથી જ હોય? એ દુઃખ સાથે પણ તમ્હારી સેવા કરી, મૂંગે મ્હોડે જ્યાં ત્યાંથી નિદ્રાદેવીનો આશરો લેવાની જ આકાંક્ષા હોય; તેવી વખતે તમ્હારા સખત બોલ, અણુઘટતી ધમકી, અને કવચિત્ બેચાર લપડાક પણ સહન કરતી;-અને

આંસુ પડે તેમાં પણ ગુનેહગારી! પિયેર જવાની બંધી; સાસુનો સદાનો કોપ; તમ્હારૂં હમેશનું સ્વામિત્વ,—જુલ્મી બેદરકાર સ્વામિત્વઃ આ બધું ૧૫ વર્ષની છોકરીને તમ્હેં સહન કરાવ્યું! હજારો મ્હારા જેવી કરે છે તેમ મ્હેં પણ સહન કર્યું.

ભૂલેચૂકે એક દિવસ મ્હારી માને મ્હોડે મ્હારાથી કાંઇ કહેવાઇ ગયું ત્હેનો તમ્હારી માને કાને ઉડતો સંદેશો આવ્યો. ત્હેણે વાતનું વતેસર કરી તમ્હારા કાન ભર્યા. તમ્હેં તે રાતના મ્હને મારી. એ દિવસ યાદ છે? ફાટતી છાતીએ ઉશીકા પર બહુ એ આંસુ વરસાવ્યાં-મોત માગ્યું. આ રીતો અસલની બૈરી-નદીએથી આખો દિવસ પાણી ભરી લાવનારી પુષ્ટ શરીરવાળી-આખો દિવસ કુથલી કરી દિવસ ગુજારી જડ મગજની માત્ર કહેવાતી અબળાઓ, આ બધું સહન કરતી હોય તો ભલે, પણ ભણીગણી સુકોમલ શરીરની અને હૃદયની હાલની બાલાઓ આ કયાંથી વેઠી શકે?

જો તમ્હેં મ્હને સ્નેહ દેખાડયો હોત—તમને ખાવા પીવાનો મોજશોખ કરાવનારી લુંડી તરફ મહેરબાની—નહિ—જો જરા પણ દરકાર, મ્હારા તરફ જરા પણ સહનશીલતા કે ન્યાય દર્શાવ્યાં હોત, તો સંસારે તો તમને મ્હારા શરીરના માલિક બનાવ્યા હતા પણ હું તમ્હને મ્હારા અંતરના પ્રભુ બનાવત—તમ્હારી સૃષ્ટિને ફૂલે પાથરી સુખની સીમાનો અનુભવ કરાવત. પણ મ્હારા મનની બધી મનમાં જ રહી. તમ્હારે પાલવે પડીને ન મળ્યો ન્યાય, કે ન મેળવ્યો સ્નેહ, કે નહિ પામી સુખ. મ્હારૂં અંતર રીબાઇ રીબાઇ શરીર સૂકાયું અને આખરે તમ્હારા શબ્દો અને કૃત્યોથી જ આજે હું મરૂં છું.

એક દહાડો તો તમ્હારા સ્વાર્થ શિવાય બીજી વાત કરવી હતી? એક પલ તો શુદ્ધ પ્રેમનો સ્વાદ ચખાડવો હતો? એક વાર તો જમ્યા પછી

પૂછવું હતું કે પાછળ ધાન રહ્યું છે કે પોપડા? એક દહાડો તો સાથે બેસી કાંઇ રસિકતાનો, કાંઈ ઉંચા વિચારોનો ખ્યાલ કરાવવો હતો? પણ એવી ક્યાંથી આશા? ખાઇપી, પેટભરી, જીંદગી ગાળવામાં એવા વિચારો ક્યાંથી આવે? અસલ સતીઓ આવતે ભવ તે જ સ્વામી માગતી. હું માંગું, પણ તે લાયકાત તમ્હે દેખાડી છે? તેવી સતીઓને તેવા પતિ હતા. આ ભવે છૂટી—પ્રભુ ફરી આપણો સાથ ન કરાવે!

સાસુજીને કહેજો કે ફરી કોઇ ભણેલી સ્ત્રી ન લઇ આવે!

અભાગિણી.

ગૌમતિ દાદાનું ગૌરવ.

સમાનતાની વાત કરવા તો બધા શૂરા છે. કાંઇ લોકશાસનની વાતો કરી તેથી આપણાં કુલાભિમાન અને જાતિઅભિમાન છોડી દેવાં? નહિ જ. એ–દોષ હોય તો પણ–પ્રશંસનીય છે, “ મહાન નરનું છેલ્લું કલંક ” છે. તો પછી, રા. સુમતિશંકરનું કુટુંબ આ દોષથી ભૂષિત હોય તો શો વાંધો? આજે બધે શું છે? બીજા બધા એચાર પેઢીની વાતો કરે છે; સુમતિ તો શુદ્ધ ઋગ્વેદી, આશ્વલાયની શાખાનો અને અત્રેયસ ગોત્રનો ઉંચો અસ્પર્શ્ય બ્રાહ્મણ! જ્યારે સુમતિની વંશપરંપરાનું ગૌરવ જોઇએ; અને જ્યારે દહાડામાં ત્રણ ત્રણ વખત તસ્દી લઇ, નામ અને કુળ ન ભૂલાય માટે પેઢીધર ‘ अत्रेयसगोत्रोत्पन्नोहं ’ કરી, બાપદાદાઓ અનસૂયાના જ પેટમાંથી નીકળેલા હતા ત્હેનો ચોખ્ખો દીવા જેવો પૂરાવો જોઇએ; અને જેમ કોઇ નદી જમીનમાં થઇને, અથવા ઝાડપાનથી ઢંકાઇ વહેતી હોય અને દેખાતાં ન દેખાતાં છતાં આખરે પર્વતમાં જ એનું મૂળ છે એમ માનીએ, પેઢીનામું ખોવાતાં–ભૂલાતાં, જ્યારે મૂલ પુરૂષ અત્રિને પકડી શકીએ; જ્યારે તે અત્રિ બ્રહ્મા, વિષ્ણુ ને મહેશને ખોળામાં રમાડનારના ભરથાર હોય; અને જ્યારે આમ બ્રહ્મા સુધીનો અસ્ખલિત દાખલો ચોક્કસ થાય, તો પછી કોની મગદૂર છે કે સુમતિશંકરનું કુલાભિમાન વાસ્તવિક નથી એમ કહેવાની હિંમત કરે? આ ચોક્કસ પેઢીનામા આગળ ચીનના પદભ્રષ્ટ રાજાના પણ વંશગૌરવનો હિસાબ નથી. ત્હેમાં જો સુમતિનાં ફોઇ અને કાકાને અત્રિ સંબંધી વાત કરતાં સાંભળો તો તમને તો એમ જ લાગે કે બ્રહ્મા, વિષ્ણુ ને રૂદ્રને અનસૂયાએ ખોળામાં સતાડ્યા ત્યારે સુમતિના ફોઇ અને કાકા બારણા પછાડી ભરાઇ, અનસૂયા દાદીનું પરાક્રમ નિહાળી રહ્યાં હશે. અને જ્યારે કોઇ શુભાશુભ પ્રસંગે સપ્તર્ષિનું સાત સોપારી

મૂકી આવાહન થતું ત્યારે સુમતિના કાકા વિમતિશંકરની છાતી એક વ્હેંત ઉંચી આવતી; અત્રિ બનેલા સોપારીને ચંદનના ચાર વધારે છાંટા અને ફૂલની બે મ્હોટી પાંખડી ચ્હડાવ્યા વિના તે રહેતા નહિ; તે ઉપરાંત તરત જ આમતેમ મગરૂરીમાં જોતા અને ધીરમતિ ફોઈની સ્હામું જોઇ "અત્રિ–સોપારી" દેખાડી "આ આપણા દાદા" એવું કાંઈક નજરથી સૂચવતા.

પણ જો કુલગૌરવનું કારણ આટલું જ હોત તો ત્હેમાં કાંઈ એટલી બધી નવાઇ ન્હોતી; કારણ કે બ્રહ્માના ઋષિપુત્રોથી જ હિન્દના બ્રાહ્મણોની ઉત્પત્તિ થઇ છે; અને બાકી બીજા દેશોમાં તો બ્રહ્માના આંગળીએ આણેલા પુત્રોથી થઇ હોવાથી, આપણા સદ્ભાગ્યે કરોડો ભૂદેવો બારોબાર સ્રષ્ટાથી જ આવેલા એ વાત સિદ્ધ છે. પણ સુમતિશંકરના કુટુંબના ગર્વનું કાંઇ બીજું પણ કારણ હતું, અને એમના કુટુમ્બીઓ ધીમે, માનભર સાદે જ તે જણાવતા, નહિ તો માંહ્ય માંહ્ય સમજતા. પહેલાં તો જાણે એમનામાં મતિ ન હોય તેમ છોકરા અને છોકરીઓ બધાનાં નામ પાછળ "મતિ" રાખવામાં આવતું; સુમતિના કાકા વિમતિ, ફોઇ ધીરમતી, બાપ શંકરમતિ, વગેરે વગેરે. કારણ એમ હતું કે કોઇ એમનો પૂર્વજ "ગૌમતિ" ઘણો પ્રતાપશાલી થઇ ગયો હતો; અને ત્હેના વંશજ બીજા બધા કરતાં કોઈ અજબ રીતે ચ્હડતા હોય તેમ બધા વર્તતા. એમને ત્યાંનાં બધાં અતડાઇ અને રોફમાં રહેતાં; એમના કાકાઓ ન્યાતમાં, શ્મશાનમાં, વરઘોડામાં આગળ આગળ ચાલતા; એમની ફોઇઓ કુટવામાં, ફટાણામાં બધા કરતાં જુદે જ રાગે ને જુદી જ તીખાશથી રસ ભેળતાં; એમના છોકરાઓને બીજાની જોડે રમવા દેવાની સખત મનાઇ હતી. નિશાળોમાં માસ્તરને ચોક્કસ હુકમ હતો કે ખબરદાર અમ્હારા છોકરાને બીજા સાથે બેસવા દીધો કે ફરવા દીધો

તો ! કારણ કે, તેઓ "ગૌમતિના પેટ" ના હતા. એમના કુટુંબનાં બધાં ઉંચી મોર જેવી ડોકી કરી ચાલતાં. અવાર નવાર વાત કરતાં "હું ગૌમતિ પેટનો હોઉં તો" આમ અને તેમ કર્યાં કરતાં, વારંવાર "ગૌમતિ" નું કુલ લજવાવાનો ધાક બધાથી વધારેમાં વધારે દેખાડતાં.

સુમતિ ન્હાનો હતો ત્યારે ત્હેને બહુ ચીડ ચડતી, કારણ કે "ગૌમતિ" કુલોત્પન્ન થયા છતાં એનામાં ત્હેનો વા જરા ઓછો હતો. સમજ ન્હોતી પડતી કે એનામાં એવું શું છે કે જેથી ફળીઆના છોકરા જોડે ન રમાય, નિશાળમાં સાથે ન બેસાય, તેની સાથે ન ચણા મમરા ખવાય ને ન વરસાદમાં ઝીલવા જવાય. ધીરમતિ ફોઇ અને હરમતિ ફોઇ બે એને બહુ ધમકાવતાં, અને "ગૌમતિ" કુલકલંક ઉઠ-વાની ભયાનક આગાહી આપતાં. તેમાં હરમતિ ફોઈમાં કુલાભિમાન ઘણું સતેજ હતું. તેમનો ધણી જીવતો હતો, પણ સાસુ અને વર જોડે સાત વર્ષ સુધી પોતાનું કુલ મોટું છે એમ અનેક વાદવિવાદો કર્યા પછી પણ તેઓની મોભાગ્ર બુદ્ધિ "ગૌમતિ" કુલની મહત્તા ન સમજી શકી; અને તેવાં છીછરડાં લોકો જોડે રહેવા કરતાં કુલદીપિકા હરમતિ ફોઇએ જીવતા ધણીએ રંડાપો વેઠી, પીયરમાં બાકીની જીન્દગી પૂરી કરવાનો આગ્રહ આદર્યો હતો. ઘણી વખત ફોઇને સુમતિ પૂછતો કે કેમ ફુલાણું નહિ કરૂં ? પૂછતાં જ ફોઇઓનો મિજાજ જતો; છોકરાની કુબુદ્ધિનો નાશ કરવા માટે ઇશ્વર પાસે યાચના રૂપે ત્હેમની આંખો આકાશ તરફ ફરતી, અને બહુ થાય તો ધીમો ઘાંટો કહાડી ફોઇઓ પૂજાની ઓરડી તરફ આંગળી કરતી. અને એનું એક મ્હોટું કારણ હતું.

પૂજાની ઓરડીમાં કાંઇ અદ્‌ભુત ભેદ હતો. "ગૌમતિ" નું નામ દેતાં બધાંની નજર ત્હેના તરફ જતી, જાણે "ગૌમતિ" દાદા સદેહે ત્યાં બેઠા હોય તેમ ત્હેનો ત્રાસ લાગતો, અને વર્ષમાં એક દિવસે-વૈશાખ વદ ચૌદશે-ઘરનાં મ્હોટાં ભેગાં થતાં, છોકરાંઓને ઓરડીમાં પૂરતાં, અને

ઘીનો દીવો કરી બધાં પૂજાની ઓરડીમાં જઈ કશાને નૈવેદ્ય ધરાવતાં. સુમતિને તે શું છે એ જોવાનું મન તો બહુ થતું; પણ કાકાનો હુકમ તોડાય તેમ ન્હોતું. જ્યારે તે મ્હોટો થયો ત્યારે ત્હેને વાત કહેવામાં આવી કે પૂજાની ઓરડીમાં "ગૌમતિ" દાદાનાં પહેરેલાં કપડાં, મુગટ, અને શણગાર છે. અને કુટુંબમાં એવી પણ કહેણી હતી કે જ્યાં સુધી એ વસ્ત્રાલંકાર આમ રહેશે ત્યાં સુધી કુટુંબની મહત્તામાં કાંઈ વાંધો કદાપિ પડનારું નથી. ન્યાતના લોકો ગમે તે કહેતા, પણ તેઓમાં પણ કાંઇ દંતકથા ચાલતી; અને તેથી "ગૌમતિ" કુલતિલકોને ઘણું માન મળતું, અને યજમાનો દક્ષણા પણ સારી આપતા. ધીમે ધીમે કોઇએ એને સમજાવ્યો કે જ્યારે ૨૨ વર્ષ પૂરાં થાય ત્યારે જ "ગૌમતિ" દાદાનો પહેરવેશ જોવાનો લાભ પહેલી વખત દરેક છોકરા છોકરીને મળે.

સુમતિ જેમ જેમ મ્હોટો થયો તેમ તેમ તે પણ કુલદીપક નીવડશે એમ લાગ્યું. એનું માથું આકાશે ગયું, એનો સ્વભાવ અતડો થયો, એ પણ "ગૌમતિ" ના પેટને વારંવાર સંબોધતો થયો. બાવીશ વર્ષનો થાય ત્યાં સુધી પૂજાની ઓરડીમાં જવાય એમ ન્હોતું; પણ કલ્પનાના ઘોડા દોડાવી શો રેશમી પહેરવેશ, શાં ચમકતાં ઝવાહીરો, શો લચકતો શિરપેચ, શી વૈજયંતી માલા અંદર પડયાં હશે, ત્હેનો વિચાર કરતો. ત્હેણે મનમાં ધાર્યું કે જરૂર "ગૌમતિ" દાદા વિક્રમ કરતાં તો બે ચાર દરજજે મ્હોટા હશે જ. અંગ્રેજી ભણવા માંડયું ત્યારથી મૅટ્રિકમાં ચાલતા રૂપીયા રૂપીયાના હિન્દના ઈતિહાસો લઇ લઇ લીટીએ લીટીએ "ગૌમતિ" શબ્દ ખોળવાનો ત્હેણે પ્રયાસ શરૂ કર્યો તે પ્રયાસ મૅટ્રિકમાં આવ્યો ત્યારે પૂરો થયો; કારણ કે ત્હેને સમજ પડી કે રૂપીયાના ઇતિહાસો તો અપૂર્ણ હોય છે. પાછી શ્રદ્ધા બેઠી અને નિશાળના પુસ્તકાલયમાંથી "મિલ" નો ઈતિહાસ ઘેર લાવી લીંટીએ તપાસવી તેણે શરૂ કરી.

એક યજમાનની ખોટી સલાહથી સુમતિને કૉલેજમાં મૂકવાનો નિશ્ચય થયો. બોર્ડીંગમાં તો ભ્રષ્ટાચાર હોવાને લીધે યજમાનને ત્યાં સુમતિને મૂકયો, અને પોતાની જ્ઞાતિ અને કુલશુદ્ધતા સાચવવા સાથે પેટને અર્થે અધર્મી પાશ્ચાત્ય કેળવણી લેવી ત્હેણે શરૂ કરી. અંગ્રેજી કેળવણીની અશુદ્ધતાએ સુમતિના પવિત્ર "ગૌમતિ" સ્વભાવને બગાડયો. ધીમે ધીમે "સ્વાતંત્ર્ય" "વ્યક્તિત્વ" એવા એવા પાશ્ચાત્ય તોફાનના ભણકારા ત્હેના કાનમાં વાગવા માંડયા અને ગંગાની માફક એ નીચે ને નીચે પડવા માંડયો. એક ઘણી ખાનગી વાત છે-એક વખત ત્રણ દિવસ લાગટ લાગટ સંધ્યા સુદ્ધાં તેણે ન કરી; એક વખત કૉલેજની "ડીબેટિંગ સોસાયટી" માં માણુસ બધા સરખા છે એવી ચર્ચા કરવા ઉભા થવાનું નિલજ્જ પગલું લીધું; અને અધમતાની સીમાએ પહોંચી, એક વખત હિંમત ધરીને બાપદાદાની મ્હોટાઇ વખાણી જીવવું એ પોતાની ક્ષુદ્રતા કબુલ કરવા જેવું છે એવું કહી નાંખ્યું ! એની અધ:પાતપરંપરાની હદ વળી ગઇ. "ગૌમતિ" કુલમાં એ અંગાર ઉઠયો. સ્વર્ગમાં કે જ્યાં હોય ત્યાં ગૌમતિનો આત્મા ગાજી ઉઠયો. બ્રહ્મલોકમાં અત્રિ ઋષિના હાથમાંથી ગૌમુખી સરી ગઇ. ત્હેની અર્ધાંગના અનસૂયાની આંખમાંથી આધ્યાત્મિક આંસુ ખરવા માંડયાં !

જેમ જેમ આ છોકરો બગડતો ગયો તેમ તેમ ત્હેના મનમાં પૂજાની ઓરડીમાંનો ભેદ ફોડવાની આકાંક્ષા વધી; "ગૌમતિ" દાદા કોણ હતા તે જાણવાની જિજ્ઞાસા વધી; કારણ કે કયાંય પણ ઐતિહાસિક મુદ્દા હાથ નહિ લાગવાથી તે કોઇ ઠાકોર કે જમીનદાર હશે એમ ત્હેને લાગ્યું. ૨૦ અને ૨૨ વર્ષ વચ્ચેનો અંતર જીવલેણ લાગ્યો. આખરે ૨૨ વર્ષ પૂરાં થવા આવ્યાં. કાકા મરી ગયા હતા એટલે ફોઇઓએ ત્હેને આ ગૌરવનો મ્હોટો ભેદ દેખાડવા હા કહી. ગમે તે વિચાર હોય પણ સુમતિશંકરનું હૃદય ઉછળી રહ્યું. મન પર માનનું દબાણ થયું.

શુભ દિવસે તે ગામ આવ્યો–ઘરની વહુઓને પિયર વળાવી–ન્હાનાં છોકરાંને પડોશીને ઘેર બેસાડ્યાં–બારણાં વાસ્યાં, ફોઇ ભત્રીજી છાનાં માનાં, "ગૌમતિ" દાદાનો પહેરવેશ નીહાળવા પૂજાની ઓરડી પાસે ગયાં. ત્રણેએ શ્વાસ ખાધો–માન, કૃતજ્ઞતા, પિતૃભક્તિ એ બધાની લાગણીને મહામહેનતે ટોળે મેળવી અત્રિ અને અનસૂયાની માનસિક આરાધના કરી. જાણે "ગૌમતિ" દાદા અંદર ઉંઘતા હોય તેમ ધીમે ધીમે બધાં અંદર ગયાં. એક ફોઇના હાથમાં ઘીનો દીવો હતો, બીજીના હાથમાં નૈવેદ્ય હતું. પૂજાની ઓરડી અંધારી હોવાથી વંદા વગેરેની વસ્તી ભરચક હતી, છતાં એક ઉંડા ગોખલામાં એક પેટી હતી તે એક ફોઇએ કહાડી.

"સુમતિ"ના કાનમાં રણશીંગાં ફુંકાયાં. ૨૨ વર્ષનાં સ્વપ્નોનું કેન્દ્રસ્થાન આજે નીહાળવાનો વખત આવ્યો. ત્હેનો હાથ ધ્રૂજ્યો, મ્હોંમાં થુંક સુકાઇ ગયું. એક ફોઇએ ધીમે રહીને પેટી કહાડી, ત્હેને બાંધેલી કટાયેલી કુંચી છોડી, લગાડી, પેટી ઉઘાડી. બન્ને ફોઇઓ મોન્ટિક્રિસ્ટોની તીજોરી બતાવતાં હોય તેમ ગર્વભેર સુમતિને જોવા કહ્યું. અંધારામાં સુમતિએ નીચા વળી નીહાળ્યું. ખરેખર લીલો મખમલનો પોશાક, કાંઇ રૂપાનાં ચકતાં–એવું કાંઇ દેખાયું. જરીનો વાગો ને શિરપેચનાં સ્વપ્નાં ખોટાં ઠર્યાં. એક ચકતા પર કાંઇ કોતરેલું દેખાયું. સુમતિ નીચો વળ્યો; કાંઇ "Surat" સુરત જેવું વંચાયું.

"ધીરમતિ ફોઇ! આપણે બ્હાર કહાડી જોઇએ. આના પર કાંઇ લખ્યું છે!"

"ના ના! બ્હાર કેમ કઢાય?"

"જુઓ તો ખરાં "ગૌમતિ" દાદા કોણ હતા તે તો જોઇએ. ચોક્કસ થાય" જોયું? આ અંગ્રેજી કેલવણીની અસરની પીડા. ફોઇ-

ઓએ હા–ના કરતાં હા કહી: સુમતિના મનમાં કાંઇ કાંઇ વિચાર આવ્યા. વખત છે ગૌમતિદાદા સુરતના દિવાન હોય! સુરત બક્ષિસ પણ મળ્યું હોય! વખત છે ને સરકાર સ્હામે દાવો માંડો પાછું પણ લેવાય!!! વિલાયત સુધી લ્હડવું પડે તો ભલે પણ ગયો હક્ક તો મળે. એમ વિચાર કરતાં ત્હેણે પેટી બ્હાર અજવાળામાં કહાડી. રખેને સુરત શહેર હાથમાંથી સરકી જાય તેમ ધીરે રહીને ત્હેણે કોટ ઉંચો કર્યો. કોટ પર રૂપાના અક્ષરો હતા, ત્હેને અજવાળે ધર્યા—ને સુમતિની આંખે અંધારાં આવ્યાં.

"Surat Factory. Mr. Howard's Hamal" "સુરતની કોઠી. મી. હાવર્ડનો હમાલ." ત્હેણે વાંચ્યું.

સુમતિ બેભાન જેવો થઇ ગયો, ત્હેના હાથમાંથી પોશાક પડી ગયો, "ગૌમતિ" દાદા શું કરતા હતા ત્હેની ખાત્રી થઇ. જરા ભાન આવ્યું અને તે ખડખડાટ હશી પડયો. ફોઇઓ ખીજવાઇ; ભત્રીજાએ ભરમ ભાગ્યો. ફોઇઓએ અને ભત્રીજાએ કુલાભિમાનને જેમ તેમ કરતાં સરખું કર્યું.

* * *

રાત્રે બે ફોઇને ભત્રીજો પાછલે બારણેથી બ્હાર નીકળ્યાં, એક પોટલી સાથે ઘંટીનું પડ બાંધ્યું અને પાડોશમાં કૂવો હતો ત્યાં "ગૌમતિ દાદાનું ગૌરવ" વિસર્જન કીધું!!!

શામળશાનો વિવાહ.

પ્રિય વાચક! જરા ધીમેથી ઉપરનું નામ વાંચી સાક્ષરતાની સીડીએ ચ્હડી, મહાકાવ્યની આશા રાખતો હોય, કવિરત્ન નરસિંહના પુત્રનો ઇતિહાસ સાંભળવા તલસતો હોય, ભકિતનો સ્વાદ ચાખી ઇશ્વરનું નામ સાંભળવા ઉલ્લાસ થતો હોય–તો મ્હારો લેખ વાંચવો બંધ કરી દે. મ્હારે સાક્ષરમાં ગણાવું નથી–ગરીબ બિચારા શબ્દોનું સત્યાનાશ વાળવું નથી; કવિ થઇ રવિ ન પ્હોંચે તેવા અંધારામાં જવું નથી; ભકત થઇ, સ્વર્ગે જઇ, તેત્રીશ કોટિ દેવતાઓને જોઇ, અહોનિશ નમસ્કાર કરી ટાંટીયા તોડવા નથી. મ્હારે તો એક સાદી વાત કહેવી છે. વાત ભલે સાદી હોય પણ શ્રેષ્ઠતામાં ઉતરે એમ નથી. શું નરસિંહ મ્હેતાના પુત્રે પુણ્ય કરેલાં અને મ્હારા શામળશાએ ગુનેહગારી ? નહિજ. આ તો પ્રજાસત્તાના દિવસો છે. ગરીબ ભીખારી ઉમરાવના સરખો છે, દારૂ પી લથડતા મજુરોની વિચારશકિત પરથી ગ્લૅડસ્ટનો જેવાની લાયકાત નક્કી થાય છે. તો શા સારૂ મ્હારા શામળશા નરસિંહ મ્હેતાના દીકરા સમાન નહિ ?

ગયા મહા મહિનામાં હું મુંબાઇથી અમદાવાદ જતો હતો. શું કામે તે કહેવામાં સાર નથી. ગાડીમાં મ્હારી સાથે એક મ્હારો જૂનો મિત્ર બેઠો હતો. કયાં સુધી તો અમ્હે ટોળટપ્પાં માર્યાં–પાન ચાવ્યાં–જૂની નવી સંભારી હસ્યા. મ્હારો મિત્ર રૂની દલાલી કરતો હતો એટલે લબ્બાશમાં કાંઇ ઉતરે એવો ન્હોતો. ધીમે ધીમે આગગાડી–એક સ્ટેશન પાસે આવવા લાગ્યું એટલે મ્હારાં મિત્રમાં જાદુઇ ફેરફાર થવા માંડયો. બગલાની પાંખ જેવું ખ્હોળી કોરનું અમદાવાદી ધોતીયું, કડકડતો કસવાળો અંગરખો, કસબી કોરનો દુપ્પટો, અને લાલ કુસુમ્બી પાઘડી ધીમે ધીમે નીકળ્યાં, અને ગાંડાભાઇના શરીરપર ચ્હડવા માંડયાં.

“ કેમ ગાંડાભાઇ ! સાપ કાંચળી ઉતારે તેમ તમ્હે પણ ”—

"હા ભાઇ !–આ ગામના શેઠ શામળશાનાં લગ્ન છે. ત્હેનો હું આડતીયો એટલે કાંઇ છુટકો છે ? ચાલો તમે પણ."

"કોણ હું !" અચંબાથી મ્હેં પુછ્યું. "હું તો તમ્હારા શેઠને ઓળખતો યે નથી. ત્હેનું નામ તો આજે સાંભળ્યું."

"ત્હેમાં કાંઇ નહિ. શેઠે તો બધાને કહ્યું છે કે મિત્રમંડલ સહિત આવજો. ચાલો તો ખરા, જરા મોજ આવશે. અમદાવાદમાં એટલું બધું શું કામ છે ?"

"ના રે ! કામ તો કાંઇ નથી. પણ નકામા પારકે ઘેર—"

"અરે પારકું શું અને પોતાનું શું ભલા માણુસ ? કયાં લાંબી વાત છે ? આજે સાંઝના ગોધાં લગન છે. લગન જોઈને સ્હવારે જજો." "ગોધાં લગન" શું હશે તે હું વિચારમાં હતો એટલામાં સ્ટેશન આવ્યું અને ગાંડાભાઇને તેડવા માણુસો આવ્યા.

"રણછોડભાઈ ! ના મ્હારા સમ ! અમ્હારા શેઠને ખોટું લાગશે" ગાંડાભાઇએ કહ્યું. આખરે મ્હેં પણ હા કહી અને વગર નોતરે શામળશાના લગ્નનો લ્હાવો લેવા ઉતર્યો.

પોટલાં ઉતાર્યાં અને અમ્હે સ્ટેશનથી બ્હાર નીકળ્યા. "આ ગાડી તમ્હારે હારૂં, હાંકે" કહી તેડવા આવનાર માણુસે એક ન્હાનું, ઉઘાડું, ગાડું દેખાડયું. ત્હેમાં ચાર જણ તો બેઠેલા હતા; અમ્હે બે, તેમ જ ગાડીવાળો કયે ખૂણે બેસીશું એ મ્હને વિચાર થયો. આખરે અમ્હે સાત જણ ગમે તેમ સિંચાયા. ગાડીવાળાએ હાથમાં પરોણી લઇ, બળદીયાનું પુંછડું આમળી "ત્હારો પાળતો મરે"ની શુભાશિષોથી ગાડું હંકાર્યું. સંકડાઇને બેઠા એ તો ઠીક, પણ અવાર નવાર રસ્તાની અવનવી ખુબીઓ આવતાં અમ્હે એક એકના ખોળામાં જઇ પડતા, અને નાક પર સરી પડતી પાઘડીઓ મહામુશ્કેલીએ સીધી કરતા.

આખરે મહેમાનો ઉતારવાની વાડી આવી અને અમ્હારી 'ગાલ્લી' ઉભી રહી. અમને ત્યાં ઉતારી ગાડીવાળો ચાલ્યો ગયો; અને અમને તેડવા આવનાર તો કયારનો અંતર્ધાન થઇ ગયો હતો. એટલે, બન્ને હાથમાં પોટલાં લઇ ચારે બાજુએ આવકાર દેનારની વાટ જોતા, કઇ દિશામાં જવું ત્હેનું નિરાકરણ કરવાની શક્તિ વગર અમ્હેં ઉભા. અવારનવાર વાડીમાંથી કોઇ અબોટીયું પ્હેરી, તો કોઇ પાઘડી પ્હેરી, જતું આવતું; પણ કોઇ ઓળખીતું નીકળ્યુંજ નહિ.

"ગાંડાભાઇ, આમ તપ કયાં સુધી કરવું છે? મ્હારા તો હાથ રહી ગયા. ચાલો તો ખરા, અંદર."

"હા ચાલો" કહી મ્હને નોતરી આણી, માનભંગ થયેલા ગાંડાભાઇ અને હું વાડીમાં પેઠા. વાડીમાં પેસતાં નીચેના ખંડમાં એક હીંચકા પર, છ સાત ગૃહસ્થો હા—હા—હી—હી કરતા બેઠા હતા અને ગાયન ગાતા હતા. ચાર પાંચ જણ ભોંય પર પથારી પાથરી બપોરની નિદ્રાને માટે તૈયારી કરી રહ્યા હતા. ત્યાં અમ્હે પોટલાં મૂકયાં અને કોઇક નવરો ખુણો ખોળવા માંડયો. બાજુની ન્હાની ઓરડીમાં પાંચ જણનો સામાન પડયો હતો; ઉપર માળ પર વીશેક ગૃહસ્થો—કોઇ ગપ્પા મારતા તો કોઇ ઝોકકા ખાતા—પડયા હતા. વાડીમાં જાણે કીડીઆં ઉભરાતાં હોય તેમ લાગતું. એક માણુસ સુવે એટલી પણ જગ્યા મળવી કઠણ લાગી.

આખરે અમ્હેં પાછા નીચેની ઓરડીમાં આવ્યા. અમ્હેં આમ તેમ ફરતા, પણ કોઈને પૂછવાની પરવા ન્હોતી.

"ગાંડાભાઇ! અંહીંઆં તો બધાજ મ્હારા જેવા ભાડુતી લાગે છે." "હા ભાઇ!"

ગાંડાભાઇ બીચારા શું બોલે?

"ત્યારે એક કામ કરીએ. આ ઓરડીમાં જ ધામા નાંખીએ. બધા જ ભાડુતી છે એટલે કોઇ પૂછનાર નથી," કહી મ્હેં એકની પથારી, બીજાની ટ્રંક, ત્રીજાની ઝોયણી ઉંચકી એક ખુણામાં નાંખ્યાં, અને જગ્યા કરી. ચપોચપ બ્હાર બેઠેલા ગૃહસ્થો આવ્યા, અને અમ્હારી હિંમત જોઇ, અમને વધારે હકદાર ધારી, રસ્તો કરી આપ્યો. પછી મ્હેં અને ગાંડાભાઇએ મસલત કરી, અને પેટની પરોણાગત માટે પણ આ જ કાયદો લગાડવો શરૂ કર્યો. એક જણને પકડયો, થોડે દૂર રસોઇની તજવીજ હતી ત્યાં ત્હેને લઇ જવા કહ્યું, સ્હામે કૂવા પર નાહ્યા અને જમવા બેઠા. પચ્ચીશ જમી ગયેલાની જગ્યા પર, ઉંકડા ઉંકડા, સારો મજાહનો ટાઢો ભાત, શી વસ્તુ છે તે ન સ્હમજાય એવી આછી પાણી જેવી દાળ, માથાના વાળ ઉભા થાય એવું તીખું શાક અને ગંધાતા ઘીથી લચપચતો લાડુ ખાઇ અમ્હેં પરવાર્યા. પછી ગાંડાભાઇ મ્હને શેઠ પાસે લઇ ગયા.

શામળશા જાડા, વૃદ્ધ, કાળા અને ગોળમટોળ ગૃહસ્થ હતા. પરસેવો અને પીઠીના મિશ્રણથી જાણે વાર્નિશ દીધું હોય એવા લાગતા. ઘરેણાંના ગાંસડા ઠાલવી એમની ડોક, હાથ, અને કાન શણગારવામાં આવ્યાં હતાં. ત્હેમના મ્હોં પર સુખ દેખાતું હતું, કારણ કે હાથમાં આરસી લઇ તે મૂછો તપાસતા હતા. હમણાં જ હજામ એમની મૂછોને કુલપ લગાવી ગયો હતો.

"ઓહો! કોણ ગાંડો!–આવની ભાઇ. ત્હારી જ ખોટ હતી."

"ના જી! એમ તે હોય. હું તો ખરોસ્તો. આ મ્હારા મિત્ર રણછોડભાઇ"

"પધારો પધારો! સારાં માણસો છે ક્યાં દુનિયામાં? આ વખતે પ્રભુની મ્હેર છે. ગઇ વખત હું પરણ્યો–આ કીલાની માને–ત્યારે તો

બાર જણ પણ ન્હોતા. એ તો જીવ્યા કરતાં જોયું ભલું." જેમ ડૉકટર મરી ગયેલા દર્દીની વાત કરે તેવી બેદરકારીથી જૂની સ્ત્રીને સંભારતાં શેઠ બોલ્યા.

"ખરી વાત છે શેઠ સાહેબ! લગ્ન સાંજના છે?"

"અરે આ સમરથ જોષીને કહીને થાક્યો. દર વખતે આમ ને આમ વાર તે કેટલી."

સમરથ જોષી ઘરડા ઘુવડ જેવા દૂર બેઠા બેઠા દક્ષણા ગણુતા હતા ત્હેમણે ઉંચું જોયું. "શેઠ! એ તે કાંઇ મ્હારા હાથમાં છે? તોં પણ, હવે ફરી વખત જોઇ લઇશ. આ વખતે ભૂલ થઈ તે થઇ."

"કેમ રે સમરથ? આ પાંચમાં વહુ તો આણીએ છિએ. હજુ કેટલાં બાકી છે?"

"હવે યજમાનરાજા એમ બોલીએ નહિ. લલાટે લખ્યા લેખ તે કાંઇ મિથ્યા થાય?" જરા હસતાં સમરથ જોષી બોલ્યા.

એટલામાં બ્હાર સુરતથી મંગાવેલું "બૅન્ડ" આવ્યું અને અમ્હે કલાકને માટે રજા લીધી.

"ગાંડાભાઇ! શેઠને કેટલાં થયાં?"

"પચાસ કે ઉપર એક બે. કાંઇ વધુ નથી. એમના બાપ સાઠ વર્ષે ઘોડે ચ્હડયા હતા."

હજુ શામળશાએ બાપની સરાસરી કરી ન્હોતી તો સવાઇ તો ક્યાંથી જ? પણ હાલની સ્ત્રીને, ન કરે નારાયણ, અને કાંઇ થાય તો બાપદાદાની આબરૂના રક્ષણાર્થે સવાઇ કર્યા વિના આ શેઠ રહે એમ લાગતું ન્હોતું.

"વહુની શી ઉમ્મર છે?" મ્હેં પુછયું.

" હશે પાંચ છ વર્ષની. અંહિંઆંના દેસાઈની છોકરી છે. કુટુંબ ઘણું ખાનદાન ને આગળ પડતું છે."

"એમ" કહી હું ચૂપ રહ્યો. વાડીએ આવી અમ્હેં કપડાં બદલ્યાં. હું પણ જરા દોપટ્ટો બોપટ્ટો અડાવી શેઠના માનમાં શણગારાયો, અને પાછા અમ્હેં હવેલીએ ગયા. ત્યાં વરઘોડાની ધામધૂમ ચાલી રહી હતી. કોઇ નાટક કંપનીની હરાજીમાં ખરીદેલા, કટાઇ ગયેલી જરીના પહેરવેશમાં શોભતા વાજાંવાળાઓ ગમે તે બ્હાને વધારેમાં વધારે કાન ફોડે એવો ઘોંઘાટ પેદા કરી, પોતાની હોશિયારી દેખાડતા હતા બીજી તરફ સ્વદેશી "બૅન્ડ" હતું. આઠ દસ તાસાંવાળા તાનમાં વગાડતા હતા. બે હીજડા બે ત્રણ શરણાઇના તીણા અવાજે ફાવે તે તાલમાં નાચતા હતા. લોકોની ઠઠ તે તરફ વધારે જોઇ મ્હને લાગ્યું કે આપણો સ્વદેશપ્રેમ હજુ ચૂસ્ત છે—આપણું જ સંગીત આપણને ગમે છે. એટલામાં એક પાસે ઉભેલો ગૃહસ્થ બોલ્યો: " શાબાશ! શેઠે ઠીક કર્યું. ચાળીશ ગાઉથી તો હીજડા બોલાવ્યા છે." શાબાશ! શેઠની હવેલી આગળ ન્હાના સરખા ચોગાનમાં—આવી સૂરપૂર્ણ હવામાં—દરેક ઘર આગળથી નીકળતી, બદબો મારતી ગંગા જમનાઓ આગળ પડોશીના ઓટલા પર અમ્હેં બેઠા. શેઠ કાંઇ ક્રિયા કરતા હોય એમ લાગ્યું; કારણ કે બ્રાહ્મણોના થોડી થોડીવારે "હો–હા–હા:" ના અવાજો આવતા હતા. ધર્મ પ્રમાણે શેઠ લગ્ન કરવા લાયક થઇ ચૂક્યા એવી ખાત્રી થાય તેટલા પૈસા મળ્યા એટલે ક્રિયા પૂરી થઇ જણાઇ. થોડાઘણા પુરૂષો હતા તે બ્હાર નીકળ્યા અને વરરાજાના ઘોડાને બોલાવ્યો.

ઘોડો મહામહેનતે ખોળી કાઢ્યો હોય એમ લાગતું. સીકંદરના " બ્યૂસેફેલસ, " કે નૅપોલિઅનના જગજાહેર ધોળા ઘોડાને લાયકાતમાં શરમાવે એવો આ હતો. ડૉન ક્વિઝોટના "રોઝીનાન્ત" થી પણ એ ચ્હડતો લાગ્યો. ત્હેને આંખ એક હતી, અને જીર્ણતાને લીધે લટકતા

હોઠોમાંથી સતત લાળ ટપકતી. ત્હેની ખાંધે સાજ અને પગે ઘુઘરીયો હતી, પણ 'આ પળે મરૂં કે બીજી પળે મરૂં' એવો ઇરાદો ત્હેની કાઠી, અને તેની ઉભી રહેવાની ઢબ પરથી દેખાઇ આવતો. થોડી ઘણી માખીઓ પણ બીચારાને પજવતી; છતાં દૃઢતાથી-શાન્તિથી-સ્થિરતાથી શામળશા જેવાનો ભાર વહેવાના ગર્વમાં જાણે, એક પૂરી, દેખતી આંખ મીચી, તે ઉભો. શેઠ આવ્યા. મ્હોંડામાં પાનનો ડુચો, આંખમાં કાજળના બિલાડા, ભૂગોળની ભવ્યતાવાળું પણ જરીના જામા પાઘડીમાં જગમગતું શરીર, મ્હોડા પર ખુંપ અને હાથમાં નારીયેળ! શું સૌન્દર્ય, શી છટા! પરદેશીઓને કહીએ કે આવો અને જુવો. છે તમ્હારે ત્યાં આવો કલાનો આદર્શ? ગમે તેવા પણ અમ્હે શ્રેષ્ઠ, તે શ્રેષ્ઠ.

શેઠ ઓટલાની કોર પર ઉભા-ઘોડાને ઓટલાની કોર પાસે આણ્યો. પણ કાં તો શેઠનું સ્વરૂપ જોઇ કાંઇ કાલકામાતાના સ્મરણથી ઘોડો ચમકયો હોય-કે કાં તો જાનવરની લગ્નની પવિત્ર ભાવનાની દૃષ્ટિથી શેઠના કૃત્યને ઠપકો આપી, સુધારાનો હિમાયતી થયો હોય-કે કાં તો પોતે સંન્યસ્ત અવસ્થામાં આવી રહ્યો હોઇ શેઠને પણ તેમ સૂચવતો હોયઃ ગમે તે કારણ હોય, પણ જ્યાં શેઠ ઓટલા પરથી પગ ઉંચકે કે ઘોડો ફૂં કરે, ડોકી હલાવે, કે ખાંધ ખંખેરે. શેઠ તો બીચારા જયારે જયારે પરણવા જતા ત્યારે જ ફક્ત ઘોડે બેસવાનો મ્હાવરો રાખતા હોવાથી ઘોડાની આ દગલબાજીથી બ્હી, તરત પગ પાછો ખેંચતા. શેઠે, એક વાર-બે વાર-ત્રણ વાર-સાત વાર મહાન ભગીરથ પ્રયત્ન આ ઘરડા ઘોડાને પલાણવા કર્યા; પણ હતા ત્યાંના ત્યાં! આખરે બે જણે અશ્વરાજને મ્હોડા આગળથી ઝાલ્યો, બે જણ પુછડાંની તપાસ રાખવા પીઠ પાછળ ઉભા રહ્યા, અને શેઠને કહ્યું "ચાલો શેઠ! હવે ફીકર નથી."

લોકો બધા એકીટશે જોઇ રહ્યા. અર્જુને મત્સ્ય વિંધ્યું ત્યારે પણ આટલી એકાગ્રતા દ્રુપદના રાજદરબારમાં નહિ દેખાઇ હોય. બેફીકર

થવાનાં વચનોથી શેઠે હિંમતને બે હાથે પકડી. અરે હા! પણ બન્ને હાથમાં તો નારીયેળ હતું.—શેઠે પગ ઉઠાવ્યો હંમેશ કરતાં વધારે–અને મૂકયો અશ્વરાજની વૃદ્ધ પીઠે, પણ જાત ઘોડાની અને ત્હેમાં પુરાણો, પછી પૂછવું શું! તરત ફરી ગયો–મ્હોડું શેઠ તરફ કર્યું–કાન ઉંચા કર્યા. શેઠ ગભરાયા–જીવ બ્રહ્માણ્ડની લગોલગ જઇ પ્હોંચ્યો–પાછળ હઠયા–હાથ છોડી જીવ બચાવવા નારીયેળ જતું કર્યું–પાછળ હઠતાં એકદમ પાઘડી ભીતમાં અથડાઇ–ખસી–આગળ આવી–પડી ગઇ. વરરાજા તાજનષ્ટ થયા. લોકોમાં હાહાકાર કે પછી હુ-હુ હુકાર વ્યાપ્યો. શેઠે ઉંચું જોયું–દયાર્દ્રતાથી લોકો તરફ જોયું–તિરસ્કારથી ઘોડા તરફ જોયું–ગૌરવથી કીચડમાં પડેલી પાઘડી સ્હામું જોયું–ઠપકામાં, મીજાજમાં આકાશ તરફ–ઇશ્વર સ્હામું જોયું. કોણ જાણે શું દેખાયું પણ એકદમ તેમના હોઠ ખેંચાયા અને આખી મેદનીમાં પ્હોંચે એવો સૂર તેમ્હના ગળામાંથી નીકળ્યો:

"એં—એં—એં."

લોકો બધા વીંટાઇ વળ્યા. ઘણાંખરાએ મ્હોડે રૂમાલ કે ખેસ દીધો. મ્હને લાગ્યું કે તે શરમમાં હોવું જોઇએ. શેઠ કેમ રડયા તે કોઇ સમજ્યું નહિ. શેઠે રડતે રાગે કહ્યું કે "કીલાની બા સાંભરી." પછી મહામહેનતે શેઠને ઠીક કર્યા અને ચાર મજબૂત સાજનીયાઓએ ઉંચકી અશ્વરાજ પર બેસાડયા. મ્હને ઘોડાને દ્વેષબુદ્ધિ થઇ હોય એમ લાગ્યું. ત્હેની આંખો ઘડપણના પાખંડથી ભરેલી લાગી.

શેઠને ઘરડે ખભે, નીકળતાં નીકળતાં, વળી એક તરવાર મૂકી. રખે ઘોડા પરથી પડી જાય–કે મ્યાનમાંથી નીકળી તરવાર વાગે–કે હાથમાંથી નારીયેળ સરી જાય એવી અનેક ફીકરમાં વરરાજા કેમે કરીને બેઠા. આખરે બૅન્ડના અવાજથી, અને હીજડાના નૃત્યથી, તાલબદ્ધ થઇ વરઘોડો નીકળ્યો.

આખરે અમ્હે વ્હેવાઇને ઘેર આવ્યા. વ્હેવાઇનું ઘર જરા નીચાણમાં હતું એટલે ત્યાં જતા પહેલાં ઢોળાવ ઉતરવાનો હતો. તાસાંવાળા તાનમાં, હીજડાઓ ગાનમાં, અને સાજનીયાઓ ગુલતાનમાં ઢોળાવ ઉતર્યા;–ઉતર્યા અને પાછા ફર્યા. ઉપર ઢોળાવ શરૂ થાય ત્યાં–કોઇ પર્વત પર ફીરસ્તો ઉભો હોય તેમ–શેઠ અને એમનો ઘોડો ઠમકીને ઉભાં હતાં. ઘોડો બળવો કરવાની તૈયારી કરતો હોય તેમ, જાણે ત્હેના મનમાં તે કરવાનો સર્વાનુમતે ઠરાવ થયો હોય તેમ, નિશ્ચલતાથી, એક જ પગ ઢોળાવપર મૂકી–દુનિયાને દબાવતો, શેઠને ગભરાવતો, ઉભો હતો. અરે ઘોડા! જમાનાની અસર ત્હારા પર પણ!

બે ચાર જણ દોડી ગયા, અને ઘોડાને પકડી ખેંચવા માંડયો. પણ તે વળી એકનો બે થાય? શેઠ કહે કે ઉતરી પડું. લોકો કહે વળી એમ તે ઉતરાય? બે ત્રણ જણે લગામ ઝાલી, અને એકે પાછળથી બે ત્રણ સપાટા ઘોડાને જડાવી દીધા. ઘોડો હિંમત હાર્યો–બળવાનો ઇરાદો છોડયો. ત્યાગવૃત્તિથી–માર ન સહન થવાથી, ત્હેણે, ગતિ સ્વીકારી; ડગલાં લીધાં એક, બે, ત્રણ. ઉપર શેઠ ગભરાયા–ઢોળાવને લીધે ઘોડાની ડોક પર નમ્યા; ઘોડાના આગલા પગ ધ્રૂજયા–ત્હેણે જોખમદારી છોડી–ત્હેના આગલા બે પગ મરડાયા–વળ્યા;–અને ગુરૂત્વાકર્ષણના પ્રભાવે તે સર્યો; નીચે અમ્હે ઉભા હતા ત્યાં એ અને ડોકે વળગેલા શેઠ એમ ઝપાટાબંધ ઉતર્યા–આખરે નીચે અટકયા. સ્વાર્થી સાજનીયાઓ જોઇ રહ્યા–મદદે દોડતા પહેલાં આ દૃશ્ય ફરી નહિ જોવા મળે એવા વિચારે ત્હેને હૃદયમાં ઉતાર્યું. આખરે શેઠને ઉચકયા અને હવે વ્હેવાઇનું ઘર આવ્યું હતું એટલે પગે જ તે ત્યાં પ્હોંચ્યા.

વરરાજા પોંખાયા–વ્હેવાણો રીસાઇયો–અને આપણા પુરાણા શિરસ્તાઓ મુજબ વરરાજા ચોરીમાં પધરાયા. ન્હાનું સરખું, પાનેતરમાં

વીંટાળેલું ઢીમચું હોય તેવી કન્યાને ત્હેના મામા ઉંચકી લાવ્યા અને ચૉરી સ્હામે બેસાડી. શ્લોક પર શ્લોક ભણાવા મંડયા; દૂર, જ્યાં હું ઉભો હતો ત્યાં સમરથ જોષી તપેલામાં જોઇ ઘડી ગણતા હતા અને ગમે તે શ્લોકની લીંટીઓ ભેગી કરી શેઠને "સાવધાન" કરતા હતા. મ્હને જોષીની સ્થિતિ વિચિત્ર લાગી. ત્હેમની આંખમાં કાંઇ જુદું જ તેજ હતું-અને ત્હેમની જીભ જરા લથડાતી. મ્હને લાગ્યું કે જોષી બુવાએ "વિજયા" ની આરાધના કરી હતી. દૂર એક લીલા પાણીનો ભરેલો હોય એવો લોટો જોઇ ખાત્રી થઇ. પ્રસંગની મહત્તાના માનમાં અને મ્હાદેવ પ્રસન્ન કરવાના સ્તુત્ય હેતુથી, જોષીજી ચકચૂર થયા હતા. મ્હેં પાણીથી ભરેલા તપેલામાં-જે તરફ જોષી એકી નજરે જોઇ રહ્યા હતા તે તરફ જોયું -પાણી પર કાંઇ ન્હોતું. જોષી જોતા હતા ખરા-પણ ઘડી માંડીજ ન્હોતી. ભાંગની ધૂનમાં કાલ્પનિક ઘડીઓ જ ગણતા. આખરે જોષીએ થાળી લીધી-વગાડી-વાજાં વગડયાં-શામળશા સજોડ થયા—ત્હેમની હોંસ પૂરી પડી.

થોડી વારે જમ્યા થઇ એટલે હું ચૉરી પાસે ગયો. કન્યા ઉંઘી ગઇ હતી અને ત્હેની મા ત્હેને ખોળામાં લઇ બેઠી હતી. સપ્તપદી, અમ્હારા શાસ્ત્રના કહેવાતા અમર કૉલ, જેની મહત્તા પર અમ્હારા લગ્નની પવિત્રતાના બૂરજો ચણાયા છે તેનો વારો આવ્યો. મ્હને ધાર્મિક લાગણીઓએ પુનિત કર્યો. હું તો આઠ વર્ષે પરણ્યો હતો અને ઘરવાળી હજુ તેની તે જ હતી. એટલે તે વખતની મ્હારી શી લાગણીઓ હતી તે મ્હને યાદ ન્હોતી; મ્હને આજે અનુભવ થયો: પાટલા નીચે હાથ મૂકી-ટેકવી, શેઠ ઉઠયા; કન્યા કેમે કરી જાગી જ નહિ. આખરે ત્હેની મા ઉઠી-હાથમાં દીકરી લીધી-અને શેઠની સાથે ચોરીની આસપાસ ફરી. આખરે પવિત્ર સપ્તપદીઓ પૂરી થઇ.

લખવાનું હજુ બહુ છે; પણ સ્થલનો અભાવ છે. હું બ્હાર નીકળ્યો તો જાણે ભીલડીઓ, નીશામાં ગાળો ભાંડતી હોય તેમ, લુગડાં કે અવાજ કે ચાળા કે શબ્દોની મર્યાદા અને છટા રાખ્યા વિના-દરરોજ બ્હેંત આઘું ઓઢી, ડાહી ઠકરાણી ગણાવા ધીમે ધીમે બોલતી સ્ત્રીઓ-ગાઇ રહી હતી. બહુ જોવાની હવે મ્હારામાં અભિલાષા રહી ન્હોતી. અમ્હેં વાડીએ ગયા અને રાતની ગાડીનો વખત થયો એટલે મ્હેં ગાંડાભાઇની રજા લીધી કે "હવે તો હું જઇશ જ."

"પણ રણછોડભાઇ! શેઠને મળીને જાઓ. નહિ તો ત્હેને ખોટું લાગશે. કાલે મ્હને વઢશે."

"ઠીક ભાઇ," કહી હું પાછો વ્હેવાઇને ત્યાં આવ્યો. શેઠની ભાળ પૂછી તો મ્હને જણાવવામાં આવ્યું કે માતાના ઓરડામાં વરકન્યા પૂજા કરે છે. લોકો જમણની ખટપટમાં હતા એટલે ઘર સૂનું લાગતું. હું દેખાડેલા ઓરડા તરફ ગયો અને ત્યાં જઇ જોયું અને ઉભો.

ભીંતને રંગી, માતા કરી, ત્હેની પૂજા કરવા અને ભટનું તરભાણું ભરવા, ચોખા અને ઘઉંના ઢગલા મારેલા હતા. સ્હામે શેઠ અને નવાં શેઠાણી-અત્યારે જાગતાં હતાં-બેઠાં હતાં; ગોર કાંઇ લેવા બ્હાર ગયા હોય એમ દેખાયું.

હું અંદર પેસવા જતો હતો અને ઠમકયો-મર્યાદાનો બાધ આવ્યો. શેઠ સંવનન (wooing) કરતા હતા-ધીમે ધીમે છ વર્ષની કોડીલી કન્યાનો ઘુમટો તાણતા હતા. પેલી અંદરથી "ખીખી-" કરી હસતી હતી. હું જોઇ રહ્યો. કોણ કહે છે કે આપણે ત્યાં સંવનન નથી? હું તો ચિત્રવત્ થઇ ઉભો-જોયાં જ કર્યું. શેઠે ઘુમટો કહાડયો ને ત્હેમની ઝીણી, ઘરડી આંખે કટાક્ષ માર્યું. શેઠ ધીમે રહી શેઠાણીની હડપચી અડકવા ગયા;

ત્હેણે કહ્યું: "ના—હિ," અને જરા આઘી ગઇ; શેઠ જરા પાસે ગયા— શેઠાણીએ ધમકી દીધી: "બાને બોલાવીશ." શેઠ હિંમત હાર્યા નહિ— "હવે બેશની" કહી હાથ લંબાવ્યો, શેઠાણીને ગલીપચી કરી, શેઠાણીનો તીણો ઘાંટો ગાજી ઉઠયો:

"ઓ બા! બા! આ ડોસો મ્હને મારે છે."

* * *

શું કહું ? મ્હેં-રણછોડે રણ છોડયું; હું મૂગે મ્હોડે નાઠો. જતાં જતાં બૈરાંઓનો બેશી ગયેલો પણ દૂર સંભળાતો સ્વર આવ્યો "એ વર નહિ પરણે, નહિ પરણે." "અમ્હેં જીત્યા રે જીત્યા."

શકુન્તલા અને દુર્વાસા.

મ્હારા જેવી ભાગ્યશાળી સ્ત્રીઓ ઘણી ઓછી હોય છે. મ્હેં અંગ્રેજી પાંચ છ ચોપડીઓનો અભ્યાસ કર્યો તે પ્હેલાં ડૉ. વિશ્વનાથ જોડે મ્હારાં લગ્ન થયાં. તે પણ તરત જ પાસ થયા હતા, અને ત્હેમની બુદ્ધિ અને વાક્ચાતુર્ય જોઇ ત્હેમનો ધંધો થોડા વખતમાં ધીકશે એવી બધાએ આશા રાખી હતી. જે પળે મ્હારો હાથ ત્હેમના હાથમાં મ્હેં સોંપ્યો ત્યારથી ત્હેણે મ્હારા પર અદ્‌ભુત જાદુ ચલાવ્યો હોય એમ લાગ્યું. જાણે સોળ વર્ષ થયાં ત્હેમને ઓળખતી હોઉં–જાણે પૂર્વજન્મનો અમ્હારે ગાઢ સંબન્ધ હોય તેમ મ્હારૂં જીવન ત્હેનામાં સમાઈ ગયું.

તરત જ મ્હને સાસરે વળાવી. મ્હારા ડૉકટરના પિતાની સ્થિતિ ઘણી ગરીબ હતી. તેઓ ગુમાસ્તાની નોકરી કરતા હતા, અને ત્હેમની નીમકહલાલી પર ખુશ થઇ ત્હેમના શેઠે મ્હારા પતિને ભણાવ્યા હતા. મ્હારે સાસુ નણંદની ખટખટાટ કાંઇ હતી જ નહિ; મ્હારા ન્હાનકડા ઘરની હું જ ગૃહદેવી હતી. મ્હારા ડૉકટર પણ તે વખતે મ્હને જ ઝંખતા–મ્હને ભણાવવામાં, મ્હને કેળવવામાં મોજ માનતા; અને હું તો ત્હેમની એટલી ભૂખી હતી કે પળેપળ ત્હેમના વિના મ્હને ઝેરી લાગતી. "પ્રૅક્ટિસ" પણ સારી ચાલવા માંડી અને અમ્હારા સુખની સીમા દેખાઈ જ નહિ. દિવસ અને રાત અમ્હારે તો માત્ર સુખમય પળો જ ભાસતી. ફક્ત વાંધો એક જ લાગતો. ડોસા–મ્હારા સસરા ઘડપણને લીધે ઘેર બેઠા. ત્હેમની જુની રીતો, ત્હેમનું ગમે તેવું અસંસ્કારી બોલવાનું, ત્હેમની જૂની ખણખોદ કરવાની નિરન્તર ટેવ અમ્હારા જીવનતાનમાં બેસૂરો ઝણકાર જગાવતાં. આખો દહાડો આ

રહી ગયું, પેલું ઉત્રાડું રહ્યું, લાકડાં છાંટવાનાં રહી ગયાં ને આવરણી વહેલી પૂરી થઇ ગઇ; આવાં આવાં છીંડાં કહાડી પજવ પજવ કરતા. પહેલાં તો હું જરા રાજી રાખું; પણ મ્હારૂં મન જોઇએ તો મ્હારા ડૉકટરમાં, એટલે મ્હને થાય કે નક્કામા આ ડોસા શું કામ પીડા કરતા હશે? પછી સાચું પૂછો તો મ્હેં પણ વહેતું મૂકયું. એ શું આખો દહાડો! ત્હેમને બડબડ કરવા દીધા. હોય તો મ્હારા ડૉકટરને પીડા ત્હેના આગળ ડોસા તે?

જુવાનીમાં સુખ મળે પછી છલછલાટનો શો પાર? મ્હારે મન ભલો ભૂપતિ પણ કાંઇ હિસાબમાં ન્હોતો. મ્હારા પગ તો થનગન થનગન થઇ રહેતા. સઃવ્હારે જરા મોડી ઉઠું–જેવું તેવું કામ કરી રાંધું–બપોરે કાંઇ વાંચું ને સ્હાંજે અમ્હે ફરવા જઇએ. મ્હારા ડૉકટર પણ મ્હને ને મ્હનેજ જોઇ રહ્યા હતા. ડોસા તો વહેલા પાંચ વાગ્યાના ઉઠે ને પોતે જ્યાં બેસતા હતા ત્યાં વાસીદું કહાડે. નોકર બ્હારે તે ત્હેને ગમે નહિ! પછી હું તે શું કરૂં? પછીએ ટાઢે પાણીયે નાહ્ય ને પૂજામાં બેસે તે બપોરે બાર વાગે ઉઠે; બપોરે કાંઇ જેવો તેવો હિસાબ લખે, સાંજના લાકડી ઝાલીને બહાર જાય; તે છેક રાતે આવે. બીજી બધી રીતે તો ડોસા સારા પણ એમની જીભથી તો તોબા થઇ ગઇ? કંઇ ને કંઇ વાંધો તો હંમેશ ખરોજ. ત્હેમાં એમની પૂજા અને ફરવાનું બે બહુ દુઃખ દેતાં. મ્હારા ડૉકટર જમે ત્હેની સાથે જમવાનું મૂકી મ્હારે કલાક વાટ જોવી પડે ત્યારે ડોસાની પૂજા પતે; રાતે ફરીને આવે ત્યાં સુધી મ્હારે બેસી રહેવું પડે. અમ્હને તો એમ થાય કે કયારે આ ડોસા હવે અમ્હારા સુખમાં ખલેલ કરતા રહેશે? એક વખત તો ખરૂં પુછો તો મ્હારાથી એમ બોલાઇ ગયું કે "કયારે ડોસા મરે ને અમ્હે ઠરીયે." આવો સોના જેવો મોજ ભોગવવાનો વખત જાય અને વળી ત્હેમાં આ પંચાત.

આખરે મ્હારા ડૉકટરથી પણ નહિ રહેવાયું. "ડોસા ! આશી ટકટક" આખો દહાડો પંચાત ! છાનામાના ત્હમે બેસોની. ક્યાં સુધી બિચારી તમ્હારી વાટ જુવે ! તમ્હારી પૂજા તો બપોરના બાર સુધી ચાલે. ત્યાં સુધી બિચારી બેસી રહે ?" જરા ડૉકટર તોછડાઇથી બોલતા; પણ અમ્હને ડોસાની ટેવો લાગતી પણ એવી જીવલેણ કે તે પણ બિચારા શું કરે ? ડોસા તે વખતે તો કાંઇ બોલ્યા નહિ; બીજે દિવસે ડોસા મ્હારી પાસે આવ્યા.

"લક્ષ્મી ! દિકરા ! આજથી વહેલી જમી લેજે"

"કેમ ?"

"ના બ્હેન ! મ્હારે આજથી જપ કરવો છે એટલે બહુ મોડું થશે. તું કયાં સુધી વાટ જુવે ?" ડોસાનો અવાજ દયામણો હતો, આંખમાં એક અદિઠ અશ્રુ આવી રહ્યું હતું.

"ના સસરાજી"

"બ્હેન ! હું કહું તેમજ કરની"

હું પણ કાંઇ બોલી નહિ; ચાલો, નિરાંત થઇ. જરા મ્હારા હૃદયમાં વિચાર આવ્યો: ગાયને સારૂ ધાન કહાડીયે તેમ મ્હારા ડૉકટરના પિતા–કે જ્હેને લીધે તે ભણ્યા ગણ્યા–ત્હેને માટે કહાડી મૂકાય ? પણ મ્હારા ડૉકટરે સંદેહ તોડયો. "તું જમી લેને. કાંઇ નહિ, ચાલ ઘણે દિવસે સાથે બેસી જમીયે." અમ્હે બેઠાં; ઘણા દિવસનો રહી ગયેલો લ્હાવો લીધો. મ્હેં ડોસાને સારૂં ભાણું કહાડયું અને ઉપર ચઢી ગઇ.

કયાં સુધી મ્હને ચેન પડયું નહિ. ટેબલપર પડેલી એક ચોપડી લઇ મ્હેં ઉઘાડી. ચોપડી કાલીદાસનો અભિજ્ઞાન શાકુન્તલ નાટક હતો, પ્રવેશ દુર્વાસાના શાપનો હતો. દુષ્યન્તના વિરહથી રીબાતી શકુન્તલા અતિથી થઇ, આવેલા મુનિ દુર્વાસાનો સત્કાર કરતાં ભૂલી જાય છે; દુર્વાસા ગુસ્સામાં એકરકાર શકુન્તલાને શાપ આપે છે:—

રે અતિથિની અવગણના કરનારી!—

(શાલિની છંદ.)

હૈયાસૂની જેહ ધ્યાને બની તું,
આવી ઊભો ના જુવે આ તપસ્વી,—

(વસંતતિલકા છંદ.)

જા, દેશ યાદ પણ ભૂલી જશે ત્હને એ,
કેફી જ જેમ નિજ કેફ વિષે કહેલું.*

શકુન્તલા કેવી મૂર્ખી? મ્હેં વિચાર કર્યો. આટલી બેદરકારી માટે કેટલું સેવવું પડયું? ધણીએ કહાડી મૂકી, આખરે રખડતાં રઝળતાં ધણી મળ્યો. હું હોઉં તો કોઇ દિવસ એવું ન કરૂં.

તે દિવસથી ડોસાની તો જાણે આડખીલી નીકળી જ ગઇ. એમણે તો બોલવાનું જ બંધ કરી દીધું. સ્હવારના તે પોતાની મેળે ઉઠે, નાહ્ય, પૂજા કરે, મ્હેં ઢાંકી રાખ્યું હોય તે બે વખત જમી લે ને મૂગા મૂગા ઘરમાં પડી રહે. અમ્હારે તો એટલું જ જોઇતું હતું. શી મજા? શું સુખ? એક બે વખત મ્હને થયું કે આ બિચારા ડોસા મૂગા મૂગા જ પડી રહે છે; પણ મ્હારા સુખની અવધિ આગળ ક્યાં હું એની પીડા કરવા બેસું? ડોસા જરા સૂકાવા માંડયા. મ્હેં ધાર્યું, હોયસ્તો; ઘડપણની અવસ્થા છે.

૨

મ્હારો બાબુ આવ્યો ત્યારે જરા ડોસા બોલવા માંડયા. મ્હારો બાબુ એવો રૂપાળો ને અલૌકિક હતો, પણ જરા રડતો બહુ. ડોસા તો ત્હેને જ ચોંટયા. આખો દહાડો નાકે ચશ્માં ચઢાવી, ભાગવતનું થોથું

---

* રા. રા. બલવંતરાય કલ્યાણરાય ઠાકોરનો તરજુમો.

લઇ, ત્હેને હિંચકા નાંખ્યાં કરે, ને ત્હેની જોડે ગાંડાં કહાડયાં કરે. નવી મા એટલે મ્હારામાં અનુભવ ઓછો; પણ પાછી ડોસાએ પંચાત કરવા માંડી. "બ્હેન લક્ષ્મી! આ બાબુ ભૂખ્યો છે!" "જો આ બરાબર નવરાવ્યો નથી!" પણ આ વખતે તો મ્હારા ડૉક્ટરે વાત વધવા જ ન દીધી; એક વખત કહી જ નાંખ્યું: "ડોસા! એની મા તે તમ્હે કે એ?" ડોસા પાછા કહેતા બંધ થઇ ગયા.

અમ્હારી લ્હેરમાં જરા પણ વાંધો આવ્યો નહિ. આખો દિવસ બાબુને ડોસા જ રાખતા એટલે હું તો નવરી જ. પછી અમ્હે ગમે ત્યાં ફરીએ હરીએ. હું નાટકમાં જાઉં તો પણ ડોસા રાતના ત્રણ વાગતા સુધી નીચું જોઇ, હિંચકો હલાવ્યાં જ કરે.

અમ્હારા સુખમાં ફરી વિઘ્ન આવ્યું. રામદાસ ફોજદારની અમ્હારા ગામમાં બદલી થઇ. તે મ્હારા ડૉકટરનો જૂનો મિત્ર હતો. તે આવ્યો અને મ્હારી પાસેથી મ્હારા ડૉકટરને આકર્ષી લઈ ગયો. થોડા દિવસમાં ત્હેમની જૂની મત્રી સુદૃઢ થઇ; દવાખાને પણ ગયા વગર ત્હેને ત્યાં ડૉકટર જતા; સ્હાંજે અમ્હારૂં ફરવાનું પણ બંધ થયું; ધીમે ધીમે રાત્રે પણ મોડા ઘેર આવવા લાગ્યા. મ્હારો જીવ તો અકળાઇ ઉઠયો. મ્હારા ડૉકટર વિના મ્હને પણ ચેન ન્હોતું પડતું, અને મ્હેં ધાર્યું હતું કે ત્હેમને પણ એમ જ હશે, પણ આ નવીન અનુભવે જુદો જ ખ્યાલ આપ્યો.

હવે મ્હારા ડૉકટર મ્હારી જોડે બોલતા નહિ, બેસતા નહિં અમ્હારૂં સંગીત, અમ્હારો સહાભ્યાસ, અમ્હારી ન્હાની રસિકડી ગમતો –બધું ગયું. મ્હને શું કરવું તે સુઝયું નહિ; જેવું સુખ હતું તેવું જ દુઃખ આવશે કે શું એવી ધાસ્તી લાગી. ત્હેમાં બાબુ પણ એવો રડકણો બલા જેવો થઈ ગયો કે મ્હને તો જાણે દૈવના ઘરની વેઠ લાગતો. પણ મ્હેં મ્હારી સહનશીલતા જાળવી રાખી. કાંઇ નહિ, એક મહિને, બે મહિને મ્હારા ડૉકટર પાછા હતા તવા થશે અને મ્હારો સૂર્ય ફરી ઉગશે.

એક દિવસ રાતે બે વાગ્યે ડૉક્ટરે બારણાં ઠોક્યાં-મ્હેં ઉઘાડ્યાં. ત્હેને જોયો ને હું ગાંડા જેવી થઇ ગઇ. ત્હેના ડોળા ફાટેલા હતા, કપડાં ધૂળવાળાં હતાં, ને મ્હોડામાંથી મદિરાની દુર્ગંધ ઉડતી. મ્હને ચક્કર આવ્યા. આ મ્હારા સંસ્કારી ભણેલા પતિ! તે લથડતા અંદર આવ્યા, મ્હારો હાથ પકડ્યો; આખરે તૂટેલે અવાજે ગાયું.

"બૈયા......ન પકડ......મેરી"—

મ્હેં હાથ તરછોડી નાંખ્યો.

"ડૉક્ટર! આ શું? ચાલો ઉપર."

"ચલબે રંડા! ક્યા......અરે હાં...બૈયા ન પકડ—"

બોલતા, જેમ તેમ કરતા ઉપર ચ્હડ્યા, અને ભૂસ દઇને ભોંયે પડ્યા. હું બેસી ગઇ, માથે હાથ દઈ પોક મૂકી રડી. મ્હારા ડૉક્ટર આ અધોગતિએ! પ્રભુ! પ્રભુ! આજે મહિના થયાં દુઃખે દબાવેલી ઊર્મિઓ વહી. હું કલાક સુધી રડી, "મ્હારા પ્રભુજી! મ્હેં શું કર્યું—હું નિર્દોષ લક્ષ્મી!—"

ઉંચુ જોતાં મ્હારી નજર મ્હારાં પ્રિય પુસ્તકો પર પડી. મ્હારા ડૉક્ટર સાથે શું રસથી હું વાંચતી? મ્હને કમકમાં આવ્યાં. એક ચોપડીના સોનેરી અક્ષરો વંચાયા—"અભિજ્ઞાન શાકુન્તલ." મ્હારૂં મન શકુન્તલાની દુઃખી સ્થિતિ પર દોડ્યું-દુર્વાસાનો શાપ સાંભર્યો:

"હૈયા સૂની જેહ ધ્યાને બની તું,
આવી ઉભો ના જુવે આ તપસ્વી,
જા, દેશ યાદ પણ ભૂલી જશે ત્હને એ,
કેફી જ જેમ નિજ કેફ વિષે કહેલું.

મ્હારૂં પાપ મ્હારી નજર આગળ ખડું થયું. મ્હેં શકુન્તલાને મરૂઢીમાં જોઇ-શકુન્તલાનું મ્હોડું મ્હારા જેવું હતું. ક્રૂર દુર્વાસાને અતિથિરૂપમાં

ક્રોધથી શાપ આપી જતા જોયા, પણ દુર્વાસાનું મ્હોડું મ્હારા સસરાજી જેવું હતું! એક હાય મારી હું ઉભી થઇ ગઇ. મ્હને ભાન થયું. શકુન્તલાના પાપનો મ્હારા ઘોર પાપાચાર આગળ હિસાબ ન્હોતો. મ્હેં મ્હારા ધણીની પાછળ ગાંડો થઇ ત્હેના બાપને—ત્હેના હેતાળ ઘરડા બાપને ત્હેની વૃદ્ધાવસ્થામાં દુ:ખ દીધું, મૂગા કર્યા, મહિનાના મહિના સુધી ત્હેને જાનવરની માફક ગણ્યા. મ્હારા પ્રભુને એક અડધો કલાક જમતાં ખોટી થઇ હોત, જરા વ્હેલી ઉઠી પાણી ઉનું મૂકી આપ્યું હોતં તો આજે આ દશાએ ન આવત. દુર્વાસાના ભયંકર શબ્દો મ્હારા કાનમાં અથડાઇ રહ્યા.

હેઠળ બાબુ રડયો. તે દશ મહિનાનો થયો ત્યારથી સસરાજીને જ ચોંટયો હતો; અને હેઠળ ત્હેમની પાસે જ સૂતો. હું ઉઠી, હાથમાં દીવો લઇ હેઠળ ઉતરી. દીવેલના ઝીણા દીવા આગળ સસરાજી બાબુને હાથમાં લઇ બેઠા હતા, અને અનિર્વાચ્ય મમતાથી ત્હેની સ્હામુ જોઇ રહી હાથથી હિંચોળતા હતા. મ્હને ભાન આવ્યું કે આમ જ મ્હારા ડૅાકટરને કોડભેર સસરાજીએ હલાવ્યા હશે, અને આજે ડોસાનું મ્હોડું કોઇને ગમતું નથી! મ્હારી આંખમાંથી દડદડ આંસુઓ પડયાં.

"સસરાજી!"—

"કેમ બ્હેન?"

"હું શું કહું?" ત્હેણે ડૅાકટરને આવતા જોયા હતા, મ્હારી સ્થિતિ જાણી ગયા હતા. એક શબ્દ તે બોલ્યા નહિ. ત્હેમની હમેશની સ્નેહાળ રીતે કહ્યું.

"લક્ષ્મી, બેસ બ્હેન! જરા કીકાને લે" કહી મ્હને બાબુ આપ્યો. મ્હેં ત્હેને હાથમાં લીધો અને મ્હને બીજી ફાળ પડી. આટલા દિવસની બેદરકારીમાં મ્હેં બાબુ સ્હામું પણ જોયું ન્હોતું, ત્હેનું શરીર ક્ષીણ થઇ ગયું હતું, ચામડી પણ કાળી પડી ગઇ હોય એમ લાગતું હતું.

"સસરાજી! બાબુને કાંઇ થયું છે?"

"મ્હને એમ લાગે છે, બ્હેન."

આખી રાત અમ્હે એમ બેઠાં. પતિની કુચાલે દુ:ખી થઇ મ્હેં મ્હારૂં ત્યાર પછીનું જીવન ગાળવા માંડયું. મ્હારા સસરાજીની ચાકરી કરવા માંડી, જેટલી હું પ્હેલાં બેદરકાર હતી, તેટલી હવે મ્હેં કાળજી રાખવા માંડી. જો જરા ચૂકું તો દુર્વાસાનો શાપ સાંભરતો.

૩

મ્હારા ડૉક્ટરને તો જાણે ઘેલુંજ લાગ્યું હોય એમ લાગતું. ત્હેમને મન તો રામદાસ ફોજદાર જ દેવ! ધીમે ધીમે કમાણી પણ ઘટતી ગઇ. બાબુને તપાસવાનું પણ મ્હેં ઘણી વખત કહ્યું પણ ત્હેણે માન્યું નહિં. આખરે એક દહાડો સાંજના બાબુ ઘણો માંદો થઇ આવ્યો, ત્હેના હાથ પગ થંડા થવા માંડયા. ડૉકટર ઘરમાં હતા નહિ તેથી સસરાજી એક બીજા ત્હેમના મિત્ર ડૉકટર હતા ત્હેમને બોલાવી લાવ્યા. બાબુ છેક ગભરાઈ ગયો હતો.

તે ડૉકટર આવ્યા. બાબુને જોયો—ને ડોકું ધુણાવ્યું. મ્હારી છાતી ફાટી ગઈ. મ્હારૂં ન્હાનું નાજુકડું રસીલું ફુલ!

"ના કાકા! મ્હને કાંઇ આશા જેવું નથી લાગતું. મ્હને લાગે છે કે એને બરોબર પોષણ નથી મળ્યું."

મ્હેં હાથથી કપાળ કૂટયું, હાથનાં કર્યાં જ હૈયે વાગ્યાં. મ્હેં જનનીએ ત્હેને રઝળાવી મ્હારી સ્વાર્થી મજામાં બધું ભૂલી ભૂખે માર્યો! હાય! હાય! મ્હારો બાબુ! શું કરવું? અડધે કલાકે બાબુને ભોંય નાખ્યો, ને તે મરી ગયો. દુર્વાસાનો શાપ! અરે ભગવાન ઘણી ભટકેલ થઇ ગયો, —છોકરો મરી ગયો. મ્હેં છાતી માથાં કૂટી નાંખ્યાં. સસરાજી પણ બહુ

રડયા; ડૉકટર તો બ્હાર ગયા હતા. રાતના બાર વાગતા સુધી અમ્હે બેસી રહ્યાં. આખરે નિશામાં લથડતા ડૉકટર આવ્યા.

"કયું બે ?" કહી મ્હને હડસેલી.

"ડૉકટર" ધ્રુસ્કાથી તૂટતે અવાજે મ્હેં કહ્યું.

"બાબુ ! મરી ગયો."

"હેં !" જાણે સ્મૃતિ સમેટતા હોય તેમ ત્હેમણે પ્રયત્ન કર્યો; શુદ્ધિ કાંઇ ઠેકાણે આવી: "શું કહે છે ?"

મ્હારાથી ન રહેવાયું, હું રડી પડી: "ડૉકટર, ડૉકટર શું શું શું કરો છો ? તમ્હારો ને મ્હારો છોકરો–બાબુ–ગયો–ને આપણે જ પાપે."

હું ત્હેને પરસાળમાં લઇ ગઇ. કરમાયેલા પુષ્પ શો બાબુ પડયો હતો. સસરાજી પાસે બેસી સાચવતા હતા. મ્હારા ડૉકટરના હૃદયમાં પિતા–પ્રેમ ઉછળ્યો. ત્હેની આંખમાં આંસુ આવ્યાં.

"હાય હાય ! કેમ મરી ગયો ?"

"કેમ ? મ્હારે પાપે–ને તમ્હારે" મ્હારાથી કહ્યા વિના ન રહેવાયું. "પાપી માને પ્રેમમાં દીકરાનું ભાન ન રહ્યું. પાપી પિતા ડૉકટર હતા તે છતાં કુસંગતિમાં દિકરાને જોવાનું પણ મન ન થયું–હાય ! હાય. એ મ્હારા બાબુ !—" કહી મ્હેં ફરી છાતી માથાં કૂટી કહાડયાં.

મ્હારા ડૉકટરના મન પર તરત ફેરફાર થયો થોડા મહિનાની સોબતની અસર ગઇ, અને કેળવણીના ઉંચા સ્વભાવની ઊર્મિઓ પાછી ઉભરાવા માંડી. મ્હારી પાસે આવ્યા, મ્હારા ખભા પર હાથ મૂકયો.

"લક્ષ્મી ! મ્હને માફ કરજે ! હું ઘાતકી થયોછું. નહિ ? હું પોતે થયો–ત્હને ભૂલ્યો. મ્હારૂં પાપ"—

“ ડૉકટર ! પાપ બીજું છે,” મ્હેં રડતે અવાજે કહ્યું.

“ શું ?”

“ શકુન્તલાને શાપ લાગ્યો હતો તેવો જ આપણને પણ લાગ્યો.

“ શકુન્તલા ! ”

“ હા, ત્હેણે અતિથિનો અનાદર કર્યો—આપણે ”—

“ આપણે ? ”

“ આપણે સસરાજીનો.”

ડૉકટરે જોયું, સમજ્યા, દયામણા થઇ સસરાજી પાસે ગયા—પગે પડયા.

“ બાપા ! મ્હને માફ ”—

સસરાજીએ ત્હેમને બોલવા દીધા નહિ.

“ બેટા ! શતં જીવો–ને તમ્હારૂં જોડું સુખી રહો.”

મ્હારા ડૉકટર રડી પડયા, રડી પાપનું પ્રાયશ્ચિત કર્યું.

ગુજરાતનો શ્રેષ્ઠ કવિવર.

થોડા દિવસ પર નવસારીથી હું મુંબાઇ આવતો હતો. ભોગજોગે મ્હને એક એકાન્ત ડબ્બો મળ્યો. એટલે મ્હેં નીરાંતે સૂવાનો વિચાર કર્યો, અને માથા નીચે પોટલી મૂકી, બગાસું ખાઇ, પગ પસારવાની તૈયારી કરી. એટલામાં વલસાડ આવ્યું, અને એક સૂક્કો, જરા આધેડ વયનો, જરા બાંયેથી થીગડાંવાળો કોટ પ્હેરેલો અને ફ્રેકસ બ્હાર ગયેલાં ચશ્માંથી સુશોભિત ગૃહસ્થ ગાડીમાં આવ્યો. પ્હેલાં તો મ્હેં ત્હેની દરકાર કરી નહિ, પણ ત્હેનો વિચાર અજાણ્યા રહેવાનો હતો નહિ. તે બીજે ખૂણે બેઠો, ખાંસી ખાધી, તપખીર સુંઘી, પાન કરવા લાગ્યો. આંખ પર ચશ્માં ગોઠવ્યાં અને બોલ્યો: “કેમ મિસ્તર! ક્યાં રહેવું?” “મુંબાઇ” મ્હેં કહ્યું અને મૂગો રહ્યો. આગલી રાતે હું ચારપાંચ દોસ્તો જોડે મોડે સુધી જાગ્યો હતો એટલે આંખો ઘેરાવા આવી હતી. પણ મ્હારા સાથીની જીભને કળ વળે એમ ન્હોતું. ત્હેણે પ્હેલાં એક ચોપડી કહાડી અને કાંઇ ગણુગણુવા માંડયું. મ્હેં સૂતાં સૂતાં જરા ઉંચા થઇ જોયું તો ‘કલાપીનો કેકારવ’ દેખાયો. હવે સાચું પૂછો તો હું જરા કવિઓનો ભક્ત છું, સાક્ષર થવાનો આકાંક્ષી છું, એટલે મ્હારા અન્તરનો સાક્ષરી કીડો જરા ચળવળી ઉઠયો. મ્હને આ રસિક પુરૂષની ઓળખાણ કરવાનું મન થયું. પણ એટલામાં ત્હેમણે એક નોટબૂક કહાડી અને ઝપાટાબંધ કાંઇ લખ્યું. પછી પોટલીમાંથી બીજી ચોપડી કહાડી અને ત્હેણે પાછું કાંઇ ગણુગણુવા માંડયું. મ્હેં જરા નજર કરી જોયું તો રા. નરસિંહરાવનો “નૂપુરઝંકાર”–શું કહું?–સંભળાયો કે દેખાયો?–દેખાયો. પછી પાછું એણે કાંઇ લખ્યું, અને તરત દરમ્યાનમાં કાવ્યો કહાડી ગણુગણુવા માંડયું. હું જરા

દિંગ થઇ ગયો—કયું ગુપ્ત સાક્ષરરત્ન મ્હારે સદ્ભાગ્યે મ્હારો સાથ કરી રહ્યું છે તે પારખવા એકપગે થઇ રહ્યો; એટલે કે હું સૂતેલો હતો તે બેઠો થઇ ગયો, અને સ્હામે બેઠેલી વ્યકિતની મુખરેખામાં કાંઇ અણદીઠી ભવ્યતા, કાંઇ અણસૂજતી રસિકતા ખોળવા માંડી.

"આપ કયાં જાઓ છો?" મ્હેં ડરતાં ડરતાં પૂછયું. મ્હેં હજુ આવા કવિવરોને કોઇ વખત જોયા ન્હોતા એટલે આ કયો મહાસાક્ષર—કયો ગુર્જરગિરાનો લાડકવાયો હશે તે વિચારતાં મ્હારા ક્ષોભની સીમા રહી નહિ. "મુંબાઇ." આંખો ઉંચી કર્યા વિના, ચપ ચપ નોટમાં લખતાં મ્હારા સાથીએ કહ્યું.

"આપ કયાં ઉતરવાના છો!"

ડાબો હાથ ચેતવણી દેવા ઉંચો કરી લેખકે મ્હને થંભાવ્યો. સરસ્વતીનો કાંઇ પ્રસાદ ત્હેની કલમની અણીમાંથી ઉતરતાં અટકી જાય તેવે ભયે મ્હેં આકાંક્ષા દાબી જીભ પકડી. તે લખી રહ્યો—નોટ ઉંચી કરી—ચશ્માં ઠીક કર્યાં અને મ્હારા તરફ ફર્યા.

"બોલો મિસ્તર! માફ કરજો. શું પૂછતા હતા?"

"જી? એટલું જ કે આપ કોઇ લેખક છો?"

"જરા જરા પ્રભુપ્રસાદથી સરસ્વતીની સેવા બજાવું છું." અહાહા! શી ઉત્તમ નમ્રતા—ત્હેમની આંખમાં શું અનેરૂં તેજ!

"આપ કવિતા લખો છો?"

"થોડી ઘણી—અવારનવાર." જરા મ્હોં મલકાવી, બે ત્રણ ખુટતા દાંતો શિવાયની દૃઢ દંતાવલી દેખાડતાં કવિએ કહ્યું. મ્હારી ઉત્કંઠા વધી. શો લાભદાયક તર્ક! શો વાર્તાલાપનો રસદાયી પ્રસંગ! શો આત્મોન્નતિ પ્રાપ્ત કરવાનો સરળ માર્ગ! મ્હારી છાતી ઉછળી રહી.

"આપ કલાપી વિષે શું ધારો છો?" મ્હેં હિંમત રાખી વાત શરૂ કરવા માંડી. મ્હારા સાથીનું નસ્કોરૂં જરા મ્હડ્યું. ન્હાની આંખોમાં તિરસ્કારનાં કિરણો ફૂટવા લાગ્યાં. "ઠીક છે. ખોટો નથી."

"ત્યારે રા. નરસિંહરાવ કેમ છે?"

"ઠીક ઠીક."

"ત્યારે આપ રા. ન્હાનાલાલની નવી પ્રણાલિકા પસંદ કરતા હશો."

"બધા ઠીક છે, પણ પૂરો એકે નહિ."

"હેં?" મ્હારો પીત્તો ઉકળી આવ્યો. શું આટલો બધો તિરસ્કાર! મ્હારા મનની લાગણી ડગમગવા લાગી. "ત્યારે તમ્હેં પૂરો શ્રેષ્ઠ કોને કહો છો?"

"એ સવાલ જરા અંગત છે."

"કેમ?"

"શ્રેષ્ઠતા તમ્હેં કોને કહો છો? એક જાતની ટેવ પડી જાય એટલે તે પ્રમાણે ઘસઘસ કરવું ત્હેનું નામ શ્રેષ્ઠતા? પચ્ચાશ વર્ષે એક રીતે લખ્યાં કરી સારા કહેડાવવું ત્હેમાં વડાઇ? એ તો રસ્તાનો ચાલનાર પણ કરે." મ્હારા સાથીની વાત મ્હારે ગળે ઉતરી, ત્હેની બુદ્ધિ માટે માન વધ્યું, પાછો નમ્ર બની હું પૂછવા બેઠો "પણ ત્યારે આપ શ્રેષ્ઠ કોને ગણો છો?" "કવિમાં શ્રેષ્ઠતા નક્કી કરવી એ કઠણ કામ છે, પણ ખરો કવિ તો કયારે કહેવાય કે દરેક કવિતાની પદ્ધતિમાં એકકો ગણાય, દરેક રસ એક જ રીતની સરલતાથી ઉભરાવે, દરેક ખુબીઓને કલમની અણી પર ધારે."

"ખરૂં," વિદ્વત્તાના દરિયામાં ડૂબકાં ખાતાં મ્હેં કહ્યું. "પણ આપે મ્હારા સવાલનો જવાબ ન આપ્યો."

"નથી આપતો કારણ કે જવાબ આપતાં શરમાઉં છું." મ્હારા સાથીના કરચળીવાળા મ્હોંડા પર શરમના શેરડા પડયા. મ્હને કાંઇ

સમજ પડી. ગુજરાતના કોઇ કવિશિરોમણિ તો મ્હારા સમક્ષ નહિ બેઠા હોય ?

“ના! ના! કહો તો ખરા.”

“શું કહું? જુઓ કલાપિ મ્હોટો કવિ છે, નહિ? પણ ધારો કે કોઈ કલાપિ જેવી પણ કવિતા લખે અને સાથે રા. ન્હાનાલાલ જેવી પણ લખી શકે તો તે કવિ બન્નેથી શ્રેષ્ઠ ખરો કે નહિ?”

“જરૂર” જોરથી ડોકું ધૂણાવી મ્હેં કહ્યું.

“વારૂ! ત્યારે ત્હેની સાથે તે માણસ દયારામની ગરબીઓને શરમાવે એવી ગરબીઓ લખતો હોય તો?” “તો તે વળી તેથી યે શ્રેષ્ઠ.”

“અને સાથે પ્રેમાનંદની પણ લઢણુ લાવે ત્યારે.”

“ત્યારે પૂછવું જ શું? પણ ક્યાંથી લાવવો એવો કવિવર?”

“સેવક આ રહ્યો,” જરા મ્હોટાઇના ગર્વમાં, શરમની નરમાશમાં કવિરાજે કહ્યું.

“હેં” કહી હું ઉભો થઈ ગયો. આ કોણુ? શું આ રા. નરસિંહરાવ કે રા. મણિશંકર કે કોઇ છૂપું, સંતાતું ફરતું રત્ન!

“હા જી આ સેવક. આ બધું હું કરી શકું છું, અને તેથી જ મ્હારી જાતને હું નમ્રતાપૂર્વક શ્રેષ્ઠ કવિવર માનું છું. એટલું જ નહિ પણ આમાંથી કોઇ પણ કવિઓના જેવી કવિતા બનાવતાં સહેલાઇથી શીખવી શકું છું.”

“શું ખરી વાત”? અચંબાના દરિયાવમાં ગોથાં ખાતાં મ્હેં પૂછ્યું. “આપ ક્યાં લખો છો?”

"ક્યાં? બધે. દરેક માસિકમાં, દરેક સાપ્તાહિકમાં, દરેક દૈનિકમાં, દરેક જ્ઞાતિપત્રમાં–જુદા જુદા મથાળા નીચે–જુદાં જુદાં તખલ્લુસથી."

"પણ આપનું નામ મ્હેં સાંભળ્યું નથી એ અજાયબ જેવું છે."

"કારણ કે હું સર્વવ્યાપી છું. મ્હારા મિત્રો મ્હને અવારનવાર ઑર્ડરો લખી મોકલે છે, અને જોઈતી શૈલીમાં હું કવિતા મોકલી આપું છું. તે ઉપરાંત જુદી જુદી શૈલીમાં કવિતા લખવાની મ્હેં નિશાળ કાઢી છે.

"ક્યાં?" "હું તે નિશાળ પત્રવ્યવહારથી જ ચલાવું છું; અને કવિતા લખવાનું શાસ્ત્ર મ્હેં એવું નિયમસર અને સાયન્ટિફિક પાયા ઉપર મૂક્યું છે કે પંદર દિવસની મહેનતથી ગમે તેવો ગધેડો પણ સારામાં સારી ગુજરાતી કવિતા લખી શકે છે."

હું આશાસાગરના ઉંચામાં ઉંચા મોજા પર જઇને પડયો. કલ્પનાશક્તિના ઘોડા ચારે પગે ઉપડયા–આ મહાત્મા પાસે કવિતા કરવાનો મંત્ર શીખી કવિ બનું, ગામે ગામમાં મશહુર થાઉં, ભવિષ્યની પ્રજાને માથે ઉપકારનો બોજો નાખું, ભવિષ્યના વિવેચકોને આ કાવ્ય મ્હારૂં છે કે મ્હારા કાકાનું વગેરે પ્રશ્નોમાં અહોનિશ ગરકાવું! પણ એક સંશય રહ્યો.

"પણ! કવિતા કરવી એ તો ઇશ્વરની બક્ષીસ છે; પછી દરેક માણસ કેમ લખી શકે?"

"ભલા ભગવાન! એ તો અસલી વિચાર; આ તો સાયન્સના દિવસો છે. હાલની લડાઇએ બધી દુનિયાને તેની સીધી રેલ પર ચ્હડાવી દીધી–સિસ્ટિમ–સિસ્ટમ! ઇશ્વરની બક્ષીસ એ તો મૂર્ખોનાં સ્વપ્નાં. બધાને સિસ્ટમ લગાડો તો ઇશ્વરને માટે સ્થાન જ ક્યાં છે?" હું ખુશ થયો. વાત મ્હને ઠીક લાગી.

"વારૂ! ત્યારે આપ મ્હને કાંઇ બે બોલ કહેશો? હું પણ કવિ થવાની આશા ધરાવું છું. ગુર્જર ગિરાની ચાકરી કરવા હોંસીલો છું."

"ઠીક! ખ્હેલી ટેવ પાડવી હોય તો નાટકનાં ગાયન લેવાં અને ત્હેના જેવાં લખવાં. હાલ આપણો રસ ઘણો વિકાસ પામ્યો છે એટલે ગદ્ય જેવું પદ્ય લખવું ત્હેમાં જ મ્હોટાઇ છે. ત્હેમાં નાટયશાસ્ત્ર સુધારવાના ભગીરથ પ્રયત્નો ચાલી રહ્યા છે, અને બે પાત્રો વારા ફરતી લીટીઓ બોલે એટલે માત્રાબાત્રાની પરવા રહેતી નથી. દાખલા તરીકે નીચેનો સંવાદ તેર વખત 'વન્સ મોર' થઇ મુંબાઇની રસિક અને રસજ્ઞ પ્રજાને પ્રિય થઇ પડયો છે. તે મ્હારો લખેલો છે.

"તમ્હે કોણ છો?"

"હું રાણી."

"તમ્હારૂં શું નામ-કેવું છે તમ કામ-કયાંથી આવ્યાં આ ધામ-"

"હું આવી-પ્રીતિ લાવી-તમ મન ભાવી-વાહ-વાહ-વાહ! આહા! આહા! આહા!"

"હવે અંહિંઆં વાહ-! અને આહાનો પ્રયોગ જોજો અને ત્હેની ઝમકની કદર કરજો. શું સુંદર લાગે છે?" મ્હેં ડોકું ધુણાવ્યું. "વારૂ પછી?"

"હવે આ જાણે ખ્હેલું પગથીયું. પછી આજકાલ દોહરા ચોપાઇ તો જૂનાં થઇ ગયાં છે, પણ કોઇ એક એવો સ્હેલો છંદ લેવો. કેટલાક ઉગતા કવિવરો હરિગીત વધારે પસંદ કરે છે, કારણ કે વાતમાં પણ તે બનાવી શકાય છે.

"બેઠો હતો, હું તે જ વખતે વાત ત્યાં એવી થઇ."

જરા જરા હરિગીતો બે ચાર મ્હોંઢે કરી ત્હેનો લય મગજમાં આવશે એટલે પછી બધું સ્હેલું લાગશે."

"પણ વિષય ક્યાંથી લાવવો?"

"શી ગાંડી વાત કરો છો? હજુ તમ્હે ઘણા જૂના વિચારના છો. આજકાલ તો સ્વાભાવિકતા જોઈએ. મહાકવિ વર્ડ્ઝવર્થના પ્રતાપ છે. જેમ પ્રસંગ નિર્જીવ તેમ કવિતા વધારે સુંદર; અને વિષયશૂન્યતા અને વિચારશૂન્યતા હોય તે તો શ્રેષ્ઠ છે, પણ શરૂઆતમાં તે લાવવી અઘરી પડશે. "ત્રાટિકા" ત્રૈમાસિકમાં મ્હારો ફીફલાં (વાંદા)નો હરિગીત જગવિખ્યાત છે."

મ્હને શરમ આવી. શું આવી જગવિખ્યાત વસ્તુથી પણ હું અજ્ઞાત છું? ધિક્કાર પડયો મ્હારા ભણતરને અને જીવતરને.

"ત્હેની પહેલી લીંટી આમ હતી:"

સૂતો હતો, શય્યામહીં ત્યાં આવીયું એક ફીફલું.

સ્ટેટના નાગદાર મહારાજાએ તો નોકરોને સંબોધવા આ કાવ્ય મ્હોંડે રાખ્યું છે."

"હશે, પછી."

"પછી હવે આપણે મ્હોટા કવિઓ તરફ વળીએ. આવા હરિગીત બનાવતાં આવડયા એટલે તમ્હે કવિતાશાસ્ત્રમાં ગ્રૅજ્યુએટ થયા. પછી કલાપી લ્યો. એવું કાવ્ય લખવું હોય તો ઘરમાં કોઇની સાથે લઢીને બેસો તો વધારે સારૂં લખાશે. ને હમેશાં જુદા જુદા કવિઓના ખાસ શબ્દો હોય ત્હેની એક નોટ બૂક રાખવી, કે તેવાં કાવ્ય લખતી વખતે શબ્દો સારી રીતે વાપરી શકાય. કલાપીના શબ્દોમાં જુઓ, ઇશ્ક, દિલ જીગર, સ્મરણ, રડવું, આંસુ વગેરે ઘણી વખત આવે છે. લખતી વખતે આ શબ્દો બે ચાર વાર વાંચવા, અને બને તો ગજલ જમાવવી; અને કલાપી એવો છે કે પા કલાક વાંચો કે ત્હેના જેવું લખવાની ધૂન લાગે.

'અરે મ્હારા હૃદય પ્યારા, રહે તું બાપુ! રહે છાનું.'

“ શું આ લીંટીમાં કેકારવના પડઘા પડી રહ્યા છે ખરા કની ? અને કલાપીની ઢબમાં લખવાને વિષય આપવો નથી પડતો. “ઇશ્ક” અને “ પ્રિયા ” એને પકડી રાખ્યાં કે બેડો પાર. બધા વિષયો ઘરડા થયા છે. આ વિષય કોઇ દિવસ થયો છે ? ”

“નહિસ્તો તે નહિ હોય તો કવિઓનો રોજગાર ક્યાં રહે ? ”

“ બરોબર છે ! શું સ્ટેશન આવ્યું ? વાંદરા ! હજુ ઘણો વખત છે. ઉભા રહો હું જરા બીડી ચેતાવી લઉં.” કહી કવિરાજે વાત કરવા માંડી. “ જુઓ, હવે આધુનિક કાવ્યો તરફ ફરીએ. લલિતની શૈલીમાં મ્હારી પૂર્ણતા અદ્‌ભુત છે. લાલિત્ય એ મ્હારી ખાસ મીલકત છે, અને ત્હેની હાલની ખુબી કાંઈ ન્યારી જ છે. એક જ શબ્દને આમ તેમ ગોઠવી જે કાવ્યમયતા લલિતાનાં કાવ્યો પ્રસારે છે ત્હેની બરોબરી કોણ કરી શકે એમ છે ? ત્હેમાં હમણાં એ રીત પૂર્ણતાએ પામી છે; અને ખાસ કરીને માસિક પત્રોમાં લેખો નહિ હોય અને ઘણાં પાનાં દેખાડવાં હોય ત્હેને બહુ રૂચિકર લાગે છે કારણ કે આ કાવ્યની એક પણ લીંટી ત્રણ શબ્દોથી વધતી નથી. એક શબ્દ લ્યો. “દુખ્યું” હવે આપણે કાવ્ય કરીએ.

“ હા—આ દુખ્યું.
શું શું દુખ્યું ?
મુજ મન દુખ્યું ”

નહિ તો નાટકનો એક રાગ લ્યોઃ ધારો કે “ ગોવિંદ ગુણ ગાઉં રે.” હવે મ્હારે આ રાગની કવિતા કરવી હોય તો આ રહી.

“ બેઠા શું બેઠા બેઠારે, બેઠા, શું બેઠા, બેઠા ? ”

“શું રસ ઝરે છે ? ” મ્હેં તે વાત કબૂલ રાખી—“પણ રા. ન્હાના લાલ જેવાની શૈલી ઉતારવી સ્હેલી નથી.”

"સાહેબ! હું ઘણો શરમાળ માણુસ છું. જો મ્હારામાં તે શકિત નહિ હોય તો શ્રેષ્ઠ કવિવર કહેવડાવવાનો કોઇ દિવસ દાવો કરૂં? રા. ન્હાનાલાલની કવિતા પર તો મ્હારો કાબુ અપ્રતિમ છે, કારણ કે આજકાલ તેવી કવિતાના ઑર્ડરો ઘણા આવે છે."

"ત્યારે તે કેમ લખાય? મ્હેં ઘણી માથાકૂટ કરી પણ એવું લખાતું નથી."

"કારણ કે તમ્હે મ્હારી પાસે શીખ્યા ન્હોતા. જુઓ, એ કવિતા કરતા પ્હેલાં તો ભાષાને ઉંચી કરવી જોઇએ; ઉંચી કહેતાં ન્હાનાલાલીયા—મીઠી, મધુરી, ઝમકતી, જીભને ચુંથાવતી, બુદ્ધિને ગભરાવતી: એવા શબ્દોને ભેગા કરવા. કેટલાક શબ્દો વિના તો તે થાય જ નહિ. જુઓ, પ્હેલાં "અનેરૂં" "સ્વ" મંજુલ અને ખાસ કરીને "ય" આ શબ્દો જ્યાં અને ત્યાં વાપરવામાં જ ખુબી છે. પછી બીજી પંકિતના શબ્દો પણ બહુ જ ભેગા કરવા: "મનુદેહ, સમાધિ, બ્રહ્મયોગ" વગેરે.

"પણ મ્હને તત્ત્વજ્ઞાન નથી આવડતું."

"ત્હેની શી ફીકર છે? તમ્હારે તે કવિતા બનાવવી છે કે તત્વજ્ઞાન સમજવું છે?"

"પણ સમજ્યા વગર કેમ વપરાય?"

"ભલા માણુસ! જેમ સમજ્યા વગર વાપરો તેમ જ તમ્હારી વિદ્વત્તાની વધારે કિંમત થાય. હવે જુઓ, સાથે "ડ–ડા" ની પણ ભરતી રાખવી "ન્હાનકડું–લીલમડી–ભેંસલડી વગેરે." હવે આ રસિક શબ્દોનો સમુચ્ચય ભેગો થયો કે તમ્હે અડધી મુશ્કેલી જીતી; તમ્હે સજ્જ થયા–યુદ્ધમાં ઉતરવું જ રહ્યું."

"તે કેમ કરવું, પણ?"

"ત્હેને માટે મ્હેલાં વેણુઓ વાગે, ચાંદરણીઓ ચમકે, ફુલડાં વીણાય, એવા એવા સરસ પ્રસંગો ખોળી રાખવા અને જો અંગ્રેજી પર કાબુ સારો હોય તો શેલી અને કીટસની કેટલીક ઉપમાઓ અને કલ્પનાઓ ભેગી કરી રાખવી કે ત્હેનો તરજુમો થાય અને કાવ્યની સમૃદ્ધિ વખણાય."

" બે રસ્તા છે. મ્હેલો રસ્તો તો એ છે કે એક કાગળ પર ગદ્યમાં એવા પ્રસંગનું, એવા શબ્દોથી સીંચેલું, એવી કલ્પનાઓથી કૂદતું કાંઇ લખી નાંખવું; પછી કાગળ લઇ એને સીધ્ધો ન ફાટે એમ, ફાડી બે કકડા કરવા. આમ કરવાથી તમ્હારી લીંટીઓનું માપ ન્હેચાઇ જશે, અને પછી તો ફક્ત જે પ્રમાણે કાગળ ફાડવાથી વાક્ય તૂટ્યું હોય તેમ જ લખી દેવું, એટલે રા. ન્હાનાલાલના જેવી રસિક કૃતિ તૈયાર થઇ. હવે બીજી રીત જરા કઠણ છે.

"તે કેવી?"

"એક કાગળ લઇ જેમ સેત્રંજની બાજીનાં ખાનાં હોય એમ ત્હેના પટ પાડવા. આઠ ઉભાં અને આઠ આડાં ખાનાં પાડો તો ૬૪ ખાનાં થાય. પછી ગમે ત્યાં એક બે સવાલનાં ચિન્હ લખવાં. એ ૬૪ માંથી ગમે તે કોઇ ખાનાંમાં અનેરાં, આલ્હાદ, કોયલ, ટહુકો, વેણુ, મંજુલ રવ, પમરવું એમ ચાર પાંચે ય લખી નાંખવા. આ કર્યું કે બધી સામગ્રી તૈયાર થઇ. વાક્યો પાંચ કે છ શબ્દોથી તો લાંબા કરવા અશાસ્ત્રીય જ છે એટલે બાકીના રહેલા ખાનામાં ઉપલા શબ્દોની જોડે કાનને રુચિકર લાગે એવા શબ્દો ગોઠવી દેવા. એટલે તમ્હારી કવિતા તૈયાર થઇ ગઇ. એટલું ધ્યાનમાં રાખજો કે કાંઇ ને કાંઇ વિચિત્રતા તો રહે જ, નહિ તો નકામા."

મ્હારા હર્ષનો પાર રહ્યો નહિ. કવિ થઇ અમર નામ મેળવવાની મ્હારી આશા હવે પરિપૂર્ણ થશે એવી મ્હને ખાત્રી થઇ. મ્હારા ગુરુ તરફ હું સાભાર નયને ફર્યો.

"પણ ત્યારે તમ્હે નામ સાથે શા માટે કાવ્યો નથી પ્રગટ કરતા? શા માટે અમર થવાનો લ્હાવો ચૂકો છો?"

"કેટલાક પ્રસંગસર મ્હારે સ્મૉલકોઝ કોર્ટના બેલિફોથી છૂપાતા ફરવું પડતું હતું. પણ હવે મ્હારો વિચાર શહેરમાં બ્હાર આવવાનો છે."

"ખરેખર! આપ બ્હાર આવશો તો ગુજરાતનો બેડો પાર થઇ જશે, અને પછી ગુર્જરી દેવીની શી ખુબી?"

"હા! ગુર્જરી દેવી અદ્ભુત છે, સૌંદર્યભર્યાં છે. જ્યારે જ્યારે સાહિત્ય મંદિરની હું કલ્પના કરૂં છું ત્યારે મ્હારૂં મન વ્યોમ ફોડી ક્યાંનું ક્યાં જતું રહે છે."

"હા! જતું જ હશે."

"મ્હારી કલ્પનાના તેજસ્વી પ્રદેશમાં ગુર્જરીની સાહિત્યવાટિકા મ્હને હુમેશ દેખાય છે. ગુજરાતના કવિરત્નોને ત્હેમાં હું નીરખી રહ્યો છું. આમ તેમ અનેક 'ઇશ્ક' અને 'કફની'ના ભકતો દગ્ધ દિલ પર રાખ શોભાવી રખડતા હું ભાળું છું. તે સુંદર વાડીને એક ખૂણે મહુલીમાં હું લલિતને ગાતો જોઉં છું; એક ખૂણે આંબાવાડીયામાં કોયલના ટહુકા સાથે તાન લગાવતી વેણુના વાદનથી કોઇ નૈષ્ઠિક બ્રહ્મચારિણીનું હૃદય પમરાવતા રા. ન્હાનાલાલ નજરે મ્હડે છે; ત્રીજી તરફ સાહેબ લોકના પહેરવેશનું ગૌરવ ધારણ કરી રા. નરસિંહરાવ નૂપુર ઝંકારનો રસિક રવ પ્રસારી રહ્યા છે. અહાહા! શું સૌંદર્ય! શું ખુબી!

મ્હેં કવિરાજના ભવ્ય મ્હોંડા સ્હામું જોયું—ત્હેના પ્રભાવની ભક્તિમાં લીન થયો. "પણ! આ વાટિકામાં આપનું સ્થાન ક્યાં?"

"મ્હારૂં–મ્હારૂં? આ ગુર્જરીના પુત્રો મ્હારે મન બાલકો"—

"આંટરોડ! આંટરોડ." બ્હારથી બૂમ પડી.

બધો વિચાર છોડી હું મ્હારાં પોટલાં ભેગાં કરવા ઉઠયો.

હું શું કરૂં?

વાચકને એક ખાનગી પ્રશ્ન પૂછું છું કે "હવે હું શું કરૂં?" કોનો વાંક કહાડું? મ્હને કાંઇ પણ રસ્તો સૂઝતો નથી. ત્હેનું કારણ માત્ર એવું છે કે જેને કહું છું તે હસે છે. જે વસ્તુમાં બધા મ્હારૂં સદ્ભાગ્ય સમજે છે ત્હેમાં મ્હારૂં દુર્ભાગ્ય સમાયેલું છે. તે વસ્તુ—મ્હારી સ્ત્રી.

આ ઉપરથી એમ નહિ સમજશો કે મ્હારી સ્ત્રી કોઇ કદરૂપી, કે જૂના વિચારની, કે અભણ, કે નીરસ, કે બેદરકાર, કે નિમકહરામ, કે શંખણી છે. ત્હેમાં આ બધી ખોડોનો અભાવ છે; એ જ મ્હારા દુઃખનું કારણ છે. તે શરીરે, સ્વરૂપે રૂપવંતી છે—એથી વધારે કહેવું હું દુરસ્ત ધારતો નથી; વિચારમાં તે મહાદેવ ગોવિંદ રાનાડેને પણ બે ચાર સુધારાના સિદ્ધાન્ત શીખવે એમ છે; બુદ્ધિની ધાર વિલાયતી ચપ્પુ જેવી છે; મુંબાઇ યુનિવર્સિટીની ઇન્ટરમીડિએટની પરીક્ષા પસાર કરી છે. એટલે હોશિયારીમાં વાંધો કહાડતાં જીભ કરડી ખાવી પડે એમ છે; રસજ્ઞતામાં જાણે—નથી કહેતો; ટૂંકાણમાં, આખા હિંદુસ્થાનમાં કાશ્મીરથી કન્યાકુમારી સુધીમાં જડવી મુશ્કેલ પડે એવી ડાહી, શાણી, રસજ્ઞ, ચતુર અને શીલવતી સ્ત્રીનો ભરથાર થવાને હું ભાગ્યશાળી બન્યો છું.

રા. ડાહ્યાભાઇ ધોળશાજી કહી ગયા છે કે "જે ઘર નાર સુલક્ષણી તે સુખે સૂનાર". એ લેખક માટે મ્હને ઘણું માન છે, છતાં મ્હારે કહેવું પડે છે કે એ વાત તદ્દન ખોટી છે. મ્હારે સુલક્ષણી સ્ત્રી છે—છતાં એક દિવસ હું સુખે સૂતો નથી. કહો. હવે હું શું કરૂં?

મૂળ વાત આમ થઇ; હું બી. એ. માં પાસ થયો ને એ (તમ્હેં સમજી ગયા હશો કોણ) ઇન્ટરમીડિએટમાં પાસ થઇ. હું કૉલેજમાં છોકરાઓનો સરદાર ગણાતો—એની પાછળ બધા ગાંડા થઇને ફરતા હતા. કોઇ

એની ચોપડીઓ ઉંચકતું, તો કોઈ એને સ્ટેશન સુધી વળાવવા આવતું, તો પ્રોફેસરો બધા એને ચહાપાણીએ બોલાવતા. તે વખત તો ઠીક—પણ પછી અમ્હેં પરણ્યાં--ને મ્હારી પીડાઓ શરૂ થઈ.

ઘરમાં, બ્હાર, મિત્રોમાં, મીજબાનીમાં તે મ્હારી બૈરી ન લેખાય, પણ હું ત્હેનો ધણી ગણાઉં. હું રસ્તે જતો હોઉં ને કોઈ આંગળી કરી દેખાડે: "આ મિસ્તર ! હં. એ તો મિ. ક્ષ.-આપણે પેલી મિસ મેના છે ને ત્હેના વર. મિસિસ ક્ષ ઘણી જ હોશિયાર છે. ખરેખર આદર્શરૂપ છે." એટલે સેવકનો હિસાબ હોય જ ક્યાંથી ?

ઘણે દિવસે કોઇ મિત્ર મળે તો પૂછે: "ઓહો ! મિ. ક્ષ ! કેમ ? મિસિસ ક્ષ. કેમ છે ?" ભલો માણસ મ્હારી તો તબિયત પૂછતો જ નથી. મ્હને ઘણી વખત જવાબ દેવાનું મન થાય છે કે મિસિસ ક્ષ. ગયાં જહાન્નમમાં.

કોઇ ઠેકાણે જો ચાર જણ વાત કરતા હોય ને હું ત્યાં જાઉં કે વિચિત્ર રીતે બધા વાત બદલી નાંખે. હિન્દુ કુટુંબજાલ કેટલું દુ:ખમય છે, સ્ત્રીઓ કેટલી અભણ છે, ધણીઓને કેટલું સ્હેવું પડે છે, વગેરે, વગેરે, એમ વાતો થાય. આ વાત નીકળે કે હું મૂઠીઓ વાળી અગ્યારા ભણી જાઉં; કારણ કે બીજું વાક્ય નક્કી જ આ આવે: "હા ભાઇ ક્ષ. તો નસીબદાર છે. ત્હેને કાંઇ આવી અડચણો પડે છે ? ત્હેને તો મિસ...મૈના." મ્હને ગમે તેમ થયું ત્હેમાં દુનિયાના બાપનું શું મ્હેં ચોરી ખાધું કે આટલો જુલમ !

મિત્રો કાગળ લખે તો પણ બાજુ ભરીને મિસિસ ક્ષ. પર જ સંદેશા મોકલાવે એટલે સેવક તો જાણે એક સંદેશા પ્હોંચાડનારો હમાલ. કેટલાક તો છેક નફ્ફટ થઇ બારોબાર પત્ર લખે છે "My dear Mrs. X." નવા જમાના પ્રમાણે એ પણ મ્હારે વેઠવું પડે છે. હું શું કરૂં ?

જાણે હું તો એક અંટોલ કાટલું હોઉં, મોઘા મૂલ્યની એક સિંહણનો રખેવાલ હોઉં, જાણે કોઇ મહારાણીનો ખાનગી કારીભારી હોઉં, એમ જ બધા મ્હને ગણે છે, અને છતાં પણ હું એમ. એ. છું અને ધંધાની મ્હારા પર સારી મ્હેર છે. એ પણ નસીબ!

ઘરમાં પણ મ્હારા ભોગ છે. એક વખત મિસિસ ક્ષ. નું માથું દુખવા લાગ્યું. હવે એમાં મ્હારો કાંઇ વાંક હતો જ નહિ. છતાં હું ઑફિસ જવા દાદર ઉતરવા લાગ્યો અને અમ્હારી બાજુમાં રહેનાર પડોશીઓ હેઠળ વાત કરતા હતા તે સાંભળી ઉભો રહ્યો.

"બિચારી આજે ઘણી માંદી લાગે છે."

"માંદી તો શું? પણ એનો ધણી જાનવર જેવો છે. કાંઇ વઢયો-કર્યો હશે. આપણા લોકો કેળવાયા તો પણ વગેરે, વગેરે." હવે મિસિસ ક્ષ. નું માથું દુખે ત્હેમાં પણ મ્હારા ભોગ! અને ધારો કે હું વઢયો? ત્હેમાં કોઇને શી પંચાત? મ્હારી બૈરી છે ને હું વઢયો. ઘરમાં મા અને બાપનો પણ તેટલો જ ત્રાસ. "ભાઇ ક્ષ. આ મેનાને માટે તું આટલું તો કરતો જ નથી. તું એને બહુ પજવે છે વગેરે વગેરે." એટલે મ્હારા ઘરમાં માલેક એ ને હું તો વૈતરો.

આટલેથી પીડા અટકતી હોય તો વધારે સારૂં; પણ સાંજના થાકયો પાકયો ઘેર આવું અને સહધર્મચારિણી જોડે બે પળ નીરાંતે બેસવાની આશા રાખતો હોઉં ત્યાં કોઇ મિત્ર બારણું ઠોકતો આવીને ઉભો જ રહે. "કેમ! કેમ છો મિ. ક્ષ! કેમ મિસિસ ક્ષ.! ખુશીમાં તો ખરાં. આ તો મ્હને કાંઇ ચેન ન પડયું તે મ્હેં કહ્યું ચાલ મેનાબ્હેનને ત્યાં જરા જતો આવું."

"કેમ કાંઇ ખાસ કામ?" જરા આકર્ષક રીતથી: "નારે, ખાસ કામ તો કાંઇ નથી, મેનાબ્હેન! પણ જાણો છોને તમ્હારી ભાભી! અમ્હારૂં

ઘર તો ઠીકાઠીક છે. મ્હને ઉદ્વેગ ઘણો થયો એટલે જરા તમ્હારી પાસે આવ્યો."

થયું! ભાઇને બૈરી ઠીક ન મળી એટલે મ્હારે ઘેર આવ્યા. પછી એવા મિસ્તરો નીરાંતે બેસે, મેના જોડે વાત કરે અને સેવક મૂગે મ્હોંડે બેસી રહે–નહિ તો હાજીહા પૂરવાનો ધંધો શરૂ કરે; અને મેના કંડે પેટે ત્હેનાં દુઃખ સાંભળે, આશ્વાસન આપે અને ધીમે રહીને વિદાય કરે. એટલે શું બીજા બધાને જોઇએ તેવી બૈરીઓ ન મળે માટે મ્હારૂં ઘર ગામનો ચોરો કરી મૂકવો?

એક દિવસે રાતના અગ્યાર વાગે મેના ગાવા બેઠી. એક પછી બીજું ગાયન ત્હેણે લલકારવા માંડયું. ઘણે દિવસે આવા સુખનો લ્હાવો લેતો હું બેઠો. થોડીક વારે બારીએ અમસ્તો ગયો અને જોઉં તો નીચે પંદર વીશ જણાઓ ઉંચું ડોકું કરી અમ્હારી બારી સ્હામું જોઇ રહ્યા હતા. મ્હેં ગુસ્સાના આવેશમાં ભડ દઇને બારી બંધ કરી, અમ્હારૂં ઘર પ્હેલે માળે હતું. બીજે દિવસે મ્હેં માળાવાળાને નોટિસ આપી. હવે તો છેક પાંચમે માળ રહું કે જેથી મેનાનો અવાજ સાંભળનારા ભાગીઆઓ વધે નહિ.

આવા આવા અનેક પ્રસંગો અહોનિશ બનવાથી મ્હારો સ્વભાવ બગડતો ગયો. હું શું કરૂં? કોઇ મિત્રનું મ્હને મ્હોડું ગમતું નથી, કોઇ ઠેકાણે જવું ગમતું નથી, ઘેર બેસવું રૂચતું નથી. આખો દહાડો રખેને કોઇ મેનાની જોડે વાત કરી જશે, કોઇ એનું હાસ્ય સાંભળી જશે, એવા એવા વિચારો આવે છે. પણ બધાથી મોટી પીડા તો બીજી છે. એ દુઃખ કહું કોને? મેનાને કહેવા જાઉં તો ત્હેને ખોટું લાગે; બીજા કોઇને કહેવા માંડું તો તે હસે; ન કહું તો અંદર બળી મરૂં છું. ઘણી વખત મેના પર ચીડ ચ્હડે છે; સ્ત્રીકેળવણી પર

ધિક્કાર આવે છે. મેના કરતાં કોઇ અજ્ઞાન કે કદરૂપી પરણ્યો હોત તો એટલી નિરાંત તો રહેત કે મ્હારા શિવાય કોઇ તેની સ્હામું તો ન જુઅત—પણ આ તો પાછા કેળવણીના દિવસો, અને બધા સ્વાતંત્ર્યના ભગતો. જો જરા સખ્તાઈ કરવા જાઉં તો કહેશે કે "આ મ્હોટો કેળવાયલો જોયો, બૈરીને બ્હાર પણ નથી કહાડતો!"

ન કરે નારાયણ ને હું મ્હોટો બાદશાહ થાઉં તો તરત પ્હેલો કાયદો જનાનો દાખલ કરવાનો કરૂં, અને માત્ર નાક કાન કપાયેલી સ્ત્રીઓને જ ખુલ્લે બજાર જવાની રજા આપું. હવે મ્હને જુના જમાનાના રીવાજોનું રહસ્ય સમજાય છે. જ્યાં સુધી એવો કાયદો થાય નહિ કે દરેક જણે પારકી સ્ત્રીની સ્હામું ન જોવું, ત્હેની વાત ન સાંભળવી, ત્હેનું ગાયન સાંભળી કાન બંધ કરવા અને તે કાયદો તોડનારને દેહાન્ત શિક્ષા ન થાય ત્યાં સુધી બસ જનાનો બધે દાખલ કરી દેવો; અને નહિ તો દૃઢ નિશ્ચય કરવો કે અભણ અને કદરૂપી સ્ત્રી શિવાય બધીને બસ ત્યાજ્ય જ ગણવી. આ શું? પણ શું કરવું? હવે બાદશાહ થવાની લાઇન દહાડે દહાડે ઓછી થતી જાય છે. જન્મ્યો તો–શા સારૂ હજાર વર્ષ પ્હેલાં ન જન્મ્યો? હશે.

માત્ર સદ્‌ભાગ્ય મ્હારૂં એટલું જ છે કે મેના આ બધું સમજે છે અને મ્હારી લાગણી ન દુખાય અને ઓછું ન આવે તે માટે અનેક પ્રયત્નો કર્યાં કરે છે. પણ તેથી શું? મ્હારી મેના તે મ્હારી. પોતાની એકલાની માલેકીની છે—શા માટે બીજા બધા આ પ્રમાણે કનડે છે? સુખ જોઇને આશ્વાસન જોઇએ અને ન જડે તો નશીબ. તેમાં હું શું કરૂં? પણ કોઇ સમજતું નથી, દુઃખ દે છે અને મ્હારો જીવ વધારે ને વધારે કચવાય છે. પણ કાંઇ રસ્તો છે? રસ્તો જલદી ખોળવો પડશે અને નહિ ખોળો તો જો જો સ્ત્રીકેળવણી વધતી જાય છે; આજે મ્હારો વારો તો કાલે તમ્હારો.

નવી આંખે જુના તમાસા.

હું અને મ્હારા મિત્ર મિ. રેવડીયા શિષ્ય અને ગુરૂ હતા; બૉસ્વેલ અને જૉન્સન કહો તો પણ ચાલે. ત્હેમની રીતભાત, કપડાં, બોલી, બધાંનું હું અનુકરણ કરતો, કારણ કે મ્હારે મન તે મહાત્મા હતા; ત્હેમના જીવનસિદ્ધાન્તોમાં મ્હને શ્રદ્ધા હતી; ત્હેમના વાક્ચાતુર્ય પર હું ફીદા હતો અને ત્હેમને દુર્જેય માનતો હતો.

મિ. રેવડીયાનો જીવનસિદ્ધાન્ત ચાલુ જમાનો હતો. તે ત્હેના પૂજક હતા. ત્હેની રહેણીકરણીના ભકત હતા, અને ત્હેનાથી કાંઇ પણ જુદું હોય ત્હેના કટ્ટા વેરી હતા. પોતે પૈસાદાર હોવા ઉપરાંત યૂરોપ અને અમેરિકા વગેરેમાં ત્હેમણે મુસાફરી કરી હતી; અને હાલના જમાનાનું સાહિત્ય ત્હેમણે સારી રીતે વાંચ્યું હતું. તેઓ ઘણા જ ચતુર, ઘણા જ વિદ્વાન, ઘણા જ નવા અને સુધરેલા, ઘણા જ ફૅશનેબલ, અને આપણા મતિમંદ પૂર્વજોની કારકીર્દી તરફ પુષ્કળ તિરસ્કાર ધરાવનાર હતા. મ્હારી આર્થિક સ્થિતિ અને બુદ્ધિબળ પ્રમાણે ત્હેમનો અનુયાયી હું પણ થવા મથતો.

અમ્હે બે ઘણા જ ઉંડા તથા બહોળા વિચાર પછી દૃઢ, ચોક્કસ, અને નિષ્પક્ષપાત નિર્ણય પર એકદમ અને જોસભેર આવી ગયા હતા; અને તે નિર્ણય એ હતો કે બધું ડહાપણ, બધી વિદ્યા, અને બધી અક્કલ હાલના જમાનામાં જ ટપ દઇને પેદા થઇ ગઇ છે. અમને ખાત્રી થઇ ગઇ હતી કે અસલ હિન્દમાં જંગલી લોકો હતા; ત્હેમની કારકીર્દી અકકલહીન અને કાયર હતી, ત્હેમની બુદ્ધિ પર કાટ ચ્હડયો હતો; અને અમ્હારા જેવા હોશિયાર, સુધરેલા, બાહોશ અને ચાલાક સપુતો પેદા કર્યા શિવાય ત્હેમણે કાંઇ પણ વધુ કર્યું નથી.

આ નિર્ણય અને આ ખામી વિષે અમ્હે અનેક વખત વાતો કરતા; હાલની સંસ્કૃતિની ખુબીઓ વખાણતા; પ્હેલાંની મૂર્ખાઇ પર હસતા. ઘણી વખત મિ. રેવડીયા સ્હવારના દશ વાગે ઉઠતા; મ્હોંડામાં સિગાર અને હાથમાં ચાહનો પ્યાલો રાખતા; અને ડ્રેસિંગ ગાઉનમાં સજ્જ રહીને પડયા પડયા અનેક તર્કો ચલાવતા. તેવે વખતે હું ત્યાં જઈ ચ્હડતો, અને કઢંગા પૂર્વજોએ બનાવેલી ત્હેમની કાળી ચામડી વીસરી જઇ તે કેવા સુંદર ફૅશનેબલ અને અપ–ટુ–ડેટ છે તે વિષે મનમાં પ્રશંસા કરવા લાગતો. નહિ તો અમ્હે બન્ને ફૅશનેબલ કપડાં પ્હેરી બૅન્ડસ્ટૅન્ડની લટાર મારતા. તે વખત અમ્હે પોતે ઘડી બેઘડી ભુલી જતા કે અમ્હે જંગલી અને અસંસ્કારી દેશના રહીશ છિએ; માત્ર પંચાત એટલી જ હતી કે કોઇ મૂર્ખ માણસ મ્હને કે મિ. રેવડીયાને ગોઆનીસ ગૃહસ્થ ધારતા; પણ ત્હેમની અમને પરવા ન્હોતી.

મિ. રેવડીયામાં પ્રશંસાપાત્ર ગુણ એક બીજો હતો. તે માત્ર આત્મસંતોષી ન્હોતા. ત્હેમનો ઇરાદો ત્હેમના સિદ્ધાન્તોને આખી સૃષ્ટિમાં ખૂણે અને ખોચરે પ્રસારવાનો હતો. તે એમ પણ ચોક્કસ માની બેઠા હતા કે ભૂતકાળના હિન્દીઓ અક્કલ વગરના હતા, એટલું જ નહિ પણ ચાલુ જમાનાના સિદ્ધાન્તો જો કેટલાક તેમને શીખવ્યા હોત તો તેઓ ચોક્કસ માણસાઇમાં આવત. એમને પોતાના વાક્ચાતુર્ય ઉપર પણ વિશ્વાસ એટલો બધો હતો કે તે ઘણી વખત સૂચવતા કે એમના જેવા બાહોશ અને બુદ્ધિશાલી નરરત્ને જનકવિદેહી કે અશોકના સમયમાં જન્મવાની તસ્દી લીધી હોત તો જરૂર હિન્દુસ્થાનનો બેડો પાર થઇ જાત–આપણે બધા જંગલીને બદલે સુધરી જાત અને ઇતિહાસક્રમનું પૈડું કાંઇ જુદી જ રીતે ગબડવા માંડત.

એક દિવસ રાતના આ વિષય પર અમ્હે ઘણો ઉંડો વિચાર કર્યો. ત્હેને અંતે મ્હારે કહેવું પડયું: “ મિ. રેવડીયા ! તમ્હે આટલા બધા ઉત્સાહી છો અને છેવટે સ્વર્ગે જાઓ તો કાંઇ નવું જૂનું થાય. ”

"કેમ વારૂ ?"

"સ્વર્ગમાં સડતાં ડોસાંડગરાંઓને પણ તમ્હારા અભિપ્રાયોનો લાભ મળે અને તે બીચારા સુધરે."

"ખરી વાત છે. Better late than never. સ્વર્ગમાં તો સ્વર્ગમાં, પણ ડોસાંડગરાંમાં કાંઈ અક્કલ તો આવે."

"એ પણ વાત સાચી. ચાલો સાહેબજી" કહી મ્હેં રજા લીધી.

હું મ્હારે ઘેર ગયો પણ મ્હારા મગજ આગળથી આ વાત ખસી નહિ. ઉંડા ને ઉંડા વિચાર કરતાં અનેક તુરંગો થવા લાગ્યા અને મિ. રેવડીયા સ્વર્ગમાં જાય અને સદ્‌ગત મહાત્માઓને મળતાં ત્હેમના પુરાણા જીવનમાં શા શા ફેરફારો થાય તે પર મનની પાંખડી ચાલી. એ વિચારો ઘણો જ લાંબો વખત મ્હેં કર્યા અને પછી હું સુતો,–સુતો અને પાછો જાણે જાગ્યો. આંખો મીચેલી હતી કે ઉઘાડી ત્હેનું મ્હને ભાન રહ્યું નહિ.

મ્હને એમ લાગ્યું કે હું સુતો હતો ને એક જણ કોઇ આવ્યો અને મ્હારા મિત્ર અને પૂજ્ય ગુરૂ મિત્ર રેવડીયાનો પેગામ લાવ્યો.

"આજે પાંચ પાંચ યુગ થયાં તેઓ સ્વર્ગમાં સુધારો કરવા મચ્યા રહ્યા છે અને આપને તેડે છે."

"મ્હને શું કામ ?"

"તે સુધારો જોવાને આવવું હોય તો વિમાન તૈયાર છે."

મ્હારી પૂજ્યતાની બુદ્ધિએ ઉછાળો માર્યો. મિ. રેવડીયા જોડે થોડા કલાક પ્હેલાં કે થોડા યુગ પ્હેલાં વાત કરી હતી તે હું ભૂલ્યો, પણ ત્હેમનો વિજય જોવા એકપગે થઇ રહ્યો. ઝટ દઈ મ્હેં કપડાં પ્હેર્યાં અને વિમાન પર ચ્હડયો; અમ્હે ઉડવા મંડયા. આખરે મ્હારા સાથીએ કહ્યું કે આ સ્વર્ગ આવ્યું.

સ્વર્ગ જોઇ મ્હને અસંતોષનો પાર રહ્યો નહિ. મ્હને કાંઇ મ્હોટા રસ્તા, ઉંડી ગટરો, ઉંચાં મકાન, બાગબગીચા, મિલનાં ભૂંગળાં વગેરે જોવાની આશા હતી. ત્યારે આ તો એક વિશાળ ઉંડું વન લાગ્યું.

" આ સ્વર્ગ ! નૉન્સેન્સ ! "

" હા ! આ ત્હેનો હિન્દવિભાગ છે."

" અહિંઆં પણ લોકોમાં અક્કલ હોય એમ લાગતું નથી ! "

" મહારાજ ! " મ્હારા સાથીએ કહ્યું. " અહિંઆં હજુ જોઇએ તેવો સુધારો થયો નથી. આ થોડાએક યુગ થયાં મહાત્મા રેવડીયાને પ્રતાપે ઝાડોની ગણત્રી થવા લાગી છે, અને પછી કાંઇ કંટ્રાકટ આપવાનો વિચાર ચાલે છે.

હું હરખાયો. મ્હારા મિત્ર તો ખરેખરા નવા જમાનાના જ. શાબાશ! આનું નામ કેળવણી! "મિ. રેવડીયાએ કેવી રીતે આ સુધારો કરવા માંડયો ?"

" પ્હેલાં તો એ સાથે બને એટલો સરસામાન લઇને આવ્યા અને ધીમે ધીમે બધાને સુધારાનો સ્વાદ ચખાડવા લાગ્યા "

"એમ ? વારૂ ચાલો. મ્હને જલ્દી બધું બતાવો. હું કાંઇ અસલના જેવો આળસુ નથી. વખત ઘણો કીંમતી છે."

" જી હા ! આ તરફ ચાલો " કહી મ્હારો સાથી મ્હને લઇ વનમાં દાખલ થયો.

મ્હારા મિત્રે શું શું નવા ફેરફારો કર્યા હશે, હું કોને જોઇશ અને તેઓ કેવા હશે તે સંબંધી મ્હેં વિચાર કરવા માંડયો. મુંબાઇ જેવા સુધરેલા શહેરમાં રહ્યા પછી આ જંગલ કાંઇ અકારૂં લાગવા માંડયું. છતાં મ્હારા પૂજ્ય રા. રેવડીયાનો પ્રતાપ જોવા ખાતર હું આગળ ચાલ્યો. કયાં સુધી ગયો, કેટલી વાર ચાલ્યો તેનો હિસાબ રહ્યો નહિ.

દૂરથી એક બેસુરી ફિડલનો અવાજ આવ્યો, અને તે તરફ ફરતાં એક તેજસ્વી પણ વૃદ્ધ અને આપણા અજ્ઞાન લોકો જેને મહાત્મા કહે છે એવા દેખાતા પુરૂષને ફિડલ વગાડતા જોયા. ત્હેમની આંખમાં તેજ દેખાતું હતું પણ મ્હારા પોતાના અભિપ્રાય પ્રમાણે દહાડી આટલી મ્હોટી વધવા દઈ તેઓ પોતે અણસુધરેલા છે એમ પૂરવાર કરતા હતા. અમ્હારા રેવડીયા પંથ પ્રમાણે સ્હવારના પ્હોરમાં, અડધી ઘડી સૂર્યોદય પ્હેલાં, દરેક મનુષ્યે પોતાની દહાડીમૂછ કહાડી સ્વચ્છ થઇ જવું જોઇએ. ફિડલ વગાડનાર મહાત્મા મૃગચર્મ ઉપર રૂનો એક ગદેલો નાંખી બેઠા હતા. ત્હેમની સ્હામું એક તરફ જુદી જુદી સેંટની શીશીઓ પડી હતી; પાસે ત્રભાણામાં કાંઇક આઈસક્રીમ જેવું દેખાયું. હું ચમકયો; આ વિચિત્ર મૂર્તિ કોણ હશે તે જાણવાની ઉત્કંઠા થઇ. હું પાસે ગયો અને નમ્યો. ડોસાએ ફિડલ બંધ રાખી.

"મહારાજ! આપ શું કરી રહ્યા છો?"

"બેટા! આટલું સમજતો નથી?"

"ના."

"અર્થશાસ્ત્રનો નિયમ છે કે માણસે પોતાની જરૂરીયાતો વધારવી. તે વધારવાથી માણસ મહેનતુ થાય છે; મહેનતુ થયાથી દુનિયામાં સુધારો થાય છે."

મ્હારી અજાયબી વધી. આ તો મિ૦ ફૉસેટના અર્થશાસ્ત્રનું ટાંચણ લાગ્યું. એ વળી અંહિંઆં! જરૂર આ મારા મિત્રના પ્રતાપ હોવા જોઈએ.

"પણ આ શું કરો છો?"

"આટલું સમજતો નથી? હું મ્હારી ઇન્દ્રિયો કેળવું છું. વિષય-લાલસા વધ્યા વિના જરૂરીયાતો વધે નહિ. રસ કેળવવા આ આઇસક્રીમ

છે; ગંધ માટે આ સેન્ટ રાખ્યું છે; સ્પર્શ સુખ ભોગવતાં શીખાય માટે આ ગાદી રાખી છે; અને આ ફિડલે કાંઇક સંગીતના સંસ્કાર મ્હારામાં કરવા માંડયા છે. ”

“ માત્ર હવે રહ્યું રૂપ જ ” મ્હારાથી કહ્યા વગર રહેવાયું નહિ.

“ તે કાંઇ હું ચૂકું એમ નથી. મ્હેં ગ્રીક દેશના શિલ્પીઓનાં કેટલાંક નગ્ન પૂતળાં મંગાવ્યાં છે. ”

“ તે અંહિંઆં કયાંથી ? ”

“ ત્હને ખબર નથી ? તું નવો આવ્યો લાગે છે. હાલ થોડા વખત થયાં એક મહાત્માની પ્રેરણાથી અંહિંઆં એક મ્હોટો આશ્રમ નિકળ્યો છે, અને ત્હેમાં અનેક જાતનાં સાધનો મળે છે.”

“ એ મહાત્મા કોણ ?”

“ એક રેવડીયા કરીને છે.”

“ હું ! ” હું હર્ષઘેલો થતાં બોલ્યો.

“ હા, પ્હેલાં તો અમને આ બધું ભાન ન્હોતું ! પણ એ ગૃહસ્થના આવવાથી અમ્હારી આંખો ખુલી ગઇ. હવે અમ્હેં સુધરવા લાગ્યા.”

“ પણ મહારાજ ! રૂપ, રસ, ગંધ, વગેરેની મોજમજા મેળવવા આટલો તે વળી અભ્યાસ કરવો પડે! અમને તો એ બધું સ્હેલાઇથી આવે છે.”

“ ભાઇ ! તમ્હેં બધા નશીબદાર છો. અમ્હેં તો જંગલી હતા; ત્હેમાં હું તો બધાનો શિરોમણિ. નાંખી દેતાં છ હઝાર વર્ષ થયાં મ્હેં એક ધતીંગ કહાડયું હતું. જેથી હું મૂર્ખો રહ્યો, અને બીજાને રાખ્યા.”

શું ધતીંગ ?” તિરસ્કારથી ડોસા સ્હામું જોતાં મ્હેં પુછયું.

“મ્હારા મૂર્ખ મનને એમ લાગ્યું કે રૂપ, રસ વગેરેનો ત્યાગ કરવો. વૈરાગ્ય કેળવે ત્યારે માણસ સુધરેલો ગણાય. ભાઇ એમ માનતાં છ હજાર વર્ષ ગયાં; અને ત્હેની પીડાએ આ બધી ઇન્દ્રિયો વિરાગી થઇ ગઇ છે. હવે કેળવતાં મુશ્કેલ પડે છે. કોણ જાણે હું સુધરેલો ક્યારે થઇશ.” નીસાસો નાંખતાં ત્હેણે કહ્યું.

“મહારાજ! ક્ષમા કરજો. પણ આપ પૂર્વાશ્રમે કોણ હતા?”

“હું! ભાઇ જવાદે ને. મ્હને બધા વસિષ્ઠને નામે ઓળખતા.”
“કોણ મહાત્મા વસિષ્ઠ!” હું બોલી ઉઠયો. “પ્રભો”–કહીને હું એકાએક મ્હારા સિદ્ધાન્તો ભૂલી એ આદિ ઋષિને દંડવત્ પ્રણામ કરવા જતો હતો પણ ત્હેમણે રોક્યો.

“છોકરા! તું મૂર્ખો છે. હું એ માનને લાયક નથી. મહાત્મા રેવડીયાએ મ્હારી ખાત્રી કરી દીધી છે કે હું મૂર્ખો છું–હવે બહુ થયું–આ એક શિષ્ય ગ્રીક પૂતળાંઓ લઇ આવ્યો. મ્હારા અભ્યાસમાં ખલેલ પ્હોંચે છે.”

હું મૂગે મ્હોંડે ત્યાંથી ખસ્યો–મ્હને હર્ષ થયો. આ પ્રમાણે રેવડીયાપંથ વધશે તો ચોક્કસ સ્વર્ગ સુધરશે ખરૂં. ધીમે ધીમે ફિડલનો બેસુરો અવાજ કાન પર પડવા લાગ્યો. હું મ્હારા સાથીને લઇ પાછો ઘૂમવા અને મિ. રેવડીયાની બુદ્ધિનાં વખાણ કરવા લાગ્યો. થોડે દૂર જતાં એક મહાવૃક્ષના થાળા પર એક બીજો ડોસો ટાંટીયા મરડી નાંખી પદ્માસને બેઠો હતો. ત્હેની તેજોમય કાન્તિ, સફેદ લાંબી દહાડી, માનની લાગણી સ્ફુરાવે એવી હતી. આસપાસ ઘણા લોકો હાથમાં ન્હાની મ્હોટી કોથળીઓ લઇ ઉભા હતા અને તે એક કોઇ શિષ્ય જોડે વાતો કરી રહ્યા હતો. હું પાસે ગયો, નમન કર્યું અને ઉભો રહ્યો. મહાત્માએ મ્હને જોયો અને પુછયું:

"નવો આવ્યો છે ?"

"જી હા! આપના દર્શનનો લાભ મેળવવા અહિંઆં આવ્યો છું."

"જા! મ્હને ફૂરસદ નથી. આ બધા લોકો મ્હને મળવા તલસ્યાં કરે છે એટલે ત્હારી વાત ટૂંકેથી પતાવ."

"મહારાજ! હું તો માત્ર આ બધા શું કરી રહ્યા છે તે જ પૂછવા આવ્યો છું," મ્હેં કહ્યું.

"એટલું ખબર નથી? આ બધાંને ધર્મ અને આચાર વિષે અભિપ્રાય જોઇએ છે, માટે મ્હારી પાસે આવવા મથે છે."

"તેમાં આ કોથળીઓ શાની?"

"કેમ? આમાંથી જે વધારે પૈસા આપશે ત્હેના લાભનું ધર્મ-વચન હું કહીશ. હું સૃષ્ટિમાં આદિ સ્મૃતિકાર હતો."

"કોણ મહાત્મા મનુ?" મ્હેં ફરીથી પ્રણિપાત કરતાં કહ્યું.

"હા! પ્હેલાં મ્હેં એક ધર્મશાસ્ત્ર રચ્યું હતું, પણ તે વખતે હું જરા જંગલી હતો તેથી બધાને માટે શાસ્ત્ર મફત રચી ગયો હતો. હું એમ સમજતો કે બીનસ્વાર્થે ધર્મ ખીલવવો ત્હેમાં જ સાર્થક છે."

"ત્યારે હવે આપ તે શાસ્ત્રના સિદ્ધાન્તો આમ વેચાતા આપો છો?"

"ગાંડા! પ્હેલાં હું જંગલી હતો તે મફત ધર્મ શીખવતો; હવે એક મહાત્માને પ્રતાપે અમ્હેં બધા સુધર્યા છિએ અને જે વધારે કીંમત આપે ત્હેના લાભમાં મ્હારો અભિપ્રાય આપું છું, કારણ કે જ્યાં પૈસો ત્યાં ન્યાય."

"એ મહાત્મા કોણ. રેવડીયા?" હું હરખાઇને બોલી ઉઠયો.

"હા તે જ! ઉઠો. મ્હારો કીંમતી વખત જાય છે". પણ એ વધુ કહે તે પ્હેલાં તો હું ત્યાંથી ચાલ્યો ગયો. મ્હારા મિત્ર રેવડીયાની

અસર આટલે સુધી પ્હોંચશે એવો મ્હને જરા પણ ખ્યાલ ન્હોતો. શાબાશ મ્હારા વીર! સુધરેલા જમાનાના હિમાયતી તરીકે ત્હારૂં નામ ઇતિહાસમાં અમર રહી જવાનું.

"ભાઇ!" મ્હને એક સંશય થતાં મ્હારા સાથી તરફ ફરતાં કહ્યું: "આ બધા આટલા બધા કચવાયલા કેમ રહે છે?"

"કોણ જાણે. આ બધાં હિન્દ વિભાગનાં સ્ત્રીપુરૂષો એ જ પ્રમાણે કરે છે. વાસનાઓ છોડી ઇન્દ્રિયનિગ્રહ કરી, એમનો સ્વભાવ એવો વિચિત્ર થઇ ગયો છે કે મહાત્મા રેવડીયાના સિદ્ધાન્તો સ્વીકારતાં ત્હેમને બહુ જ કચવાટ લાગે છે."

"હરકત નહિ! આખરે સુધર્યા વગર ક્યાં જવાના હતા? મારી ઠોકી એમના જૂના જંગલીપણામાંથી બધાને બચાવવા જ જોઇએ." મ્હેં ઉત્તર દીધો.

હવે શું વધારે કહું? અમ્હેં બહુ રખડયા, બહુ જોયું, અને બધે રેવડીયાપંથનો દિગ્વિજય દેખાયો. મ્હારી છાતી વ્હેંત ઉંચી આવી. ત્હેમાં એક બે દેખાવો ઘણા રસમય હોવાથી તે ચીતરી, મ્હારી સ્વર્ગની મુસાફરીનું વર્ણન પૂરૂં કરીશ.

મ્હેં ભગવાન ચાણુક્યને જોયા. મિ. રેવડીયાની શીખ પ્રમાણે તેઓ કાર્યદક્ષતા (efficiency)નો પાઠ કરતા દેખાયા; જે મહાત્મા સમસ્ત ઇતિહાસમાં મુત્સદ્દીના શિરોમણિ હતા, જેમણે એક જીંદગીભરમાં આખા ભરતખંડમાં મૌર્યની રાજસત્તા જમાવી હતી, તે પણ હાલના જમાનાની રીતે જ કાર્યદક્ષતા આવે છે એમ કબૂલ કરતા જોયા. ત્હેમણે મૃગચર્મ છોડી ખુરશી ટેબલ સ્વીકાર્યાં હતાં, પણ પદ્માસનની ટેવ હોવાથી ખુરસી પર ચ્હડી પદ્માસન વાળ્યું હતું; ધોતીયાથી કાર્યદક્ષતા ન આવવાથી

ત્હેમણે પાટલુન અને મ્હોટાં બૂટ પ્હેર્યાં હતાં; જટાથી રખેને બેદરકારી પેસી જાય એમ માની ત્હેના પર ટૅાપહૅટ ચઢાવી હતી! અહાહા! શું અમ્હારા સિદ્ધાન્તોનો દિગ્વિજય! કારણ કે જ્યાં સુધી માણસ ખુરશીટેબલે બેસે નહિ, પાટલુનબૂટ પ્હેરે નહિ અને હૅટ માથે લગાવે નહિ ત્યાં સુધી કાર્યદક્ષતા અને મુત્સદ્દીપણું ત્હેનામાં આવે નહિ. જો મહાત્મા ચાણાકયને આ બધું પ્હેલાં ખબર હોત તો જરૂર ભરતખંડને બદલે એશીયાખંડ પર મૌર્ય મહારાજાનો વાવટો ફરકત.

વળી એથી વધારે અસરકારક પ્રસંગ તો એક બીજે ઠેકાણે મળ્યો. મ્હેં એક આઠદશ જણનું ટોળું જોયું.

"ભાઇ!" મ્હારા સાથીને મ્હેં પૂછ્યું: "આ બધા કોણ છે? માત્ર આ શ્યણીયાળી દહાડીવાળા ઓળખાય છે."

"હા! એ તો મુસ્લીમ ગૌરવનો ભંગ કરનાર મહારાજા શિવાજી. આ પેલા પાવડીએ ચ્હડી હાથમાં કુહાડી લઇ ઉભા છે એ મહાવીર પરશુરામ; પેલા ગ્રીક સત્તાને તોડનાર પ્રતાપશાળી ચંદ્રગુપ્ત મૌર્ય, જેનો ડંકો દિગન્તે સંભળાતો હતો તે; પેલા ઝાડને અઢેલી ઉભા છે એ મહારાજાધિરાજ શ્રીહર્ષ."

"ઓહોહો! પણ આ પેલો સાધુડો આટલા જોસથી એમને શું કહી રહ્યો છે?"

"આ સાધુ જેવો મહાત્મા છે તે જડભરત. એ પ્હેલાં કાંઇ પણ જીવજન્તુ દુખાય નહિ માટે જમીન પર પગ મૂકતાં પણ ડરતા હતા."

"એમ! તે હવે શું કહે છે?"

"તે આ યોદ્ધાઓને ભાષણ આપે છે."

"શા ઉપર?"

"આ ભરતે નવો પંથ સ્વીકાર્યો છે, અને તે આ બધાને કહે છે કે 'આર્યો બાયલા છે, કાયર છે, કારણ કે તેઓ ભાજીપાલો ખાઇને રહે છે.' તે આ બધા વીરોને માંસાહારી થવાનું સૂચવે છે, કારણ કે તે વગર શૌર્ય અને હિંમત આવે નહિ." હું સમજ્યો.

"એમ! શાબાશ મ્હારા રેવડીયા! શું તમ્હારી સ્તુતિ કરૂં?" કહી હું રવાના થયો.

આગળ મ્હેં ભગવાન બુદ્ધને જોયા. તેવણ સુધર્યા હતા, અને એક માંદા માણસને કહેતા હતા કે "ભોગ તું માંદો થયો તે. વિશ્વ–નિયમ પ્રમાણે લાયક માણસ જ જીવે. દુનિયામાં રસાકસી જોઇએ, મારામારી જોઇએ, અને નબળાં હોય ત્હેના ભોગ." મ્હને ડાર્વિન સાંભર્યો અને ભગવાન બુદ્ધે આ શબ્દો મિ. રેવડીયા પાસે જ સાંભળ્યા હોય એમ ચોક્કસ લાગ્યું.

એમ ફરતાં ફરતાં છેલ્લો અનુભવ ઘણો જ નમૂનાલાયક હતો, અને હાલના જમાનાના સિદ્ધાન્તો સ્વર્ગલોકમાં કેવા પ્રસરી ગયા છે ત્હેની ખાત્રી આપતો હતો.

એક નબળો માણસ ભોંયે પડયો હતો; એક વલ્કલ પ્હેરેલી સુંદર યુવાન સ્ત્રી પગમાં ઉંચી એડીના બૂટ પ્હેરી, નાકે ચશ્માં ચઢાવી પાસે ગુસ્સામાં ઉભી હતી.

"સતી! મ્હારો જીવ જવા બેઠો છે. મ્હને જરા પાણી આપો," મહામહેનતે શ્વાસ લેતાં પુરૂષે કહ્યું.

"મરવા પડયા તો યે ઝંપતા નથી! સત્યવાન! તમ્હેં માંદા હતા; પરણ્યા શા માટે? તમ્હારામાં મ્હારૂં પૂરૂં કરવાની શક્તિ ન્હોતી તો શું કામ મોકલ્યો હતો નારદને માગું કરવા? તમ્હારા જેવાને બૈરીનો અધિકાર શો?" હાથ પર હાથ પછાડી સાવિત્રીએ કહ્યું.

"સાવિત્રી! જે થયું તે થયું." મરણની અણી પર આવી રહેલા સત્યવાને કરગરતાં કહ્યું: "પણ જરા તો મહેરબાની કર. તું કહે તે હવે કરૂં. ગમે તેવો પણ હું પતિ."

"ત્હેમાં શું? હું કાંઇ ગુલામ નથી? તમ્હારે માટે મ્હારી જીંદગી બગાડવાનો તમને શું હક હતો! ઠીક, લ્યો પાણી આપું, પણ તમ્હારી જે મિલકત હોય ત્હેનું મ્હારા લાભમાં વિલ કરી આપો."

"આ ત્હેનો વખત છે? ગ્હેલાં ધનની ચિન્તા! અરેરે! આ વખતે આ શું કહે છે?" સત્યવાને કહ્યું.

એટલામાં યમરાજ આવ્યા, સત્યવાનને પકડયો. સાવિત્રીએ સત્યવાનનો પગ પકડયો.

"બાઇ, બાઈ," યમરાજે કહ્યું: "આ શું કરે છે? આમ મરતા માણસને ખેંચે છે? શું કામ પગ છોડતી નથી? ત્હારા પતિનું મૃત્યુ આવી લાગ્યું છે."

"જવા કેમ દઉં? ક્યારની કહું છું પણ એ માનતા નથી. જ્યાં સુધી મ્હારા લાભમાં એ વિલ નહિ કરે ત્યાં સુધી નહિ છોડું. એનો પગ પકડી હું આવવાની."

"પણ ત્હારે બીજું કાંઇ જોઇએ તો માગ, હું આપું. પણ આને છોડ. મ્હારે ઉતાવળ છે."

"ઠીક! ત્યારે એક બીજો વધારે સુન્દર અને સશક્ત પતિ..."

* * *

એક પળમાં યમરાજ અંતર્ધાન થયા; સત્યવાન અને સાવિત્રી અદૃષ્ય થયાં; મ્હારા ઓરડામાં પથારીમાં હું પડયો હતો. હુ ઝબકીને જાગ્યો. સ્વર્ગ ગયું, સદ્‌ગત મહાત્માઓ ગયા, છતાં હું હરખાયો. રેવડીયાપંથનો જયજયકાર ચારે દિશામાં ફેલાયો હતો. મિ. રેવડીયા જેવા સપુતો પૂર્વજો કરતાં સુધરતા જતા હતા.

મ્હારા બચાવમાં.

કોણ જાણે મ્હારો જન્મ થયો તે વખતે મ્હારા માબાપ કોઇ કારણથી ત્રાસતાં હોય—કે કાં તો ગ્રહ, નક્ષત્ર અને રાશી, ઉપર કોઇ દાનવનો કોપ થતાં તે ધ્રૂજતાં હોય—કે અજ્ઞાન દાઇએણે ઉતાવળમાં મ્હારી ખોપરીમાં આગળ આવી રહેલું હિંમત અને મર્દાઇનું હાડકું દાબી નાખ્યું હોય: ગમે તે કારણ હોય પણ મ્હારા જેવો, જેના સ્વભાવમાં હિંમત જેવી વસ્તુ બીલકુલ જ નહિં હોય એવો નર આખા ભૂતળમાં ભાળવો અઘરો પડશે.

મ્હારી મા જો સાચું કહેતી હોય તો બાલપણમાં મ્હારા જેવો શાન્ત છોકરો બીજો એક ન્હોતો, અને હું રડતો તો માત્ર એકલો હોઉં ત્યારે જ. મ્હને રડવાની હોંસ તો ઘણી યે થતી હશે, અને તે એકલો એકલો પૂરી પાડવા પ્રયત્ન કરતો પણ હોઇશ, પણ કોઇ આવે એટલે મ્હારા હાંજા ગગડે અને જીભ તાળવે ચોંટી જાય. પછી રડાય તે કેમ?

હું નીશાળમાં પણ શાન્ત અને આશાસ્પદ છોકરો ગણાતો. છોકરાઓની બ્હીકથી નવ વાગ્યામાં બધાના પ્હેલો જાઉં; ઘણી વખત તો નીશાળના ફરાસે તે વખતે બારણાંયે ન ઉઘાડયાં હોય. પણ ત્હેની હરકત નહિ. રસ્તે કોઇ ઓળખીતો મળે તો નહિ? નિશાળમાં પણ રખેને માસ્તર મ્હારૂં નામ દે ત્હેની બ્હીકે હું તૈયાર રહું ને ઉપલો નંબર રાખું, અને સાંજના બધા છોકરા જાય ત્યાર પછી કલાકે ઘેર જવા પાછો નીકળું. કાંઇ બધા છોકરાઓની સાથે જવાય? એ વિચાર આવતાં મ્હને કંપારી થઇ આવતી.

એક દિવસ મ્હારા બાર વાગી ગયા. હું પ્હેલે નંબરે આવ્યો; એટલે શીરસ્તા મુજબ મૉનિટર બન્યો! હું મૉનિટર! મ્હારાં ગાત્રે ગાત્ર

છુટવા લાગ્યાં, તાવ ભરાવાની તયારી થઇ, મહામુશ્કેલીએ હું ઘેર નાઠો, ને માંદાનું મ્હાનું કહાડી સૂતો. હવે શું થશે-આખું અઠવાડીયું કેમ કલાસમાં જવાશે-બીજા છોકરાઓ સાથે કેમ બોલાશેઃ આ બધા વિચાર કરતાં આખી રાત ગઇ. સવ્હારે ઉજાગરાનો ખરેખરો તાવ આવ્યો. કેમ કરતાં પાંચ દિવસ પૂરા થયા, અને ત્યારથી હંમેશાં એકબે છોકરા કરતાં ઓછા જ માર્ક આવે એવી વેત્રણ કર્યા કરતો.

મ્હેં કૉલેજ જેમ તેમ વટાવી અને નોકરી લીધી; અને બને ત્યાં સુધી કોઇની જોડે સમાગમમાં ના જ અત્રાય એવો લાગ શોધ્યો. અમ્હારી ઑફીસમાં જૂના કાગળીયાંના કોઠાર માટે એક ખાસ કારકુન હતો. બસ, ત્હેને તો એક મ્હોટા ઓરડામાં બેસી જ રહેવાનું; બહુ બહુ તો વળી એકાદો ઉંદર આવે-પણ વીશ પચ્ચીશ કારકુનોના લશ્કર કરતાં તો સારો. તે કારકુન મરી ગયો કે આપણે તો છાનામાના એક કાગળ અમ્હારા ઉપરી સાહેબને લખ્યો અને રાત પડી કે જનરલ પોસ્ટ ઑફિસમાં જઇને નાંખી આવ્યા. મ્હારા સાહેબની મ્હારા પર ઘણી મહેરબાની છે. તે મ્હારી વાત જાણી ગયા હતા, એટલે તરત મ્હને ત્યાં નીમ્યો. દશ રૂપીઆ પગાર ઓછો તો ઓછો પણ કોઇની બ્હીક તો નહિ.

એક તો આ મુંબાઇથી હું થાકયો. પ્હેલાં તો મ્હને ભોંયતળીયે રહેવાનું મન થતું. ઉપલે માળે રહીએ ને ધારો કે આગ જ લાગી વચલે માલે. તમ્હે તો ઉપર આકાશમાં જ રહો કે? ધારો કે દાદર સાંકડો હોય ને તમ્હે વીશ જણ રહેતાં હો તો બધાં જ સામટા ઉતરવા લાગો; ત્યાં તમ્હારો પતો કયાં? એ તે શું કહેવાય? એના કરતાં વાત જ છોડવી! પણ નીચલે માળે હું રહ્યો ત્યાં બીજી પીડા જાગી. પ્હેલે જ દિવસે એક કોઇ મળ્યો. હું તે વખતે મ્હારી ઓરડીનું બારણું ખોલતો હતો.

"કેમ ભાઇ ! આજે આવ્યા ?" ત્હેણે પૂછ્યું. મ્હારા હાથ ધ્રૂજી ઉઠયા. કેમ કેમ કરૂં પણ તાળાંમાં કુંચી ન ફરે. પેલો વળી કાંઇ સકણો રહે? "કયા ગામના છો ?" હુ તો એવો ગભરાયો કે જેવું તાળું ઉઘડયું કે અંદર કૂદ્યો ને એકદમ બારણું વાસી દીધું.. અંદર જઇ હું બેસી ગયો. મ્હારે શરીરે પરસેવો પરસેવો વળી ગયો હતો.

એણે મ્હને કેમ પૂછ્યું? એ છૂપી પોલિસ તો નહિ હોય? વખત છે ને મ્હારૂં નામ કોઇ કાવત્રાંમાં તો નહિ આવ્યું હોય? પછી બે ત્રણ કલાક હું બેસી રહ્યો—બારણું જરાક ઉઘાડયું—આમ તેમ જોયું; ને જ્યાં કોઇ ન દીઠું એટલે ઝપાટાબંધ તાળું મારતો ને નાઠો. થોડે દિવસે મ્હને સમજ પડી કે કેટલાક લોકોને વગર જાણે પીછાણે કેદ જ કરવાની ટેવ હોય છે. તે કાંઇ મ્હને પાલવે? મ્હેં બહુ વિચાર કર્યો. કોઇ કાતરીયામાં જાઉં તો એકાન્ત મળે, પણ ત્યારે ઉપર બતાવેલો ભય નડે ત્હેનું કેમ ? આખરે નિશ્ચય કર્યો કે ભલે જે થવાનું હોય તે થાય; પણ આ બધા વાતો કરવા આવે તે કેમ સ્હેવાય ? મ્હને તો રોજ ત્હાડીયો આવે.

મ્હેં તરત નોટિસ આપી ને હાલ રહું છું ત્યાં પાંચમે માળ એક કાતરીયું રાખ્યું. હવે મ્હને નીરાંત થઇ ! ત્હેમાં અમ્હારી ચાલની ખુબી છે. નીચે વખાર—ઉપલે બે માળે પેઢીઓ—ત્રીજા માળવાળો પરદેશી છે તે વરશમાં ત્રણ ચાર દહાડા આવે છે ને જાય છે—અને ચોથે માળે કોઇ રહે છે ત્હેના ઘરમાં બે જણ ગાંડા છે એટલે ત્હેમની પંચાત કરવામાં કોઇને મ્હારી સ્હામું જોવાની ફુરસદ જ નથી મળતી. આ આટલી મુંબાઇની ખુબી ! આવી નીરાંત પણ અહિંઆં જ મળે. એક પીડા માત્ર આ શહેરના રસ્તા આપે છે. ટ્રામવાળે રસ્તે જવાય જ નહિ. વખત છે ને વિજળીનો તાર તુટે; કે મોટર ને ટ્રામ અથડાય.

ત્હેમાં મોટરો ! જાણે તેના હાંકનારને સરકારે ખુન કરવાનો પરવાનો આપ્યો હોય તેમ આડું જોયા વગર તે તો હાંકયો જ જવાનો. મ્હને તો કોઇ મોટર શબ્દ બોલે કે રૂંવા ઉભાં થઇ જાય; ત્હેનું શીંગડું પુંકાય કે મ્હારા સાથે સાથે ઘુટણ અથડાઇ પડે છે. એટલે આપણે નિયમ જ કર્યો છે કે જરા ત્હેનો અવાજ થયો કે છેક એક બાજુની ભીંત પાસે ઉભા રહીને આંખો મીચી દેવી. આથી જરા રસ્તા પર જતાં વાર થાય; પણ એ તો અડધો કલાક વ્હેલાં નીકળીએ. એમાં ગયું શું ? ઓફિસ જવું હોય તો હું તો એકદમ બ્હારની ચોપાટીએથી જ જાઉં. જરા તડકો તો લાગે; પણ કશો ડર તો નહિ. અને આવતી વખતે બેલાર્ડ પીઅર થઇને બ્હારને રસ્તે આવું કે કોઇ ઓળખીતું પાળખીતું મળે જ નહિ.

કોઇ એમ ન સમજશો કે હું કાંઇ કમઅકલ છું. હું જાણું છું કે હું બ્હીકણ છું ને હું ખાત્રીપૂર્વક માનું છું કે જ્યાં સુધી મ્હારા જેવા મતના અને સ્વભાવના માણસો દુનિયામાં વધે નહિ ત્યાં સુધી કદી સુખ થવાનું નથી. હું એમ પણ માનું છું કે આપણા આર્યઋષિમુનિએ જંગલમાં જતા, અહિંસા વિ૦ વિ૦ શીખવતા હતા ત્હેનો પણ આખર ઉદ્દેશ પણ એ જ હતો. અત્યારે જુવોની મ્હારા જેવા વધારે નથી ત્હેમાં સરકારને કેટલા કાયદા કરવા પડે છે ? આ વિષય ઉપર મ્હેં એક પુસ્તક લખવા માંડયું છે. છપાઇને બ્હાર પડશે ત્યારે આ સિદ્ધાન્તો ઉપર બહુ અજવાળું પડશે એવી મ્હારી ખાત્રી છે.

તેમ એમ પણ કોઇ ભૂલ ન ખાશો કે હું કોઇ સાધારણ બ્હીકણ છું. આજે કેટલાં કેટલાં વર્ષોના અભ્યાસથી હું ઘણી ઉંચી ભૂમિકા પર ચઢી ગયો છું અને ચઢતો જાઉંછું. હવે આ વિષય પર છું ત્યારે એનો બ્હોળો પ્રસાર, સંશોધન અને અભ્યાસ થાય માટે કેટલાક વિચારો દર્શાવું છું. મ્હારા વિચારોની મ્હેં છૂટી છવાઇ

નોંધ કરી રાખેલી છે; અને ઉપર કહેલું ઘણું જ જરૂરી પુસ્તક પુરૂં થાય કે આ બીજો વિષય હાથ લેવાને હુ ઇચ્છું છું.

૧. અધમમાં અધમ ભૂમિકાના અધિકારીઓ તે જે કશાથી ડરતા નથી, જાનવર જેવા ગમે ત્યાં રખડે તે. આફ્રિકામાં જવું હોય, ઉત્તર ધ્રૂવ પ્હોંચવું હોય, મંગળના ગ્રહમાં જવું હોય ત્યારે આ પંક્તિના માણસો એકદમ આગળ નીકળે છે. લોકો આવાને વખાણે છે; હું ધિક્કારૂં છું. કવિત્વશક્તિ, કલ્પનાશક્તિ, ચિતરવાની શક્તિની માફક બ્હીક અનુભવાની શક્તિ પણ ઇશ્વરપ્રેરિત છે. તે કારણથી માણસ વધારે સૂક્ષ્મ, રસિક અને કાંઇક અવનવા અનુભવો ભોગવી શકે છે. જેનામાં એ શક્તિ નથી, તે જડ છે—“સાક્ષાત્ પશુઃ પૂચ્છવિશાણહીનઃ” છે.

૨. અધમ બ્હીકણઃ જે વિનાશક વસ્તુ જેવી કે વાઘ, સિંહ, રેલ, અગ્નિ વિગેરેથી ડરે તે.

૩, મધ્યમ, બ્હીકણ: જે વસ્તુસ્થિતિ વિનાશક બની જાય તે પ્હેલાંથી વિનાશક થઇ જ ગઇ છે એમ માની બેસી તે પ્રમાણે વર્તનાર. દાખલા તરીકે ચૂંક થતાં મૃત્યુ થશે એમ ધારી વિલ કરવા જાય તે.

૪. બ્હીકણ: જેટલી બને તેટલી વસ્તુથી—દાખલા તરીકે, ભૂત, ગડગડાટ, વીજળીથી બીહે તે.

૫. ઉત્તમ બ્હીકણ: પોતાને બ્હીવાનું કારણ મળ્યા વિના બીહે તે.

૬. શ્રેષ્ઠ બ્હિકણ: કારણની જરૂર નહિ એટલું જ નહિં પણ જે કારણ અકલ્પ્ય હોય ત્હેનાથી પણ બીહે. આ ભૂમિકા ઉત્તમોત્તમ છે, અને મ્હારા માનવા પ્રમાણે નિર્વિકલ્પ સમાધિ જોડે ઘણો ગાઢ સંબંધ ધરાવે છે. આ ચોક્કસ કરવા આવતે વર્ષે હું પતંજલીનું યોગદર્શન વાંચવાનો છું. અને આ સ્થિતિ શેકસપીઅર જેવાની કવિત્વશક્તિને કાંઇક મળતી છે એમ મ્હારી ખાત્રી છે. આ ભૂમિકાએ હું તો પ્હોંચ્યો છું એ કહેવાની ખાસ જરૂર નહિ રહી હોય.

મ્હારે હવે વધારે કહેવું ન જોઇએ. માત્ર બે ચાર નમૂના, મ્હારી પોતાની ઉંચી અને અભ્યાસથી તીવ્ર થયેલી બ્હીક અનુભવવાની બુદ્ધિના આપ્યા વિના ચાલે એમ નથી. આથી ભવિષ્યમાં મ્હારે પગલે ચાલતા કોઇ ઉત્સાહી બ્હીકણને ખબર પડે કે તે કેટલી ડીગ્રી આ હોશિયારીમાં આગળ વધ્યો છે.

ત્રણ વર્ષ પર એક પ્રસંગ બન્યો. મ્હારાં ધણીયાણીની તબીયત દિન પ્રતિદિન સુધરી હૃષ્ટપુષ્ટ થઇ. હું પરણ્યો. મ્હારી અર્ધાંગના જોડે કેવી રીતે પરિચય થયો એ વિષય એટલો વિશાળ છે, દરેક પ્રસંગ એવા ગંભીર, રસમય, ભયંકર છે કે ત્હેને માટે એક પુસ્તક જોઇએ. અને એ બધા પ્રસંગો ન્હાનપણમાં થઇ ગયા હોવાથી હવે ત્હેના પર ઘણા યે થર ચ્હડયા છે. પણ ત્રણ વર્ષ પર મ્હારી ધણીયાણી ફાલ્યાં, ત્હેમનાથી શરીર ઉંચકવું પણ કઠણ થયું. હું ગભરાયો-કાંઇ ગંભીર રોગ તો નહિ હોય? ડાકટરને ત્યાં જવા ત્હેમને વિનવ્યાં પણ તે એકના બે થાય નહિ. તેમ તેમ હું ઘણો ગભરાયો. મ્હેં કોઇ ઠેકાણે વાંચ્યું હતું કે સ્ત્રીઓ પોતાના રોગ છૂપાવવા ડાકટર પાસે જતી નથી. મ્હને ચોક્કસ ખાત્રી થઇ કે ઘણો ભયંકર રોગ હોવો જોઇએ. મ્હારાં ઘરવાળાંનો રંગ વધારે લાલ થતો ગયો-હડપચી બેની ત્રણ થઇ જશે કે શું એવું ભાસવા લાગ્યું. અતિશય ચરબીથી હૃદય અટકી જાય છે તે યાદ આવ્યું-યાદ આવતાં કંપારી છૂટી-કંપારી છૂટતાં વેચાતી ચોપડી લઇ આવી મહીના સુધી રોગોની ચિકિત્સાનો અભ્યાસ કર્યો. અર્ધાંગના તો ચોવડાંગી થવા લાગ્યાં મ્હને ત્હેનું મૃત્યુ પાસે આવતું જણાયું. રાતદિવસ મ્હને ઉંઘ આવે નહિ. તે મરી જશે તો શી સામગ્રીઓ જોઇશે ત્હેનો હું વિચાર કરવા બેઠો. ન્યાતના લોકો તેરમું વર્ષી કરવાનું કહે તો કરવું કે કેમ ત્હેનો ભયંકર સંશય ઉઠયો. સગાંવ્હાલાં બીજી સ્ત્રી કરવાનું કહે તો શો જવાબ દેવો તે ખોળવા મંડયો. મારી ઠાકોને બીજી પરણાવે તો તે કેવા પ્રકારની નીવડશે તે

ચોક્કસ કરવા બેઠો. આ બધા વિચારે મ્હને ગભરાવ્યો, અકળાવ્યો, દિવસોના દિવસો સુધી એકલો ત્રાસતો મ્હેં ફર્યા કર્યું; ચિન્તાએ તાવ આણ્યો; તાવથી રજા લેવાની જરૂર જણાઈ; તે ઉપરથી ઉપરીએ જાંસા તોડયા. ત્યારે પેલો ડર ગયો.

બીજી એક વખત હું એક સભાગૃહ આગળથી જતો હતો. વક્તા બોલતો હતો: "દરેક માણસે હિંમત રાખવી જોઇએ, હિંમતવાન થવું જોઇએ." મ્હારે કાને એ શબ્દો અથડાયા—અને જાણે વિજળી પડી હોય એમ હું ચમકયો. દરેક માણસ હિંમતવાન એટલે શું? સરકારે આવા ભયંકર ખૂનખાર અભિપ્રાયો સખ્તાઇથી દબાવી દેવા જોઇએ. બધા હિંમતવાન! પછી મ્હારૂં શું? મ્હારા જેવાઓનું શું? અમ્હારી તીવ્ર થયેલી સંસ્કારી બ્હીકણ વૃત્તિનું શું? આ વિચારો આવતાં મ્હને લાગ્યું કે આવા ભાષણકારોથી દુનિયા ત્રાસે છે. ત્હેમને અટકાવવા કાંઇ કરવું જોઇએ. પણ શું? મ્હારે શું કરવું? મ્હને વિચાર થયો: ભાષણ કરૂં? હાય હાય તે કેમ થાય? કાંઇ લખું? મ્હારો નિશ્ચય દૃઢ થયો. હિંમત સ્હામો વિગ્રહ આરંભું? પણ પછી? પીનલકોડ યાદ આવ્યો. બદનક્ષીનો કાયદો—નુકશાનીનો દાવો—હાઇકોર્ટ—સોલિસિટર—બારિસ્ટર—કાયદાકાનૂનોની ઝપાઝપી આ બધું મ્હારા લેખમાંથી નીકળે તો! ત્રણ દિવસ હું ગભરાયો—ગભરાઇને એક વકિલ મિત્રને ત્યાં ગયો અને ચોપડીઓ લઇ આવ્યો; એ વિષયના કાયદાનો અભ્યાસ કર્યો; બીજા સંશય થયા—અને ડરવા લાગ્યો. આમ એક લખ્યું, છેકયું, ફરી લખ્યું; છેકતાં અને લખતાં અગીઆર વર્ષ ગયાં; પાંચ ગીની ખરચી ઍડવોકેટ જનરલનો અભિપ્રાય લેવાનો વિચાર થયો. આખરે મ્હારો લેખ મ્હેં લખ્યો.

* * *

મ્હારાં બારણાં કોણ ઠોકે છે? રખેને પોલિસ વારંટ લઇને તો નાહ આવી હોય કે આ શું લખે છે. એ એમ નહિ હશે તો જરૂર આ મ્હારો બચાવ બ્હાર પાડીશ.

સ્મરણદેશની સુન્દરી.

જનકવિદેહીએ ઋષિ અષ્ટાવક્રને પૂછ્યું કે "આ ખરૂં કે તે ખરૂં?" ઋષિએ જવાબ દીધો બન્ને ખોટાં. શું ઋષિ ખોટા નહિ હોય? તત્વજ્ઞાનની વિકટ ઝાડીમાં રસ્તો ભૂલી, ભ્રમણામાં તો આ જવાબ નહિ દીધો હોય? બન્ને ખરાં શા માટે ન હોય: ખરી કહેવાતી સૃષ્ટિ, અને ખોટી મનાતી સ્વપ્નની કે કલ્પનાની સૃષ્ટિ? મીરાંબાઇને મન શું ખરૂં? પ્રભાવશાલી ચિતોડનો પથ્થરનો ગઢ કે કલ્પનાસૃષ્ટિનું વૈકુંઠ-હજાર વીરનો નેતા રાણો કુંભો કે મનમાં જ કલ્પેલો નટવર ગિરિધારી? સ્મૃતિપૂજક, વિયોગી, પ્રેમના સંન્યાસીને મન શું ખરૂં-વર્ષો પહેલાં એક નજીવી પળે લીધેલું એક ન્હાનકડું ચુંબન કે પચાશ વર્ષ સાથે રાખેલી, ન છૂટકે સ્વીકારેલી, સ્થૂલદેહની સહધર્મચારિણી? મીરાંબાઇએ તો વૈકુંઠ વિહરવા ચિત્તોડ ત્યાગ્યું; પ્રેમયોગીઓએ તે ચુંબન યાદ રાખવા સંસારસુખ નીરસ ગણ્યાં. કોણ કહેશે કે બન્ને સૃષ્ટિઓમાં, કઇ ખરી અને કઇ ખોટી?

* * *

મુંબાઇનો વરસાદ રૂપગર્વિતા લડાવેલી પ્રિયતમા કરતાં યે બૂરો છે. આકાશમાં ચાંદની ચમકતી હોય, અને 'આ પાછો આવું છું' કહી છત્રી વગર બ્હાર જવાની તમ્હેં હિમત કરી કે બીજી પળે ગોવર્ધન પર્વતની જરૂર પડે એવો મુશળધાર વરસાદ પડે. વાદળાંના ગંભીર ગર્જનથી ડરતાં ડરતાં, ઓવરકોટ પ્હેરી, હાથમાં છત્રી લઇ સાત દહાડા ફર્યાં જ કરો, પણ ન છાની રહે ગર્જના કે ન પડે એક પાણીનો છાંટો.

એક વખત હું નાટક જોવા ગયો ત્યારે મુંબાઇના આકાશને આવો એક મચકો કરવાનું મન થયું. રાતના એક વાગે નાટકશાળામાંથી બ્હાર પડતાં આકાશ શાન્ત, રૂપેરી લાગ્યું; અને મ્હારા ગજવામાં પૈસાનો સદા યે ખોટ રહેતો હોવાથી મ્હારી ઓરડી સુધી ચાલી નાંખવાનું જ મ્હેં પસંદ કર્યું. પણ ગિરગામ પોસ્ટ ઑફિસ પ્હોંચ્યો ન પ્હોંચ્યો અને વાદળ તૂટી પડયું; જાણે બીજી સ્હવારે પ્રલય થવાનોછે એવો કાંઇક ભાસ લાગવા માંડયો. અત્યારે, કયાં જવું કેમ બેસવું ત્હેનો કાંઇ રસ્તો સૂઝયો નહિ; છત્રીમાંથી આવતી ધારાઓએ મ્હારા માથા પર, મ્હારાં કપડાં પર રૂદ્રી કરવા માંડી. મ્હારા કોટની અંદરનું ખમીસ પણ પલળી ગયું છે એમ મ્હારા શરીરે અંદરથી સાક્ષી પૂરવા માંડી. ન છૂટકે ઘણી જ અડગવૃત્તિ ધારણ કરી, હું ઝપાટાબંધ નીચું માથું ઘાલી આગળ ચાલ્યો.

થોડેક આગળ ચાલતાં એકદમ મ્હારી ગતિ રોકાઈ; મ્હારો હાથ કોઇએ પકડયો. મ્હારા હાથમાંથી છત્રી વાંકી થઇ ગઇ અને વરસાદના ઝપાટાએ મ્હને આંધળો બનાવીં નાંખ્યો. હું ચમકયો. આ અન્તરાયનું કારણ શું હશે તે હું પ્હેલાં સમજયો નહિ. પછી જલબિન્દુના પડદામાંથી મ્હેં નજર નાંખી; દૂર આવેલા ફાનસના અજવાળે કાંઇક પ્રકાશ આપ્યો. કોણે મ્હારો હાથ ઝાલ્યો હતો તે જોતાં મ્હારા હોસકોસ ઉડી ગયા—મેઘરાજાની ભયંકર મ્હેર ચોમેર પ્રસરતી હતી તે વિસરી ગયો. એક સ્ત્રીએ મ્હારો હાથ પકડયો હતો હું ધ્રુજી ઉઠયો.

વરસાદનાં ટીપાં અને દીવાનાં અજવાળાંથી પ્રગટેલા સ્વપ્નાના વાતાવરણ સરખા આછા, મીઠા, કંપતા પ્રકાશમાં, મ્હેં એક સુન્દરી —બાલિકા જોઇ. મ્હેં ત્હેને જોઇ ન જોઇ અને ત્હેનું અપૂર્વ સૌન્દર્ય મ્હારા મનમાં સદાને માટે વસી ગયું. ત્હેના વદન પર વિધિએ અપૂર્વ છટાથી સુકુમારતાની રેખાઓ પાડી હતી; ત્હેની દયામણી, બ્હીધેલી,

આંસુભરી આંખોની કામણગારી કમાનો, જાણે તૂટવાની તૈયારી કરતી હોય તેમ ધ્રુજી રહી હતી; ત્રાસથી ત્હેના હોઠ ફીક્કા પડી ગયા હતા; અનેક ઉમળકાઓના ઉછળાટથી ધબકતું મુખ-રૂપના અંબારથી ઓપતું છતાં નિરાશા અને ભયથી બ્હીલું મુખ ન કહી શકાય, ન લખી શકાય એવી દીનતાથી મ્હારી સ્હામું જોઇ રહ્યું હતું, મ્હને કરગરતું હતું. શરપાતના ત્રાસથી ન્હાસતી 'હરણીની મરણ અણીએ જેવી મુખમુદ્રા હોય તેવી આ બાલિકાની હતી. એક પળમાં આ બધું મ્હેં જોયું.

હું સ્વાર્થી હતો. તે પળે હું વિચાર મ્હારો પોતાનો કરતો હતો. અત્યારે મ્હારો હાથ ઝાલનાર સ્રીથી હું કેમ છૂટું ? દુનિયાના પાખંડથી પરિચિત મને કાંઇ કાંઇ શંકાઓ ઉભી કરી.

વરસાદના ઝપાટાથી, દુઃખના આવેગથી ત્હેના કરપલ્લવો કાંપતા હતા. "ભાઇ ! ભાઇ ! મ્હને લઇ જાઓ. તમ્હારે પગે પડું ! આ બધા મારી નાંખશે. ઓ ભાઇ ! પ્રભુ તમને સુખી કરશે." સ્વરમાં વીણા વાગતી હતી, પણ ભાગી જતી વીણાના બેસુરા થઇ જતા સૂરોના પડઘો હતો.

મ્હેં શંકાઓ દૂર કરી ફરી ત્હેની સ્હામું જોયું; કારણ સમજ્યા વિના ત્હેની દુઃખી અવસ્થાનું કાંઇ ભાન થયું.

"બ્હેન ! શું દુઃખ છે ?"

"પછી કહીશ ! હમણાં કોઇ આવશે" ઉતાવળે સ્વરે ત્હેણે કહ્યું. "મ્હને પાછી લઇ જશે, મ્હને લઇ જાઓ-મ્હને બચાવો" ત્હેણે બ્હીતાં બ્હીતાં પાછળ જોયું. કોઇ પાછળ આવી લાગે ત્હેનો ધાક ત્હેના મ્હોડા પર સ્પષ્ટ જણાતો હતો.

મ્હેં પણ નિરાધાર થઇ ત્હેણે જોયું તે દિશામાં જોયું. દુઃખની મારી અબલાને લઇ જઇ હું કયાં રાખું ? ત્હેની શી અવસ્થા, શો ઇતિહાસ હશે તે કોને ખબર ? બીજે દિવસે પોલિસ કોર્ટમાં સ્રીસંગ્રહણ માટે

ઉભા રહેવું પડે ત્હેનો શો ઉપાય? અસલના વીરોની હિંમત મ્હારામાં ન્હોતી; ત્હેમની દુઃખ હારવાની અડગ વૃત્તિનો અંશ મ્હારામાં ન્હોતો; આ સુધરેલા જમાનાનો સ્વાર્થી બ્હીકણુ જન્તુ હું તો હતો. સ્હામી અબલા હતી, તેવો હું બલહીન હતો.

વરસાદે દેમાર પડ્યાં જ કર્યું. પાંચ પળ, દશ પળ વહી ગઇ. મ્હેં મહામુશ્કેલીએ કહ્યું "આમ આવો."

"અરે ભાઇ! શું વિચારો છો? મ્હારો જીવ જશે. જરા દયા છે કે નહિ?" હું અધમ, પાપી, બાયલો હતો; તેવે જ નિરાધાર સ્વરે પૂછ્યું: "ક્યાં લઇ જાઉં?"

હું ગભરાઇ ગયો હતો. હું શું બોલું છું ત્હેનું પણ મ્હને ભાન ન્હોતું. આમ પાંચ કિંમતી મિનિટો ગઇ.

"ક્યાં શું? ગમે ત્યાં" કહી ગભરાયેલી નજરથી પાછળ જોયું. ત્હેની આંખમાં ભય વધ્યો, ત્હેણે મ્હારો હાથ છોડયો, પાછળથી કોઇ દોડતું આવતું હોય એવો અવાજ સંભળાયો. મ્હને કાંઇ પણ શુધ કે સાન રહી નહી.

બાલિકા મ્હારો હાથ છોડી દોડી, કિચડમાં ત્હેનો પગ સરકયો; તે પડી ગઇ. પાછળથી કછોટો મારી, હાથમાં ડાંગ લઇ એક પુરૂષ દોડતો આવ્યો. હું કાંઇ પણ કહું તે પ્હેલાં પડેલી નિરાધાર બાલિકા પર જોયા વગર ત્હેણે એક ફટકો માર્યો. બાલિકાની ચીસે મ્હારા કાન ચીરાઇ ગયા.

"અરે-રે—" કહી હું હિંમતહીન, વખત વીત્યા પછી હિંમત ધરી આગળ આવ્યો. "ચાલ, તું ત્હારે રસ્તે જા. ધણી ધણીયાણીની વાતમાં ત્હારે શી પંચાત?" કહી પેલા યમદૂતે લાકડી હાથમાં ફેરવી.

જાણે ત્હેના શબ્દોમાં શ્રુતિવાકય સમાયું હોય તેમ મ્હેં માથું નીચું કર્યું, અને ગભરાતો ગભરાતો, રખેને આમાં મ્હારા શું બાર વાગી જશે એમ ડરતો હું ત્યાંથી નાઠો. જતાં જતાં હું તે પડેલી બાલિકાની સ્હામું જોઇ શકયો નહિ.

હું પચાશ ડગલાં ચાલ્યો અને ઉભો રહ્યો. મ્હારી અધમતાનો મ્હને ખ્યાલ આવ્યો. માણસાઇની પરીક્ષામાં હું નકામો નીવડયો હતો. તે બાલિકાનું મુખ, ત્હેનું ત્યાંથી પડેલું શરીર મ્હારી આંખ આગળ રમી રહ્યું. મ્હેં પાછળ જોવા પ્રયત્ન કર્યો, પણ વરસાદની ધારાઓના પટને લીધે કાંઇ દેખાયું નહિ. પાછા જવાની ઇચ્છા થઇ; હીચકારા હૈયાએ તે ઇચ્છા પરિપૂર્ણ થવા દીધી નહિ. હું કાંઇ આજકાળના સામાન્ય મનુષ્યોથી ઉતરતી હિંમતનો નથી; પણ હિંમત કરી ગમે તેવા દુઃખમાં છતાં અજાણી, બાલાને ત્હેના ધણીની પાસેથી પોતાને ઘેર કોણ લઇ આવે? આધુનિક જમાનો, આધુનિક કેળવણી એમ કરવા દે એવું મ્હને લાગતું નથી. આપણે ડાહ્યા વધારે થતા જઇએ છિએ.

હું ઘેર પ્હોંચ્યો, પણ પળવાર ઉંઘ્યો નહિ. તે નિરાધાર બાલાનું મુખ મ્હને આખો વખત દેખાયાં કરતું; દરેક પળે દયામણી રીતે તે મ્હને પૂછી રહી હતીઃ “દયા છે કે નહિ?” હું ન્હાસી આવ્યો તે માટે મ્હેં મ્હારી જાતને હજાર ધિક્કાર દીધા; મ્હારા હીચકારાપણાએ કરેલી અવધિ સાલવા લાગી. સ્હવાર પડી કે હું ઘરમાં રહી શકયો નહિ. સૂર્યોદય થતાં રાતનાં સ્મરણો સ્વપ્નાં જેવાં લાગ્યાં. હું ભૂલેશ્વર આગળ ગયો. જે જગ્યાએ હું ઉભો હતો, જે જગ્યા પર તે બાલા પડી હતી ત્હેને યાદ કરવા લાગ્યો. શું આ અનુભવ ખરો હતો કે મનની ભ્રમણા? ના, ભ્રમણા કેમ હોય? દિવસ છતાં, લોકોની ભરચક અવરજવર છતાં, એક રસીલું પણ દુઃખથી ત્રાસેલું મુખ મ્હારી નજર આગળ દેખાતું હતું.

કોઈ મરવા પડેલી કોકિલાને સ્વરે પૂછતું હતું: "દયા છે કે નહિ?" એક કારમી ચીસ મ્હારા કાનમાં સંભળાયા કરતી હતી.

મ્હેં આજુબાજુ જોયું. એક ગંજાવર ચાલમાંથી તે નીકળી હતી. ત્હેમાં જઈ કેવી રીતે પૂછું? અચાનક કાંઇ મેળાપ થશે એમ ધારી હું ઉંચે નીચે જોઇ રહ્યો. ઉપર જઇ શું કરૂં? ખિન્ન હૃદયે હું પાછો આવ્યો.

મ્હારી ભ્રમણા વધવા લાગી. એ મુખ, એ પ્રશ્ન, એ ચીસ સદા યે મ્હારા મનમાં રમી રહ્યાં. મ્હારો ધંધો કરતાં પળેપળ એ ચીસ સંભળાતી, જરા શાન્તિ થતાં તે પ્રશ્ન કાનમાં અથડાતો, ગમે ત્હેની વાત કરતો હોઉં ત્યાં તે મુખ આડે આવતું. સવાર, બપોર, સાંજ, કોઇક વખત તો મધરાત્રે જાણે અજાણ્યે પગ ભૂલેશ્વર તરફ જતા; તે જ અણવિસરેલે ઠામે થોભતા; અને તે રાત્રે ભજવાયેલો ખેલ પાછો ફરીથી ભજવાતો; અને નીસાસો નાખી, અધમતામાં ડૂબી મ્હારા કાયરપણા પર ફીટકાર કરતો હું પાછો આવતો. મ્હારી ઉંઘ ગઈ; મ્હારાં શાન્તિ, સ્વાસ્થ્ય, સુખ ગયાં; ત્હેને બદલે રહ્યાં એક મુખ, એક પ્રશ્ન અને એક ચીસ.

મ્હારી ઉંઘ સમૂળગી ગઇ; અને ઉંઘના નામથી હું ત્રાસવા માંડ્યો. જો પળ બે પળ ઉંઘ આવે તો મ્હારો જીવ જતો; મ્હારા મનમાં સ્વપ્નાનાં વ્હાણ ફાટતાં. દરેક સ્વપ્નું તે બાલાનું આવતું; હું ભયંકર ઘોર, જંગલો જોતો; હજાર બાલિકાઓને હજાર ત્હેમ્હના ધણીઓ માર મારતા જોતો; બધીની કર્ણભેદી ચીસો સંભળાતી; અને આ બધા મારનું, આ બધા દુઃખનું કારણ–હું–હીચકારો, અધમ હું જ? સ્વપ્નસૃષ્ટિ આખી મ્હને દોષ દઇ ગાજી ઉઠતી. ધ્રુજતી કાયે, અને ગુંગળાતે જીવે હું

જાગતો. પણ જાગતી સ્થિતિના વિચારો સ્વપ્નપરંપરાના ત્રાસને આઘે બેસાડે એવા હતા.

એક મહિના સુધી આમને આમ મ્હારી સ્થિતિ બગડતી ગઇ. મ્હારા માથામાં સતત ઘોંઘાટ થવા લાગ્યો; એક પ્રિય થઇ પડેલી જીવલેણ ચીસ જ સ્પષ્ટ સંભળાતી. તે અપરિચિત અબલા મ્હારા બધા સંબંધીઓ કરતાં વધારે નિકટ સંબંધી હોય તેવું લાગ્યું. પળવાર ત્હેનું ભાન ભૂલી જતો તો મ્હને વેદના ઉલટી વધતી. મ્હને લાગતું કે મ્હારૂં શરીર એક ઠેકાણે પડયું છે, પણ પ્રાણ છૂટો થઇ દૂર ગયો છે.

મ્હારી સ્ત્રી, મ્હારા મિત્રોએ મ્હારી બદલાઇ ગયેલી સ્થિતિ જોઇ, મ્હને હવાફેર કરવા સૂચવ્યું. મ્હને પણ ત્હેમનું કહેવું વાસ્તવિક લાગ્યું. મ્હેં બ્હારગામ જવાનો દિવસ નક્કી કર્યો, અને મ્હારા કુટુંબને આગળે દિવસે વળાવ્યું. તે દિવસે મ્હારી બેચેની વધી, મ્હારા માથામાં ઘોંઘાટ વધ્યો; મ્હારૂં મ્હોડું વધારે સૂકાવા લાગ્યું. મ્હારી આંખ આગળથી પેલું મુખ વધારે દયામણી આંખો સહિત જરા યે ખસ્યું જ નહિ.

રાત પડી ત્યારે મ્હને ગુંગળામણ થયાં કરી. હું ત્રણ ચાર વખત ભૂલેશ્વર આગળ જઇ આવ્યો. કોઇ કોઇ વખત હિંમત ધરી હું ચાલમાં પણ કોઇ કૃત્રિમ મિત્રનું ખોટું નામ દઇ જઇ આવતો તેમ આજે પણ ગયો; પણ હમેશની માફક કોઇ દેખાયું નહિ. આખરે મ્હારા ઘરમાં રહેવાયું નહિ. વધારે હવા લેવા હું ચોપાટી પર ગયો. મધરાત વીતી ત્યાં સુધી હું ત્યાં જ પડી રહ્યો. આખરે થાકયો, હાર્યો, બેભાન જેવો પાછો આવ્યો; મ્હારા મનમાં માત્ર પેલી રમણીનું જ રટણ ચાલતું હતું.

હું મ્હારા માળા આગળ આવ્યો. ઉપર ચ્હડી સૂવા પ્રયત્ન કરૂં કે એક વખત પાછો ભૂલેશ્વર જઇ આવું તે વિચાર કરતો હું જરા

ઉભો. મ્હારી નજર પગથીયા પર પડી, પગથીયા પર અંધારામાં કોઇ સ્ત્રી હાથમાં માથું મૂકી રડતી હતી. હું દિંગમૂઢ જેવો ઉભો રહ્યો: મ્હારા માથામાં હથોડા ઠોકાવા લાગ્યા. મ્હારૂં માથું ઠેકાણે છે કે કેમ તે મ્હને સમજાયું નહિ—મ્હેં તે બેઠેલી સ્ત્રી સ્હામું ટીકી ટીકીને જોયું; જોતાં મ્હારૂં હૃદયમાં જાણે ધબકતું અટકી પડયું હોય એમ લાગ્યું—તે સ્ત્રીની અંગરેખા પરિચિત લાગી. મ્હેં આંખો ફાડીને જોયાં કર્યું; ધીમેથી તે સ્ત્રીએ મ્હોડા પરથી હાથ લઇ લીધા. હું એક ડગલું પાછળ હઠયો, મ્હારે કપાળે હાથ મૂકયો. આ કોણ? તે દિવસે મધરાતે મળેલી બાલાનું ભયંકર રીતે પરિચિત થઇ રહેલું મુખ મ્હેં દીઠું. તેજ મરણઅણીએ આવેલી મૃગલીની ભયવ્યાકુલ આંખો; ત્હેમાં ચમકતી તે જ દયામણી યાચકવૃત્તિ; તે જ વદનની અપૂર્વ રેખાઓ! શું આ સ્વપ્ન કે સાચું?

આટલા દિવસ થયાં અનુભવેલું મ્હારૂં દુ:ખ અદૃષ્ટ થયું; સુખનો ઉત્સાહ પ્રેરક સુસવાટો મ્હારા ગાત્રમાં, હૃદયમાં વાયો; મ્હારા માથામાં થતો નિરન્તર ઘોંઘાટ મટયો—ત્હેને બદલે સુમધુર સંગીત થતું હોય એવું લાગ્યું!

પેલી બાલાએ દયામણે મુખે જોયાં કર્યું. મ્હને લાગ્યું કે આમ એ વધારે જોયાં કરશે તો મ્હારા માથામાં તણાતા તારો જાણે હમણાં તૂટશે પણ મ્હારાથી કાંઇ બોલાયું નહિં. ત્હેણે પ્હેલાં પૂછ્યું હતું તેવા જ આક્રંદ કરતા સૂરે ફરીથી પુછ્યું: "દયા છે કે નહિ?" તે જ પ્રશ્ન. મ્હને કંપારી આવતી હતી છતાં હર્ષ થયો,—આખરે હું ત્હેને મળ્યો. પણ જવાબ દીધા પ્હેલાં ત્હેનાં મોહક લોચનો સ્હામું જોઇ રહ્યો; તે પલક માર્યા વિના મ્હારી સ્હામુંને સ્હામું જ જોઇ રહ્યાં હતાં. હું જવાબ દેવા ગયો; હું બોલવા જતો હતો કે "હા!

આવો ઘર તમ્હારૂં છે" પણ શબ્દો કાંઇ નીકળી શકયા નહિ. છતાં તે બાલા મ્હારી આંખના આવકારથી સમજી. હું આગલ ચાલ્યો; તે પાછળ પાછળ ઉપર ચ્હડી. મ્હેં મ્હારૂં ઘર ઉઘાડયું અને ત્હેને આદરથી અંદર બેલાવી. એક વખત હું હીચકારો થયો હતો, હીચકારાપણાની ભયંકર શિક્ષા વેઠી હતી. શું હવે ફરીથી તેવું જ હીચકારાપણું બતાવું ?

મ્હેં હેતભર્યા આદરથી ત્હેને બેસાડી; ગઇ વખતે કરેલા ઘોર પાપનું પ્રાયશ્ચિત્ત માગ્યું: મ્હારા પોતાના કાયરપણાને નિન્દી ક્ષમા ચાહી. તે બાલા મૂગે મ્હોંએ દયામણા, અશ્રુપૂર્ણ, નિશ્ચલ નયને મ્હારા સ્હામું જોઇ જ રહી. બહુબહુ તો ત્હેના ફીક્કા મ્લાન મુખ પર એક દયામણું, મૃદુ હાસ્ય જ આવતું, અને પળમાં જતું રહેતું. આટલા આટલા દિવસ થયાં મનમાં રાખી મૂકેલા કાંઇ કાંઇ વિચારો મ્હેં દર્શાવ્યા. ત્હેણે બધું સાંભળ્યું; પછી મ્હને પૂછયું: "દયા છે કે નહિં ?"

"દયા ? એ શું પૂછયાં કરોછો ? તમ્હેં જે કહો તે કરવા તૈયાર છું. પણ શા માટે આમ મૂગે મ્હોડે બેસી રહ્યાં છો ? બોલો, કાંઇ તો બોલો. તમ્હેં કેમ આવી શકયાં ? મ્હને કયાંથી ખોળી શકયાં ?"

ત્હેણે જવાબમાં કાંઇ કહ્યું. શું કહ્યું તે યાદ નથી. મ્હેં પણ વધુ કાંઇ કહ્યું તે યાદ નથી. આખરે ત્હેણે પણ મૌન છોડયું; ઘણી યે વાત કરી. મ્હારા હર્ષનો કાંઇ પાર રહ્યો નહિ. મ્હને ઉઠીને નાચવાનું મન થયું. હર્ષથી કે કોણ જાણે શાથી આખો ઓરડો ચકર ચકર ફરતો લાગ્યો. હું તે બાલાના અનુપમ લાવણ્યને મ્હારા હૃદયમાં ઉંડું ઉંડું કોતરી રાખવા લાગ્યો; મિનિટ, કલાક, કેટલા ગયા ત્હેનું ભાન નથી. મ્હારી નસોમાં અગ્નિ ફરતો હોય તેમ લાગ્યું. પેલી બાલા

ત્હેનું દયામણું હાસ્ય હસી જોઇ રહી. હું બેઠો હતો ત્યાંથી ઉઠયો -ત્હેની પાસે આવ્યો—પગે પડયો-ત્હેનો હાથ લેવા પ્રયત્ન કર્યો.

ત્હેના હાથ બરફ જેવા તાઢા હતા; ત્હેની આંખોમાં-દયામણી, મોહક, જીવલેણ આંખોમાં—ત્હેનું માથું ચપટ લાગતું હતું કે મ્હને માત્ર દેખાતું હતું?—મૃદુહાસ્ય હતું પણ સ્થિર હતી. મ્હેં ત્હેનો જ સવાલ ફરીથી પૂછયો: "દયા છે કે નહિ ?" કહી મ્હેં ત્હેને ચરણે માથું નમાવ્યું. જવાબમાં મ્હારા કાનમાં સતત ગાજતી હતી તે ત્હેની કારમી ચોસ ગાજી રહી. હું ધ્રૂજયો. મ્હેં ઉંચું જોયું. મ્હારી આંખે ઝાંખ વળેલી હતી; માત્ર ત્હેની આંખો જ સ્થિર, મિથુન રાશીના બે તારા હોય તેમ ચમકી રહી. હું ત્હેનો હાથ પકડવા ગયો- મ્હારા હાથમાં કાંઇ ન આવતાં હું પડી ગયો. હું કેટલીવાર પડી રહ્યો તે કેમ કહી શકાય ?

હું ઉઠયો; મ્હારા પગમાં કાંઇ ન સ્હમજાય તેવું જોર આવ્યું. મ્હેં યાચકવૃત્તિથી પૂછયું: "દયા છે કે નહિ ?" જવાબમાં પેલી બાલા કયાં ગઇ ? જે ખુરશી પર તે હમણાં બેઠી હતી તે ખાલી લાગી. હું ઉઠીને બારણું ઉઘાડી હેઠળ ગયો. જરા ભળભાખળું થયું હતું. મ્હેં આમ જોયું, તેમ જોયું; અને હું ઝપાટાબંધ ભુલેશ્વર તરફ દોડયો.

પેલી જગ્યા-જે જગ્યા પર તે પ્હેલાં મળી હતી ત્યાં લોકોની ઠઠ ભેગી થઇ હતી. "આ શું છે ? આ બધા કેમ ભેગા થયા છે ?" એક પાસે ઉભેલા માણસને પૂછયું. તે મ્હને જોઇ ચમકયો; જાણે હું કોઇ જાનવર હોઉં તેમ કયાં સુધી મ્હને જોઇ રહ્યો. મ્હેં સવાલ ફરીથી પૂછયો. આખરે તે બોલ્યો: "અંહિંઆં એક બૈરી રાતના બારીએથી પડી મરી ગઇ."

મ્હારા ડોળા ફાટી ગયા–હુ ઠઠમાં આગળ ધસવા લાગ્યો. મ્હને જોઇ કેટલાક ખશી ગયા. ચાલની અંદર એક બીજું કુંડાળું કરી માણુસો ઉભા હતા ત્યાં હું ધસ્યો. આસપાસ કોઇનું રૂદન–હા! પેલી ચીસો સંભળાતી હતી. હું આગળ આવ્યો; કુંડાળામાં ઉભેલા લોકોને ધક્કો મારી ખસેડ્યા. કેટલાકોએ મ્હને પાછળ તાણ્યો. કુંડાળામાં ભોંય પર લોહીના ખાબોચીયામાં એક લાશ પડી હતી. ભગવાન! તે જ પરિચિત અંગરેખા, તે જ નિશ્ચલ નયનો—તે જ મ્લાન સુંદર વદન—અને ગઇ રાતે જોએલું તે જ ચપટ માથું!

હું શું જોઇ રહ્યો હતો? હું ઘાંટો પાડી પૂછવા માગતો હતો, પણ ગળામાંથી જરા યે અવાજ નીકળતો ન્હોતો. એક ભયંકર અગ્નિજવાળા મ્હારી આંખ આગળ–આંખમાં કૂદી. પછી શું થયું ત્હેનું મ્હને ભાન નહિ રહ્યું. માત્ર તે જ મુખ, તે જ પ્રશ્ન, તેજ ચીસ મ્હારા મગજમાં રમી રહ્યાં.

જ્યારે મ્હને કાંઇ પણ ભાન આવ્યું ત્યારે તેને તે જ લાગ્યું; હું ઘાંટો પાડી બોલવા લાગ્યો: "દયા છે કે નહિં?" કાંઇ ઉત્તર ન મળ્યો; પાછું બધું અંધારૂં થઇ ગયું.

ફરીથી ભાન આવ્યું ત્યારે મ્હારા ઘરમાં હું હતો; મ્હારી સ્ત્રી મ્હારે માથે બરફ ફેરવતી હતી; મ્હારો એક મિત્ર ડાકટર સ્હામો ખુરશી પર બેઠો હતો.

"દયા છે કે નહિ?" મ્હેં બેઠેલે ઘાંટે પૂછ્યું.

"હા, હા, પૂરેપૂરી દયા છે," કોઇએ જવાબ આપ્યો. અવાજ અપરિચિત હતો; પછીથી ઓળખ્યો—તે મ્હારી સ્ત્રીનો હતો.

"કોણ નિર્મલા?" ત્હેણે કહ્યું "હા!"

" તું ક્યારની આવી ? ત્હને તો ગઇ કાલે વળાવી હતી ? "

" ના. મ્હારે આવ્યાને તો અગ્યાર દિવસ થયા."

" હેં ' ' " હા ! હું ગઈ ત્હેને બીજે જ દિવસે તમ્હારા મિત્રે તાર કરી બોલાવી. તમ્હેં ઘણા માંદા થઇ ગયા હતા. "

*   *   *

એ મહિને હું સારો થયો. શરીરમાં જોર આવ્યું; પાછો કામ ધંધે લાગ્યો. છતાં, એક રાતનું હીચકારાપણું, બીજી રાતનો આનંદ વિસરાતાં નથી. આટલે વર્ષે પણ હજી મનમાં રમી રહે છે તે મુખ, તે પ્રશ્ન અને તે ચીસ.

ગુજરાતી
સાહિત્ય પરિષદ્
ભંડોળ કમિટિ.

ગુજરાતી સાહિત્ય પરિષદ્

ભંડોળ કમિટિ.

ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિ.

પ્રકરણ ૧ લું.

ટુંકો અહેવાલ.

૧ નિવેદન—ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિ આજ આઠ વર્ષથી ગુજરાતી સાહિત્યની ઉન્નતિને માટે જુદી જુદી દિશામાં યથાશક્તિ મથી રહી છે, એ કમિટિ આ ચોપડી* પ્રકટ કરે છે, તેથી અહીં એ કમિટિની ટુંકી હકીકત છાપવામાં આવે છે. કમિટિના કામની કદર અને કમિટિ તરફ સહાનુભૂતિ વધતી જશે તેમતેમ કમિટિનાં સાધન વધવા પામશે, અને તે પ્રમાણમાં એ પોતે ઉપાડેલું દેશસેવાના એક અંગનું કર્તવ્ય વધારે મોટા પાયા ઉપર બજાવવા શક્તિમાન થશે એ દેખીતું છે.

૨ સ્થાપના—રાજકોટમાં મળેલી ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદે આ કમિટિ તા. ૩૦-૧૦-૧૯૦૯ ને રોજ સ્થાપન કરી, અને તેને ભંડોળ મોટું કરવાની, તેની વ્યવસ્થા કરવાની અને જરૂર પડે કમિટિમાં બીજા ગૃહસ્થોને ઉમેરવાની સત્તા આપી. (જુઓ પ્રકરણ ૨.)

૩ ભંડોળ—(૧) કમિટિની સ્થાપના વખતે પરિષદે ને. ના. લીંબડી ઠાકોર સાહેબ અને ને. ના. રાજકોટ ઠાકોર સાહેબે કૃપાવન્ત થઇને આપેલા રૂા. ૨,૨૫૦) કમિટિને સોંપ્યાં. (૨) તે પછી કમિટિના

* રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી કૃત " મ્હારી કમલા અને બીજી વાતો."

ડેપ્યુટેશનોની વિનંતિ ઉપરથી ને. ના. જામ સાહેબ અને ને. ના. મોરબી ઠાકોર સાહેબે કૃપાવન્ત થઇને રૂ. ૩,૫૦૦) ભંડોળમાં આપ્યા. (૩) પછી ત્રીજી પરિષદ્ માટેના કારોબારી મંડળે પોતે પરિષદ્ માટે કરેલા ફાળામાંથી રૂ. ૧૦૬૧) સિલક વધી તે અને ત્રીજી પરિષદ્‌ના અહેવાલ અને નિબન્ધસંગ્રહના પુસ્તકની નકલ ૨૫૦ કમિટિને સોંપી દીધાં. (૪) અને કમિટિની તા. ૨૯-૧૨-૧૯૧૫ ની બેઠકમાં ભંડોળને વિશાળ અને પ્રજાકીય બનાવવાના હેતુથી સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણીની દરખાસ્ત ઉપરથી ઠરાવ કરવામાં આવ્યો કે આ કમિટિમાં લવાજમથી સભ્યો દાખલ કરવા અને લવાજમની રકમ પ્રમાણે તેઓના નીચે પ્રમાણે વર્ગ ગણવા: રૂ. ૨,૫૦૦ કે વધારે આપનાર સભ્ય ક વર્ગમાં, રૂ. ૫૦૦ કે વધારે આપનાર સભ્ય ખ વર્ગમાં, અને રૂ. ૧૦૦ કે વધારે આપનાર સભ્ય ગ વર્ગમાં તહાહયાત સભાસદ ગણાય; અને વાર્ષિક રૂ. ૬) આપનાર સભ્ય ઘ વર્ગના વાર્ષિક સભાસદ ગણાય. (જુઓ પ્રકરણ ૨) આ ઠરાવને અનુસરીને આ નવમા વર્ષના આરમ્ભ સુધીમાં કમિટિના જુના સભ્યોમાંથી અગિયાર અને નવા ઓગણત્રીશ સભ્યો સાહિત્ય પ્રીત્યર્થે લવાજમો ભરીને જુદા જુદા વર્ગના સભ્યો થયેલા છે, અને એ રીતે ભંડોળમાં બે વષમાં રૂ. ૨,૯૩૭) વધ્યા છે. આ પ્રમાણેની આ ચારે રકમોનો એકંદર સરવાળો રૂ. ૯,૭૪૮ થાય છે.

૪ થાપણ—તા. ૧૩-૧૨-૦૯ ને રોજ રૂ. ૧૫૦૦) ભાવનગર દરબારી બેન્કમાં બાંધી મુદતે રોકવામાં આવ્યા હતા; તે પાકતાં તા. ૧૩-૧૨-૧૯૧૦ થી રૂ. ૨,૫૦૦) એજ સ્થળે એજ પ્રમાણે રોકવામાં આવ્યા હતા; તા. ૨૯-૪-૧૧ થી બીજા રૂ. ૧,૫૦૦) એજ પ્રમાણે રોકવામાં આવ્યા હતા; ઇ. સ. ૧૯૧૨ માં આ રકમો પાકતાં ત્રણ જુદી જુદી તારીખે ત્રણ જુદી જુદી રકમો મળીને રૂ. ૪,૫૦૦) એજ સ્થળે એજ પ્રમાણે રોકવામાં આવ્યા હતા. તા. ૧-૮-૧૯૧૪

ને રોજ ભાવનગર દરબારી બેન્કમાંથી કમિટિના નાણાં પાકેલાં વ્યાજ સાથે ઉપાડી બોમ્બે સેન્ટ્રલ કોઓપરેટીવ બેન્કમાં મુકવામાં આવ્યાં, અને તા. ૩૧-૩-૧૯૧૫ ને રોજ રૂા. ૬૦૦૦) ની થાપણ એજ બેન્કના ચાર ટકાના ડિબેન્ચરના રૂપમાં રોકવામાં આવી. આ પછી તા. ૨૧-૧૦-૧૯૧૬ ની બેઠકમાં કમિટિએ ઠરાવ કર્યો કે કાયમ થાપણના રૂપમાં રોકેલી રકમ ચાલુ ઉપયોગમાં લેવા માટે વટાવવી કે ઉપાડવી હોય તો કમિટિના ઠરાવ વિના તેમ બની શકશે નહીં. (જુઓ પ્રકરણ ૨.) અને છેવટ, ઇ. સ. ૧૯૧૭ માં આ થાપણમાં વધારો કરીને રૂા. ૧૫૦૦) ની ઇન્ડિયન વોરલોન રસ્કીપ ખરીદવામાં આવી છે. મતલબ કે ભંડોળ કમિટિની થાપણ આઠ વર્ષને અન્તે રૂા. ૭,૫૦૦) ની છે.

૫ ખર્ચ—કલમ ૩ માં જણાવેલા રૂા. ૯,૭૪૮ માંથી આ થાપણ બાદ કરતાં રૂા. ૨,૨૪૮ રહ્યા. વળી આ આઠ વર્ષ દરમિયાન કમિટિને વ્યાજની રૂા. ૧,૪૬૬-૮-૯ કમાણી થઇ છે; અને પુસ્તક વેચાણ વગેરેથી તેને બીજા રૂા. ૨૭૫-૧૪-૯ ની આવક થઇ છે. આ સર્વ મળીને થતી રૂા. ૩,૯૯૦-૭-૬ ની રકમમાંથી નવમા વર્ષના આરમ્ભમાં કમિટિ પાસે રૂા. ૧૨૭૧-૧૦-૦ ચાલતી સિલકના રૂપમાં છે, એટલે કમિટિ તેની આઠ વર્ષની હયાતી દરમિયાન માત્ર રૂા. ૨,૭૧૮ ની રકમ સાહિત્ય પ્રીત્યર્થ ખર્ચી શકી છે. પ્રજા તરફથી વધારે સહાનુભૂતિ મળતી જશે અને કમિટિના ઉદ્દેશોની વધારે કદર થતી જશે તેજ પ્રમાણમાં કમિટિ પોતાનું કામકાજ વધારી શકશે.

૬ પુસ્તકો—આજ સુધીમાં કમિટિએ નીચેના પુસ્તકો પ્રકટ કર્યાં છે.

(૧) પ્રો. હરિલાલ માધવજી ભટ્ટ કૃત હિંદનું રાજ્ય બન્ધારણ, કીં. રૂા. ૧.
આ વિષય ઉપર ગુજરાતી ભાષામાં એવું બીજું એકપણ પુસ્તક

નથી. એમાંની વિગત જેટલી ભરોસાદાર છે તેટલીજ એની લખાવટ સરલ છે.

(૨) સ્વ. નવલરામ લક્ષ્મીરામ પંડયા કૃત ઈંગ્રેજ લોકનો સંક્ષિપ્ત ઇતિહાસ કીંમત રૂા. ૧–૪–૦.

આ વિષય ઉપર ગુજરાતી ભાષામાં એવું બીજું એક પણ પુસ્તક નથી, એટલુંજ નહી પણ સ્વ. નવલરામે એમનાં છેલ્લાં વર્ષોમાં પૂરા રસથી લખેલો આ ગ્રંથ એમની શૈલીનો ઉત્તમ નમૂનો છે.

(૩) પ્રસિદ્ધ બંગાળી નવલકથાકાર બંકિમચંદ્ર ચટોપાધ્યાય કૃત રજનીનો રા. રા. મોહનદાસ મકનદાસ મહેતા અને રા. રા. ભગવાનલાલ ગિરિજાશંકર ભટ્ટ કૃત તરજુમો: કીંમત રૂા. ૦–૧૨–૦.

બંગાળી પુસ્તકોના ગુજરાતી તરજુમા ઘણા થાય છે પણ બંકિમચંદ્રની રમતી મનોહર શૈલીનું આબેહુબ પ્રતિબિમ્બ તેવાંજ ગુજરાતીમાં ઉતારવું એ કામ સહેલું નથી. આ રસીલી ચોપડી વાંચનાર કોઇ પણ કહી શકશે કે તરજુમાની વિકટ કળાનો આ એક વિજયી નમૂનો છે.

આ ઉપરાંત નીચેના પુસ્તકો છપાઇ રહેવા આવ્યાં છે અગર તો છપાય છે અને થોડા માસમાં બહાર પડશે.

(૪) ડૉ. મૅકડોનેલ કૃત સંસ્કૃત વાઙ્મયનો ઇતિહાસ એ પુસ્તકનો રા. રા. મોહનલાલ પાર્વતીશંકર દવે કૃત તરજુમો.
રા. રા. મોહનલાલની વિદ્વતા અને એમનાં ગુજરાતી લખાણનાં વિશુદ્ધિ અને સરલતા જાણીતાં છે અને ડૉ. મૅકડોનેલનો આ ગ્રંથ એ મહાન વિષય ઉપરનો છેલ્લો પ્રમાણગ્રંથ છે.

(૫) ફિરિસ્તા કૃત ગુજરાતના સુલતાનોના ઇતિહાસનો રા. રા. આત્મારામ મોતીરામ દીવાનજી કૃત તરજુમો.

ફિરિસ્તાના જાણીતા ઈતિહાસનો આ વિભાગ ગુજરાતના ઇતિહાસને માટે અમૂલ્ય છે અને રા. રા. દીવાનજીએ પોતાનો તરજુમો ઇંગ્રેજી તરજુમાઓ ઉપરથી નહીં કરતાં મૂળ ફારસી ઉપરથી કરેલો છે. રા. રા. દીવાનજીએ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી માટે કરી આપેલો મિરાતી સિકંદરીનો તરજુમો જ એઓની આવા કામ માટેની યોગ્યતા સિદ્ધ કરી આપે છે.

(૬) મૅકમિલન કૃત સૃષ્ટિની ઉત્પત્તિનો રા. રા. કલ્યાણરાય નથુભાઇ જોશી કૃત તરજુમો.

મૅકમિલનની નહાની ચોપડી વિજ્ઞાનના મૂળતત્વો બાળકોને પણ રસ પડે એવી સરલ રીતે સમજાવે છે અને રા. રા. જોશીએ એમની વૈજ્ઞાનિક વિષયો ઉપરની શાળાપયોગી ચોપડીઓ પછી આ ચોપડીનો સરલ તરજુમો કર્યો છે, એ એક વ્યવહારૂ વિજ્ઞાન શિક્ષકને છાજે એવુંજ ડગલું ભર્યું છે. આપણા દેશમાં વિજ્ઞાનનો શોખ પ્રસરશે, આપણી ભાષામાં વિજ્ઞાનનું સાહિત્ય વધશે તો તે આ પ્રમાણે લાયક લેખકો ક્રમે ક્રમે આગળ વધતા જશે તોજ થોડા સમયમાં બની આવશે.

(૭) રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી કૃત સાંસારિક નવલિકાઓ.

"ઘનશ્યામ વ્યાસ" કૃત "ગૌમતિદાદાનું ગૌરવ" અને એવી આપણી નહાની મોટી ખોડો અને એઓનું આબાદ ચિત્ર રજુ કરતી નવલિકાઓ આપણા માસિકોમાં જેણે વાંચી હશે તેવો કોણ એ રસીલી સચોટ અને વિવિધ ચિત્રમય કૃતિઓનો સંગ્રહ જોવાને ઉત્સુક નહીં હોય ?

આ શિવાય તા. ૨૧–૧૦–૧૯૧૬ ની બેઠકમાં ભંડોળ કમિટીએ નીચેના પુસ્તકો તે દરેકને માટે જણાવેલા કર્તાઓને સોંપ્યા છે.

ઉપલી અને હવે પછીની આખી યાદી ઉપરથી જણાઇ આવશે કે પ્રજાની જુદી જુદી જરૂરીયાતો ધ્યાનમાં રાખીને અને સાહિત્યના જુદા જુદા અંગની સાથે લાગી ખીલવટ આવશ્યક ગણીને ભંડોળ કમિટી વિષયોની વિવિધતા પસંદ કરે છે; અને વળી દરેક ચોપડી તે તે વિષયને માટે ખાસ પસન્દ કરે છે એટલુંજ નહીં પણ દરેક કામ એવા લેખકને સોંપે છે કે જેને એ કામમાં ખાસ રસ હોય અને જેની એવાં કામ માટેની યોગ્યતા તેના આજ સુધીના પ્રકટ થયેલાં લખાણ ઉપરથી નિર્વિવાદ સાબીત થઇ હોય. ભંડોળ કમિટિને પ્રજા તરફથી નાણાંની રકમો મળ્યા કરવાની જરૂર છે એ ખરૂં, પણ જાણીતા લેખકો આ પ્રમાણે કમિટિને માટે કામ કરી આપવા મળ્યા કરે એની પણ કમિટીને ઓછી જરૂર નથી, કારણ કે કમિટિને હાથે પ્રકટ થતાં પુસ્તકોના ગુણદોષનો બધો આધાર તેને જાણીતા કસાયલા અને પોતાના કામમાં સ્થાયી રસ અને નિષ્ઠાવાળા લેખકોનો આશ્રય મળે છે કે ના તેને નત્રાસવા અજ્ઞાત લેખકો વડે નિર્વાહ કરવો પડે છે તેના ઉપરજ છે.

(૮) સામળ કૃત સિંહાસન બત્રીશીની ગમાન બારોટવાળી અને એવીજ બીજી જૂની પ્રતો ઉપરથી સંશોધિત આવૃત્તિઃ સંપાદક રા. રા. અંબાલાલ બુલાખીરામ જાની.

(૯) સર રવીંદ્રનાથ ઠાકુર કૃત જીવન સ્મૃતિનો મૂળ બંગાળીમાંથી તરજુમોઃ તરજુમો કરનાર રા. રા. મોહનદાસ મકનદાસ મહેતા અને રા. રા. ભગવાનલાલ ગિરિજાશંકર ભટ્ટ.

(૧૦) ભાસ કૃત ચારુદત્ત અને બાલચરિત્ર એ નાટકોનો તરજુમોઃ તરજુમો કરનાર રા. રા. મણિલાલ છબારામ ભટ્ટ.

(૧૧) મોલિયેર કૃત ધિ બ્લન્ડરર અને ધિ ઍફેક્ટેડ લેડીસનો તરજુમો: તરજુમો કરનાર રા. રા. ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા.

(૧૨) હોમર કૃત ઈલિયડના લેંગ, લીફ, અને માયર્સના ઇંગ્રેજી તરજુમાનો ગદ્યમાં તરજુમો: તરજુમો કરનાર રા. રા. સાકરલાલ અમૃતલાલ દવે.

(૧૩) પ્લેટો કૃત ફીડ્સનો તરજુમો: તરજુમો કરનાર રા. રા. મણિશંકર રતનજી ભટ્ટ.

(૧૪) સર ફ્રાન્સિસ યંગહસબન્ડ કૃત મ્યુચ્યુઅલ ઇન્ફલુઅન્સનો તરજુમો: તરજુમો કરનાર રા. રા. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી.

(૧૫) સિસ્ટર નિવેદિતા કૃત ધિ માસ્ટર ઍસ આઇ સૉ હિમનો તરજુમો: તરજુમો કરનાર રા. રા. કેશવપ્રસાદ મણિલાલ ઠાકોર.

(૧૬) જે હોલાન્ડરોઝ કૃત નેશનાલિટિ ઇન મોડર્ન હિસ્ટરીનો તરજુમો: તરજુમો કરનાર રા. રા. ઇંદુલાલ કનૈયાલાલ યાજ્ઞિક.

(૧૭) મેકોલે કૃત હિસ્ટરી ઑફ ઇંગ્લાંડ પ્રકરણ ૧, ૨ અને ૩ નો તરજુમો: તરજુમો કરનાર રા. રા. દુર્ગાશંકર પ્રાણજીવન રાવળ.

(૧૮) લિસ્ટ કૃત નૅશનલ સિસ્ટમ ઑફ઼ ઇકોનોમીનો અનુવાદ: અનુવાદક રા. રા. ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી.

(૧૯) ટોમસ એડિસન, એનું જીવન ચરિત્ર, એના શોધો, અને એની જનસેવા: કર્તા રા. રા. કાન્તિલાલ છગનલાલ પંડયા.

(૨૦) વિજ્ઞાનની ભૂમિકા: કર્તા રા. રા. પોપટલાલ ગોવિંદલાલ શાહ.

(૨૧) ગૃહવ્યવસ્થા શાસ્ત્ર: લેખિકા અ. સૌ. શારદાગૌરી મહેતા.

૭ ચંદ્રક—આ પુસ્તકોની યોજના ક્રમે ક્રમેજ સિદ્ધ થાય અને તે સિદ્ધ થતાં વાર લાગે અને તેમાંની કેટલીક ચોપડીઓની

બાબતમાં વિઘ્નો પણ આવે એ કુદરતી છે. દરમિયાન એક ન્હાની સેવા ભંડોળ કમિટિએ બે વર્ષથી કરવા માંડી છે. ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ્ વખતે કાઠિયાવાડના ઇંગ્રેજ અમલદારોએ ધિ ઓન. સર કલોડ હિલની આગેવાનીને માન આપી ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિ તરફ પોતાની સહાનુભૂતિની નિશાની તરીકે એક ન્હાનો ફાળો ઉભો કરીને તે ભેટ આપ્યો હતો. એના ઉપયોગ માટે એમ ઠરાવવામાં આવેલું કે દર વર્ષે એક નિબન્ધનો વિષય જાહેર કરવો અને નિબન્ધો આવે તેમાંથી જે ઉત્તમ અને લાયક જણાય તેના કર્તાને રૂપાનો ગુજરાતી સાહિત્ય ચંદ્રક ઇનાયત કરવો. આ પ્રમાણે બે વાર વિષયો જાહેર કરવામાં આવ્યા હતા પરન્તુ બહુજ થોડા નિબન્ધો આવ્યા અને તેમાંથી એકે લાયક ગણાય એવો ન હતો. આથી ભંડોળ કમિટિની તા. ૨૯-૧૨-૧૯૧૫ ની બેઠકમાં ઠરાવવામાં આવ્યું કે દર વર્ષે ઓગસ્ટ માસમાં મુંબાઇ યુનિવર્સિટીની કોલેજોમાં ભણતા ગુજરાતી જાણનારા વિદ્યાર્થીઓની એક હરીફાઇની પરીક્ષા લેવી અને તેમાં જે ઉત્તમ જણાય તેને આ ચંદ્રક આપવો. હરીફાઇ માટેના પુસ્તકો કે વિષય દરેક કોલેજમાં ફેબ્રુવારી માસથી જાહેર કરવામાં આવે છે. ઇ. સ. ૧૯૧૬ ની હરીફાઇને માટે ગોવર્ધનરામ કૃત સરસ્વતીચંદ્ર ભાગ ૨ જો અને નન્દશંકર કૃત કરણઘેલો એ પુસ્તકો નીમવામાં આવ્યાં હતાં એ હરીફાઇમાં છત્રીશ ઉમેદવારોએ ભાગ લીધો હતો અને તેમાંથી પુનાની એગ્રિકલ્ચર કોલેજના હિમતસિંહજી બક્ષીભાઈ સીસોદિયા ચંદ્રક જીતી ગયા હતા. ઇ. સ. ૧૯૧૭ માં એકત્રીશ ઉમેદવારોએ ભાગ લીધો અને તેમાંથી જૂનાગઢ બહાઉદ્દીન કોલેજના મુનિકુમાર મણિશંકર ભટ્ટ ચંદ્રક જીતી ગયા આશા છે કે આ હરીફાઇમાં ઉમેદવારોની સંખ્યા વધતી જશે. આવી હરીફાઇ મરાઠી ભાષાને માટે હોય તો તેમાં દક્ષિણની કોલેજોમાંથી સેંકડો ઉમેદવારો હરીફાઇ કર્યા વગર ન રહે. આપણા પ્રાન્તમાં શિક્ષિત વર્ગમાં

પણ માતૃભાષા માટેનો પ્રેમ હજી જોઇતા પ્રમાણમાં કૃતિમાં પરિણમતો દેખાતો નથી. એમ કહેવું પડે છે.

પ્રકરણ ૨ જું.

બંધારણને લગતા ઠરાવો.

૮ બંધારણ—ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિનું બંધારણ જેમ જેમ જરૂર પડતી ગઇ તેમ તેમ કેવળ તે તે જરૂરને માટે આવશ્યક એટલો ઠરાવ થઇ એ પ્રમાણે ક્રમે ક્રમે ઘડાયું છે. કમિટિને લગતા અને કમિટિના ઠરાવોમાંથી એ કમિટિનું સ્વરૂપ ઘડનારા ઠરાવો સૌથી વધારે મહત્ત્વના છે, તે અહીં ઉતારવામાં આવે છે.

૯ સ્થાપનાનો ઠરાવ—ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદે તા. ૩૦-૧૦-૧૯૦૯ ને રોજ કરેલો ઠરાવ ૯ મો :—

લીંબડીના ને. ના. ઠાકોર સાહેબ શ્રી દોલતસિંહજી તથા રાજકોટના ને. ના. ઠાકોર સાહેબ શ્રી લાખાજીરાજે કૃપાવન્ત થઇને પરિષદ્ના ભંડોળને માટે (અનુક્રમે) એક સો ગિનિ અને પચાશ ગિનિની ઉદાર બક્ષીસ કરી છે તે આ પરિષદ્ હર્ષથી સ્વીકારીને તે માટે ખરા અન્તઃકરણપૂર્વક આભાર માને છે, અને આ રકમથી ભંડોળનો આરમ્ભ કરી તે મોટું કરવાની તથા તેની વ્યવસ્થા કરવાની નીચેના ગૃહસ્થોની કમિટિને સત્તા આપે છે, તથા તેમને જરૂર પડે તો કમિટિમાં બીજા ગૃહસ્થોને ઉમેરવાની સત્તા આપે છે : (એ આરમ્ભથી નીમાયેલા સભ્યોના નામ માટે જુઓ પ્રકરણ ૪)

૧૦ સભ્યોના વર્ગ—ભંડોળને વિશાળ અને પ્રજાકીય બનાવવા માટે તા. ૨૯-૧૨-૧૯૧૫ ની બેઠકમાં ભંડોળ કમિટિએ કરેલો ઠરાવ ૬ ઠો :—

કમિટિના સભ્યોના વર્ગ:

ક—જે કોઇ ભંડોળમાં એક રકમે રૂા. ૨૫૦૦ પચીશસો અથવા વધારે ભરવા કૃપા કરશે, તેઓને ગુજરાત સાહિત્ય પરિષદ્‌ના આશ્રયદાતા (Patron) તથા આ કમિટિના જીવન પર્યંતના ઉપપ્રમુખ નીમવામાં આવશે.

ખ—જે કોઇ ભંડોળમાં એક રકમે રૂા. ૫૦૦ થી ૨૫૦૦ સુધી ભરવા કૃપા કરશે, તેઓને આ કમિટિના જીવન પર્યંતના ઉપપ્રમુખ નીમવામાં આવશે.

ગ—જે કોઇ ભંડોળમાં એક રકમે રૂા. ૧૦૦ થી ૫૦૦ સુધી ભરવા કૃપા કરશે, તેઓ આ કમિટિના જીવન પર્યંતના સભ્ય ગણાશે.

ઘ—જે કોઇ ભંડોળમાં જે વર્ષે રૂા. ૬ છ ભરશે તેઓ કમિટિના તે વર્ષ માટેના સભ્ય ગણાશે.

૧૨ સભ્યોને લાભ—સભ્યો ઉપર પ્રમાણે વર્ગોમાં વહેંચાઇ જતાં ભંડોળ કમિટિ પ્રકટ કરે તે પુસ્તકોનો સભ્યોને લાભ આપવા વિશે વ્યવસ્થાનો ઉપલી જ બેઠકોનો ઠરાવ ૭ મો :—

પુસ્તકોની નકલો વિના મૂલ્યે અને અર્ધ મૂલ્યે :

ક—ઉપલા વર્ગ ક અને ખ ના સભ્યોને ભંડોળ કમિટિ તરફથી પ્રસિદ્ધ થતાં પુસ્તકોમાંથી દરેકની એક એક નકલ વિના મૂલ્યે મળી શકશે.

ખ—ઉપલા વર્ગ ગ અને ઘ ના સભ્યોને ભંડોળ કમિટિ તરફથી પ્રસિદ્ધ થતાં પુસ્તકોમાંથી રૂા. ૨ બે સુધીની કિંમતના દરેકની એક નકલ વિના મૂલ્યે અને તેથી વધારે કીંમતના દરેકની એક નકલ અર્ધ મૂલ્યે મળી શકશે; પણ કોઇ વર્ષમાં એકંદર રૂા. ૮ આઠથી વધારે કીંમતનાં પુસ્તકો કમિટિ તરફથી બહાર પડશે; તો તેમાંથી દરેક

સભ્ય પોતાની પસંદગી કરીને એકંદર રૂા. ૮ આઠની કીંમતનાં પુસ્તકોજ (રૂ. ૨ સુધીની કીંમતનાં વિના મૂલ્યે અને વધારે કીંમતનાં અર્ધ મુલ્યે) સભ્ય તરીકે મેળવી શકશે.

૧૨. ભંડોળ વૃદ્ધિ માટે ડેપ્યુટેશનો.—ઉપલી જ બેઠકનો ઠરાવ ૧૦ મો:—

ડેપ્યુટેશનો: ભંડોળની વૃદ્ધિને માટે જરૂર જણાય તેવા પ્રસંગોમાં બે ચાર સભ્યોનાં નહાનાં ડેપ્યુટેશનો નીમવાની સત્તા ત્રીઝરર સાહેબને આપવામાં આવે છે.

૧૩. ભંડોળની રક્ષા.—એકઠું થતું અને વધતું આવે છે તે ભંડોળ સુરક્ષિત રહે એવા ઉદ્દેશથી તા. ૨૧-૧૦-૧૯૧૬ ની બેઠકમાં કરવામાં આવેલો ઠરાવ ૫ મો:—

Resolved that, excepting what may be needed for miscellaneous purposes, the funds of the commitee be kept in current account with the Bank of India, Ld. Bombay, and that the Hon. Treasurer and the Hon. Secretary be and for are hereby authorized to operate on this account the purposes of this Committee, either jointly or severally.

But this Resolution shall not apply to capital permanently invested, nor shall such investments be realized without a Resolution of the Committee.

તરજુમો.

આ ઉપરથી ઠરાવવામાં આવે છે કે પરચુરણ કામ માટે જરૂર પડે તે સિવાયનું કમિટિનું ભંડોળ બેન્ક ઓફ ઇન્ડિયા, લિમિટેડ, મુંબાઇ,

એ બેન્કમાં ચાલતું ખાતું (કરન્ટ એકાઉન્ટ) ઉઘાડીને તેમાં રાખવું; અને આ ચાલતા ખાતાને લગતો કમિટિના કામને માટે નાણાં ઉપાડવા વગેરેનો બધો વહીવટ કમિટિના ઓનરરી ટ્રેઝરર અને ઓનરરી મંત્રી એ બંને સાથે મળીને અથવા એમાંથી ગમે તે એક છૂટા છૂટા કરી શકે એવો તેમને અધિકાર આપવો; અને વળી આ ઠરાવથી એવો અધિકાર આપવામાં આવે છે.

પણ આ ઠરાવ કમિટિની કાયમને માટે રોકેલી મૂડી (ઇન્વેસ્ટેડ કેપિટલ) ને લાગુ પડશે નહીં; તેમજ તે ઇન્વેસ્ટમેન્ટ કમિટિના ઠરાવ વિના ઉપાડી શકાશે નહીં.

નોંધ:—કમિટીનો મૂળ ઠરાવ કયો ગણવો, ઈંગ્રેજી કે તરજુમો ? એ સવાલ ઉત્પન્ન થવા ન પામે તે માટે ઠરાવવામાં આવે છે કે ઇંગ્રેજી ઠરાવનેજ કમિટિનો મૂળ ઠરાવ ગણવો.

પ્રકરણ ૩ જું.

તા. ૪-૧૧-૧૯૧૭ ની વાર્ષિક બેઠકની હકીકત અને કમિટિના આઠમા વર્ષનો અહેવાલ.

૧૪ વાર્ષિક બેઠકો—ભંડોળ કમિટિની એક બેઠક તેની સ્થાપનાને બીજે જ દિવસે રાજકોટમાં થઇ હતી. કમિટિની બીજી બેઠક ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદ્ મળી તે દિવસોમાં વડોદરામાં થઇ હતી, અને આ બીજી બેઠક પહેલાં અને પછી જરૂરી કામકાજ માટે સર્ક્યુલર કાગળોથી ઠરાવો કરવામાં આવ્યા હતા. પરંતુ ઠરાવો કરવાની આ પદ્ધતિ શ્રેષ્ઠ નથી એ દેખીતું છે. તેમ ગુજરાતી સાહિત્ય પરિષદ્ તો ત્રણત્રણ વર્ષે એકવાર મળે છે એટલે પરિષદ્ મળે ત્યારેજ ભંડોળ કમિટિ મળે એ ધોરણ પણ વાંધા પડતું જણાયું. આથી કરીને

કમિટિના છઠ્ઠા વર્ષની આખરે પહેલી વાર્ષિક બેઠક મેળવવામાં આવી અને તે પછી દર વર્ષે વાર્ષિક બેઠક ભરવાનો વહીવટ ચાલૂ રાખવામાં આવ્યો છે. આવી બેઠકમાં છેલ્લા વર્ષનો અહેવાલ અને હિસાબ રજુ કરવામાં આવે છે અને આગળથી સભ્યોને મોકલવામાં આવેલી કામકાજની યાદી પ્રમાણેના વિષયો ચર્ચાય છે અને ઠરાવો ઘડાય છે, અને આવી બેઠકોની હકીકત અને તેમાં રજુ થયેલા અહેવાલ હિસાબ આદિ વર્તમાનપત્રો દ્વારા પ્રજાની માહિતી માટે પ્રકટ કરવામાં આવે છે. તા. ૪-૧૧-૧૯૧૭ ને રોજ ગોધરામાં થયેલી છેલ્લી વાર્ષિક બેઠકની વિગતવાર હકીકત નીચે પ્રમાણે છે.

(૧) સભ્યોને નોટીસ.

૩૭૯, નારાયણપેઠ

પૂના સિટિ, તા. ૨૬-૯-૧૯૧૭.

રા. રા.

મહેરબાન સાહેબ,

ગુજ. સા. પ. ભંડોળ કમિટિની વાર્ષિક સભા ગોધરા મુકામે તા૦ ૪-૧૧-૧૯૧૭ રવિવારે સાંજે મળશે તેની આગળ નીચેનું કામકાજ રજુ થશે.

૧—આઠમાં વર્ષનો અહેવાલ અને હિસાબ; ગુજરાતી સાહિત્ય ચંદ્રકની બીજી હરીફાઇનો અહેવાલ અને હિસાબ.

૨—રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દીવટિયા બી. એ. સી. એસ. એઓએ મુંબઇ યુનિવર્સિટી આગળ આપેલાં વિલ્સન ફાઇલોલોજિકલ વ્યખ્યાનો કમિટિએ પ્રકટ કરવા માટેની દરખાસ્ત

૩—સ્વ. રણજીતરામ વાવાભાઇ મહેતા કૃત નવલકથાઓ અને ટુંકી વાર્તાઓનો સંગ્રહ કમિટિએ છાપી ચિ. અશોક રણજીતરામને

નામે ગ્રંથનું સ્વામિત્વ રજીસ્ટર કરાવી તેની નકલ ૧૦૦૦ એઓને સોંપી દેવા માટેની દરખાસ્ત.

૪—સભાના પ્રમુખ બીજું જે કામકાજ રજુ કરે તે.

આશા છે કે આપ જરૂર પધારશો. ગોધરા ખાતે મળનારી રાજકીય કે સંસારિક પરિષદ્‌ના સભ્ય કે પ્રેક્ષક તરીકે આપ ત્યાં આવનાર હશો તો આપના ઉતારા વગેરે માટે એ પરિષદોને અંગે વ્યવસ્થા કરી શકશો. પરંતુ માત્ર આ કમિટિની સભાને માટે પધારવાના હો તો કૃપા કરીને વેળાસાર (અકટોબર ૧૫ મીથી ૨૧ મી સુધીમાં–ચુનારવાડ, ભરૂચ, એ સરનામે) જણાવશો, એટલે આપને માટે મ્હારાથી બનતો બંદોબસ્ત આનંદથી કરીશ. હાલ એજ વિ.

લી૦ અધીન સેવક.
બલવંતરાય કલ્યાણરાય ઠાકોર,
મંત્રી,
ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિ.

૧૫ બેઠકનો અહેવાલ—આ બેઠક ગોધરામાં નીમેલી તારીખે સવારે મળી હતી. તેનો અહેવાલ, તેની આગળ રજુ થયેલ આઠમા વર્ષનો અહેવાલ, આઠમા વર્ષના હિસાબની તારીજ, અને ચંદ્રક કમિટિનો બીજો વાર્ષિક અહેવાલ અહીં અનુક્રમે આપવામાં આવે છે.

(૨)—તા. ૪-૧૧-૧૭ ની વાર્ષિક બેઠકનો અહેવાલ.

ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિની વાર્ષિક બેઠક ગોધરામાં રવિવાર તા. ૪-૧૧-૧૭ ને રોજ સવારમાં મળી હતી. તેમાં કમિટિના જેટલા સભ્યો ગોધરે આવી શક્યા હતા તે સર્વ હાજર હતા. રા. રા. ચંદ્રશંકર નર્મદાશંકર પંડ્યાની દરખાસ્તથી બેઠકનું પ્રમુખસ્થાન રા. બ. રમણભાઈ મહીપતરામ નીલકંઠ, બી. એ. એલએલ. બી., એઓને સર્વાનુમતે આપવામાં આવ્યું હતું.

મંત્રીએ બેઠક આગળ રજુ થવાના કામકાજનો ખરડો અને તે પછી આઠમા વર્ષનો અહેવાલ આઠમાં વર્ષની હિસાબની તારીજ અને ચંદ્રક કમિટિનો અહેવાલ બેઠકમાં વાંચ્યા, તે ઉપરથી નીચેના ઠરાવો સર્વાનુમતે થયા હતા.

ઠરાવ ૧—ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિના આઠમા વર્ષનો અહેવાલ, આઠમા વર્ષના હિસાબની તારીજ, અને ચંદ્રકને લગતી બીજી વાર્ષિક હરિફાઇનો અહેવાલ મંજૂર રાખવામાં આવે છે.

ઠરાવ ૨—ચંદ્રકની હરિફાઇ ઈ. સ. ૧૯૧૮ માં પણ ચાલુ રાખવાનું ઠરાવવામાં આવે છે, અને તેને સારૂં આગળ ઘડેલા નિયમો તથા આગલી કમિટિ ૧૯૧૮ ને માટે ચાલુ રાખવામાં આવે છે.

સ્વ. રણજીતરામ વાવાભાઇ મહેતાની નવલકથાઓ વગેરે વિશે રા. બ. રમણભાઇએ નીચેનો ઠરાવ રજુ કર્યો.

સ્વ. રણજીતરામ વાવાભાઇ મહેતાને વર્ષો સુધી એક સરખા ઉત્સાહથી ગુજરાતી સાહિત્ય પરિષદ્ અને તેને લગતા ખાતાંઓ અને હીલચાલોની જે નિ:સ્વાર્થી અને કીમતી સેવાઓ બજાવેલી છે તેની કદર ખાતર ભંડોળ કમિટિ ઠરાવ કરે છે કે તેમણે રચેલી નવલ કથાઓ, નાટકો, અને ટુંકી વાર્તાઓનો સંગ્રહ કમિટિએ પોતાને ખર્ચે છાપવો, તેમના પુત્ર ચિ૦ અશોક રણજીતરામને નામે તે સંગ્રહનું સ્વામિત્વ રજીસ્ટર ઠરાવવું, અને તેની ૧૦૦૦ નકલો ચિ૦ અશોક રણજીતરામને ભેટ આપી વેચવા માટે તેમના વાલી રા. રા. મોતીલાલ વાવાભાઇ મહેતાને સોંપી દેવી. રા. રા. લાભશંકર પ્રભુરામ ભટ્ટને આ સંગ્રહના સંપાદક નીમવાનું ઠરાવવામાં આવે છે. આ ઠરાવને મંત્રીએ ટેકો આપ્યો. આ વિશે ચર્ચામાં કાયદાની અને બીજી મુશ્કેલીઓ જણાતાં છેવટે નીચે પ્રમાણેનો ઠરાવ સર્વાનુમતે થયો.

ઠરાવ ૩—સ્વ. રણુજીતરામ વાવાભાઇ મહેતાએ વર્ષો સુધી એક સરખા ઉત્સાહથી ગુજરાતી સાહિત્ય પરિષદ અને તેને લગતાં ખાતાંઓ અને હીલચાલોની જે નિઃસ્વાર્થી અને કીંમતી સેવાઓ બજાવેલી છે, તેની કદર ખાતર ભંડોળ કમિટિ ઠરાવ કરે છે કે તેમણે રચેલી નવલકથાઓ, નાટકો, અને ટુંકી વાર્તાઓના સંગ્રહની ૧ લી આવૃત્તિનો કૉપિરાઇટ રા. રા. મોતીલાલ વાવાભાઈ મહેતા એમના કુટુંબ તરફથી ભંડોળ કમિટિને આપી દેવાનું સ્વીકારે તો તે બદલ કમિટિએ રૂ. ૨૫૧) આપીને એ ચોપડી કમિટિએ છપાવી પ્રકટ કરવી. રા. રા. લાભશંકર પ્રભુરામ ભટ્ટને આ સંગ્રહના સંપાદક નીમવામાં આવે છે.

આ પછી રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દીવેટીયાએ મુંબઇ યુનિવર્સિટી આગળ કરેલાં વિલ્સન ફાઇલોલોજિકલ લેકચર્સનું ઇંગ્રેજી પુસ્તક અને તેનો તરજુમો કમિટિએ પ્રકટ કરવા વિશે મંત્રીની વિનતિ ઉપરથી પ્રો. આનન્દશંકર બાપુભાઇ ધ્રુવે મોકલેલો ઠરાવનો મુત્સદ્દો મંત્રીએ વાંચી સંભળાવ્યો. આ ઉપરથી ચર્ચા થતાં પ્રમુખ સાહેબની સૂચનાથી નીચે પ્રમાણેનો ઠરાવ સર્વાનુમતે થયો.

ઠરાવ ૪ થો—રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયા પોતાના ઇંગ્રેજી વ્યાખ્યાનો હજી પૂરેપુરાં ફરી લખી રહ્યા નથી. એ પુસ્તક તૈયાર થઇ રહે તે પછી યુનિવર્સિટિના વિલ્સન ફાઇલોલોજીકલ લેક્ચર્શિપને લગતા નિયમો જોઇને આ બાબત ફરી વિચાર કરવો.

છેવટ, મંત્રીએ સૂચના કરી કે આવતી ગુજરાતી સાહિત્ય પરિષદ્ મળે તે અરસામાં ભંડોળ કમિટિની પણ એક અસાધારણ બેઠક મળવી જોઇએ. આ સૂચના સૌ સભ્યોને આવશ્યક જણાઇ પણ એ વિશે ઠરાવની જરૂર ન હોવાથી પ્રમુખ સાહેબનો ઉપકાર માનવાની સાથે બેઠકનું કામકાજ પૂરું થયું.

આ બેઠકમાં નીચેના સભ્યો હાજર હતા.

૧ રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠ,
૨ રા. રા. કૃષ્ણલાલ નરસીલાલ દેશાઇ,
૩ રા. રા. ચંદ્રશંકર નર્મદાશંકર પંડયા,
૪ રા. રા. ઇન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક,
૫ રા. રા. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ,
૬ રા. રા. પ્રભુલાલ પ્રભાશંકર શાસ્ત્રી,
૭ રા. રા. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર (મંત્રી).

ગોધરા, તા. ૪-૧૧-૧૭.

રમણભાઇ મહીપતરામ નીલકંઠ,
પ્રમુખ.

બલવંતરાય કલ્યાણરાય ઠાકોર,
મંત્રી.

(૩)—તા. ૪-૧૧-૧૭ ની વાર્ષિક બેઠકમાં રજુ થયેલો ઇ. સ. ૧૯૧૬-૧૭ નો અહેવાલ.

૧—ઇ. સ. ૧૯૧૬-૧૭ ના આપણા ૮ માં વર્ષ દરમિયાન કમિટિની એક બેઠક અમદાવાદમાં તા. ૨૧-૧૦-૧૯૧૬ શનિવારે મળી હતી તેમાં પ્રો. આનન્દશંકર બાપુભાઇ ધ્રુવ, એમ. એ. એલ એલ. બી., પ્રમુખ હતા, અને સભ્યોની સારી હાજરી હતી. એ બેઠકમાં કમિટિ પાસેની સિલક સુરક્ષિત રહે તે માટે ઠરાવ કરવામાં આવ્યો હતો કે જે રકમ થાપણ રૂપે રોકવામાં આવે તેને પાછી ચાલતી સિલકમાં ઉપયોગ માટે ખેંચતાં પહેલાં એ વિશે કમિટિનો ઠરાવ જોઇએ, અને એવી થાપણ ઉપરાંતની જે રકમ ચાલતી સિલક રૂપે હોય તે મોટે ભાગે બેન્ક ઑફ ઇન્ડિયામાં કમિટિનું ખાતું ખોલીને રાખવી જોઇએ. આ પ્રમાણે ભંડોળ કમિટિનું ચાલતું ખાતું બેન્ક ઑફ ઇન્ડિયામાં

તિજોરર અને મંત્રીના નામનું તા. ૭-૧૨-૧૯૧૬ ના દિવસથી ખોલવામાં આવ્યું છે.

૨—આ સાલ આરમ્ભે કમિટિની થાપણમાં રૂા. ૬૦૦૦) ના ધિ બોમ્બે સેન્ટ્રલ કોઑપરેટિવ બેન્કના ડિબેન્ચર હતા, તેમાં તા. ૧૮-૫-૧૯૧૭ ને રોજ રૂા. ૧૫૦૦) નો વધારો કરી એટલી ઇન્ડિયન વૉરલોન સ્ક્રિપ ખરીદવામાં આવી છે.

૩—મૅકડોનેલ કૃત સંસ્કૃત વાઙ્મયનો ઇતિહાસ એ ચોપડીનો આપણે માટે રા. રા. મોહનલાલ પાર્વતીશંકર દવે એમ. એ. એલએલ. બી. એ કરેલો તરજુમો હજી છપાય છે આ તારીખ સુધી પણ એ પુરો છપાઇ રહ્યો નથી તેનું કારણ અમદાવાદમાં કેટલાક માસ થયાં મરકીનો અતિશય ત્રાસ એ છે. પરન્તુ આ સ્થળે જણાવવું જોઇએ કે કોઇ ચોપડી છપાતાં વિલમ્બ થાય તેની જવાબદારી મંત્રીને માથે ગણવાની નથી. છાપખાના સાથે કબૂલાતની શરતો મંત્રી નક્કી કરી આપે છે, અને ચોપડી છપાવી શરૂ થાય છે, એટલે તે પછીની સર્વ જવાબદારી કર્તા, છાપખાનું, એ બે, તથા એ બેની વચ્ચે કોઇ ત્રીજાને પણ દેખરેખ રાખવા કે મદદ કરવા સુપરત કરવામાં આવી હોય તો તે, એમ એ ત્રણની છે. આ ચોપડીની બાબતમાં છાપખાના સાથેની કબૂલાત પ્રો. ધ્રુવ મારફત થયેલી અને ચોપડીની છપામણીનો ભાર કર્તાની સાથે એમણે કૃપા કરીને સ્વીકારેલો, તેથી લાભ એ થયો છે કે એઓએ વારંવાર છાપખાનાને ટોકયા કર્યું છે અને તેની પાસે બનતી ઝડપ કરાવેલી છે.

૪—રા. રા. દિવાનજી કૃત ફિરિસ્તાના ગુજરાતના સુલતાનોના ઇતિહાસનો તરજુમો છપાઇ રહ્યો છે. રા. રા. મુનશીની ટુંકી વાર્તાઓ સંગ્રહ લગભગ છપાઇ રહ્યો છે. રા. રા. જોશી કૃત "સૃષ્ટિની ઉત્પત્તિ"નો તરજુમો એ ચોપડી નહાની છે અને તે છાપવાનું કામ

શરૂ થયું છે. પ્લેટો કૃત ક્રીટૂસનો તરજુમો રા. રા. મણિશંકર રત્નજી ભટ્ટે લગભગ પૂરો કર્યો છે, અને એ ચોપડી પણ ન્હાની છે. એટલે આ પાંચ ચોપડીઓ ઇ. સ. ૧૯૧૮ દરમિઆન પ્રકટ થઇ શકશે એમ લાગે છે. છેલ્લી બેઠકમાં મંજૂર કરેલી બીજી ચોપડીઓમાંથી પણ ત્રણ ચાર ઇ. સ. ૧૯૧૮ દરમિયાન છપાવી શરૂ થશે એમ આશા છે.

૫—આ સાલ દરમિયાન કમિટિની ચોપડીઓના વેચાણથી આવક સારી થઇ છે, જો કે તેના હિસાબ અને રકમો જુદા જુદા વેચનારાઓ પાસેથી પૂરેપૂરી મળી ગયેલી ન હોવાથી એ આવક આ સાલના હિસાબમાં લઇ શકાઇ નથી.

૬—આ સાલ દરમિયાન ખ વર્ગ (રૂા. ૫૦૦) માં એક નવા સભાસદ થયા છે. અને ગ વર્ગ (રૂા. ૧૦૦) માં ચાર જોડાયા છે, જેમાંના બે કમિટિની સ્થાપનાથીજ કમિટિના સભ્ય હતા. બેશક આ વધારો સન્તોષકારક નથી. પરંતુ છેલ્લા અહેવાલમાં જણાવેલું હતું તે આ વખતે પણ ફરીથી કહેવું પડે છે, કે નવા સભ્યોને આકર્ષવાનું અને ભંડોળમાં ઝડપથી વધારો કરવાનું કામ એક બે માણસ જ કરે ત્યાં સુધી તે સન્તોષકારક નીવડવાનું જ નથી. કમિટિના બધા સભ્યોએ આ બાબત પૂરતો ઉત્સાહ રાખીને તે કૃતિમાં મૂકવાના દરેક પ્રસંગનો લાભ લેવો જોઇએ એવું મારૂં અધીન મત છે. અનેક માણસોના સહકાર વગર કોઇપણ દેશોપયોગી કામ વધી શકે નહીં.

૭—હિસાબની તારીજ અને ચંદ્રક કમિટિનો અહેવાલ આ સાથે સામેલ છે.

બલવંતરાય કલ્યાણરાય ઠાકોર.
મંત્રી,
ગુજ. સા. પ. ભંડોળ કમિટિ.

(૪)—તા. ૪-૧૧-૨૭ ની વાર્ષિક બેઠકમાં રજુ થયેલ હિસાબની

જમા

૭૯૭૬-૬-૬ વર્ષારમ્ભે સિલક: થાપણુ ૬૦૦૦) ચાલતી ૧૯૭૬-૬-૬

૯૩૭-૦-૦ આવક સભ્યોના લવાજમથી–

૫૦૧) રા. રા. પ્રાણજીવન જગજીવન દાકતર–ખ વર્ગ.

૧૦૦) રા. રા. રણછોડદાસ વૃંદાવનદાસ પટવારી
૧૦૦) દિ. બ. રણછોડભાઇ ઉદયરામજી
૧૦૦) રા. બ. કેશવલાલ ગિરિધરલાલ ત્રિવેદી
૧૦૦) રા. રા. કૃષ્ણલાલ નરસીલાલ દેસાઇ.
} —ગ વર્ગ

૩૬) ઘ વર્ગના છ સભ્યોનાં વાર્ષિક લવાજમ.

૨૪૦-૦-૦ આવક વ્યાજથી: બોમ્બે સેન્ટ્રલ કોઓપરેટીવ બેન્કના રૂા. ૬૦૦૦) ના ડિબેન્ચરોનું ચાર ટકા લેખે એક વર્ષનું વ્યાજ ચાલતી સાલમાં ઉપજેલું.

૪-૨-૦ પરચુરણ આવક.

૯૧૫૭-૮-૬

૧૫૦૦-૦-૦ સામે જણાવેલી વૉરલોન સિંકૂપ થાપણમાં આ સાલ દરમિયાન વધી તે જમા.

૧૦,૬૫૭-૮-૬

ક્રોડ: વર્ષ આખરની સિલકમાં રૂા. ૭૫૦૦ થાપણરૂપે છે.

બલવંતરાય કલ્યાણરાય ઠાકોર,
મંત્રી.

તા. ૧૪-૧૦-૧૯૧૬ થી તા. ૩૧-૧૦-૧૯૧૭ સુધીના તારીજ.

ઉધાર

ઇન્ડિયન વૉરલોન ૧૯૨૯-૪૭ રૂા. ૧૫૦૦) ની
સેંકડે ૯૫ ને ભાવે ખરીદી તા. ૧૮-૫-૧૯૧૭ રૂા. ૧૪૨૫—૦-૦

છપામણી ખાતે. ૪૩૨—૯-૯

(૧)	છેલ્લી વાર્ષિક બેઠકના અહેવાલની છપામણી ખાતે.	૫૩-૧-૯
(૨)	ફિરસ્તા કૃત ગુજરાતના ઇતિહાસના રા. દિવાનજીના તરજુમાની છ૦ પેટે	૧૫૩-૮-૦
(૩)	"સૃષ્ટિની ઉત્પત્તિ"ના રા. જોશીના તરજુમાની છ૦ પેટે	૧૨૬-૦-૦
(૪)	રા. મુનશીની ટુંકી વાર્તાઓની છ૦ પેટે	૧૦૦-૦-૦

પરચુરણ ખર્ચ ૨૮—૪-૯

૧૮૮૫-૧૪-૬

વર્ષ આખરે સિલક ૮૭૭૧-૧૦-૦

૧૦,૬૫૭—૮-૬

અને રૂા. ૧૨૭૧-૧૦ ચાલતી સિલક છે.

લલ્લુભાઇ સામળદાસ મહેતા,

ત્રીઝરર.

(૫)—તા. ૪-૧૧-૧૭ ની વાર્ષિક બેઠકમાં રજુ થયેલ

ગુજરાતી સાહિત્ય ચંદ્રકની બીજી હરિફાઇનો અહેવાલ.

વખતની હરિફાઇને માટે સરસ્વતીચંદ્ર ભાગ ૧ લો અને મણિલાલ નથુભાઇ દ્વિવેદી કૃત કાન્તા એ બે ચોપડીઓ નીમવામાં આવી હતી. હરિફાઈની પરીક્ષા છાપેલા સવાલપત્રકથી બધે સ્થળે રવિવાર તા. ૧૨-૮-૧૬ ને દિવસે બપોરે લેવામાં આવી હતી, તેમાં ગુજરાત કોલેજમાંથી ૧૦, બહાઉદ્દીન, બરોડા અને સેંટઝેવિયર એ દરેક કોલેજમાંથી ૪, એલ્ફિન્સ્ટન અને દયારામ જેઠમલ કોલેજ એ દરેકમાંથી ૩, અને વિલસન સામળદાશ અને પૂનાના એગ્રિકલ્ચર કોલેજ એ દરેકમાંથી ૧ એમ કુલ ૩૧ ઉમેદવાર બેઠા હતા. આમાં સેંટઝેવિયર કોલેજના એક પારસી નામે જાલભાઇ પિરોજશાહ બલસારા પણ હતા, જેમનું સારૂં ગુજરાતી જોઇ પરીક્ષકોને આનન્દ થયો છે. ઉમેદવારોમાંથી સૌથી સારા જવાબ.

૧ મુનિકુમાર મણિશંકર ભટ્ટ, બહાઉદ્દીન કોલેજ.

૨ જેઠાલાલ છગનલાલ ચોધરી, બરોડા કોલેજ,

અને ૩ ઇશ્વરલાલ માણેકલાલ વકીલ, એલ્ફિન્સ્ટન કોલેજ,

એઓના જણાયા છે, અને (૧) ની લખાવટ સૌથી સારી હોવાથી ઇ. સ. ૧૯૧૬-૧૭ નો ચંદ્રક મુનિકુમાર મણિશંકર ભટ્ટને આપવાનું ઠરાવવામાં આવે છે. સવાલપત્રકની નકલ આ સાથે ટાંકી છે. *

૨ આ પરીક્ષા લેવામાં અને તેને લગતાં કામકાજમાં અમને નીચેના મિત્રોએ અનેક રીતે મદદ કરેલી છે, તે માટે કમિટિ તરફથી ઉપકાર માનીએ છીએ; પ્રો. નીલકંઠ સદાશિવ તાકખાઉ, ખુશાલ તળ-

---

* અહીં છાપી નથી.

કશી શાહ, હુસમનરામ કર્પૂરરામ મહેતા, રા. રા. ખંડુભાઇ કસનજી ભટ્ટાર્કર, પ્રો. અતિસુખશંકર કમલાશંકર ત્રિવેદી, નરભેરામ પ્રાણજીવન દવે, અને ત્રિભુવનદાસ પીતાંબરદાસ ત્રિવેદી. આ સર્વના ઉત્સાહ છતાં આ વર્ષે ગઇ સાલ કરતાં પાંચ ઉમેદવાર ઓછા બેઠા તે એક કરતાં વધારે સ્થળે એ વખતે મરકીની શરૂઆત થઇ ગયેલી હોવાને લીધે હશે એમ ધારીએ ચીએ. આવતે વર્ષે વધારે ઉમેદવારો ભાગ લેશે એમ આશા રાખીએ છીએ.

ભરૂચ, તા. ૨૧-૧૦-૧૭.

બલવંતરાય કલ્યાણરાય ઠાકોર,
આનન્દશંકર બાપુભાઇ ધ્રુવ,
હરિલાલ માધવજી ભટ્ટ,
ચંદ્રક કમિટિ, ગુજ. સા. પ. ભંડોળ.

પ્રકરણ ૪ થું.

ગુજરાતી સાહિત્ય પરિષદ ભંડોળ કમિટિના સભ્યોની યાદી.

તા. ૩૦-૧૦-૧૯૦૯ ને રોજ કમિટિ સ્થપાઇ તે વખતે નીમાયેલા સભ્યો:—

(૧) દિવાન બહાદુર અંબાલાલ સાકરલાલ દેસાઇ,
(૨) દિવાન બહાદુર રણછોડભાઇ ઉદયરામજી,
(૩) ખાનબહાદુર બેજનજી મેરવાનજી ડમરી,
(૪) રા. રા. મનુભાઇ નંદશંકર મહેતા.
(૫) મિ. ગુલામમહમદ બાવામિયાં મુનશી,
(૬) રા. રા. દલપતરામ ભગવાનજી શુકલ,
(૭) રા. રા. દેવચંદ ઉત્તમચંદ પારેખ,
(૮) શેઠ સાહેબ પુરૂષોત્તમ વિશ્રામ માવજી,

(૯) રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠ,
(૧૦) રા. રા. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર,
(૧૧) રા. રા. આનંદશંકર બાપુભાઇ ધ્રુવ,
(૧૨) રા. રા. રણછોડદાસ વૃંદાવનદાસ પટવારી,
(૧૩) રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ,
(૧૪) રા. રા. અમૃતલાલ રણછોડદાસ બક્ષી,
(૧૫) સર. પ્રભાશંકર દલપતરામ પટ્ટણી, કે. સી. આઇ. ઇ.,–
ત્રીજોરર.

તા. ૩૧-૧૦-૧૯૦૯ ની પહેલી બેઠકમાં ઉમેરેલા સભ્યો:-
(૧૬) ધિ ઑાન. લલ્લુભાઇ સામળદાસ મહેતા, સી. આઇ. ઇ.,
(૧૭) રા. રા. હરજીવન ભવાનભાઇ કોટક,

તા. ૭-૪-૧૯૧૨ ની બેઠકમાં ઉમેરેલા સભ્યો:-
(૧૮) શ્રીમંત સંપતરાવ ગાયકવાડ સાહેબ,
(૧૯) શેઠ સાહેબ નરોત્તમ મોરારજી ગોકુલદાસ,
(૨૦) રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયા,
(૨૧) રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી.

તા. ૨૯-૧૨-૧૯૧૫ ની બેઠકમાં ઠરાવ કરવામાં આવ્યો કે ભંડોળમાં જે કોઇ રૂા. ૨૫૦૦) ભરે તે ક વર્ગના, રૂા. ૫૦૦) ભરે તે ખ વર્ગના, અને રૂા. ૧૦૦) ભરે તે ગ વર્ગના તહાહયાત સભ્ય થાય, અને વાર્ષિક રૂા. ૬) ભરે તે ઘ વર્ગના અગર વાર્ષિક સભ્ય થાય.
આ ઠરાવ પ્રમાણે ઉપર નોંધેલા સભ્યોમાંથી
(૧૫) સર પ્રભાશંકર પટ્ટણી, અને
(૧૯) શેઠ સાહેબ નરોત્તમ મોરારજી ગોકુળદાસ
ખ વર્ગના સભ્ય થયા છે;
(૧૬) ધિ ઑાન. લલ્લુભાઇ સામળદાસ મહેતા,

(૨) દિવાન બહાદૂર રણછોડભાઇ ઉદયરામજી,
(૬) રા. રા. દલપતરામ ભગવાનજી શુક્લ,
(૧૦) રા. રા. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર,
(૧૨) રા. રા. રણછોડદાસ વૃંદાવનદાસ પટવારી,
(૧૪) રા. રા. અમૃતલાલ રણછોડદાસ બક્ષી,

ગ વર્ગના સભ્ય થયા છે;

(૧૭) રા. રા. હરજીવન ભવાનભાઇ કોટક,

ઘ વર્ગના સભ્ય થયા છે;

અને ખ વર્ગમાં—

(૨૨) રા. રા. પ્રાણજીવન જગજીવન દાક્તર;

ગ વર્ગમાં—

(૨૩) રા. રા. સીતારામ નારાયણ પંડિત,
(૨૪) રા. રા. જુગતરામ શંકરપ્રસાદ વૈદ્ય,
(૨૫) રા. રા. હરિલાલ માધવજી ભટ્ટ,
(૨૬) ધિ ઑન. ચિમનલાલ હરિલાલ શ્રેતલવાડ,
(૨૭) રા. રા. શંકરલાલ ઘેલાભાઇ બૅન્કર,
(૨૮) રા. રા. જયશંકર પીતાંબરદાસ ત્રિવેદી,
(૨૯) રા. બ. કેશવલાલ ગિરિધરલાલ ત્રિવેદી,
(૩૦) રા. રા. કૃષ્ણલાલ નરસીલાલ દેસાઇ,

અને ઘ વર્ગમાં—

(૩૧) રા. બ. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા,
(૩૨) ખા. બ. આદરજી મંચેરજી દલાલ,
(૩૩) રા. સા. અંબાશંકર ઉત્તમરામ મલજી,
(૩૪) શેઠ સાહેબ રતનજી મંચેરજી દલાલ,
(૩૫) રા. રા. રણજીતરામ વાવાભાઇ મહેતા.

(૩૬) રા. રા. ચંદ્રશંકર નર્મદાશંકર પંડ્યા,
(૩૭) રા. રા. ઇંદુલાલ કનૈયાલાલ યાજ્ઞિક,
(૩૮) રા. રા. છગનલાલ ઠાકોરદાસ મોદી,
(૩૯) રા. રા. કાંતિલાલ છગનલાલ પંડ્યા,
(૪૦) રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી,
(૪૧) રા. રા. પ્રભુલાલ પ્રભાશંકર શાસ્ત્રી,

એ નવા સભ્યો થયા છે.

આમાંથી દિ. બ. અંબાલાલ સાકરલાલ દેસાઇ અને રા. રા. રણજીતરામ વાવાભાઇ મહેતા સદ્ગત થયેલા હોવાથી ભંડોળ કમિટિના સભ્યોની સંખ્યા આ તારીખે ૩૯ ની છે જેમાંથી ૨૮ નવા (તા. ૨૯-૧૨-૧૯૧૫ ના) ઠરાવ પ્રમાણેના સભ્ય થયેલા છે. રા. રા. દલપતરામ ભગવાનજી શુકલ તા. ૭-૪-૧૯૧૨ સુધી મંત્રી હતા. સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી તા. ૧૧-૨-૧૯૧૩ સુધી ટ્રીઝરર હતા; તા. ૧૨-૨-૧૯૧૩ થી ધિ ઑાન લલ્લુભાઇ સામળદાસ મહેતા ટ્રીઝરર છે.

તા. ૪-૧૧-૧૯૧૭. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર,
મંત્રી,
ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભંડોળ કમિટિ.

નોંધઃ-ભંડોળ કમિટિએ પ્રકટ કરેલાં પુસ્તકો અમદાવાદ ગુજરાત વર્નાક્યુલર સોસાયટિના આસિસ્ટંટ સેક્રેટરી પાસેથી વેચાતાં મળી શકશે. કમિટિને લગતી વિશેષ માહિતી માટે મંત્રીને નારાયણ પેઠ પૂનાસિટિ એ સરનામે લખવા કૃપા કરવી.

ઇતિ.